[illegible] [illegible]

[illegible]

ચંદ્રસિંહ ચંદ્રમુખી.

યાને

સત્યાની સત્યતા અને પતિવ્રતાનો પ્રભાવ.

હિંદુ સંસારી નૉવેલ.

કર્તા—મી. ચીમનલાલ હરજીવનદાસ વજાણી.

પ્રગટ કર્તા—મી. પ્રભુદાસ વિઠ્ઠલદાસ સુકાવાલા.

સંવંત ૧૯૭૨. ઇ. સ. ૧૯૧૬.

કિંમત રૂ. ૧.

આ પુસ્તક "ચંદ્રસિંહ ચંદ્રમુખી" ૭૫, બજારગેટ સ્ટ્રીટ, કોટ મુંબઈ મધ્યે આવેલા "નવરંગ પ્રીન્ટીંગ પ્રેસ"માં મી૦ અરદેશર બરજોરજી દેસાઈએ મી૦ પ્રભુદાસ વીઠલદાસ સુકાવાળા માટે છાપ્યું છે; અને મી૦ પી. વી. સુકાવાલાએ ઉપલેજ ઠેકાણેથી પોતાને માટે પ્રગટ કર્યું છે.

ભૂમિકા.

વ્હાલા વાંચકો,

પ્રસ્તુત નવલકથા આપના હુસ્તારવિંદમાં રજુ કરતાં એટલે પુસ્તક પ્રકાશમાં લાવતાં, જે શ્રમ, આપના આ બાળ ચર્ણ-રજને પડેલો છે; તે આપ તરફથી, ભવિષ્યના નુતન ગુર્જર સાહિત્ય સેવકોને એટલે ઉછરતી અવસ્થાના પ્રેમી ગુર્જર પ્રસાદકોને, જો આપણી બાળ ગિરાને ઉછેરવા, ને પ્રશસ્ય રૂપમાં જોવા, જોઈતું ઉત્તેજન આપવામાં આવશે તો, તમારા અંતઃ-કરણના તેવા પ્રયાસ આગળ તે કાંઇજ નથી. ભવિષ્યના મારી જેવા, સાહિત્ય સેવકોને મારી જેટલો શ્રમ ને વખતનો વ્યય પુસ્તક પ્રકટ કરવામાં ન પડે; એમ ઇચ્છવું, એ સત્ય તો છેજ, પણ તેનું પોષણ કરવું, તે ગુર્જર ગિરાના સમજનારાઓ પર આધાર રાખે છે, તેઓ પોતાની ભાષા માટે, ભાષા ભકતો માટે, ખોરાક તેયાર રાખી, સાટામાં મળેલ સ્વાદિષ્ટ ભોજનના ભોકતા બનવા નિરંતર તત્પર રહે, એમ ઇચ્છા થાય એ સ્વભાવિક છે.

પ્રસ્તુત પુસ્તકને કોઇ વખાણશે, કોઇ વખોડશે; તદપિ તેઓમાંના સર્વના વિચાર વજનદાર એટલે કાંઈક ખરા કહે-વાઈ શકે. દરેકની વૃત્તિ, ભિન્નભિન્ન દિશા પ્રતિ પ્રવત્તિમય બનતી હોઈ, તદનુંસાર બને એ સ્વભાવિક છે. વળી દુનિયામાં, એક જગત પોષક પિતા સિવાય કોઈ પૂર્ણ નથી; તો પછી તદન સારૂં, યા છેકજ નરસું એવું કાંઈજ હોઇ શકે નહિ. પણ સારૂં નરસું એકજ દિશામાં દોરાઇ પોતાનું સ્વ...

બતાવેજ. કેટલીક વાર સદ્દગુણ તો કેટલીક વાર દુર્ગુણ પ્રકાશી નીકળે; પણ જેમ હંશ દુધજ પીવાવાળો હોય છે; તેમ નકામું તજી દહી સદ્દગુણ ગ્રહણ કરવાનું કામ વાંચકનું છે. સામાના દુર્ગુણ તરફ નજર ન કરતાં સદ્દગુણને વરી લેવું, એ સર્વ કોઈને માનનિય છે. જેને જે ગમે તે ગ્રહણ કરવું. એકને જે ગમે તે બીજાને ન ગમે, એકનું જેને કામ નથી, તેની બીજાને ઘણીજ જરૂર હોય છે; આમ છે તો પછી કાંઇ પણ નિરૂપયોગી છે, એમ મત આપવો; એ પ્રકૃતિથી તદનજ ભિન્ન કહી શકાય.

મારો વિચાર કોઈને ઉંધે રસ્તે લઇ જવાનો નથી. પણ કાર્ય બે રીતે બની શકે. શરૂઆત કરનારને આમાં શૃંગાર રસ જેવું જણાશે, પણ પુરૂ વાંચનાર તેનાથી તદનજ ઉલટો મત આપશે. પ્રથમ હું વાંચકને શૃંગાર રસમાં લઇ જાઈ, ત્યાંના સુખ દુઃખનું દિગદર્શન કરાવું છું; કે જેથી પૂનઃ તે માર્ગે પ્રૃવત્તિ ન કરે; એવું હોઇ, શરૂઆત સાધારણ શૃંગારથી થાય છે. તો પણ પુસ્તક પુરૂ વાંચનાર લેખકનો બધો ઉદ્દેશ સમજી શકશે.

આ લઘુ પુસ્તકમાં ભુલચુક તો રહી ગઈ છેજ. પણ તે માટે વાંચક વર્ગની ક્ષમા ચાહવી, એ નિયમ વિરૂધ નથી. તો હું પણ તેવી રહી ગયેલી ભુલો માટે ક્ષમા ચાહુ છુ.

એક વિદ્યાર્થી આ ચોપડી કોઈની પણ મદદ વિના પ્રકાશમાં કયાંથી લાવે? પવિત્ર સત્તાની કૃપા પ્રસાદી મળતાં લખી શકાય; પણ બ્હાર પાડવામાં જે ખરચ થાય, તે માટે અન્યની મદદની જરૂર પડે. સાહિત્ય પ્રેમી કોઈ વિરલા તે પણ આપી

રહે. તો તેઓનો આભાર ન માનીયે તે નિયમથી ઉલટું કહેવાય. નવરંગ પ્રિન્ટીંગ પ્રેસના માલિક યાને નવરંગ માસિકના અધિપતિ મિ. અરદેશર ખરશેદજી દેશાઈ, એક પારસી હોવા છતાં, જે ઉત્સાહ ને મદદ તેઓએ મને આપેલી છે; તે માટે તેઓનો હું આભાર માનું છું.

પુસ્તક બ્હાર પાડવાને જોઈતી મદદના અભાવે કેટલોક વખત કામ ખોટી થયું છે: પણ નસીબ જોગે એક સાહિત્ય પ્રેમી મી. પ્રમુદાસ વિઠલદાસ સુકાવાલાના મેળાપથી, અને મારી તથા ગુજરાતિ સાહિત્ય પ્રતિ તેઓનો પ્રેમ હોવાથી; પુસ્તક બ્હાર પાડી આપના હસ્તારવિંદને સમર્પિ શકાય છે. તેઓ સાધારણ છે; પણ સાહિત્ય પ્રેમી છે. તેમનો હું જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

આટલું તો બન્યું; પણ હવેનો મારે આગલ વધવાનો આધાર ગુજરાતીના વાંચકો પર રાખવાનો છે. તેઓ તરફથી ઉત્તેજન મળશે, તો આવા, ને ચઢીયાતા બીજાં પુસ્તકો પણ બ્હાર પાડી શકાશે તો તેઓને પણ પુસ્તકને વધાવી, તમાંથી ગુણ ગ્રહણ કરી, ઉત્તેજન દેવા નમ્ર અરજ છે.

ગુજરાતી ભાષાના જય શ્રીરંગ વિરાજો.

અષાઢ, ગુરૂપુર્ણિમા,
શનિવાર ૧૯૭૨.

કર્તા.

પ્રગટ કર્તાનો ખુલાસો.

પુસ્તકના પ્રગટ કર્તા તરિકેનું મારા હાથે થાતું આ પ્રથમજ કાર્ય છે. સદહું પુસ્તક ચંદ્રસિંહ-ચંદ્રમુખીના ખુલાસામાં જણાવવાનું જે મનુષ્યનું ધાર્યું મિથ્યા હોઈ, એક વર્ષ પ્હેલા આ પુસ્તક બ્હાર પાડવા પ્રયાસ કરેલો; પણ કેટલીક અડચણોને લીધે તે સમયે આ પુસ્તક બ્હાર પાડી શકાયું નહિ.

ઈશ્વરેચ્છા બળવાન છે. ત્યાર પછી મેં ન્હોતું ધાર્યું કે તે કામ મારેથી બનશે, પણ ઈશ્વર જે જે કાર્યો કરે છે; તેથી તેના ઘડેલા પુતળા રૂપ મનુષ્યો ચમકે તેમાં શું? કેટલાક વિદ્યાવિલાસિઓ તરફથી તે માટે પુછવામાં આવ્યું હતું; પણ કુદરતના પ્રવાહમાં તણાતાં મનુષ્ય રૂપ તણખલાનું શું ચાલે? કર્તા હર્તા તે જગ્તપિતા છે.

આ પુસ્તક મારા મિત્ર મિ. ચીમનલાલ હ. વજાણીની કલમથી શંકલીત થયેલું છે. મને જણાવવું પડે છે કે, શરૂઆત શૃંગારીક હોવા છતાં પુરૂષ અને સ્ત્રિ, બાળક, મિત્ર, શત્રુ સર્વને તે અતિશય બોધપ્રદ છે. વર્ણન એવી આબેહુબ રીતે આપ્યું છે કે વાંચવાનું શરૂ કર્યા પછી હાથમાંથી મુકવાનું ગમશેજ નહિ. લખાણ વાંચનારને સચોટ અસર કરે તેવું છે; એ વાંચકને જણાશેજ. લેખકના હુંજ વખાણ કરૂં, તે અસ્થાને ગણાય, તોપણ તેની સત્તર વર્ષની વયમાં કરેલું કામ ખરેખર પ્રશસ્ય છે. વાંચક વર્ગ વાંચીને તેની કદર કયાં કરે તેમ નથી?

છેવટે જે સાહિત્ય પ્રેમી બંધુઓએ આગળથી ગ્રાહક થઈ ઉત્સાહ વધાર્યો છે તેઓનો હું અંતઃકરણથી આભાર માનું છું.

મી. વજાણી એક શરૂઆતનું કુમળું ફુલ છે. તેની સુવાસ સર્વત્ર ફેલાવવી તે સાહિત્ય પ્રેમીઓના પર અવલંબી રહ્યું છે; તો તે પુષ્પને નિરંતર ખીલતું રાખવા ઉત્તેજન આપ્યા કરશો; એમ હું ઇચ્છું છું. અસ્તુ.

અષાઢ, ગુરૂપુર્ણિમા. લી૦ સેવક.

શનિવાર ૧૯૭૨. પ્રભુદાસ વીઠ્ઠલદાસ સુકાવાલા.

ભારતી સ્તોત્ર.

જય ભારતી, કરૂં આરતી, વંદન કરૂં તુજ માત હું;
સ્તવન કરૂં, હરખ ધરૂં, આનંદ આજ વધાર તું;
ઇચ્છા સહુ પૂરણ કરે, એ માગું તુજની પાસ હું;
લખવા કરૂ, હિંમત ધરૂં, આનંદ આજ વધાર તું.
કંઇ ભકતના, કંઇ જગતના, દુઃખો હર્યાં છે માત તેં;
મુજના હરો, સાચી રહો, એ માગું હું તારી કને;
ગ્રંથ લખવા લોક સઘળા, ભારી ઇચ્છા છે કરે;
પણ ધારવું, શુભ વાળવું, તુજ ઇચ્છિ મુજબ એ ઠરે.
તેં જે ભણ્યું, તે મેં લખ્યું, તુજ ઇચ્છ એ સર્વે વસ્યું;
મેં તે નથી કંઇએ કર્યું, તુજ ઇચ્છિ એ સર્વે ભર્યું.
લખવા કરી છે, ઇચ્છ જે, તે સફળ તુજને હાથ છે;
સફળ કરો, સાચી રહો, એ મુજ ઇચ્છા માત છે.
વિશ્વાસ પુરો રાખીને, આરંભ આ છે મેં કર્યો;
પૂરણ થશે આ કાય મારૂં, એમ મેં નિશ્ચર્ય કર્યો.
તુજ હાથ છે તે પૂર્ણ કરવું, પૂર્ણ માતા તે કરો;
વિશ્વાસ મોટો આપીયો, મુજ કાર્ય સફળ રે કરો.
તુજ નામના દર્શન વિના, પેલા કર્યું તું કાર્ય આ;
અડધું રહ્યું, માફી દઈ, સાચી રહી, શુભ ધાર આ.
આ રીતમાં. કંઈ ગીતમાં, ખામી હશે હો કવિવરો;
ઉદગાર અંતઃકરણના, કંઈ ભુલ મનમાં ના ધરો.

શ્રી ગણેશાય નમઃ

અર્પણ પત્રિકા.

જેની કૃપાએ હુ મોટો થવાની આશા રાખુ છું. જેની કૃપા એજ મારૂં ભાવિ છે;
જેની કૃપા એજ સુવિદ્યા, એજ લક્ષ્મિ, કિર્તી, ઉત્સાહ અને સુખ;
જેની કૃપા એજ દુઃખમાં ધીરજ અને આનંદ;

જેની કૃપા એજ
વિજય.
અને સંપૂર્ણતા.
એજ સુખ.
શાંતિ.
ને



એજ સુખરૂ
સંસારી લાભો,
એજ મિત્રનુ
માન.
એજ
સદ્ભાગ્ય,
ચડતી
કળા

કૌશલ્યતા, જીવન, જીવનની લાબુ, સંતોષ, શિક્ષણ આદિ જે કાંઈ ગણો.
તે સર્વ તેજ. જેણે હજુ સુધીનું સર્વ પુરૂ કર્યું છે; બીજાને સર્વને હજુ
...ના પુરૂ કરવા આશા આપેલ છે; ને જેના મન સંપૂર્ણ ભરેલા છે;
એવી દયાળુ દેવી શ્રી સરસ્વતીને આ પુસ્તક
ઉત્સાહસહ તેના ચર્ણારવિંદમાં
ધરૂં છું.

ગુમાવેલું પુરૂષાતન પ્રાપ્ત કરવા માટે

બાદશાહી ટૉનીક પીલ્સ.

(ગોળીયો.)

લોહી નબળુ પડી જવાથી જે સઘળાં દરદો જેવાં કે વીર્યનું પતલું પડવું. નબળુ હાસ્તાન, દમની કમતાકાત, ફીકો ચહેરો, નબળાઈથી થતો માથાનો દુખાવો. શરીરની સાધારણ નબળાઇ, ભુખનું જતુ રહેવું, (અજીર્ણ) ચક્કર આવવા વીગેરે ઉપર આ દવા બાગીજ અજમતી છે.

જવાન બાનુઓ: નબળી અને માંદી બાનુઓને બાદશાહી ટોનીક પીલ્સ ગોળીયો. વાપરવાથી નવી તનદોરસ્તી અને નવુ કઉવત આવે છે. ફીક્કા ગાલો. તેજ વગરની આંખો, ચાલવાની નબળાઈ, વીગેરે માટે આ બાદશાહી ટોનીક પીલ્સ લેવાથી જુવાનીનુ તેજ ગુલાબી ગાલો અને નવુ યોવન પાછું આવે છે.

મરદો માટે:—આ બાદશાહી ટોનીક પીલ્સ (ગોળીયો) માટે કાંઈ પણ કહેવાનું નથી. આ બાદશાહી ટોનીક પીલ્સનો કોઈ હરીફજ નથી. તમે હજારો તાકતીની ગોળીયો વાપરી હશે પણ કાયમનુ પુરૂષાતન મેળવી ન શક્યા હો તો જરૂર બાદશાહી ટોનીક પીલ્સ વાપરી ખાત્રી કરી જોશો. બાદશાહી ટોનીક પીલ્સ અતીબ્બ વીર્ય ભોગ. અગર કોઈ પણ દર્દથી તુટી ગએલુ તન પાછુ પીલતન બને છે. લોહીમાં જીવન શક્તિ વીજળીની ઝડપે લાવે છે ટુંકમાં એટલુજ કે મરદોને તેમજ બાનુઓને એક સરખી રીતે લાગુ પડે છે અને નવીજ તનદોરસ્તી અને ચપળાઇ તેનામા પાછી આવે છે.

કીંમત ફક્ત ગોળી ૮ ની ટયુબના રૂ. ૦–૮–૦ }
,, ,, ગોળી ૪૦ ની ટયુબના રૂ. ૨–૦–૦ } પો. જુદું.

હરેક દવા વેચનારા પાસેથી ખરીદતી વખતે ખરૂં નામ બાદશાહી ટૉનીક પીલ્સ વાંચી ખરીદવું.

સોલ એજંટ—

સી. સી. મહાજન એન્ડ કું. શેખમેમણ સ્ટ્રીટ.

અનુક્રમણિકા.

પ્રથમ ખંડ.

પરિચ્છેદ.	વિષય.	પૃષ્ઠ.
પ્રથમ,	પ્રેમ એજ પરમાનંદ....	૧
દ્વિતીય,	મોદકનાથની મહા યાત્રા.	૭
તૃતિય,	શિવરામનું સ્વર્ગ ગમન.	૧૦
ચતુર્થ,	જાદુઈ જોર....	૧૫
પંચમ,	કપટનું ચપટ.	૧૮
ષષ્ટ,	તરૂણી તરંગ.	૨૨

દ્વિતીય ખંડ.

પ્રથમ,	જંગલમાં મંગલ કયાંથી?	૨૫
દ્વિતીય,	બલાત્કાર.	૨૮
તૃતિય,	બલાત્કારનું પરિણામ...	૩૧
ચતુર્થ,	કર્મના ફળ....	૩૩
પંચમ,	હાથનાં કર્યાં હૈયે વાગ્યાં.	૩૫
ષષ્ટ,	કેક પાળી.	૩૯
સપ્તમ,	થાતું થયા કરે છે.	૪૧

તૃતિય ખંડ.

પ્રથમ,	હવે શું વળે?	૪૪
દ્વિતીય,	પતિ એજ પ્રભુ.	૪૭
તૃતિય,	મનુષ્યનું ધારવું મિથ્યા છે.	૫૩
ચતુર્થ,	રમણી રમણ.	૫૮
પંચમ,	ભાગ્યવતિ ભૂમી.	૬૨
ષષ્ટ,	દેવાંગના દર્શન.	૬૫
સપ્તમ,	સૌથી સ્વાદિષ્ટ સોબત યાને સોબત તેવી અસર....	૬૮
અષ્ટ,	ભક્તિવશ ભગવાન.	૭૩

ચતુર્થ ખંડ.

પરિચ્છેદ.	વિષય.	પૃષ્ઠ.
પ્રથમ,	મનોહરીની મહા વ્યાધિ. … …	૭૭
દ્વિતીય,	વસ્લ એ વારિધી કે પ્રેમ એ પરમાનંદ.	૮૦
તૃતિય,	નારી પ્રત્યક્ષ રાક્ષસી.… … …	૮૩
ચતુર્થ,	સૌંદર્યમાં સુધારો, સાબુ ને સેન્ટથી. …	૮૭
પંચમ,	ગરીબનો બેલી પરમેશ્વર. … …	૯૦
ષષ્ટ,	સ્ત્રિ એ સ્વર્ગ કે નારી એ નર્ક. …	૯૬
સપ્તમ,	પાપ અને પશ્ચાતાપ. … … …	૧૦૪
અષ્ટમ,	શિયળવ્રતપણાથીજ સુખ ને ભક્તિથીજ ભલી દુવા. … … … … …	૧૦૮

પંચમ ખંડ.

પ્રથમ,	મહાત્માની મુલાકાત ને મહા બોધ. …	૧૧૧
દ્વિતીય,	પતિ પત્નિ પ્રતિજ્ઞા. … … …	૧૧૫
તૃતિય,	રસાલ ફળનું નૃત્ય તે જાણે બાળપણનુંજ કૃત્ય.	૧૨૨
ચતુર્થ,	રમણી રૂદન.… … … …	૧૨૮
પંચમ,	“દુષ્ટો તમારા કુડાં કૃત્યનાં ફળ ચાખો”	૧૩૩
ષષ્ટ,	કુદરત અશ્રમચેતી કરે છે. … …	૧૩૮
સપ્તમ,	“પતિવ્રતાને કાંઈ દુર્લભ છેજ નહિ.” …	૧૪૩
અષ્ટમ,	ભયંકર રાત્રિ. … … …	૧૪૮
નવમ,	માતા સમાન મહાન ઉપકારી, કોણ! માતા તું અમરજ હોજે. … …	૧૫૩
દશમ,	ભાકત એજ ભાવિ. … … ….	૧૫૬
એકાદશમ,	અન્ન [illegible] … …	૧૬૦
દ્વાદશ,	મિત્ર હીરા રૂપ વાન સંસાર સાગરમાં શાંતિ આપનાર છે. … … …	૧૬૨
તર્યોદશ,	સ્ત્રિ એ રાંધ્યા ધાન સમાન છે. …	૧૬૬
ચતુર્દશ	ગૃહસ્થાશ્રમના ધર્મ નિરંતર પાળજો. …	૧૭૦

ષષ્ટ ખંડ.

પરિચ્છેદ.	વિષય.	પૃષ્ટ.
પ્રથમ,	"મારા પિતાને કોઈપણ" વસ્તુ આપવાને હું અચકાઇશ નહિ.	૧૭૮
દ્વિતીય,	સુખ તો પતિત્વના નિર્મળ ઝરણની સાથેજ છે.	૧૮૨
તૃતિય,	સારી પત્નિ એજ ઉત્સાહ અને એજ સુખ.	૧૯૪
ચતુર્થ,	દુન્યા દોરંગી....	૧૯૮
પંચમ,	સ્વેચ્છા એજ સ્વર્ગ સુખ.	૨૦૪
ષષ્ટ,	દુર્ગુણો એજ દુઃખનું મુળ.	૨૦૭
સપ્તમ,	કરીયે તેવું પામીયે	૨૧૩
અષ્ટમ,	મુક્તિ મળી....	૨૨૧
નવમ,	પ્રવાસે પ્રવાસી બે ભલા	૨૩૧
દશમ,	સંસાર સાગર કે સ્વર્ગ.	૨૩૮
એકાદશ,	સ્વયંવરમાં	૨૪૬
ઉપસંહાર	... .	૨૪૯
વિજ્ઞપ્તિ.	... ...	૨૫૨

ચંદ્રસિંહ ચંદ્રમુખી

યાને

સત્યાની સત્યતા અને પતિવ્રતાનો પ્રભાવ.

પ્રથમ ખંડ—પ્રથમ પરિચ્છેદ.

પ્રેમ એજ પરમાનંદ.

પાકું બંધન પ્રેમનું, આ જગમાંહિ જણાય.
પ્રેમી અરપે પ્રાણ ત્યાં, અડચણ કોન્ન સમાય.

આહા! શું આ સુંદર મ્હેલ! તેની કારીગરી તથા તેના અનુચરો રૂપ ફુલઝાડ, ચંદ્રનું મધુર તેજ, તથા રજનિનાં હિરારૂપ ચંદ્રના અનુયાયિઓ. તે સર્વ આજે શું જુવે છે? આહા! સર્વ એક સુંદિર નાજુક બાંધાની દેવાંગના તુલ્ય સુંદરિ પર મોહથી લજવાતા છુપાઇને જોઈ રહ્યા છે. આહા! નિશાનાથના સુંદિર તેજમાં બે સુંદરિઓ, સુંદિર અલંકારમાં વિંટળાઈ મધુર મ્હેલ તરફ, ગુપચુપ ચાલી જાય છે; રે! તેઓને કાંઈ મોટું કાર્ય કરવું હોય તેમ જણાય છે, તેઓનાં કોમળ પગમાં ઝળકી રહેલ ઝાંઝરમાંથી ગંધર્વોને લજાવે તેવો સુંદિર સરોદ બ્હાર પડે છે; તેઓના મુખારવિંદમાંથીજ

જાણે તેજ બ્હાર પડતું હોય; ને ચંદ્ર તો તેઓમાંની નાની કુંવારી બાળાનું પાણિગ્રહણ કરવાને માત્ર નામનોજ ટાંગો રહ્યો હોય, એમ ભાસ થાય છે.

થોડી વારે બેઉ બાળાઓ નિર્જન અરણ્યમાં આવેલા એક સુંદિર ભવ્ય મ્હેલ પાસે આવી ઉભી; ને પાસેની ચાવીથી મ્હેલ ઉઘાડી અંદર દાખલ થઈ. ધીમેથી પણ પ્રફુલ્લ મુખે સાત દાદર ચડી છેક ઉપર અગાશિમાં ગઈ, કે જ્યાં, એક પુરૂષ નિદ્રાધિન થયો હતો; તેના મુખાર્વિંદ સામું જોઈ વિચાર કરતી ઉભી રહી. અહા! ચંદ્ર પોતાનું સુંદિર તેજ, આ મ્હેલની અગાશિમાં આરામ ખુરશિ પર નિદ્રાધિન થયેલ ભવ્યાકૃતિ જુવાન જણાતાં પુરૂષ પર શાંતિથી ખલલ વિના રેડયો જતો હતો, તેપણ સ્વાર્થથીજ. રે; દુનિયામાં સ્વાર્થ સઘળેજ છે. બાળક, જુવાન, વૃદ્ધ, પુરૂષ, સ્ત્રિ યા પશુ સવ કોઈ તે શબ્દમાં સમજે છે; તો તેમ ચંદ્ર પણ પોતાની પદ્ધિનો વિચાર ન કરતાં સ્વાર્થ સાંધવા તૈયાર હતો.

તે બેઉમાંની મોટી બાળા કે જેનું નામ અલકકિશોરી હતું; તે દેવાંગનાને લજાવે એવી રૂપના નમુનાની પુતળીરૂપ, સ્તબ્ધ થયેલી કામકિશોરી પ્રત્યે બોલી——:

"હે સખિ! શું ગુંચવાડામાં પડી છો; તારે જે કાંઈ કહેવાનું છે, તે તો હું ક્યારની સમજી ગઈ છું, તો બીન સંકોચે જલ્દીથી બોલી નાખ; કેમકે રાત થોડી ને વેશ ઘણા."

પોતાની સખિના આવા શબ્દોથી કામકિશોરીને કાંઈક ઉત્સાહ આવ્યો. તે તેની સખિથી કોઈ દિવસ આટલી શર-

માણી ન્હોતી; વળી તેની પ્રિય સખિ કોઈ દિવસ તેની ઈચ્છા ઉથાપતી નહિ; આથી કામકિશોરી બોલી—:

"હે સખિ! હાલ હું મારા પુર્ણ યૌવનમાં છું; પણ તેની ખરીદી કરનાર અત્રે કયાંથી આવે? આ કોમળ જેવી કાયાને કરમાતાં ઘણીવાર લાગતી નથી. તે કરમાયા પછી ફુલની કિંમત શું? ભવ્યાકૃતિનાં શશિપુત્ર જેવા વીર બાલકને તેનો ગુણગ્રાહક થતો જોવાને હું આતુર છું. તે ભરજુવાન પુરૂષને છાજતાં પુર્ણ યૌવનમાં છે; તો એના કરતાં વધારે સારો ગ્રાહક મને કયાંથી મળશે? હે સખિ! આ ભવ્યાકૃતિ પુરૂષ સિવાય હું ઝુરી ઝુરીને મરૂં, તે કરતાં અત્યારથીજ મારૂં હૃદય તેને ખોલી બતાવું; ને તેની ઈચ્છા હોય, તો હું સંસારમાં ઝંપલાવી સુખેથી સાગર તરૂં; જો દુર્ભાગ્યે મારી તિવ્ર ઈચ્છા નિષ્ફળ નિવડે; તો ઝુરીઝુરીને મરવા કરતાં આજ સ્થળે હું મારૂં જીવન પુર્ણ કરી યૌવનનો અંત આણી સ્વર્ગના ઈચ્છિત સુખ ભોગી થઈ, ત્યાં તેમની રાહ જોવ."

કામકિશોરીના આવા વિચારોથી અલકકિશોરીને ઘણો આનંદ થયો; ને સંમતિ આપી. અન્યોન્યના આ પ્રમાણેના વાર્તાલાપે વીરબાળક કે જેનું નામ સત્યચિલ હતું, તેને જાગૃત કર્યો હતો, ને તેજ પ્રકારનાં વિચારોએ તેના મગજમાં અગ્રસ્થાન લીધું હતું. એકજ વિચારમાં તદાકાર થનાર પુરૂષને પોતાનાં શરીરનું યા બીજું બ્હારનું ભાન કયાંથી હોય? શરમનો માર્યો તે હાલ્યા ચાલ્યા વિના જેમનો તેમ પોતાનાજ વિચારમાં મસ્ત હતો.

અલકકિશોરીએ કામકિશોરીને તેનાં ધારેલા ભર્તારને જગાડવા એક યુક્તિ બતાવીને કહ્યું:—

"હે સખિ! તને પ્રિય એવા પુરૂષના ગુહ્ય ભાગનું ઢાંકણ પવનના ઝપાટાથી અયોગ્યસ્થાને છે, તો તું તેને યોગ્ય સ્થાને ગોઠવ. તેમ કરતાં તે તરતજ જાગ્રત થશે." કામકિશોરીયે ઘણાજ હર્ષથી પણ શરમાતાં શરમાતાં તેમ કરવા, પોતાના નાજુક હસ્તને લંબાવ્યો—લાંબો કર્યો; પણ શરમે ધારેલે સ્થળે તે હસ્તને ન જવા દેતાં, થોડે દુર રોકી રાખ્યો. અલકકિશોરીએ જાણ્યું, કે કામકિશોરી શરમાય છે; તેથી તેણે કામકિશોરીને ધીમેથી ઓચીંતો ધક્કો માર્યો; જેમ કરતાં કામકિશોરીનો હાથ અચાનક ધારેલે સ્થળે પડયો. વિચાર મગ્ન પુરૂષ વિચાર વિમુખ થયો, આંખ ઉઘડી ગઈ; ને કામકિશોરીના તેજમાં અંજાઈ ગયો. સત્યશિલને અચાનક જાગેલો જોઈ કામકિશોરી શરમાઈ ગઈ. છુપી રીતે મુખમુદ્રા જોતાં વિચારમાં પડીને સ્તબ્ધ થઈ હાથનું ભાન ભુલી ત્યાંજ બેસી ગઈ. જેમ કમળનું પુલ બિડાઈ જતાં, ભ્રમરને અંદર ગોંધાઈ રહેવું પડે છે; તેમ આ ઓચીંતા બનાવથી તે સ્તબ્ધ થઈ. અલકકિશોરી આદિનું ભૂલીજ ગઈ, ને તેનો હાથ જ્યાંનો ત્યાંજ રોકાઈ રહ્યો.

વાંચક! કામકિશોરીને તેનું કાર્ય પુર્ણ કરવા સહાયતા રૂપ ધક્કા માર્યા પછી અલકકિશોરી તો સાત પાંચ ગણી ગઈ હતી. થોડી વારમાં તે સુખી જોડાને યોગ્ય સ્થિતીમાં જોઈ, અલકકિશોરી પાછી આવી; ને નવા આવનાર સાથે વાર્તાલાપ શરૂ કર્યો. વાત કરતાં તે તેનો બંધુ જણાયો. પ્રિય

બંધુને ઓચીંતો આવેલો જોઈ તેનો હર્ષ માયો નહિ; ને પ્રભુ ગતિ વિષે વિચાર વમળમાં ગોથા ખાવા લાગી.

અરે જગત પિતા! તારી ગતિ ન્યારી છે; તારી કળાનો કોઈ પાર પામી શકતું નથી. તું ઘડીમાં સુખ, ઘડીમાં દુઃખ, ઘડીમાં તડકો તો ઘડીમાં છાંયડો આપે છે; તો પુનઃ થોડી વારમાં રડાવે છે. ઘડીકમાં મેળાપ કરાવે છે; પણ વિયોગ કરાવતાંય વાર લાગતી નથી. હે નાથ! આ સર્વ તું આશ્ચર્ય કારક રીતે કરે છે. અરે, અમો પામર પ્રાણી તારી તે સર્વ કૃતિ કયાંથી કળી? ઘડીમાં શું છે, ને જરામાં શું થશે, તે કાંઈજ અમો જાણતાં નથી; પણ રે! કુદરત દરેક બાબતમાં ભાગ લઈ મનુષ્યને કાંઈક અગમચેતી કરે છે.

આ વાત બની તે દરમ્યાન કામકિશોરી હોશિયાર બની હતી. તે પોતાની ઈચ્છા પ્રકટ કરવા વિચાર ગોઠવતી હતી, પણ જેમ સદભાગીને વગર મ્હેનતે યશ પ્રાપ્ત થાય, તેમ કામકિશોરીને પણ વગર મ્હેનતે જોઇતી તક પ્રાપ્ત થઈ. અલકકિશોરીએ તેનાં ભાઈ સત્યશિલને કહ્યું, "હે ભાઈ! આપ ઘણા દિવસે ભેટયા તો સારૂં; પણ આ મારી સ્નેહાળ સખિની બાબત પર કાંઈ ધ્યાન આપો તો ઠીક. સત્યશિલે વગર વિલંબે બેઉની ઈચ્છા પ્રમાણે કાર્ય કરવા હા પાડી. તરતજ અલકકિશોરી ઉઠી, નીચે ઉતરી; તેઓને જવાની સામગ્રી તૈયાર કરવા લાગી. સત્યશિલે પોતાને પ્રિય એવી કામકિશોરીને બે ચાર ચુંબનો કરી તેની શરમ છોડાવી દીધી; તથા જેમ કોઈ નાના બાળકને લાડ લડાવે તેમ કામકિશોરીને જમીનપરથી ઉંચકી ઉછંગે લીધી; પણ ગુલાબને જેમ કોઈ પોચે

હાથે અડકે તેમ તેને પોચે હાથે દબાવી પુનઃ ચુંબન કરી કહ્યું–:

"હે રસિકા! પૃથ્વી પરની ઉર્વશી! હવે તો તારા કોમળ કંઠના અમૃતમય ઝરાનો કાંઈક આસ્વાદ આપ તો સારૂ."

કામકિશોરી ધીમેથી લજ્જિત સ્વરે બોલી—:

"આપ મને હવે આપના સહવાસમાં રાખી આ દુસ્તર સંસાર સાગરમાં નાવ રૂપ બનો. આપજ મારા સુકાની થઈ મને સલામતીથી પાર ઉતારો. હું તમને નિરંતર છાયા રૂપ થઈશ."

વાંચક!, આ વખતનાં આનંદાબ્ધિનાં મિષ્ટ જળનું પાન હું તને કેવી રીતે કરાવું? તે પ્રમાણે કરવા લેખણ સમર્થ નથી. તે વખતના આનંદની સીમા તો નહિજ વળે. ઉપરોક્ત બીનામાં કોઈ પણ પ્રકારની મર્યાદા લોપાઈ ન્હોતી, કેમકે એ લોકોનું ધ્યાન આજુબાજુના કોઈ પણ સંયોગો પર હતુંજ નહિ; ને એમ ઘણીવાર બને છે.

તેઓએ અન્યોન્યની ઈચ્છા પૂર્ણ કરી પણ તેઓનાં ચક્ષુ અન્યોન્યના મુખારવિંદ જોતાં ધરાતાં ન્હોતાં. ટુંક સમયમાં બેઉનાં વિચાર સ્થાનમાં એવોજ પ્રશ્ન ઉઠયો, કે આ પ્રેમ નિરંતર કેમ ટકશે? અલકકિશોરી આવતાં તેને તે બાબે પુછવામાં આવ્યું. આગળથીજ વિચાર કરી રાખ્યા પ્રમાણે અલકકિશોરીએ તરતજ કહ્યું——:

"તમે અહિંથી સત્વર ઉપડી જાવ." પુનઃ પ્રશ્ન ઉઠયો, કે એ કેમ બને? રાત થોડી છે, ને તેથી બનતી ઝડપ

કરવા છતાંય જોઈતાં સમયમાં યોગ્ય સ્થાને કેમ પ્હોંચાય? અલકકિશોરીએ પ્રથમની જેમજ પ્રત્યુત્તર વાળ્યો:

"આમાં એક જડી બુટી એવી છે કે જેથી તમે થોડા વખતમાં આ હદ છોડવા ઉપરાંત નિર્ભય સ્થાને ઘણે દુર જઈ શકશો !"

પ્રેમી યુગલે આ વાત તરતજ કબુલ કરી; ને પ્રભાત થતાં જાદુગર દેવદુતની આ હદ છોડી, એક નિર્ભય સ્થાને જઈ પ્હોંચ્યા.

ખરા પ્રેમ સમિપ કોઈ પણ અડચણ વધુ વખત ટકી શકતીજ નથી. તો શું; આ ખરો પ્રેમ ન્હોતો! અન્યોન્યને એકજ પ્રકારનાં પ્રશ્નો એકજ સમયે ઉઠે તે તેની સાબીતી છે. આમ છે, ત્યારે કોઈ પણ પ્રકારની મુશ્કેલી કયાંથી નભે?

દ્વિતીય પરિચ્છેદ.

મોહકનાથની મહા યાત્રા.

ઉપરોકત સત્યશિલ કોણ હતો? અહિં કયાંથી આવ્યો? તથા તે સુંદરીયોમાંની એક તેની ભગિની કેમ કરી? તે આપણે હવે તપાસીશું.

અહા! આ ગ્રીષ્મ રૂતુનો સમય: ઝાડપર નૃત્ય કરતાં ભિન્નભિન્ન પ્રકારના ફળો, આકાશમાંથી અગ્નિ વર્ષાવતાં રવિ-રાજની રૂતુરાજને ભેટવાની લાલસા, ને તેથી આ પૃથ્વિદેવીનું

તપવું, ફલપુલાદિથી ભરપુર ઝાડપાનાદિનું થાકેલાને ઠંડક આપી આશ્રિત બનવું, તથા તે મુજબ મુસાફરનું પ્રેમાળ આશિર્વાદ ભરી દષ્ટિથી વૃક્ષાદિ તરફ નિહાળી રસ્તે પડવું; વિગેરે મનુષ્યને તર્કવિતર્કનાં વિમળમાં વલોવે છે.

અત્યારે આપણી નજર એક થાકેલા મુસાફર તરફ દોરાય છે; જેના મુખપર દિવસપતિના પ્રખર તાપથી પરસેવાના બિંદુ બાઝયાં છે; વળી તેના મુખારવિંદને પણ રવિરાજે પોતાનાં જેવું રક્ત વર્ણનું બનાવી દીધુ છે, આ બ્રાહ્મણ જેવા દેખાતા શ્રમિત થયેલ મુસાફરે ઝાડ નીચે ઉભેલાં રાજવંશિ જેવા દેખાતાં પુરૂષો પાસે આવી પ્રશ્ન કર્યો—:

"હે રાજવંશિઓ! જો તમારામાંનું કોઈ મને આ ગામના રાજા સૂરસિંહ સાથે મુલાકાત કરાવશો, તો આ ગરીબ બ્રાહ્મણપર આપનો ઘણોજ ઉપકાર થશે; ને પ્રભુ તમને તમારી મ્હેનતનું ફળ આપશે."

જ્યારે ખુદ સૂરસિંહને કાને આ શબ્દો અથડાયા, ત્યારે તે કાંઇક હર્ષમાં આવી જઈ બોલ્યો——:

"હે વિપ્ર! આપ રાજાને મળવાનું કારણ જણાવશો તો ઉપકાર થશે."

વિપ્રે બીન સંકોચે પ્રત્યુત્તર દીધો કે—"હું મારા દેશમાં હતો ત્યારે મેં એવી વાત સાંભળી છે કે તે રાજાએ તેનું સાચું ભવિષ્ય કહેનારને મોટું ઇનામ આપવાનું કબુલ કરે છે. આ ખબર સાંભળીને ત્રણ માસની લાંબી મુસાફરીયે હું અહિં આવેલ છું; તે માત્ર મારૂં નસીબ અજમાવવાના

હેતુથીજ." સ્મિતહાસ્ય કરતાં સૂરસિંહે જુવાબ દીધો કે—:

"એ તો ઠીક! પણ તે રાજાનો કોઈ બીજો નિયમ આપ જાણો છો? જો આપ આપના કાર્યમાં અફળ જશો, તો જીવનાંજ જાશો; માટે વિચાર કરી લ્યો, કે પાછળથી પસ્તાવું પડે નહિ." કાંઈ પણ ગ્લાનિ દર્શાવ્યા વિના, તથા કોઈ પણ પ્રકારના વિચારને મગજમાં સ્થાન આપ્યા સિવાય, વિપ્રે બેધડક ઉત્તર દીધો કે—:

"ભલે. પ્રભુએ ધાર્યું હશે તે થાશે. મારી વિદ્યા તથા તે દિનદયાળુપર મને પુરતો વિશ્વાસ છે."

સૂરસિંહ તથા તેના સાથીઓ આથી ખુશિ થયા, ને તે વિપ્રને સુરસિંહ પોતાને મ્હેલે તેડી ગયો.

ત્યાંની રચના જોઈ તે બ્રાહ્મણ અતિ ખુશી થયો; તથા આમ ઓચીંતો ઠેકાણે પડેલો જોઈ, નશીબને વખાણવા લાગ્યો; ને કાર્યસિદ્ધિ વિષે વિશ્વાસનિય બન્યો. મધ્યાને મ્હેલમાં દાખલ થયેલા, આ બ્રાહ્મણે સૌચાદિ કર્મ કરી પુજા પાઠાદિથી પરવારી, મનગમતી સ્વાદિષ્ટ રસોઈ બનાવી, તેને યોગ્ય ન્યાય આપી, બે ઘડી નિદ્રાધિન થયો.

વાંચક, ઉન્હાળાના સખ્ત તાપમાં લાંબી મુસાફરીયે નિકળેલો આ બ્રાહ્મણ, દુધની ખાખરી તથા ફલફુલાદિપર પોતાનો નિર્વાહ ચલાવતો હતો. આમ હોઈ તે અતિશય થાકી ગયો હતો; વળી ઉન્હાળાના પ્રખર તાપને લીધે તેનું શરીર પણ અસ્વસ્થ થયું હતું; તથા કેટલીક વખત જોઈ ત્યારે પાણી ન મળતું હોવાથી બાર બાર કલાક સુધી ને વખતે તેથી પણ વધારે સમય સુધી, તૃષાતુર રહેવું પડયું

હતું. વળી જાતે બ્રાહ્મણ, એટલે નિત્યકર્મ કર્યા વગર તો કંઈ વસ્તુ ખોટાયજ નહિ, ને આમ બને એટલે પેટની ફરીયાદ નિષ્ફળ નિવડે; ને ગળાને પણ ન્યાય તો નજ મળે. આ રીતે તરસ સાથે ભુખનું દુઃખ પણ હતુંજ. તેમાંય બ્રાહ્મણને અતિ વહાલા એવા મોદકનુ મિષ્ટાન તો ઘણા દિવસથી મળ્યું ન્હોતું; તે આમ ઓચીંતું જોઇતી સોઇમાં મળ્યું, તેથી મોદકનાથ તો પરમેશ્વરનો મોટો પાડ માનવા લાગ્યો, તથા પોતાની હાલની સ્થિતી રાજાને પણ દુર્લભ હોઈ શકે, એમ માની સુખી નિદ્રામાં પડયો. એમાં નવાઈ પણ શી? એક બાજુ તેને તેની વિદ્યા વિષે વિચાર આવતો હતો, પણ પોતાની વિદ્યાપર સારો વિશ્વાસ હોવાથી તે બાબે ઝાઝી દરકાર કરતો ન્હોતો; વળી આ બ્રાહ્મણ પોતાના ભવિષ્યની વાત વિચારી ચીંતા કરે તેવો ન્હોતો; તેથી મરણ થાય તો નિશ્ચિંતપણે તેને આધિન થવું એમ તે સમજતો હતો, આમ હોઈ મરણની તેને ઝાઝી દરકાર ન્હોતી; આ રીતે તેને સર્વ ચીંતાથી વિમુખ થઈ, સુખી નિદ્રા લેતો આપણે અનુભવીયે છીયે.

તૃતિય પરિચ્છેદ.

શિવરામનું સ્વર્ગ ગમન.

સાંજના પાંચ વાગી ગયા, પણ આ વિપ્ર તો તેની સુખ શય્યામાંથી નિવૃત્ત થયો નહિ; ને હજુય કોણ જાણે

ક્યારેય તેમ થાત! પણ એટલામાં રાજાએ મોકલેલા એક ખવાસે નરમાસથી તેને જગાડ્યો; ને તેને રાજાની હજુરમાં બોલાવવા વિષેનો સંદેશો કહ્યો. આથી બ્રાહ્મણ કાંઇક ખુશાલિમાં આવી ગયો, તથા રાજાને કાને પોતાના આગમનના સમાચાર કોને પ્હોંચાડ્યા? એ વિષે પડપુછ કરવા લાગ્યો. ખવાસે કહ્યું; "આપે બપોરે જેની સાથે મેળાપ તથા ટુંક વાર્તાલાપ કરેલો તથા જેના હુકમથી આપ અત્રે નભો છો, તે ખુદ રાજા સુરસિંહજી," ખવાસને વધુ ન રોકતાં તરતજ પોતાની સાથેની એક નાની પેટી ઉઘાડી, તેમાંથી પત્રિકા લખવા જોઇતું સર્વ કાઢી, રાજાને ટુંકમાં લખી જણાવ્યું કે—:

"આપ નેક નામદારને જુગલકર જોડી અરજ ગુજારૂં છું, જે સેવક સાયં સંધ્યા તથા પ્રાર્થનામાંથી હમણે પરવારી શકે તેમ ન હોવાથી, આપ ન્યાયીના મુખારવિંદના દર્શનનો લાભ સત્વર લઈ શકે તેમ નથી; તો બીજે દિવસે જ્યારે આપ હુકમ કરશો, ત્યારે આપની તહેનાતમાં સેવક હાજર થશે"

આ પ્રમાણે એક નાની પત્રિકા લખી ખવાસને વિદાય કર્યો; તથા સ્નાનાર્થે તે પાસે આવેલા સરોવરે ગયો. સ્નાનાદિથી પરવારી, પુલાદિ જોઇતી સામગ્રી તૈયાર કરી, પૂજા પાઠ વિગેરેથી પરવાર્યો, તથા રાત્રિનો કેટલોક વખત ખવાસ રાજપુત તથા બીજા માણસો સાથે વાર્તાલાપ કરવામાં ગાળ્યો; બાદ સર્વ કોઈ નિદ્રાધિન થયા. ત્રણ પ્રહર રાત્રિ વિતી ત્યાં તો આ બ્રાહ્મણ શય્યાનો ત્યાગ કરી, નિત્ય નિયમમાં પ્રવૃત્ત થઈ ગયો; તથા પુર્ણ પ્રભાત થતામાં તો તે કાર્યથી નિવૃત્ત

થઈ, રસોઈ કરવી શરૂ કરી; ને યોગ્ય સમયે તેમાંથી સંપુર્ણ પરવારિ કપડાં આદિથી સજ્જ થઈ, કચેરીમાંથી માણસના આવવાની રાહ જોતો બેઠો.

થોડીવારે એક માણસ તેડવા આવ્યો. તેની સાથે વિપ્રે કચેરીનો રસ્તો લીધો. સરિયામ રસ્તા પરનાં ભવ્ય મ્હેલ્લો નિરખતો, તથા કુદરતી લીલારૂપ બાગબગીચા આદિથી ખુશી થતો, અડધી એક કલાકમાં કચેરીના ભવ્ય મ્હેલમાં પોતાના ભોમીયા સહ દાખલ થયો.

બ્રાહ્મણને યોગ્ય માન આપી રાજાએ પોતાની પાસે બેસાડ્યો; તથા તેનું નામ જણાવવા કહ્યું. બ્રાહ્મણે જુવાબ આપ્યો, કે—"હે રાજન! આ સેવકને સર્વ કોઈ શિવરામ કહી બોલાવે છે, અને કેટલાએક વર્ષથી સેવકનો ગુજારો ભિક્ષાવૃતિ પર ચાલે છે. હે સુજ્ઞ પ્રજા પાલક, હવે આપને જે બાબત પુછવી હોય તેજ પુછો તો સારૂં."

પ્રથમમાંજ સુરસિંહે પુછયું કે "હે શિવરામ વિપ્ર, તમે મને જણાવો કે હાલ મારે સંતતિમાં શું છે?" કાંઇ પણ વિલંબ ન કરતાં શિવરામે પ્રત્યુત્યર આપ્યો, કે "હે રાજવી, આપને એક પુત્ર તથા એક પુત્રી, એમ બે રત્નો સાંપડયા હતાં, પણ તે બેમાનું કોઇ કેટલોક સમય થયાં, આપની પાસે રહેતું નથી; તેથી આપ બહુજ ચીંતાતુર રહો છો; પણ આપની બે રાણીયોને હાલમાં ગર્ભ રહેલો હોઈ, પ્રસુતિ કાળની રાહ જોતાં આપ આપના દીવસો આનંદમાં નિર્ગમન કરો છો." પૂનઃ રાજાએ પ્રશ્ન કર્યો; "તે રાણીઓથી મને શાની પ્રાપ્ત થશે, તે આપ વિચાર કરી કહો." અગાઉની માફકજ શિવરામે પૂનઃ પ્રત્યુત્તર

વાળ્યો, કે "પ્રભુકૃપાથી આપને બેઉ રાણીઓથી એક એક એમ બે પુત્ર રત્નોની ભેટ થશે." આથી રાજા ખુશિ થયો, ને પ્રસુતિના દિવસની રાહ જોતો, દિવસો આનંદમાં વ્યતિત કરવા લાગ્યો.

બ્રાહ્મણની વિદ્યા વીષે રાજાને કાંઇક વિશ્વાસ બેઠો, પણ એને એવો વ્હેમ હતો, કે મારા આગલા પુત્ર તથા પુત્રિની વાત, કદાપિ મારા કોઇ હજુરીયે બ્રાહ્મણ શિવરામને જણાવી હોય; આમ હોઇ તુરતમાં તો બ્રાહ્મણના કહેવા મુજબ પુત્ર રત્નો સાંપડે છે, કે નહિ તેની રાહ જોતો, આટલાજ પ્રશ્ન પુછી અટકયો; ને બ્રાહ્મણને મા ામ તબાથી જોઇતી સામગ્રી આપી દરબારમાંજ રાખ્યો.

થોડા દહાડા વીત્યા બાદ, બેઉ રાણીયોયે એક એક એમ બે પુત્રોને જન્મ આપ્યો; કે જે સર્વ શિવરામના કહેવા મુજબ સિદ્ધ થયું. રાજાને આથી અતી હર્ષ થયો, તથા શિવરામ પર સારો વિશ્વાસ બેઠો. તે છોકરાઓ વિષે ભવિષ્યની હકીકત પુછવા પુનઃ શિવરામને કચેરીમાં બોલાવ્યો. શિવરામે છોકરાઓની જન્મ કુંડળી કરી, તથા ગ્રહો મુજબ તેમના નામ પાડયા, ને પોતાની વિદ્યાનું સાર ગણત્રિ કરી કહ્યું, કે "હે રાજન, તારા આ પુત્રોની ભવિષ્યની હકીકત બહુજ વિચીત્ર પ્રકારની છે. આ બે પુત્રોમાંના મોટા સત્યશિલને હાથે, તારી ઇચ્છા મુજબ અનેક પ્રકારની શોધખોળ થશે, તથા તારા નાના પુત્ર ચંદ્રસિંહને હાથે તારૂં મૃત્યુ થશે, પણ સત્યશિલના પ્રયત્ને તું પુનઃ સજીવન થઇશ. તારે ને ચંદ્રસિંહને દણો વખત જુદાઇમાં ગાળવો પડશે, પણ હે

રાજા, તારો ગુમ થયેલો સર્વથી મોટો છોકરો તને પુનઃ મળશે; ને તમો સર્વને ભેટાડશે. તારી પત્નિ સહ તારો વાસો સ્વર્ગમાં થશે; પણ પુત્રોને મળવાની લાલસાથી, તમારે પૃથ્વિ પર રાક્ષસ યોનિમાં જન્મ ધારણ કરવો પડશે, ને ચંદ્રસિંહને હાથે તમારો ઉદ્ધાર થશે." બ્રાહ્મણે આગળ બોલવું બંધ કર્યું, ને કહ્યું, કે "આ સર્વ બનાવની રાહ જુવો."

આ પછી કેટલોક વખત રાજાએ આનંદમાં નિર્ગમન કર્યો; પણ એક દિવસે પોતાની પુર્વ કથા જાણવા ઉત્કંઠા થઈ આવી, તેથી તે વિષે શિવરામને પુછ્યું, પણ શિવરામે તેને વાર્યો, ને આટલેથી સંતોષ પામવા કહ્યું.

બેઉ બાળકોને યોગ્ય કેળવણી પાંચમે વર્ષથીજ આપવા માંડી; ને બીજા સાત વર્ષોમાં તો બેઉ નિતિ, રીતી કળા કૌશલ્યતા તથા રાજ્યકારભારમાં નિપુણ થયાં.

આ વખતે એક ભયંકર બનાવબન્યો. શિવરામે રાજાને ખબર આપી, કે "હે રાજન, આ દેહનો ત્યાગ કરી હું બીજા પવિત્ર દેહ સહિત સ્વધામ જઈશ, કેમકે જે કાર્ય અર્થે મને જન્મ મળ્યો હતો, તે કાર્ય પૂર્ણ થયું છે, તો હવે તારે જે કાંઈ વધુ જાણવું હોય, તે મારા પુત્ર ત્રિકાળપ્રસાદની શોધ કરાવી તેની પાસેથી જાણજે. તે તને સર્વ બીનાથી વાકેફ કરશે. તારા મોટા પુત્રના હાથે એ શોધ કરાવજે, ને તેમાં તેહ ફતેહ પામશે. હે રાજા, તું હવે શોક કરીશ નહિ, કેમકે ગમે તેવો સ્નેહિ હોય, તોપણ તે સ્નેહિનો એક દિવસે અંત આવે છેજ; પણ નવો સ્નેહિ તેની જગ્યા લહી પ્રથમ સ્નેહિનાં સ્નેહને ભુલાવી, સિદ્ધ કરેછે, કે ભેગા રહે-

વાનીજ પ્રિતી છે." આટલું કહેતામાં તો તેનો દેહ હતો ન હતો થઈ ગયો.

ચતુર્થ પરિચ્છેદ.

જાદુનું જોર.

આ ફાની દુનિયાની ખટપટનો ત્યાગ કરી શિવરામ અખંડ ધામમાં જઈ રહ્યો; તે આપણે જોઈ ગયા. રાજા સુરસિંહને પોતાના સ્નેહીના વિનાશથી આ પૃથ્વી અરણ્ય તુલ્ય લાગી, ને નિરંતર તેનું સ્મરણ થવાથી કેટલીકવાર તો તે છાતીફાટ રડી પડતો; પણ તેજ પુરૂષનાં શબ્દો તેને તેવે સમયે સાંત્વતા આપતાં. થોડે ઘણે વખતે તેનો સર્વ શોક સમી ગયો, ને તેના કહેવા મુજબ કાર્ય સિદ્ધ કરવા પર લક્ષ આપ્યું.

પોતાના મોટા પુત્ર સત્યશેલ-શોધનને શિવરામનાં પુત્ર ત્રિકાલપ્રસાદ તથા તેનાં મોટા ભાઇ સત્યજીતની શોધ કરવા થોડા માણસો સાથે આપી સુરસિંહે વિદાય કર્યો. પોતાના વડીલોની આજ્ઞા તથા આશિર્વાદ લહી, સત્યશિલ પોતાને સોંપાયેલું કાર્ય પુર્ણ કરવા પ્રવાસે નીકલ્યો.

આઠ દિવસે તેને તેના પિતાના રાજ્યની હદ છોડી, ને ત્યાર પછી એકાદ મહિનો ઘણે સ્થળે મુસાફરી કરી ચાલતાં ચાલતાં તે તથા તેના સાથીઓ એક અરણ્યમાં આવી ચઢયા, તથા ત્યાંજ રાતવાસો કરવા વિચાર કરી, આજુબાજુની લીલા નિરખવા તથા વિચારવા લાગ્યા, કે અહા! શું આ જગ્યાની

રમણિયતા! કેવું લીલુંછમ જેવું ઘાસ, કેવા નિર્મળ પાણીના ઝરણો, કેવા અજાયબી પમાડે તેવા વૃક્ષો, કેવા અમૃતમય સુસ્વાદ નૃત્ય કરતાં મીઠાં ફળો, કેવા મધુર કંઠે ગવાતાં પક્ષી ગીતો, કેવા મધુર નાદવાલા કોયલનાં અતિ લાંબા આલાપો, શિ સુંદર ચંદ્રની શિતલતા, કેવો મનોહર બાગ, અને તેની અંદર આવેલા બંગલાની કારીગરી! અહા! આવા સુખો તો સ્વપ્ને પણ ન અનુભવાય.

આ રળીયામણા સ્થાનમાં, એક વિશાળ વૃક્ષ હેઠે સર્વ બેઠા, તથા હય વૃંદને છુટથી લીલા ઘાસનો ઉપભોગ કરવા દેવા છુટા મુકયા; ને સર્વ કોઈ નાસ્તો લેવા લાગ્યા. થોડી વારે ઘોડાઓના જુથને વૃક્ષાધીન કરી, ટુંક સમય વાર્તાલાપમાં ગાળી સર્વ નિદ્રાધીન થયા.

પ્રભાત થઈ, સુર્યનારાયણે જગતમાં પોતાનો અમલ મજબુત કર્યો, પક્ષિયોયે પોતાનાં સ્થાન તજી દઈ વનમાં એકત્ર થઈ વનને ગજાવી મકયું, સુંદીર પુલોએ પોતાની સુવાસ ફેલાવા માંડી, પૃથ્વિએ કાળી સાડી તજી ધોળી ધારણ કરી; માણસોને આવકાર આપતાં હોય તેમ વૃક્ષો પવનની લ્હેરે ઝુલવા લાગ્યા, મુસાફરો પોતપોતાને રસ્તે પડ્યા, દુધવાળીયોયે દુધ દોહી ઢોરોને ગામબ્હાર હાંકવા માંડયા, માથે પાણીનાં બેડાં લઈ સ્ત્રિઓ પાણી ભરવા ચાલી, સર્વ બાળકો પણ પોત પોતાના પાઠમાં પ્રવત થયા, દુકાનદારો દુકાનો વાળીઝાડી સાફ કરવા લાગ્યા; પણ આ અરણ્યમાં તો તેમાંનું કહીંજ જણાયું નહિ. પાણીના નિર્મળ ઝરાઓ, પક્ષિનાં આનંદી વૃંદો, ઝાડપાનની ઘોર ઘટાઓ ઈત્યાદિ જે કંઇ હતું; તે એક રાત્રિ દરમ્યાન અદ્રશ્ય થયેલું

જણાયું, ને જાગૃત થયેલો સત્યશિલ આથી બહુજ ગભરાયો, ને શું કરવું તે તેને સુજ્યું નહિ; પણ થોડીવારે તેને હિંમત આવી. સવ આયુધોથી તે સજ્જ થયો; ને પોતાના સાથીયોનાં ખૂનીને તે શોધવા લાગ્યો. ઘણીએક તપાસ કરી, લાંબો વિચાર કર્યો, પણ તે કાંઇજ અનુમાન પર આવી શકયો નહિ. મધ્યાન્હ થયો, પણ તેને ભૂખ કે તૃષાં જણાયાં નહિ. તે શોક કરવા લાગ્યો, પણ વખતે તેમાંથી જુસ્સો પ્રદીપ્ત થતો.

જુસ્સાના આવેશમાં તે બોલતો, કે "મારા સાથીઓનાં ખૂન કરનારને ધિક્કાર છે. હું તેનો પ્રાણ લહીશ, અગર જો એમ નહિ બને, તો હુ પણ તેઓનો સાથી થઇશ." સાંજ પડવા છતાંય વિચાર સ્થાનમાં અન્ન જળાદિનો વિચાર પોષાયો ન્હોતો. વેરે એનાં શરીરમાં ઘર કર્યું હતું; પણ તેના સાથીયોનાં મુખો સામું જોતાં, વેર તથા શોકને જબરો ઝઘડો મચતો હતો. પણ હારજીંત કોઈ કબુલતુંજ નહિ. નિશાદેવી પણ તેને પોતાને શરણ ન રાખી શકી. હવે સત્યશિલને લાગ્યું, કે કદાપિ દુશ્મન પુનઃ અત્રે આવશે, ને તેથી નિર્ભય સ્થાને આશ્રય લેવો જોઇએ. આમ વિચાર કરી, પોતાનાં સર્વ આયુધોરૂપી મિત્રોને સાથે લહી, તે વિશાળ વૃક્ષ પર પોતાની રાતની બેઠક કરવા વિચાર્યું; ને ઝાડ પર ચઢવાનું શરૂ કર્યું; પણ અડધું એક વૃક્ષ ચઢયો, એટલામાં તો તે વિશાળ વૃક્ષે અજાયબ રીતે આકાશ માર્ગે ગમન કર્યું; ને સત્યશિલને મોટા ભુલાવામાં તથા ગુંચવાડામાં નાખ્યો.

પંચમ પરિચ્છેદ.

કપટનું ચપટ.

રાત્રિનો સમય હતો, સર્વત્ર શાંત હતું; રાત્રિ એક પ્રહર બાકી હતી, તેવે સમયે, આકાશ ગમનિય વૃક્ષ એક ડુંગર પર સજ્જડ થયું. સત્યશિલ મહા ધાસ્તીમાં નીચે ઉતર્યો. તે ગમગિનીમાં નીચેજ બેસી ઝોકાં ખાવા લાગ્યો; ને પ્રભાતપતિ હૈયાત હોવા છતાં નિદ્રાદેવીયે તેને પોતાને હવાલે લીધો. મધ્યાન્હ થયો; આદિત્ય ભગવાન પોતાના કિરણોથી સર્વ કોને પીડવા લાગ્યા, તે પીડા નિંદ્રાદેવીથી સહન ન કરાઈ, તેથી પૂનઃ સત્યશિલ દિવસપતિનાં પંઝામાં પડયો. સત્યશિલને આ વખતે બીજા બે નવિન શત્રુઓ નડયા. પણ તે શત્રુઓએ તેને શોક તથા ભયથી મુકત કર્યો. તે શત્રુઓ ભુખ તથા તૃષાંજ હતાં. સત્યશિલને ધાસ્તી લાગી, કે જો તે શત્રુઓને નહિ હણું તો હું જીવનો જઈશ. આથી સત્યશિલ ડુંગરપર પાણીની તપાસ કરવા લાગ્યો. તપાસ કરતાં કરતાં સાંજ પડી; પણ શત્રુઓપર આક્રમણ કરી શકાયું નહિ; તો પરાજયની શી આશા? ક્ષણે ક્ષણે શત્રુઓનું જોર વધવા લાગ્યું. પૂનઃ વૃક્ષનો આશ્રય લીધો; ને આખર સમજી પ્રભુ સ્મરણમાં ચીત ચોડયું. આમ કરતાં રાત્રિ થઈ.

તેની તે સ્થિતીમાં ક્ષુધા તથા તૃષા તેને કાંઈ પણ પીડા કરી શકયા નહિ; પણ તેના સ્મરણમાંથીજ નીકળી ગયા; કેમકે ધ્યાનમાં સત્યશિલ અતિશય લીન થઈ ગયો હતો.

કોણ જાણે તે એમ કયાં સુધી બેસી રહેત; પણ કાળા વસ્ત્ર ધારી એક કદાવર પુરૂષે તેને ધ્યાન ભંગ કર્યો. નવા આવનારે સત્યશિલ પ્રતિ કહ્યું; "હે વિર! કઈ પીડા દુર કરવા તું ઉગ્ર વૃત આચરે છે? મારી સાથે આવી ઇચ્છીત ભોજનોનો ઉપભોગ કર." સત્યશિલે પોતાની ઇચ્છા વ્યકત કરી, તેની સાથે ચાલવા માંડયું.

થોડી વારે તેઓ આખો ડુંગર ઉતરી રહ્યાં, ને તેના તળીયે આવેલી એક અંધારી ગુફા સમક્ષ આવી ચઢયાં. તેમાં તેઓ દાખલ થયાં. થોડું એક ચાલતામાં તો આગળ જવાનો સર્વ માર્ગ પાણીથી ઘેરાયલો દીઠો, ને તેઓ અટકી પડયાં. પાણી જોઈ સત્યશિલની તૃષામાં સતધા વૃદ્ધિ થઈ; તેથી તેને ન્યાય આપવા બાબે પોતાનાં સાથીને પુછ્યું. સ્મિત હાસ્ય કરતાં તેને હા કહી. સત્યશિલ પાણી પીવા નીચો વળ્યો; અને પાણીમાં હાથ નાખ્યો; તેવોજ આ નવીન માણસ ત્યાંથી અદ્રશ્ય થઇ ગયેલો માલુમ પડયો; ને ગુફાનું દ્વાર તો જણાયું પણ નહિ. રસ્તા માટે સત્યશિલે ચારે તરફ તપાસ કરવા માંડી, પણ રસ્તો મળ્યો નહિ, ને પાણીનો પ્રવાહ વધતો જણાયો: તે એટલે સુધી કે સત્યશિલ તે પાણીમાં તણાઈ ગયો. બ્હાર આવવા ઘણા ફાંફાં માર્યાં; પણ માથા પર ગરમી લાગતી જણાવાથી, નિષ્ફળ થયો; ને ટુંક સમયમાં તળીયે જઈ રહ્યો.

આ સર્વ કેમ બન્યું, તે વિષેની થોડી માહિતી આપી, આપણે મુળ બીના પર આવશું. જે સ્થળે સત્યશિલે પોતાનાં આટલાં માણસો ગુમાવ્યા, તથા પોતે આટલી મુશ્કેલીમાં

ઉતર્યો; તે જગ્યા દેવદુત નામનાં જાદુગરની હતી. તે જાદુગર દેવદુતેજ એની ભગિની અલકકિશોરીનું હરણ કર્યું હતું. તે જાદુગરે બીજા પણ અનેક જણને કેદ કર્યાં હતાં; ને તે વિષે વધુ વર્ણન આગળ આવશે.

પ્રિય જીજ્ઞાસુ બાંધવ! સત્યશિલ ડુબી ગયો, તે કાંઇ ખરેખરૂં પાણી ન્હોતું; પણ દેવદુતની માયાનુંજ સ્વરૂપ હતું. સત્યશિલ પાણીમાં તળીયે ગયો, પણ થોડાજ વખતમાં તેને જણાયું, કે તે પાણીમાં નહિ, પણ એક અંધારા ભોંયરામાં છે. તે ભૂગર્ભ અતિ વિશાળ જણાયો. આમ જણાયા પછી સત્યશિલે ચાલવા માંડયું, છએક કલાકની મજલ કર્યા પછી તેને જણાયું; કે તે એક વિશાળ મહાલયમાં કેદ પડેલો છે. જોઈતી સર્વ સામગ્રી ત્યાં હતી. કેટલોક સમય સત્યશિલે આ મહાલયમાં કાંઈ પણ અડચણ વિના પસાર કર્યો; દરમ્યાન કોઈ પણ પ્રકારનો ચમત્કાર તેની આંખે અડયો નહિ; પણ તેને ખાત્રી થઈ ગઈ હતી, કે આ સર્વ કાર્ય; કરનાર કોઇ જાદુગરજ હોવો જોઇએ. આમ હોઈ તે હંમેશાં ચેતીને ચાલતો.

એક દિવસ પોતાની નીચેના માળમાં સત્યશિલે ઝાંઝરનો અવાજ સાભળ્યો. બંધ દાદરની તિરાડમાંથી જોયું, તો કોઈ એક સ્વરૂપવાન મુગ્ધા, અંદરના દરેક બારણા ઉઘાડી બારીકીથી નિરખતી જણાઈ. તેઓને ઉઘાડવા તથા બંધ કરવાની કળા, અને અંદરની અદભુત રચના જોઈ સત્યશિલને બહુ તાજુબી લાગી. છેવટે તે બાળા પોતાના દાદરનાં પણ થોડાંક પગથીયાં ચઢી, અંદર સ્હેજ નજર કરી, ત્યાંથી પલાયન કરી ગઈ.

આ બાળા દેવદુતની દીકરી કામકિશોરી હતી. તેના પિતા દેવદુતની મનાઈ છતાં, અહિં તે આવી હતી. અગાઉ પણ આ મ્હેલની મુલાકત લેવા તે ચુકી ન્હોતી, પણ ઓરડા નહિ ઉઘડવાથી મ્હેલની બ્હારની બાજુ સિવાય બીજુ કાંઈ તે જોવા પામી ન્હોતી. ઉપરોકત કામકિશોરીને અલકકિશોરી નામની એક સખિ હતી; તે સખિયે કામકિશોરીને પૂનઃ અહિં આવવા કહ્યું હતું; પણ કામકિશોરીયે એવું જણાવેલું, કે "ત્યાંનો એક પણ ઓરડો મારેથી ઉઘાડી શકાય તેમ નથી." પ્રત્યુત્તરમાં અલકકિશોરીયે યુકિત બતાવી કહ્યું, કે "તારા પિતાના ગજવામાં તાજના આકારની ઝીણી ચળકતી એક ડાબલી છે. તેની અંદર થોડા મંત્રેલા દાણા છે, તે બારણાને અડકતાંજ સર્વ ખુલ્લું થઈ જશે. ઉપરોકત ડાબલી તારા પિતા જમવા બેસે, ત્યારે તું લહી લેજે; ને જ્યારે તે મધ્યાન્હે શય્યામાં હોય, ત્યારે પૂનઃ તે ડાબલી ગજવાને હવાલે કરજે." કામકિશોરીયે ઉપર મુજબ કરેલું, ને સર્વ વાતથી વાકેફ થયેલી, આપણે તેને હમણેજ જોઇ ગયા છીયે. તદપિ ઉતાવળને લીધે, બધુંય સારી રીતે અવલોકવા પામી ન્હોતી. આમ હોઈ જલ્દીથી ઘેર આવી તે ડાબલીને, તેના પિતાના ગજવામાં હતી તેમ પાછી મુકી દીધી.

ષષ્ટ પરિચ્છેદ.

તરૂણી તરંગ.

વ્હાલા જીવન ! સત્યશિલ જેની શોધમાં નિકળેલો. તેમાંનું સ્ત્રિ પાત્ર, તેજ ઉપરોકત અલકકિશોરી. તે જાણતી હતી, કે તેનો પિતા તેની શોધ કરાવ્યા વિના નહિ રહે, તેથી દેવદુતના આ કેદખાનામાં ખબર કાઢવાને ઘણીવાર તે આવતી. કામકિશોરીને પણ અહિં આવેલી આપણે અનુભવી ગયેલા છીયે. ઘેર આવી કામકિશોરીયે અલકકિશોરીને સઘળા સમાચાર કહ્યા; ને વિશેસમાં જણાવ્યું. કે "ઠેઠ ઉપરના માળે કોઈ એક જણનો પગરવ સંભળાતો હતો, પણ તે પુરૂષ છે, કે સ્ત્રિ તે વિષે હું કાંઈ જાણતી નથી. આ બીના સાંભળી અલકકિશોરી ઘણીજ ખુશી થઈ, તથા ત્યાં જવાના ઉપાય માટે વિચારમાં પડી. કામકિશોરીની સલાહ પુછી; કેમ કે અન્યોન્યને સગી બ્હેનો કરતાં પણ અધિક ચાહતાં.

કામકિશોરી અલકકિશોરી કરતાં ઘણીજ વધારે સ્વરૂપવાન હતી. તેના મનોહર રૂપનું થોડુંક બ્યાન આનંદનિય થઈ પડશે.

અહા ! તે રમણિનો કેષકલિમષા છુટો મુકતાં, કેડ સુધી લંબાણ કરી જોનારને ફણીધરનું સ્મરણ કરાવે છે. તેનું વિશાળ કપાળ, તથા તેમાં ડોકીયા કરતો રકતવર્ણી કુમકુમનો ચાંદલો યા તો ટીલડી, બરફના ડુંગર પર પડેલા, લોહીના ટીપા યા તો ઉત્તરાકાશમાં રહેનાર ધ્રુવના તારા સમાન ચળકે છે. તેની આંખ પરની ભ્રમરો તો મેઘ ધન્નુષ્યનું સ્મરણ કરાવે

તેવીજ હતી; પણ તેની પાંપણોના પલકારા તો સર્વ કોઇના સર્વ વિચારો દાબી દહી, ગમે તેવા જ્ઞાનિને પણ થોડો વખત કામદેવનો ગુલામ બનાવે ખરા. હરણી જેવી તેની સુંદીર ચળકતી આંખો, તથા તેની અંદર આવેલી કીકી માલીકના હૈયાનો પ્રેમ યા વર વ્યક્ત કરતી હતી. તેનું નાજુક કપાલ ગુલાબનાં ગોટાથી પણ વિષેસ સ્ફુરેલું, અને સવિષેસ સુંદીર હોઇ, ગુલાબના પુલને બદલે તેનેજ કોઇ ગુલાબનું ફુલ ધારી, ભુલાવામાં પડી, તેની સુવાસ લેવા જાય; નેં અલિકુલ એમ ઘણી વખત ભુલાવામાં પડી, નિરંતર ગુંજાર કરે; એવા સુંદીર મુખાર્વિંદથી કોણ ન મોહાય? તેનું ખુબસુરત અણિયાળું નાક, પરવાલા જેવા પાતલા લાલ ઓષ્ટ, તથા તેની નીચે સમાયલા દાડમની કળીશા દાંતો, તથા પાતળી રાતી જીભ ઈત્યાદિ જોનાર પર જાદુઇ અસર રૂપ હતાં. જેમ ગુલાલનું અત્તર રૂમાલ પર પડી તેને પોતાનો સોબતી બનાવી ટુંક સમયમાં તરછોડે છે; તેમ તેના મુખમાંથી બહાર આવતાં ગુલાબના અત્તર કરતાં ચઢીયાતા સ્વાસ વિષે ન્હોતું. તેનો કંઠ દુઃખ ભુલાવી શાંતિ પમાડે તેવો હતો. તેનાં હસ્તાર્વિંદ એવા તો નાજુક હતાં, કે 'પાણીનો કળશ્યો ઉપાડવા આપતાં પણ તેઓ મરડાઇ જાશે, એમ ધારતી રહે. એવા કોમળ હાથનાં લટકાં, વિજળીની માફક મનુષ્ય હૃદય પર અસર કરે તેવાં હતાં. તેની ચામડી એટલી તો પાતળી હતી, કે રક્ત વર્ણના લોહીનો ઓજ તેમાંથી સંપુર્ણ પ્રકાશ આપતો હતો; ઉપરાંત તેના અલંકારાદિનીતો હદજ ન્હોતી. તેના આવા મનોહર રૂપથી મનુષ્ય, દેવ યા કોઇ પણ એમજ સમજે,

કે અલંકારો તથા દુનિયાનાં સર્વ વૈભવો તો કામકિશોરી માટેજ હોઈ શકે. તેના આવા રૂપથી દુશ્મન પણ તેની પર બલાત્કાર કરી શકે તેમ ન્હોતું.

બેઉ તરૂણીયે ઘણો વખત વિચાર કર્યો. અરસપરસ પોતાના વિચાર સરખાવતાં, દહીં ને દુધના જેટલોજ તફાવત તેમાં જણાયો. આખરે એવો ઠરાવ કર્યો, કે જે વખતે દેવદુત ભરનિદ્રામાં હોય, તે વખતે કામકિશોરીયે તેના ગજવામાંથી જાદુઈ ડાબલી કાઢી લેવી, ને પછી બેઉ સખીયોયે ધારેલા સ્થળે જવું. આં પ્રમાણે સંકેત કરી, રાત પડવાની રાહ જોતી પોતપોતાને કામે વળગી.

કલાકો ગણતાં દિવસ, દિવસો ગણતાં મહિના, મહિનાઓ ગણતાં વરસો ને એમ આખી જીંદગી ખતમ થાય છે; તો બે ચાર કલાકો વ્યતિત થતાં તે શી વાર? તો પણ જે સમયને માટે આતુર હોઈએ, તે નિત્ય નિયમ મુજબજ આવે, તોપણ લાંબોજ જણાય છે. અહિંયા પણ- આ બેઉ સખિયોની તેવીજ સ્થિતી થઈ. રાહ જોતાં ધારેલો સમય આવ્યો; ને શશિરાજે નભપટપર પોતાનાં અનુચરો સહ દર્શન દીધા

થોડીએક રાત્રિ વ્યતિત થઇ, ને દેવદુત શયનગૃહમાં પણ ગયો; કામકિશોરી પણ પોતાના જાુદા ઓરડામાં ગઈ, ને બેએક કલાક આમતેમ આળોટી સખિની રાહ જોવામાં ગાળી કાઢી. થોડીએકવાર પોતાનાંજ શયનગૃહમાં આંટાફેરા માર્યા. એટલામાં તેની સખિનો પગરવ સંભળાયો; સ્હામી ગઈ, ને બેઉ સખિયો હર્ષથી ભેટી. અન્યોન્યે વ્હાલથી ચુંબી

કરી. અલકકિશોરિયે વાળુ વખતેજ દેવદુતને ઘેની પદાર્થ આપી દીધો હતો, તેથી તે તો અત્યારે સર્વ ચીંતા વિહિન થઇ ઘોર નિદ્રામાં પડયો હતો; ને તેને તેના શરીરનુંય ભાન ન્હોતું. બેઉ સખિયો ચાલાકીથી દેવદુતનાં શયનગૃહમાં ગઈ, ને ચાલાકીથી જોઈતી વસ્તુ ગજવામાંથી કાઢી લીધી. પછી વિલંબ શાનો? ચપળતાથી મ્હેલ તજી, થોડા વખતમાં ધારેલે સ્થળે, એટલે સત્યશિલવાળા મ્હેલની અગાશીમાં, કે જ્યાં સત્યશિલ નિદ્રામાં પડયો હતો, ત્યાં આવી પ્હોંચી. આ રીતે તેઓ ત્રણ થયાં. કામકિશોરી તથા સત્યશિલ નાસી છુટયા, ને અલકકિશોરી દેવદુતને ઘેર પાછી આવી. અલકકિશોરી તથા સત્યશિલને ભગિની તથા ભ્રાતનો સંબંધ કેમ હતો? તે આટલું વાંચ્યા પછી જણાયું હશે.

દ્વિતીયખંડ–પ્રથમ પરિચ્છેદ.

જંગલમાં મંગલ કયાંથી?

પ્રિય જીજ્ઞાસુ! હવે આપણે સૂરસિંહની રાજધાની મનહરપુરી તરફ વળીશું. રાજા સૂરસિંહને પોતાના વ્હાલા પુત્ર વિષે કાંઈ પણ સમાચાર, ઉપરોકત સર્વ બિના બની ત્યાં સુધી મળ્યા ન્હોતાં; તેથી તે અતિશય નિરાસ થયો, ને શું કરવું, તે તેને સૂજયું નહિ. વળી તેનાં બીજા પુત્ર ચંદ્રસિંહે પણ પોતાના ભાઇની શોધમાં ચાલી નિકળવાનો પોતાનો વિચાર રાજાને જણાવ્યો. રાજા આથી અતિ ખિન્ન થયો પણ

તે તો ત્યાંથી ચાલીજ નિકળ્યો.

ચંદ્રસિંહે સાથે માત્ર બેજ સાથી લીધા હતાં. ચાલતાં ચાલતાં તેઓ એક અરણ્યમાં આવી ચઢયાં, ને ત્યાંની રચના નિહાળતાં ત્રણે જણા ફરવા લાગ્યા. એમ કરતાં તેઓની દૃષ્ટિ એક પર્ણકુટી પર પડી; તેમાં એક મહાન પુરૂષને ધ્યાનમાં લીન થયેલાં દીઠાં. તે મહાત્મા પુરૂષના સમાગમથી કાંઇક ફાયદો થાશે, એમ ધારી તેઓ ત્યાંજ રોકાણા, ને એક વરસ ત્યાંજ પસાર કર્યું, પણ રૂષિ જાગ્રત થયા નહિ. તેઓએ રૂષિના ચર્ણ તળાંસવા માંડયા; ને એમ કરતાં રૂષિ જાગ્રત થયા; ને તેઓને ત્યાં આવવાનું કારણ પુછયું. તે ત્રિપુટીએ નમ્રતા ભર્યાં મૃદુ સ્વરે કહ્યું, કે "હે મહાત્મા! અમો કેટલોક વખતથી આપનાં દર્શનાર્થે, તથા કેટલીક બાબતોના ખુલાસા માટે અત્રે આવેલા છીયે. હે દયાળુ! અમારો દોષ હોય તો ક્ષમા કરજો" દયાળુ મહાત્માએ કહ્યું, કે "હે પ્રવાસિયો; તમારે જે કાંઈ પુછવાનું છે, તે મેં જાણ્યું. હાલ તમે અહિંજ નિવાસ કરો, અગર પૂર્વ દિશા ભણી પ્રયાણ કરો." તે મુજબ કહેલ રસ્તા તરફ તેઓએ પ્રયાણ કર્યું; ને ઘણો વખત સુધી ચાલવું જારી રાખ્યું. આ પ્રમાણે તેઓ સર્વ એક મનોહર ઉદ્યાન સમિપ જઈ ચઢયાં; કે જ્યાંની શોભા અતુલ હતી.

બાગની મધ્યમાં ફુલોથી વિંટળાયલો એક મ્હેલ હતો. તેમાં ઉંચા સ્ફાટિકનો ઉપયોગ કર્યો હતો; વળી રંગબેરંગી નિલમ, માણેક, ઈત્યાદિ કિંમતી પત્થરો પણ ચિત્રાકારમાં વપરાયલાં હતાં; તથા તેનાં જાળીયામાં ઉંચી કિનખાબના

ગાલીચા જડેલાં હતાં; ને મ્હેલની અંદર પણ, ઉત્તમ પ્રકારની નવનવી વસ્તુઓથી શણગાર કરવામાં આવ્યો હતો. જોઈતી સર્વ સામગ્રી સ્હેલથી અંદર મેળવી શકાય તેમ હતું. ટુંકમાં આવા હર્મ્યનો ઉપભોગ કરનાર કોઈ મહાન્ ભાગ્યશાળી દૈવી પુરૂષ હોવો જોઈએ; એમ જોનારને વિચાર આવ્યા વિના રહેતોજ નહિ; પણ તે બાગ, તેની અંદરનો પુવારો, અતિ દ્રવ્ય ખરચી બંધાવેલ વાપિ ને તેની કારીગરી તો દૈવી પુરૂષને રહેવાના વિચારને પણ અનિશ્ચિત કરતાં હતાં.

આપણી ત્રિપુટીએ સાયંકાળ તો ઉપરોકત લીલા નિરખવામાંજ ગાળી. ત્યાંની આબેહુબ રચના જોઈ, એટલા તો ખુશિ થયાં, કે અત્રે આવવાનો તેઓનો મૂળ હેતુ પણ તેઓ વિસરી ગયાં; ને અત્રેજ જીંદગી ગાળવા ઠરાવ પર આવ્યા. આ સઘળું છતાં, પક્ષિ યા માનવીનો સંચાર તેઓને બીલકુલજ જણાયો નહિ. વળી આવા વિકટ અરણ્યમાં, આવી સંપૂર્ણ સોઈવાળો મ્હેલ કોને બંધાવ્યો? વળી કોઈ માનવી યા પશુ તેમાં નથી; તેનું શું કારણ હશે? વિગેરે વિચારોએ આશ્ચર્યતાની હદ વાળી; પણ ઈચ્છિત ભોગો ભોગવવા ઈચ્છનાર ત્રિપુટીના મનમાં તે બાબદો વધુ વાર ટકી શકી નહિ.

કોઈની પણ પરવા, ધાસ્તી યા ગભરાટ વિના, આ ત્રિપુટીએ મ્હેલમાં પ્રવેશ કર્યો; ઉપરાંત ત્યાંના ભોજનો તથા સર્વ સામગ્રીનો સ્વેચ્છાથી ઉપભોગ કર્યો.

દ્વિતય પરિચ્છેદ.

બલાત્કાર.

વાંચક! ઉપરોકત મ્હેલ કોનો? તેની નધણીયાતી સ્થિતી શાથી? હવે આપણે એ પ્રશ્નો વિષે જોઈશું.

આ મ્હેલ મધુપુરીના રાજા નંદસેનનો હતો. તેમાં તેણે ઘણો વખત સુખમાં ગુજાર્યો હતો. તે બે રમણીનો અધિષ્ટાતા હતો, તદપિ અપુત્ર હોઈ, નિરંતર અસંતુષ્ટ અને ઉદાસ રહેતો; પરંતુ ઘણું ખરૂં હાલમાં ધારવામાં આવે છે, તેમ એક તૃતિય પત્નિ પોતાની ખોટ પુરી પાડશે; એમ ધારી, તે મુજબ કરવા નંદસેને પોતાની બે પત્નિની સલાહ પુછી. તેઓ તરફથી અનુમતિ મળતાં, ભાટ, ચારણો તથા કવિવરોને યોગ્ય કન્યાની શોધ કરવા મોકલ્યા. તેઓની શોધ દરમ્યાન એક બ્રહ્મ કન્યા રાજાને પસંદ પડી; તેથી નંદસેને પોતાના માણસો દ્વારા કન્યાનું માગું કરાવ્યું. પણ તે શુદ્ધ બ્રાહ્મણે રાજાની માગણીનો ઇન્કાર કર્યો; ને રાજાને તેમ ન કરવા સમજાવ્યું. "રાજ્ય હઠ પરાપૂર્વથી ચાલતી આવી છે," રાજા કેમે કરી એકનો બે ન થયો; ને જો બ્રાહ્મણ પોતાની કન્યા ન આપે, તો કેદ કરવાનો હુકમ આપ્યો. ગભરાયલા બ્રાહ્મણ કુટુંબે રાજાની વાત સ્વિકારી; એક મહિનાની મુદત માગી. તે મુજબ તેને એક મહિનાની મુદત આપવામાં આવી.

બ્રાહ્મણ પર રાજાનો છુપો જાપ્તો રહેતો હતો; પણ લાગ મળતાં, આ બ્રાહ્મણ શંભુપ્રસાદ, તેની સ્ત્રિ તથા તેની પ્રિય

પુત્રી રૂપગુણસુંદરી; એ ત્રણે જણા ત્યાંથી પોબારા ગણી ગયા. ત્યારબાદ અરણ્યમાં એક પર્ણકુટી બાંધી તેમાં નિવાસ કરી રહ્યા.

હવે એવું બન્યું, કે આ રાજા નંદસેન પ્રારબ્ધને લીધે, ઉપરોકત સ્થળે મૃગ્યાર્થે જઈ ચઢયો. રૂપગુણસુંદરી તે સમયે પર્ણકુટિથી થોડે દુર આવેલા કાસાર કિનારે જળક્રિડા કરતી હતી. નંદસેનનું ધ્યાન અચાનક ત્યાં જઈ ચઢયું; ને જુની વાતનું પૂનઃ સ્મરણ થયું. આ વખતે ઉપરોકત બાળાની કાન્તિમાં ન ધારેલી વૃદ્ધિ થઈ હતી. તેની કાન્તિ વર્ણવી જાય તેવી ન્હોતી. મોહાંધ રાજા નંદસેને તે બાળાને પકડી લાવવા, પોતાનાં માણસોને હુકમ કર્યો. તે બાળા પર બળાત્કાર ન કરવા નોકરોએ ઘણું કહ્યું, પણ પત્થર પર પાણી. તેઓએ નંદસેનને ઘણા ઘણા દષ્ટાંત આપી, નારીની સૌંદર્યતા કેટલી અને કેવી છે; તે સમજાવી કહ્યું, કે "હે રાજા! સાંભળ; નારીની સૌંદર્યતા ક્ષણિક છે. જે કાન્તિ પર માણસ જાત મોહે છે; તે ઘડીમાં અદ્રશ્ય થવાની છે. નારીના કોઈ પણ ભાગ, મળ, મુત્ર કે વિષ્ટા સિવાયના નથી. તેની રગેરગમાં ઝેર વ્યાપેલું છે. નારી કોઈની થઈ નથી; ને થનાર પણ નથી. જો તેમાં કાંઈ પણ લાભ હોત, તો મહાન રૂષિવરો સંસાર તજેતજ નહિ. વળી કવિવરો પણ તેને નીચેનાં વાકયથી સંબોધતજ નહિ. તેને જે ઉપમાં આપી છે, તેનો વિચાર કર; તે અક્ષરશઃ સત્ય છે;

दर्शनाद्धरते चित्तं स्पर्शनाद्धरते बलम् ।
संभोगाद्धरते वीर्यं नारी प्रत्यक्ष राक्षसी ॥

વળી તે પારકી માયા છે; તો કોઇની કયાંથી થાય? મહાન્ મુનિવરોયે સંસાર ત્યાગ કર્યો; તે શા માટે? કદાપિ પ્રથમ સ્ત્રિથી સુખ થાય, પણ તે ઝાઝી વારનું નથી; એમ નક્કી માનજે. દુર્ગુણી સ્વરૂપવાન રમણી કરતાં, સદ્ગુણી કુરૂપ સ્ત્રિ અનેક દરજ્જે ચઢીયાતી છે. સ્ત્રિનો સંગ તજનાર જ્ઞાનની સારી સિદ્ધિને પામે છે. સ્ત્રિયોનો પ્રેમ અસ્થિર છે. તે એકવાર પોતાનું અંતઃકરણ એકને સમર્પે છે; તો ક્ષણ માત્રમાં અન્યને તેનો સ્વામી અને ભોકતા બનાવે છે. જ્ઞાનિ પુરૂષોયે સ્ત્રિનો સંગ ત્યજવો. વળી એક ઉપર બીજી સ્ત્રિ અતિશય હાનિ કરતાં છે. સ્ત્રિ પર બલાત્કાર કરવાને સર્વ કોઈ અશકત છે; તો હે સુજ્ઞ!. આપ આ પ્રમાણે પ્રજામાં ખોટો દાખલો બેસાડો નહિ. સ્ત્રિના નિસાસાથી રાજ્ય સત્તાનો સમૂળો નાશ થાય છે. ધ્યાનમાં લ્યો; ને ચીત ઠેકાણે રાખો તો સારૂ, નહિતર અમે તો તમારાજ છીયે; ને તમે કહો તેમ કરવાને તૈયારજ છીયે.

કામી પુરૂષને આવા વચનની અસર કયાંથી થાય? તે વખતે તેને કોઈનો ભય પણ કયાંથી રહે? ખરૂંજ કહેલું છે કે—

कामा तुराणां न भयं न लज्जा.

પોતાની વાત અમલમાં મુકતાં રાજ્ય સત્તાવાનને કેટલી વાર? હુકમ થતામાં તો રૂપગુણસુંદરીને પકડવા માણસો સજ્જ થઈ ગયા; સરોવરે ગયા; એકવાર જીવ પાછો હટયો; પણ છેવટેય રાજ્ય સત્તાને માન આપ્યા સિવાય કેમ નભે? નિરૂપાયે રૂપગુણસુંદરીને પકડી, ઘોડા પર નાખી, રાજ્ય તરફનો રસ્તો લીધો; ને થોડી વારમાં મહાલયમાં આવી પ્હોંચ્યા.

તૃતીય પરિચ્છેદ.

બલાત્કારનું પરિણામ.

રૂપગુણસુંદરીયે ચાર દિવસ તો નંદસેનના મહાલયમાં ગાળી કાઢયાં; દરમ્યાન શ્રાપ દેવાની ધાસ્તી આપી કામાંધને વિદાય કરતી. વખતે સમજાવતી, ને એમ કરી રાજાને દુર કરતી; પણ તે ઝાઝું ટકયું નહિ. એક દિવસ નંદસેન અતિશય કામાતુર થયો, ને રૂપગુણસુંદરીયે ચેતવણી આપ્યા છતાં, રતિવિલાસ કરી કુસુમાકરને સંતોષવા, તેને બલાત્કારે પકડવા દોડયો; પણ ધર્માચારિણી રૂપગુણસુંદરી ને આ લોકમાં ન્યાય ન મળવાથી પરલોક સિધાવી, ને ન્યાય મેળવવા પોકાર કર્યો.

જેમ ડુંગરપરથી ભેખડ ગબડી પડે, તેમ રાજા નંદસેન રૂપગુણસુંદરીને ચૈતન્ય રહિત જોઇ, મુર્ચ્છા આવવાથી ગબડી પડયો. શુદ્ધિમાં આવતાં, તે સુંદરીના મૃતદેહ પાસે ગયો; ને અતિશય શોક કરવા લાગ્યો. થોડી વારમાં તો ગાંડાની પેઠે રાગડા તાણીને રૂદન શરૂ કર્યું. ખરેખર તેનું તે રૂદન પાષાણ હૃદયીને પણ શોકસાગરમાં ગરકાવ કરે તેવું હતું. તેના આવા હૃદયભેદક કલ્પાંતથી, તેના કેટલાક માણસો ત્યાં આવી ચઢયાં. તેઓએ રાજાને ઘણો ઘણો દિલાસો દીધો, ને કેટલાક તો તેના કલ્પાંતમાં ભાગ લેતાં થયાં; ને કહ્યું, કે "હે રાજન! આથી પણ સવિશેસ રૂપગુણનો ભંડાર; એવી મનોહર કુમારિકા પરણાવીશું. માટે હે રાજન શોક ન કરો; સ્વસ્થ થાવ; ને અમારા દુઃખી દિલને દિલાસો આપો."

આ પ્રમાણે રાજાનું તો આમાં કાંઈ પણ હતું નહિ ને ગુમાવવા જેવું પણ થયું ન્હોતું; પણ જે કાંઈ લાગી આવ્યું, તે માત્ર હલકા ખ્યારને લીધેજ. તેનું મન તો સ્વસ્થ થયું; પણ ગરીબ માતપિતા કે જેને રૂપગુણસુંદરી પ્રાણ તુલ્ય હતી; તેની શી સ્થિતી થઇ હશે? રાજા તો ધન ધામેથી ભરપુર હતો. તેવા માણસોને દિલાસો દેનારની યા તો તેવી કોઈ પણ ચીજની ખોટ રહેતી નથી; પણ નિર્ધનને ગમે તેવા દુઃખી જોઈ; ભાગ્યેજ કોઇનું રૂદય દ્રવે છે પૈસાવાળાને સર્વ આવી મળે છે; પૈસા એજ મોટી મોહિની છે; ને ખરૂ જોતાં તો દુનિયાનો સર્વ વ્યવહાર પૈસા ઉપરજ ચાલે છે; તો પછી પૈસાદારનો સગો કોણ ન થાય?

રૂપગુસુંણદરીના માતપિતાને રાજાયે થોડો ઘણો દિલાસો દીધો; ને થોડા એક દ્રવ્યની પણ લાલચ આપી. પુત્રીનેજ જીવન ગણનાર આ બ્રાહ્મણ યુગલે પૈસાની પરવા ન કરી; ને રાજાને કહ્યું, કે "હે બળધારી પૃથ્વીપતિ! તારા જુલમનું ફળ ચખાડવા હાલ તો અમે અસમર્થ છીયે, પણ અત્યારેજ આ પૃથ્વી સાથનો અમારો સંબંધ છોડી, પૂનઃ જન્મ ધારણ કરી, તારા કર્મનાં ફળ તને ચખાડીશું." આટલું કહેતાંની વારમાં તો તેઓએ રાજાની સમક્ષ પોતાના પ્રાણ કાઢી નાખ્યા; તથા પોતાના કૃત્યનો જુવાબ આપવા, ને તેમાંથી જે ફળ મળે, તે મેળવવા યમસદનમાં હાજર થઈ ગયાં.

ચતુર્થ પરિચ્છેદ.

કર્મના ફળ.

કરીયે તેવું પામિયે લલાટના એ લેખ:
કડવે કડવા ભાળીયે. મીઠે મીઠા દેખ.

તે બહ્મ ત્રિપુટીયે ભિન્નભિન્ન સ્થળે, ભિન્નભિન્ન વર્ણમાં, કર્માનુસાર પૂનઃર્દેહ ધારણ કર્યા. બ્રાહ્મણ શંભુપ્રસાદે લુંટારાઓના એક નામીચા સરદારને ત્યાં પુત્ર તરિકે દેહ ધારણ કર્યો. શંભુપ્રસાદની પત્નિ કમળાયે એક બ્રાહ્મણને ત્યાં, તથા રૂપગુણસુંદરીયે મધુપુરીના વણિક જાતના નગર શેઠને ત્યાં પૂનઃર્દેહ ધારણ કર્યા.

બ્રાહ્મણ શંભુપ્રસાદ હવે રણજીંતસિંહ કહેવાતો. આ વાતને ઘણો વખત વિત્યા બાદ, એટલે રણજીંતસિંહ પંદરેક વર્ષનો થયો, તે વખતે, રાજા નંદસેન મૃગ્યાર્થે નિકળ્યો હતો; જ્યારે રણજીંતસિંહ પણ પોતાના માણસો સાથે શિકારે નિકળ્યો હતો. તેઓ શિકાર કરતાં હતાં, તેવામાં રાજા નંદસેનનું એક બાણ અચાનક રણજીતને વાગ્યું; પરિણામે રણજીંતસિંહ બેશુદ્ધ થઈ, ઘોડા પરથી ગબડી પડયો; ને બેઉ ટુકડી વચ્ચે ભારે ઝઘડો થયો. રાજા નંદસેન પોતાના સઘળા સાથીયો ગુમાવી બેઠો; ને પોતે કેદ પકડાણો. રણજીંતસિંહની ઘણી સારવાર કરી, ત્યારે તે પોતાની અસ્સલ સ્થિતીએ પ્હોંચ્યો.

રાજાનાં સઘળા સાથીયોમાંથી, માત્ર પાંચજ ઘેર આવવા પામ્યા; તથા તેઓ મારફત મોટા અમલદારોને સઘળી ખબર મળી. તેઓ મહા વિપત્તીમાં આવી પડયા, તથા શું કરવું? તેનાં વિચારમાં પડયા. સર્વેએ એકમત થઈ, કેટલાક માણસોને રાજાની શોધમાં મોકલ્યા; પણ ભાગ્યેજ તેમાંનું કોઈ પાછું ફરવા પામતું; કેમકે રણજીંતસિંહના સાથીયો નિરંતર છુપી રીતે ફર્યા કરતાં, ને સર્વ કોઈને કેદ કરતાં. આમ હોવાથી ખરી ખબર મેળવવી દુર્લભ હતી. કેટલાએક દિવસો સુધી રાજા વિના રાજ્ય ચલાવ્યું; પણ આખરે પ્રજા જનોમાંના ઘણા ખરા લડાયક પુરૂષો બ્હાર પડયા. શોધ ચલાવી લુંટારાને નસાડયાં, રાજાને હસ્તગત કરી પૂન: રાજ્યાભિષેક કર્યો.

રૂપગુણસુંદરીનું નામ કાન્તા હતું, ને તેના લગ્ન માધવપુરીનાં પ્રધાન શાંતિલાલ સાથે કરવામાં આવ્યા હતાં. કમળાનું નામ દયાગૌરી હતું, ને તેના લગ્ન માધવપુરીના રાજ્ય કવિના પુત્ર વિષ્ણુપ્રસાદ સાથે થયા હતાં; કે જ્યાં તેઓ સુખી હતાં.

રાજા રાજ્યમાં આવ્યા પછી પણ પ્રજા સુખે બેસી શકી નહિ. રણજીંતસિંહ નિરંતર હુમલા લાવ્યા કરતો; ને તેને માહાત્ કરવા રાજા નંદસેન વૃદ્ધ હોવા છતાં જાતે ગયો; પણ દુર્ભાગ્યે રાજા લડાઈમાં હણાયો; તદપિ વિજય તો પ્રજા જનોનોજ રહ્યો.

રાજા અપુત્ર હોવાથી રાજ્ય વારસ માટે ખટપટ ઉઠી; પણ સર્વેએ એકમતે ઠરાવ કર્યો, કે "શાન્તિલાલને ગાદી આપવી." શાન્તિલાલે થોડો વખત રાજ્ય ચલાવ્યું; પણ અકાળે તેનું મૃત્યુ થયું; તેથી કાન્તાથી પ્રાપ્ત થયેલો તેનો

પુત્ર આનંદસિંહ ગાદી વારસ થયો. આ તકનો લાભ લહી, રણજીંતસિંહ તથા તેના કેટલાંક માણસો જુદાજુદા વેષે રાજ્યમાં આવ્યા, ને ઉંચી પદ્ધિએ ચઢયાં. રણજીંતસિંહને શાન્તિલાલની પુત્રિ શાન્તાને યોગ્ય શિક્ષણ આપવાને માટે, શિક્ષક તરિખે રાખવામાં આવ્યો હતો. રણજીંતસિંહ દુષ્ટ સ્વભાવનો માણસ હતો; તે તો તેના જન્મ તથા કર્મથીજ જાણીયે છીયે. રણજીંતસિંહ ઘણીવાર કાન્તાના આવાસમાં જતો; ને કાન્તાનું મન લલચાવવા પ્રયત્ન કરતો. આવા એકાંત વાસનું પરિણામ ઘણુંજ ખરાબ આવે છે. અહિંયા પણ તેનું પરિણામ તેવુંજ આવ્યું. કાન્ના હજુ જુવાન હતી; ને વળી વિધવા હતી, તેના પ્રથમના શુદ્ધ રૂદયમાં એકાંતવાસે ઘણોજ ફેર પાડી દીધો. કાન્તા તથા રણજીંતસિંહ અંદરખાનેથી પુરૂષ તથા સ્ત્રિના સંબંધથી જોડાયાં. શાન્તા પણ રણજીંતને અંદરખાનેથી ચાહતી હતી; ને રણજીંતનું પણ તેમજ હતું.

પંચમ પરિચ્છેદ.

હાથનાં કર્યાં હૈયે વાગ્યાં.

જુઠા જગના પ્રેમમાં, રહે ન કંઇએ રહેમ;
પ્રપંચી તેવા પ્યારમાં, પાકે નવ સુખ ચેન.

આગળ જણાવ્યા મુજબ શાન્તાનો પ્રેમ છુપો હતો. અન્યોન્યનાં રૂદયો તે વાત કબુલ કરતાં હતાં. હવે તે પ્રેમ

વ્યક્ત થયો. બેઉના રૂદયો ખુલ્લી રીતે જોડાઇ ગયાં; અંતઃકરણમાં પ્રેમરૂપી દુત ઘુમવા લાગ્યો. આવામાં શાન્તાનાં લગ્નની વાત ચાલી. પ્રેમની છુપી ગાંઠથી બંધાયલા જોડાને તે અરૂચીકર થયુ. રણજીતે હવે પોત પ્રકાશ્યું. શાન્તા તથા કાન્તાને પોતાની લુંટારૂં બીનાથી માહિતગાર કર્યાં, વિષેસમાં રણજીતે જણાવ્યું, કે શાન્તાના લગ્ન પહેલાં અહિંથી રવાના થઈ જવું. બન્ને સ્ત્રિઓ મહા મહેનતે સંમત થઇ. રણજીતે પોતાના સર્વ માણસોને ખબર આપી દીધી; ને વધારેમાં વિષ્ણુપ્રસાદની પત્નિ દયાગૌરીનું હરણ કરવાનું કહ્યું. નિત્ય થોડાં થોડાં માણસો રાજ્યમાંથી પસાર થતાં ગયાં, ને છેવટે રણજીત તથા તેની બે રખાયતો પણ સાથે ઘસડાણી. દયાગૌરીયે યુકિતથી કુવામાં પડી પોતાની જીંદગીનો અંત આણ્યો. રણજીતને તેથી લાગી આવ્યું. પણ કાન્તા ને શાન્તાના દિલાસાથી તે વાત વિસારે પડી.

રાજ્યમાંથી પુષ્કળ દ્રવ્ય લહી નાસી ગયેલી ઉપરોકત ત્રિપુટી માટે ઘણી શોધ કરી; પણ સઘળું વ્યર્થ ગયું. બે-એક વર્ષમાં તો તે વાત છેકજ વિસારે પડી. રાજ્યમાંથી નાસી ગયા, પછી ઘણા દુરના દેશમાં, ભવ્ય મહાલયમાં રણજીતસિંહ પોતાની બે પ્રેમ ભુખીઓ સાથે; સંસારીને છાજતી રીતે રહેવા લાગ્યો; પણ તેટલેથી તે નરાધમીને ટાઢક કયાંથી વળે? પ્રનઃ પોતાના હલકા ધંધાનું સ્મરણ થઈ આવ્યું; તેથી કેટલીક નિરાશ્રિત બ્હાદુર રાજપુતોની એક ટુકડી એકઠી કરી માધવપુર ચઢી આવ્યો. રાજા આનંદસિંહ હાર્યો; ને દુશ્મનને હવાલે થયો. કાન્તા તથા શાન્તાયે આનંદસિંહને સમજાવ્યો, તેથી ન છુટકે તે રણજીતસિંહના રાજ્યમાં રહ્યો.

પાપપર પડદો ક્યાંથી પડે? પોતાની માતા તથા ભગિનાનાં કૃત્યથી કંટાળી જઈ, લાગ જોઇ' કુવામાં ઝંપલાવ્યું; જ્યાં તે અવગતે ગયો, ને પિશાચ યોનિમાં દેહ ધર્યો.

રણજીતને આથી કાંઈ પણ શોક થયો નહિ. તે તો દિન પર દિન સ્ત્રિયો પર તાકવા લાગ્યો, ને ટુંક સમયમાં તો તેને સાત સ્ત્રિઓ કરી. કાન્તા તથા શાન્તા તો તેને હવે અકારાં થઈ પડયાં. તે દુર્ગુણી સ્ત્રિયોયે રણજીંતને ઘણો સમજાવ્યો, પણ કામાંધ રણજીંતપર તેની અસર ક્યાંથી થાય? મા દિકરી ઘણાજ પસ્તાયા. પણ શું કરે? હાથ હેઠે પડયા. પોતાના હાથથી ખોદાયલા ખાડામાં પોતેજ સુતા. તે અપવિત્ર અબળાઓએ રણજીંતને હજારો શ્રાપ આપ્યા; પણ શ્રાપ સતિના હોય. રણજીંતને તો તેથી કાંઇ ન થયું. ઉલટી આનંદસિંહની સ્મૃતિએ તે અબળાઓને પશ્ચાતાપના પ્રવાહમાં બાળવા માંડી. ક્રોધી અબળાઓ રણજીંતના નાશનાં ઉપાય શોધવા લાગી. પાપિષ્ટ અંતઃકરણની અબળાઓના કાવાદાવા રણજીંત ચેતી ગયો; ને રાત્રિને સમયે તેઓને આ પૃથ્વિ પરથી હંમેશને માટે નાબુદ કર્યાં. જોયું, આ અપવિત્ર પ્યારનું પરિણામ. ઉપરોકત કુલાંગારો અવગતે ગઈ; ને મ્હેલમાં રહેનારને પિડવા લાગી; તેથી રણજીંત ઉપલો માળ બંધ કરી નીચેજ રહેવા લાગ્યો.

જેમ અગ્નિમાં ઘી હોમ્યાથી તે વૃદ્ધિગત થાય છે; તેમ નવનવી રમણીના સમાગમમાં આવનાર, રણજીંતની ઇચ્છા નિરંતર કુમળા તાજા ફુલો તરફ વૃદ્ધિગત થતીજ ગઇ. એક સમયે રણજીંતની ઇચ્છા, કોઇ એક બ્રહ્મ કુમારિકા તરફ

દોરાણી. રણજીંતના મગજમાં તે વાતને સારી રીતે પોષણ મળ્યું. રણજીત તેને પોતાના મ્હેલે લઈ આવ્યો; પણ જ્યારે રણજીંત તેની મુલાકાત લેવા ગયો, ત્યારે તે દુષ્ટ નરાધમી તે બાળાની કટારનો ભોગ થયો. તે બાળા પણ તત્ક્ષણે તેજ કટારથી, પરલોક વાસિની થઈ.

આ રીતે ટુંક સમયમાં એક મ્હેલમાં પાંચ દેહ પડયા. તેઓના ઉપદ્રવથી સર્વ કોઇ તે મ્હેલ તજી ગયા. ગાદી વારસ ન હોવાથી કેટલાક અંદર અંદર લઢી મુવા, ને જુલમીઓનો જુલમ અસહ્ય થવાથી, ગરીબ રાંકડી પ્રજાએ પોતાના દેશનો છેકજ ત્યાગ કર્યો. આ રીતે માધવપુરી નિર્જન્ય થઇ ગઈ. વખત જતાં મકાનો પણ પૃથ્વિદેવીને શરણે ગયા, ને સુંદર માધવપુરી અરણ્યના રૂપમાં ફેરવાઈ ગઈ. ત્યાંની કહાણી કહેનાર પણ આજ ત્યાં કોઈ રહ્યું ન્હોતું, પણ આ ભવ્ય હર્મ્ય ત્યાંજ ઉભો રહી, જોનારને આશ્ચર્યમાં ગરકાવ કરી દેતો હતો.

જોયાં, અપવિત્ર પ્યારના પરિણામ. નજર કર, રણજીંતની દુષ્ટતા તરફ. નંદસેન તથા રણજીંત જેવા કામાંધ પુરૂષોને આ દુનિયા પરજ થયેલી શિક્ષા તરફ નજર નાખ, પાક પ્રેમના પરિણામ હવે જણાશે.

ષષ્ટ પરિચ્છેદ.

ટેક પાળી.

વાંચક, હવે આપણે મૂલ વાતપર આવીયે છીયે. ઉપરોકત મહાલયમાં દાખલ થયેલાં, ચંદ્રસિંહ તથા તેના બે સાથીઓનું શું થયું? તે હવે જોવાનું છે.

મધ્ય રાત્રિનો સમય છે, તથા સર્વ એટલું તો શાંત છે, કે જો એક સળી પણ ઉંચેથી નીચે પડે; તો તેનો અવાજ પણ જાગૃત માણસને કર્ણગોચર થયા વિના રહે નહિ. એવી ભયંકર શાંત રાત્રિ, આપણા ત્રણ મિત્રો ઉપરોકત અરણ્યાધિન મ્હેલમાં નિદ્રામાં પસાર કરે છે; પણ તેઓની તે નિદ્રા ઝાઝી વાર ટકી નહિ; કેમકે અનેક પ્રકારના વિકટ સ્વપ્નાઓએ તેઓનું મગજ ઘેરી લીધું, એટલુંજ નહિ, પણ ઘણાજ વિચિત્ર પ્રકારના અવાજોએ, તેમને નિદ્રાદેવીના હાથમાંથી જલ્દીથી મુકત કર્યા.

તેઓ જાગૃત થયા, આજુબાજુ નજર કરી આભાજ બની ગયાં. મ્હેલમાં થતાં વિચિત્ર પ્રકારનાં નૃત્યોથી, પ્રકાશ પ્રભાવથી, પિશાચ પંચના નૃત્યથી, તેઓનાં હાવભાવ ને વાણી, કે જે તેઓનેજ સંબોધીને હતી, તે સર્વથી તેઓને કાંઇક આનંદ સાથે ભિતી પ્રાપ્ત થઇ. તેઓ ઉભા થયા, ને શસ્ત્રાસ્ત્રથી સજજ થયાં, ને કાંઇ પણ બોલ્યા સિવાય, તેઓની ક્રિયા તરફ એક દષ્ટિથી ટગર ટગર જોવા લાગ્યા. થોડીવારે પિશાચ પંચમાંની એક તે ત્રિપુટી પાસે આવી, ને બોલી,

"હે મનુષ્યો, કેટલાંએક વર્ષો થયાં કોઈ પણ પ્રાણીનો સંચાર અમે અત્રે સાંભળ્યો નથી; પણ આવી રીતે તમોને આ મ્હેલનો ઉપભોગ કરતાં જોઈ અમોને ઘણુંજ આશ્ચર્યકારક લાગે છે; તો હે નવિન સમાગમીઓ, કૃપા કરી અમોને તમારી ખરી બિનાથી માહિતગાર કરો."

ચંદ્રસિંહે તેઓની જાત તથા કુળ વિષે કહી સંભળાવ્યું. તથા ત્યાં શા કારણથી અને કેવી રીતે આવવાનું બન્યું? તે પણ ખુલ્લું કહી દીધું.

પિશાચ પંચે પણ પોતાનાં આગલા કર્મો, તથા આ યોનિ ધારણ કરવાના કારણો કહી સંભળાવ્યાં. દરમ્યાન રાત્રિ વ્યતિત થઈ ગઇ, ને દિવસપતિએ પોતાના પ્રકાશ રૂપી દુત મારફત પોતાના આવવાની જાણ કરી; તેથી પિશાચ પંચ ત્યાંથી અદ્રશ્ય થઈ ગયું.

તેઓનાં વૃત્તાંત સાંભળીને ચંદ્રસિંહ તથા તેના સાથીયોએ એક ઉપર બીજી પત્નિ ન કરવાનું પણ લીધું, ને રાત્રિ થતાં સુધી ત્યાંજ રહ્યા. નિશાનાથના દર્શન થાતાં તેઓ સર્વ સજ્જ થયાં, ને પૂનઃ પિશાચ પંચે દેખાવ દીધો; ને હુકમ કીધો; "બ્હાદુર રાજપુતો, હવે તમો અહિંથી બનતી ઝડપથી ચાલ્યા જાવ, અગર અમો તમારો ભક્ષ કરી જાશું." ચંદ્રસિંહે પ્રત્યુત્તર વાળ્યો; કે "અમો અમારૂ કાર્ય પૂર્ણ કરવા નિકળ્યા છીયે. અમો રાજપુતો મ્હોતથી બ્હીતાં નથી; પણ કાર્ય પૂર્ણ થયે, જે કિર્તી અમોને પ્રાપ્ત થવાની હોય છે, તેનીજ લાલસા રાખીયે છીયે. હું તમોને વિનતી કરૂં છું, કે અમારૂં કાર્ય ફળદાયી નિવડે, એવો કોઈ રસ્તો બતાવા કૃપા કરો; અગર

પૂનઃ ગૃહ દર્શન કરી અપકિર્તી કરાવવા ઇચ્છતાં નથી. આમ હોઈ તમારા ભોગ થવાની અમોને ઝાઝી પરવા નથી."

આથી પિશાચ પંચે કહ્યું; કે "પ્રભાત થતામાં તમો સર્વ અત્રેથી ચાલી નીકલજો, થોડે દૂર જતાં તમોને એક અશ્વની ભેટ થાશે. તમારામાંના કોઇએ તેની પર સ્વારી કરવી નહિ. તે અશ્વ તમને તમારા જયેષ્ટ બાંધવ સત્યજીંતના નગર સુધી લહી જાશે, ને ત્યારબાદ તે પાછો ફરશે."

તે પ્રમાણે કરવા તેઓ કબુલ થયાં, ને અરૂણોદય થતાં, એક પણ પાઈ લીધા સિવાય ચાલતાં થયાં. થોડે દૂર ગયાં, તો પિશાચ પંચના કહેવા મુજબ તેઓને એક અશ્વની ભેટ થઈ; કે જેને અનુસરીને તેઓએ ચાલવા માંડયું. સાત દિવસ ચાલ્યા બાદ તે અશ્વ અટકી પડયો; ને પૂનઃ ગૃહ પ્રતિ ગમન કર્યું. આ લાંબા પ્રયાસથી તેઓ કંટાળી ગયા હતાં, તેમાં વળી પૃથ્વી પર નિશાનાથનો જાગ્તો હોઈ, શાહેરના દરવાજા બંધ થઈ ગયા હતાં; એટલે રાત્રિ ગામ બ્હારજ પસાર કરવી પડી. દિવસ પતિના દર્શન થાતાં, દરવાનની રજા મેળવી શાહેરમાં દાખલ થયાં.

સપ્તમ પરિચ્છેદ.

થાતું થયા કરે છે.

સહુ કો માળા ફેરવો, ભિન્નભિન્ન મણકા હોય;
જે જે દિવસ જાય તે ઉન્નતિ લયના હોય.

આ નગરીમાં એક બલિષ્ટ રાક્ષસ રાજ્ય કરતો હતો; તેને લીધે પ્રજા પણ ઘણી નિર્દય ને ગંદી હતી. આપણી ત્રિપુટીને કાંઈ આશ્રય સ્થાન ન મળવાથી, ઉતારાર્થે રાજ્ય દરબારમાં જાવું પડ્યું, કે જ્યાં તેઓને ઠરીને બેસવાનું સ્થાન મળ્યું. આ રાક્ષસને કામાંધકન્યા નામની અતિ સ્વરૂપવાન એક કન્યા હતી. કામાંધકન્યાનું લક્ષ આપણી ત્રિપુટીના મુખ્ય પુરૂષ ચંદ્રસિંહ પર પડ્યું; તથા તેની પર આશક થઈ; ને વિધિ પૂર્વક લગ્ન ગાંઠથી જોડાવા વિચાર કર્યો. પોતાના પિતાને પોતાના વિચારથી માહિતગાર કર્યા. રાક્ષસ રાજાએ પોતાની કન્યાનું પાણિ ગ્રહણ કરવા ચંદ્રસિંહને સમજાવ્યો; પણ પ્રયાણ કરતી વખતનું "કાર્ય સિદ્ધ થતાં સુધી; કોઈ પણ ત્રિયાની માગણી સ્વિકારવી નહિ" એ 'પણ' આડે આવ્યું ચંદ્રસિંહે રાક્ષસની વાતનો ઈન્કાર કર્યો; પણ કામાંધકન્યાએ કહ્યું કે "ચંદ્રસિંહ સિવાયના અન્ય પુરૂષ રત્નો તેને પિતા તથા ભ્રાતા તુલ્ય છે." આમ કામાંધકન્યાએ પણ પોતાનો આગ્રહ જારી રાખ્યો. ચંદ્રસિંહ એકનો બે ન થયો, ત્યારે કામાંધકન્યા જાતે તેને મલવા ગઇ. ચંદ્રસિંહને ઘણો સમજાવ્યો; પણ પોતાનું કાર્ય પૂર્ણ થયા પછીજ પાણિ ગ્રહણ કરવાની હઠ જારી રાખી, ને કામાગ્નિથી પિડાતી કામાંધકન્યા એકની બે ન થઈ; ને તરતજ પોતાની માગણી સ્વિકારના આગ્રહ કરવા લાગી; પણ જુવાબમાં 'ન'કાર ભણાતો જોઇ, બીજી રીતે તેનું મન મેળવવા ઉપાય યોજ્યો. ઘણાંજ કિંમતી આભૂષણો ધારણ કરી; નૃત્યસહ કોકિલ કંઠે ગાન શરૂ કર્યું. ખરેખર તેના તેવા પ્રકારના નાચથી સર્વ કોઈ મોહિ પડી, તેની ઇચ્છા પ્રાણ હાનિયેપણ સફળ કરે; પણ ચંદ્ર-

સિંહ તો દુર્વાસાના જેવોજ જડવત્ બન્યો; ને પત્થર પાસે ભયંકર ગંર્જના નિષ્ફળ નિવડે તેમ, ચંદ્રસિંહ આગળ તેના હાવભાવ ને ગાન પરિણામે છેકજ અફળ નિવડયાં. એના મિત્રોએ ચંદ્રસિંહને ઘણો સમજાવ્યો, પણ જ્યાં કામાંધકન્યાના રૂપનું કાંઈ ન નિપજ્યું, ત્યાં તેઓની વાણી શું અસર કરે? કામાંધકન્યાએ હવે છેલ્લો ઉપાય અજમાવ્યો. પોતાના પ્રાણ હાનિની બીક બતાવી; પણ ધન્ય છે, ચંદ્રસિંહને કે તે છેવટ સુધી અડગ રહ્યો; ને સુખ દુઃખાદિની પરવા ન કરતાં લાધેલું 'પણ' સત્ય કર્યું. જ્યારે આવા પુરૂષો આ ભારત ભૂમિ પર જન્મશે, ત્યારેજ આપણો ને આપણા દેશનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર થ,શે. પ્રભુ! આવા નરરત્નોની અમારી આ દિવ્ય ભૂમી પર સતત વૃષ્ટિ કરતાં રહો; કે જેથી, અમારા આ પવિત્ર દેશનો ઉદય થવામાં વિલંબ ન થાય.

નિરાસ થયેલી કામાંધકન્યાએ આથી ઝેરનો ઉપયોગ કર્યો; ને ન્યાય માગવાને દિવ્ય ધામમાં અચળ ન્યાયાસને બિરાજનાર, ન્યાયી પ્રભુની પાસે ક્ષણ વારમાં જઈ ઉભી.

આ વાતની ખબર ફેલાતાં રાક્ષસ રાજાને ભારે શોક થયો, ને ચંદ્રસિંહને નિમિત્ત રૂપ ગણી તેના બે મિત્રો સહ તેને કેદ કર્યો. ચંદ્રસિંહના મિત્રોને આથી કાંઇક ગ્લાનિ થઈ, પણ ચંદ્રસિંહને તો બીલકુલજ શોક ન થયો; ઉપરાંત અનેક પ્રકારના દૃષ્ટાંતો તથા દિલસાથી તેના મિત્રોના મન શાંત કર્યા. તેઓની દ્રષ્ટિ પણ ખુલ્લી થઈ; ને પ્રભુ ઇચ્છા આધિન થઈ, સંતોષથી ચંદ્રસિંહ સાથે કેદના દુઃખી દિવસો ગુજારવા માંડયાં.

તૃતીય ખંડ–પ્રથમ પરિચ્છેદ.

હવે શું વળે?

પ્રથમખંડના પ્રથમ પરિચ્છેદમાં આપણે જોઇ ગયા, કે કામકિશોરી તથા સત્યશિલ નિર્ભય સ્થાનાર્થે નીકળી પડયા; પછી તેઓનું શું થયું? દેવદુતના ઘરે શું બન્યું? વિગેરે બીના જાણવા તું આતુર તો હોઇશજ. તે પ્રશ્નોના જુવાબો તું આ પરિચ્છેદમાંથી મેળવી શકીશ.

કામકિશોરી તથા સત્યશિલથી છુટા પડયા પછી અલકકિશોરી ઘરે આવી, નિદ્રાધિન થઈ. પ્રભાત થતાં નિત્ય નિયમ મુજબ ઉઠી, નિત્ય નિયમમાં પરોવાઈ ગઇ. દેવદુત નિત્ય નિયમ કરતાં, આજે સ્હેજ મોડો ઉઠયો; ને તે પણ તેના નિત્ય કર્મમાં લીન થઇ ગયો. તેમાંથી નિવૃત થઈ, આડા અવળા કામથી પરવારી, ભોજનાર્થે ભોજનગૃહમાં ગયો. કામકિશોરી માટે તે પુછવાની તૈયારીમાં હતો, ત્યાં તો અલકકિશોરી તેનો ભાવ કળી ગઈ. ને બોલી; "હે નાથ! મારી વ્હાલી સખિ કામકિશોરીનાં તો આજ મને દર્શન પણ થયાં નથી. તો તે કયાં છે? તેના વિના તો મને જરાય ગોઠતું નથી, ને હું બ્હાવરી જેવી બની ગઈ છું."

અલકકિશોરીના આ શબ્દોમાં સત્યતા કેટલી હતી? તેના તરફ દષ્ટિ તો ફેરવ. કામકિશોરી ગયા પછી તેને કાંઈજ સૂજ પડતી ન્હોતી; તથા તેજ વિચારમાં રાત્રિ નિર્ગમન કરવાથી કાંઈક ઉદાસ પણ બની હતી. એમાં નવું પણ શું?

ઘણો વખત સાથે રહેલ સ્નેહિથી વિખુટા પડતાં, ઓછું આવેજ. અહિં પણ તેમજ હતું; પણ પોતાના ભાઇને એવી ખુબસુરત પત્નિ મેલવી આપવા, તથા તેને છુટો કરવા માટે તે મગરૂર હતી; ને તેજ વિચારોથી તેને આનંદ યા દિલાસો મળતો હતો; તો પણ કામકિશોરી વીના તેને ચેન પડતું ન્હોતું, એટલું તો સાચુંજ હતું.

દેવદુતે જાતે શોધ કરી, તથા પોતાના માણસો દ્વારા પણ ઘણીએક તપાસ કરાવી. પણ કામકિશોરીની ભાળ ન લાગી. અલકકિશોરીના કહેવાથી તરતમાં તો ભોજન કર્યું. બાદ સત્ય-શિલની તપાસ કરવા ગયો, પણ મ્હેલ સુનો જણાયો. આ ઉપરથી દેવદુતને ખાત્રિ થઇ, કે જે કાંઈ બન્યું, તે કામ-કિશોરીને લીધેજ. ખરે, હવે તો તેઓ કોઈનિર્ભય સ્થાને પ્હોંચી ગયા હશે. કામકિશોરી ત્યાં કેવી રીતે ગઈ હશે? હાલ તે કયાં હશે? વિગેરે બાબતો માટે સંતોષકારક ખુલાસો તર-તમાં તો નજ થયો. થોડીવારે જ્યારે ગજવામાં તપાસ કરી ત્યારે, ચાવી વિગેરે તો જેમનું તેમ દીઠું, પણ જડીબુટી, કે જેના વડે તે આકાશ ગમન કરવા સમર્થ હતો, તે ગુમ થયેલી દીઠી. આથી વધુ ખાત્રિ થઈ. કે તે કામ કરનાર કામકિશોરીજ હોવી જોઇએ. આમ વિચાર કરી, તે સુખી જોડાને પકડવા માટે, પોતે તથા પોતાના કેટલાંક માણસો સત્વર રવાના થયાં.

હવે આપણે ઉપરોકત સુખી જોડાની મુલાકાત કરીયે. પ્રભાત થતાં પ્હેલાં દેવદુતના કેદખાનામાંથી ચાલી નીકળેલું પ્રેમી સુખી જોડું, એવે સ્થળે જઈ પ્હોંચ્યું હતું, કે જ્યાં ભાગ્યેજ કોઇનો પગરવ થાય. ખરેખર તે સ્થાન નિર્ભયજ

હતું; કેમકે તે સ્થાન બે ડુંગરોની વચ્ચે આવેલી એક સાંકડી ગુફાના ગર્ભમાં કેટલાક માઇલ મજલ કર્યા બાદ, એક સરોવરની નીચેના શણગારેલાં ભવ્ય મ્હેલરૂપી ઓરડામાં હતું. સત્યશિલ ત્યાં આઠ દિવસ રહ્યા, કે જે દિવસો તેની પ્રિયા સાથે આનંદમાં પસાર થયાં. ત્યાર પછી તે સ્થળનો ત્યાગ કરી, આ જોડું સત્યશિલના પિતા, એટલે કે કામકિશોરીના સસરાના રાજ્યમાં યા તો કામકિશોરીના શ્વસુર ગૃહે નિર્ભય પણે જઈ પ્હોંચ્યું; કે જ્યાં કોઈ પણ પ્રકારની અડચણ યા ધાસ્તી જેવું હતુંજ નહિ.

પુત્રને પાંચ વર્ષે પાછો આવેલો જોઈ માતપિતાને આનંદ થાય એતો સ્વાભાવિકજ છે. વળી પુત્ર પુત્રીની શોધ કરી આવ્યો હતો; કે જે આનંદમાં ઓર વધારો કરે, પણ કદાપિ કાંઈ હાનિ કરીને આવ્યો હોય, તોપણ પુત્રના સલામતિના વિચારે માતપિતાને આનંદ થાયજ. તેમાં પણ માતાના આનંદની તો સીમાજ કયાં રહે? સાથે આવેલી દેવાંગના સમ સુંદરિ કુમારિકા રાજાએ તો કદી જોઇએ ન્હોતી. કદી એવાં મનોહર રૂપનો નમુનોય રાજા આગળ કોઈએ દર્શાવ્યો ન્હોતો; ને આવી રમણી હશે, એમ કદી કલ્પના પણ નહિ ઉઠેલી; એટલે કે જ્યાં તેવું રૂપ દ્રષ્ટિ સમિપ હોવા છતાં વિચારમાં ન ઉતરી શકે, તેવી ભામિનીને રમણી નામ તો યોગ્ય નજ ઠરે, પણ તે કરતાંય વધારે રમણિય નામ જોઈએ, કે જે નજરમાં યા વિચારમાં પણ આવી શકતુંજ નથી.

દ્વિતીય પરિચ્છેદ.

પતિ એજ પ્રભુ.

દુનિયાના સર્વ પ્રેમ પટોમાં ભ્રાતૃભાવ પણ એક છે. અરે! સગો ભાઈ કયાં મળે? ગમે તેવો તોય પોતાનો ભાઈ. દુઃખ જોઈ દુઃખી થાય, એવા પ્રેમી જનો જો દુનિયામાં હોય, તો તેમાં માતા, પિતા, ભ્રાતા અને ભગિની સિવાય વધારે આગળ હું વધી શકતો નથી. કદાપિ દેશ જનનું તેમ હોય. દેશ દાઝ દિલ ધરનારનું રૂદય ખરેખર એક ઉત્તમ પ્રકારનો અમૃતમય ઝરો છે. પત્નિને તો સુખ દુઃખનીભાગ્યણજ ગણેલી છે, તદપિ હંમેશાં તે મુજબ બનતું નથી. તેમ છતાં તેના રૂદયમાં પણ કોઈક ઉંચા પ્રકારનો રહેમ હોય છે. મિત્ર તો કવચિતજ તેમાં ગણાય; પણ કવચિત ગણાયલા તે હિરાઓ અંધારી રાત્રે અત્યંત ચળકે છે. ઉપરોકત સર્વે, કોઇ કારણથી અજવાળામાં એટલે સુખમાં દુર રહે, પણ અંધારામાં એટલે દુખમાં ચંદ્રરૂપ બની પ્રકાશ આપી જીવન સુખમય કરે છેજ. અરે પણ સર્વ કરતાં જન્મદાયી, તારા પ્રેમનાં જેટલાં લખાણ લખું તેટલાં ઓછાજ છે. તેની અવધિ હોઇ શકેજ નહિ. વળી પિતા, ભગિની અને ભ્રાતાના પ્રેમની તુલના પણ કયાંથી થાય?

આવીને તરત સત્યશિલે પોતાને પૂજ્ય, એવા માત પિતા, ગુરૂ આદિને વંદન કર્યું, જ્યારે તેની અનુચારીણી તેમ કરવા કયાંથી ચુકે? તે વખતે સર્વત્ર આનંદની ઉર્મિઓ

ઉડી રહી હતી, પણ ભ્રાતૃ પ્રેમી સત્યશિલનું મુખ કાંઈક મ્લાન જણાતું હતું. સત્યશિલે ઉતાવળો સ્વાલ કર્યો; “ચંદ્રસિંહ કયાં?” કોણ જુવાબ દે? તેના ફળીત મગજમાં, અને ઉભરાતાં રૂદય પ્રેમમાં તે વાતનો ગોટાળો કયાંથી ટકે? કોઇ જુવાબ દે, તે પ્હેલાં તો સત્યશિલે વિચારથીજ જાણી લીધું; પણ તેથી શું? કાંઈ જન્મ આપનાર પૂજ્ય માતપિતાને કઠોર વચન કહેવાય? એમ બને ત્યારે તો અધર્મજ કહેવાય. (અરે, પણ આજે કેટલેક સ્થળે તેવો અત્યાચાર થતો મેં જોયો છે. ધિક્કાર છે તેવા અત્યાચારીઓને, કે પૂજ્ય જન્મ દાયિયોના ગુણ સામું નજોનારને. તેવાઓથી મારો આ દેશ વાંઝીયો હોય તો ઓછો અફસોસ.) વળી માતપિતા સામે થાનાર અક્કલ હિનમાં આવો ઉત્તમ ભ્રાતૃભાવ પણ કયાંથી હોય? સત્યશિલ જો કે ક્ષત્રિય હતો, તદપિ ભ્રાતૃભાવના ઉછળતાં મોજાએ તેનાં ચક્ષુઓને સિંજાવી નાખ્યાં. તેને એવો વિચાર આવ્યો, કે અરેરે મારો નાનો ભાઈ અત્યારે કેવી સ્થિતીમાં હશે? તેના વિના સર્વ સુખ નિરસ. તે નાનો છે. દરેક બાબતમાં તેનો ભાગ પ્રથમ છે; વિગેરે વિચારોએ તેની હાસ્યમય કાન્તિને શોકમાં ગરકાવ કરી દીધી; ને તેજ મુદ્રાએ માતપિતાને શોક સાગરમાં તણાતાં કર્યા. આ પુત્ર તે પુત્રજ હતો. માત પિતાને શોક કરતાં જોઈ તેઓને ધીરજ આપી, હીંમતથી બોલ્યો, “પૂજ્ય વડિલો, તમારે શોક કરવો ઉચિત નથી. હું જયાં સુધી હયાતછું, ત્યાં સુધી એવું કારણ નહિ આવવા દવ. ટુંક સમયમાં હું તે દુઃખનું નિવારણ કરીશ.”

વાંચક, ખ્યાલ કર, કે આ શબ્દોથી માતપિતાના તથા

તેને પ્રિય એવી કામકિશોરીના રૂદયમાં કેવી છાપ પડી હશે? માતપિતાએ તો રૂદય સાથે નક્કી કર્યું, કે સત્યશિલ, કે જેના વડે અમારા મોઢાં ઉજળાં છે; એવા આજ્ઞા પાળક પુત્રને કોઈ પણ પ્રકારે નજ જવા દેવો; ચંદ્રસિંહની શોધ માણસો દ્વારા કરાવવી. કામકિશોરી કે જે તેની પત્નિ હતી, તેને જે વિચાર આવ્યો હશે, તે તો અક્કલનો ઉપયોગ કરે જણાઈ આવશેજ; કેમકે પત્નિના ધર્મ એ છે, કે પતિને છાંયાની માફક અનુસરવું, એટલે તેની ઇચ્છાનું સાર વર્તન કરવું; તથા તેના સુખ દુઃખમાં ભાગ લેવો; કેમકે પવિત્ર ફરમાન મુજબ તે પતિ સાથે અર્ધ ભાગિદાર તરીકે બંધાયલી છે; તો ફરજ સમજીને પતિની આજ્ઞા પાળી, તેના સુખે સુખી, ને દુઃખે દુઃખી રહેવું, એજ તેનું કર્તવ્ય છે. સુખ દુઃખ પડે, ત્યારે સારા માઠાનો વિચાર ન કરતાં પતિનેજ પ્રભુ ગણી, તેની સેવા એજ સુખ ઇચ્છી, નિરંતર પ્રફુલ્લ રૂદયે પતિની ઇચ્છાધિન થઈ, તેના દુઃખમાંથી બને તેટલું ઓછું કરવું. તેની સાથેજ આખું જીવન પુરૂ કરવું, તથા તેમાંથી જે કાંઈ પ્રાપ્ત થાય, તેમાં સંતોષ માનવો. વળી આ જીંદગી પુરી કર્યા પછી, પણ જો પતિને દુઃખ હોય, ને પોતાને સુખ મળે, તો પણ પતિવ્રતાના ધર્મ પ્રમાણે પોતાના પતિ રૂપ પ્રભુને સુખી કર્યાં, પછીજ સુખની આશા રાખવી. વળી એક ભવમાં બે ભવ ન કરવામાંજ સ્ત્રિઓની આબરૂને સુખ છે. એજ તેનાં ખરાં આભૂષણો છે; ને તેજ પ્રકારનું વર્તન કરવામાં આર્ય દેશની ઉન્નતિ સમાયલી છે; ને તેવી ઉન્નતિ કરવા તત્પર રહેવું જોઇએ, કેમકે

તેથી તેની સાહેલિયો, એટલે જેને ભવિષ્યમાં સંસાર ભોગવવાનો છે તેવી બાળાઓ, તેવી સતિ સ્ત્રિઓના આખ્યાનો વાંચી તદનુંસાર અનુસરસે, ને પોતાના તેવા વર્તનથી સંસાર સુખ રૂપ બનાવશે, ને તમોને અહરનિશ યાદ કરી, ખરાબ માર્ગે જતી અટકશે. તેવા વર્તનથી એક વખ્ત પ્રથમ પંક્તિમાં પ્રથમ ગણાતો, આ દેશ પૂનઃ પોતાનું સ્થાન હસ્તગત કરશે. કામકિશોરીયે આ પ્રમાણેજ વિચાર કરેલો, ને ભવિષ્યમાં પણ તેમજ વર્તન કરી, પોતાના પતિના નામને કલંક ન લગાડવામાં, તથા પોતાનો તેવો દાખલો પોતાની ભવિષ્યની સાહેલિયોમાં બેસાડવામાંજ તે શાણી સ્ત્રિ સુખ માણુતી હતી. અહા! સર્વને આવી ગુણિયલ સ્ત્રિ હોય, તો સંસાર કેટલો સુખમય નિવડે? દુનિયાની સારી યા માઠી સ્થિતીનો આધાર પુરૂષો કરતાં સ્ત્રિઓ પર વધારે છે. સુખને ઉન્નતિના રસ્તા સ્ત્રિઓ પર આધાર રાખે છે, પરંતુ સ્ત્રિઓનાં સુખનાં રસ્તા શુભ વર્તન સિવાય, પુરૂષો પર અવલંબેલા હોઈ, ખુલ્લા થઈ શકે નહિ; તો પોતાનાં ધર્મ પાળવા એ પ્રત્યેક સ્ત્રિની ફરજ છે.

એ ત્રણ દિવસ તો સત્યશિલે માતપિતાની સેવા કરવામાં વ્યતિત કર્યા. તરતમાં શોધ કરવા જાવા માટે કાંઇ પણ બોલ્યો નહિ; પણ પોતાના બંધુને જોવાની તૃષા બીલકુલ ઓછી થઈ ન્હોતી. એકદમ જાવાથી પોતાના માતપિતાની સ્થિતી દુઃખદ થઈ પડે, એ વિચારેજ તેને આટલો ખોટી કર્યો. આવા વિચારથી આઠ દિવસ તેને મૌન ધર્યું, પણ તે ઝાઝી વાર ટકાવી શકયો નહિ. માતપિતાને કહેતાં જીભ

પણ ઉપડતી ન્હોતી; આમ હોઇ પોતાની સુખ દુઃખની ભાગિ-યણ કામકિશોરીની સલાહ સૌથી પ્રથમ પુછી. કામકિશોરીયે હાથ જોડી કહ્યું, "હે નાથ. જો આપ આ દાસિ પર કૃપા કરી સાથે તેડી જાવ તો ઘણું સારૂં; નહિતર જેવી આપની ઇચ્છા. હું તો આપનીજ હોઈ, આપ ફરમાવસો તે મુજબ ખુશિથી કરીશ; પણ સાથે લહી જાવ, તો આપના સુખ દુઃખમાં ભાગ લહી શકું."

સત્યશિલને આથી ઘણો સંતોષ થયો, પણ રૂદયમાં જે ધ્રાસકો પડ્યો, તે પત્નિનાં વિરહનો હતો; પણ તે સારી રીતે જાણતો હતો, કે સ્ત્રિને મુસાફરીમાં લેવી, એ ઘણુંજ જોખમ ભરેલું છે. આથી શું જુવાબ દેવો, તેના વિચારમાં પડ્યો. વિચાર માળા ફેરવવા માંડી પણ છેડો કયાંથી મળે? મુખ પર સ્હેજ ગ્લાનિ પ્રકટ થઈ; પણ શાણી સહચારિણીયે મધુર ભાષણથી તે ભુલાવી દીધી; તેણે શાણી સ્ત્રિને છાજતી રીતે કહ્યું; "હે નાથ, આપ જે કહેશો, તે શિરસાવંઘ છે." આટલા શબ્દોથી પણ સત્યશિલને ઘણો દિલાસો મળ્યો. તેણે કહ્યું; હે "પ્રાણેશ્વરી, તું તારા વૃદ્ધ સાસુ સસરાની આજ્ઞામાં રહી, તેમને પ્રસન્ન રાખજે. ચાલ શોકથી વિમુખ થઇ રજા આપ." પતિની ઇચ્છિાને પુષ્પોની જેમ વધાવતાં પતિવ્રતાને કેટલી વાર? તેણે પ્રસન્નતાથી ખુશિ દાખવી; કેમકે તે સમજતી હતી, કે પતિ આજ્ઞા તે સાક્ષાત પ્રભુ આજ્ઞાજ છે. આમ હોઈ તે અણગમતી હોય, તો પણ તે ન ઉલંઘવામાંજ શ્રેય છે. આથી પ્રસન્ન વદને તે બોલી;

"આપ સુખેથી સિધાવો, ને કાર્ય સિદ્ધ કરી પૂનઃ

પધારો. આપ આપના માતપિતાની ચિંતા કરશો નહિ. મને તેમની ભક્તિનો અમૂલ્ય લાભ મળ્યો છે. તે હું જવા નહિ દવ. તેમની ભક્તિથી મને પરમાનંદ પ્રાપ્ત થાશે." વાંચક! પત્નિના આવા શબ્દોથી સત્યશિલને કેટલો દિલાસો મળ્યો હશે? પત્નિ પાસેથી આવો દિલાસો ને રજા મળ્યા પછી, તે પિતા પાસે ગયો; ને રજા માગી. વળી તેણે કહ્યું; "હે પિતાશ્રી. આપની પુત્ર વધુ આપની સેવા કરી દુઃખભાર ઓછો કરનારી થાવ; એમ હું ઇચ્છુછું. આપ મને મારા ભાઈની શોધ કરવા જવા દો; કેમકે આપણને આપણા માણસો દ્વારા કાંઈ ખબર હજુ સુધી મળી નથી; ને તેઓ-માંના ઘણાખરા તો પાછા આવ્યા છે. આપ એક રાજવંશિ શુરા સામંત છો, તેથી પુત્ર માટે શોક કરવો ઘટિત નથી. પણ એક પુત્ર ન હોવાથી જે ખામી છે. તે પુરવા પોતાના એક પુત્રને થોડી વાર દૂર થતો જોઈ ક્ષત્રિયને અઘટિત આચ-રણ આપને અયોગ્ય છે. સર્વ સુખો કાળે કરી નાશ થાય છે; પણ પુત્રોની કિર્તીથી પ્રાપ્ત થયેલ આનંદ તથા સુખનો કોઈ કાળે ક્ષય થતો નથી, પણ ચિરસ્થાયી રહે છે. રાજ-વંશિઓએ એવાજ સુખની ઇચ્છા રાખવી જોઇએ; માટે હે પિતા; મને વિદાયગીરી આપો."

પુત્રના વચનોથી પિતાને પૂર્ણ સંતોષ થયો. પુત્રની તેવી ઉમદા વર્તણુંકની તે તારીફ કરવા લાગ્યો. પુત્રના ક્ષત્રિયને છાજતાં બોલોથી તેને જુસ્સો આવી ગયો; ને તેથી તે બોલ્યો;

"હે પુત્ર, પ્રભાત થતામાં આપણે બન્ને સાથેજ સિધા-

વીશું; ને ટુંક મુદતમાં કાર્ય સિદ્ધ કરી, સાજા તાજા પૂનઃ ઘરે આવશું. હે પુત્ર, જાવ સર્વ સામગ્રી તૈયાર કરો." પુત્ર તે વિષે વધું શું બોલે? પિતાની આજ્ઞાનુંસાર સર્વ સામગ્રી તૈયાર કરવા લાગ્યો.

તૃતીય પરિચ્છેદ.

મનુષ્યનું ધારવું મિથ્યા છે.

ગણનારો ગણતી કરે, નિજ ધાર્યું નવ લેશ.
કર્તાહર્તા તે રહ્યા, ધાર્યું ન થાય નરેશ.

હવે માતાની રજા લેવા માટે જાવાનું હતું, પણ તે કાર્ય કરતાં રૂદય ભેદાઈ જાતું હતું, તો પણ ક્ષત્રિય પુત્રને કેટલી વાર?

સત્યશિલ વગર વિલંબે પોતાની માતા પાસે ગયો, ને કહ્યું; "પૂજ્ય માતા, હું તથા મારા પિતાશ્રી કાલની પ્રભાત થતાંજ, જેમ ક્ષત્રિયો મૃગ્યાર્થે નિકળે છે, તેમ અમે મારા ભાઇની શોધમાં નીકળનાર છીયે; તો આપ અનુમતિ આપો. મૃગ્યાર્થે વનમાં જાવું, એ ક્ષત્રિયનો ખરો ધર્મ છે; તો આપની કૃપાથી અમે થોડા વખતમાં ફત્તેહવંત થઈ પાછા આવીશું: સાથે માણસ પણ રાખીશું; જેથી કાંઇ પણ અડચણ નડશે નહિ."

માતાથી ઇન્કાર નજ થયો. માતાનું રૂદય ભરાઈ તો આવેજ; એમાં શું? પણ તેના પિતા સાથે હોવાના સમાચાર સાંભળી મન ટાઢું થયું. અહા! માતા તારો પ્રેમ અખંડ ને અચલિત છે. જો દુન્યામાં કોઇ પણ વસ્તુ અખંડ હોય, તો

તે નિર્મળ ઝરાની માફક વ્હેનો માતાનો પ્રેમજ છે, ઝરો પણ કાળની ગતિને વશ થાય છે, ઉપરાંત મનુષ્ય પણ તેનો વેગ રોકી શકે છે; પણ ગમે તેવું દુઃખ પડવા છતાં, અને બીજાઓ તરફથી પુત્ર વિષે ગમે તેવા હલકા કાર્યોનું સ્પષ્ટિકરણ થવા છતાં, માતાના નિર્મળ પ્રેમનો ઝરો તો જેમનો તેમ અખંડજ વહ્યા કરે છે. પોતે ક્ષત્રિયાણી હોઈ ગમે તેવા જોખમે પણ પુત્રની કિર્તી જોવાને તત્પરજ હતી. પુત્રનું હિત તેજ પોતાનું સુખ અને વૈભવ લેખતી હતી. માતાએ પુત્રને વ્હાલથી ચુંબન કર્યું; ને આશિર્વાદ દહી રજા આપી. પ્રભાત થતાંજ સૂરસિંહ, સત્યશિલ તથા અન્ય થોડા સ્નેહિયો, નગરજન ન જાણે તેમ, પ્રધાનને રાજ્યની લગામ સોંપી, યોગ્ય વ્યવસ્થા કરી, નગર બ્હાર નિકળ્યાં.

જે આનંદની રાત્રિયે સત્યશિલ તથા તેની ભગિની અલકકિશોરી અન્યોન્યથી છુટા પડયાં, તે સમયે અલકકિશોરીને પૂનઃ ઘેર લહી આવવા માટે, સત્યશિલે શું ગોઠવણ કરી હતી, તે બિના લક્ષમાં લેવા, આપણે થોડો વખત રોકાઇએ. વાંચવામાં તો આવ્યું હશે, કે અલકકિશોરી દેવદૂતની પત્નિ તરિખે તેને ત્યાંજ રહેતી હતી; પણ કામકિશોરી દેવદૂતની દિકરી હતી, એમ તો ધારતાંજ નહિ. કામકિશોરી એક બ્રાહ્મણ કન્યા હતી, પરંતુ પોતે તે વિષે કાંઇજ જાણતી ન્હોતી. તેની અત્યારની ઉમરના તેર વર્ષમાંથી નવ વર્ષ તો તેણે દેવદૂતને ઘેરજ ગાળ્યા હતાં, દેવદુતને તે પિતાના નામથી સંબોધતી; ને દેવદુત પણ તેની પ્રત્યે પિતા તરિખેનો ભાવ નિરંતર દર્શાવતો. દેવદુતને એ કન્યા એક ગુફામાંથી

મળી હતી. દેવદુત તેને વિષે આ કરતાં કાંઇ વધારે હકીકત જાણતો ન્હોતો.

અલકકિશોરીની વય લગભગ બાવીસ વર્ષની હતી, ને સાદર્યતાં સિવાય અન્ય કોઇ પણ બાબતમાં તે ઉતરે તેવી ન્હોતી. ઉલટી કામકિશોરી કરતાં તે વધારે ચાલાક હતી. જેમ કામકિશોરી રૂપ તથા યૌવનનો ભંડાર હતી; તેમ તે ગુણવંતી હતી.

અલકકિશોરી સત્યશિલથી છુટી પડી ત્યારે કહ્યું હતું, કે "અહિં હું સર્વ વાતે સુખી છું; વળી દેવદુત કોઈ પણ વાતમાં મારૂં વચન ઉથાપતો નથી. આટલું છતાં, પૂજ્ય એવા જન્મદાયીયોને મળવા હું આતુર છું, તો વખત જોઇ, એટલે કે જ્યારે દેવદુત કામકિશોરીની શોધમાં હોય ત્યારે તમે અત્રે આવજો, એટલે આપણે ચાલી નિકળશું; પણ વખત જતાં મારે અહિં આવ્યા વિણ ચાલશે નહિ; તેથી એક પત્રિકા હું દેવદુત માટે મુકી જઈશ. આ પ્રમાણેનો સંકેત હોઇ, સત્યશિલ ઘેરથી નિકલ્યા બાદ, પ્રથમ પોતાની ભગિની પાસે આવ્યો; ને પિતા તથા અન્ય સાથિઓને ચંદ્રસિંહની શોધ માટે જુદા કર્યા. સત્યશિલ જ્યારે દેવદુતની જાદુઈ નગરીમાં પ્હોંચ્યો; ત્યારે દેવદુત ત્યાં હાજર ન્હોતો, પણ થોડા વખતમાં તેના આગમનની વકી રખાતી હતી. આમ હોવાથી સત્યશિલને પોતાનું કામ ઘણીજ ઝડપથી ઉકેલવાનું હતું. તેની ભગિની અલકને તે મલ્યો, ને જલ્દીથી તૈયાર થાવા કહ્યું. ટુંક વખતમાં અલકે પોતાનું કામ ઉકેલી નાખ્યું, ને પત્રિકા પણ દેવદુતના બિછાનામાં વિંટીને મુકી, ગૃહ ત્યાગ કર્યો.

આશાભર્યાં મનુષ્યો આશા ઉદધિના તરંગોમાં તણાતા જાય છે, જ્યારે કુદરત પોતાનુંજ ધાર્યું કરે છે. અલકકિશોરીને હજુ એના માતપિતાના દર્શન કરવાનો, તથા સત્યશિલને ઝડપથી પોતાનું કાર્ય પાર પાડવાનો સમય આવ્યો ન્હોતો. તેઓએ દેવદુતની થોડી હદ પસાર કરી હતી, તેટલામાં તો દેવદુત તે સ્થળે આવ્યો, ને આશાના પ્રવાહમાં તણાતાં ભાઈ બ્હેનને કેદ કરી, તેમની પર સંપૂર્ણ જાપ્તો રાખ્યો.

જ્યારે દેવદુત શયનગૃહમાં ગયો, ત્યારે અલકકિશોરીની પત્રિકા તેને હાથ આવી. આશ્ચર્યતામાં ગરકાવ થયો, પત્રિકા ઉઘાડી, ને વાંચવા માંડી;

વ્હાલા ભરથાર,

આપ મારા સુખનો સૂર્ય છો. આપની આજ્ઞા સિવાય કાર્ય કરવું, તે ઘોર પાતક ગણાય, કે જે આ અભાગણીયે વ્હોરી લીધું છે; પણ આપના પ્રેમના ઝરામાં નાવણ કરવા દહી, તે બાળી નાખવા દેશો. ઘણા વખતથી પુજ્ય માતપિતાના દર્શનાર્થે આતુર હોઈ, આપના પવિત્ર સમાગમથી વિમુખ થવું પડે છે; પણ ટુંક સમયમાં પૂનઃ આપના પવિત્ર ઝરાનું પાન કરતી થાઇશ.

લી. આપની દાસીનાં પ્રણામ.

ઉપરોકત પત્રિકાથી દેવદુતનો ગુસ્સો તદન સમિ ગયો; ને તેને તેના પિયેર મોકલવા વિચાર કર્યો, પણ સત્યશિલ ઓળખાઈ આવ્યો; ને કામકિશોરીના ચોર તરિખેનો તેનાપર મજબુત વ્હેમ આવ્યો; તેથી તેને એકલાનેજ કેદમાં રહી

દુઃખી દિવસો ગાળવાનું નિર્માણ થયું.

દુઃખમાં પત્નિ આદિ પ્રિયજનનો વિરહ બળતામાં ઘી હોમે છે; ને જ્વાલાને અતિશે વૃદ્ધિગત કરે છે. સત્યશિલને કામકિશોરીનો વિરહ વારંવાર પિડવા લાગ્યો, ને કુસુમાકરે પોતાના અગ્નિને અતિશે વૃદ્ધિવંત બનાવ્યો. મનુષ્યો માટેજ નહિ, પણ સર્વ સજીવો કે જેમને સુખ દુઃખ અનુભવવા પડે છે; તેઓ કોઈ કાળે એક સ્થિતીમાં રહેતાંજ નથી. ઘણીજ ટુંક મુદતમાં તેઓની સ્થિતીમાં ફરક પડે છે; જ્યારે બીજા પક્ષના પદાર્થોમાંની સ્થિતીમાં ફેર પડે છે; પણ તે પહેલાં વર્ગ જેટલો જલ્દીથી નહિ. સત્યશિલ જેવા માતૃપિતૃ ભક્ત આશિર્વાદ પામેલાને દુઃખ પડયું, પણ હંમેશાં તેવાં દુઃખો મનુષ્ય જીવનમાંથી નકામી અડચણો દૂર કરી રસ્તો સરળ કરે છે. આમ સમજનાર સત્યશિલે પોતાના દુઃખની ઝાઝી પરવા ન કરી. શોક કરવાથી મનુષ્ય ભાન રહિત થાય છે, તે, તે સારી રીતે સમજતો હતો. સુખ દુઃખ યા બીજા સર્વ સમયમાં મિલનસાર રહેવું. પ્રભુની ઈચ્છાને આધિન થવું; કેમકે તે જગતનો હિતચિંતક હોઈ સર્વનું ભલુંજ કરે છે; પરંતુ જે સુખ દુઃખના સ્વપ્ના મનુષ્ય તથા તેવા બીજા સર્વને અનુભવવા પડે છે; તે પૂર્વના કર્માનુંસારજ આવી પડેલાં હોય છે. આમ હોઈ, કર્યા કર્મનું ફળ ભોગવ્યા વિના તો છુટકોજ નથી, તો પછી મિથ્યા શોક કરી ઈશ્વરના ગુન્હેગાર શાને બનવું? ભરતી ઓટ થયાંજ કરે છે, તડકો છાંયો આવ્યાજ કરે છે; તેમ સુખ દુઃખ પણ કર્માનુંસાર ક્રમવાર માળાના મણકાની જેમ આવ્યાંજ કરે છે; એમાં શોક શાનો? દેહને

એવા કષ્ટથી કાંઇ હાનિ નથી, તેમ ઇચ્છિત ભોગો ભોગવ્યાથી લાભ પણ નથી. દુ:ખ લોઢાને પોલાદ બનાવે છે; ને નકામું દુર કરે છે; આટલું છતાં દુ:ખમાં મનુષ્ય ગભરાઇ જાય છે; પણ તેમ ન થવું જોઇએ. સત્યશિલને જે દુ:ખો પડયાં, ને તેણે જેમ ધીરજથી સહન કર્યાં, તેમ દરેકે વર્તવું જોઇએ. વળી પૂન: જન્મમાં તેવા દુ:ખ ન ભોગવવા પડે, તેને માટે આ જન્મમાં દરેક કાર્ય નિતીને રસ્તે રહીને કરવું, કેમકે હાલમાં જેવાં બી વાવીશું તેવા ફળ પૂન: જન્મે પામશું; એ નિશંસયાત્મક છે. જેમ ખેડુતને આ રૂતુમાં કરેલી મ્હેનતનું ફળ, પછીની, એટલે આવતી રૂતુમાં મળે છે, તેમ મનુષ્યનાં હાલના કૃત્યોના ફળ હવેના જન્મમાં ભોગવવા પડશે; એમાં છુટકોજ નથી. આટલું ધ્યાનમાં લહી વર્તન નિતીના રસ્તે કરવું, કે જેથી પૂન: જન્મે સ્વાદિષ્ટ એટલે ઇચ્છિત સુખો મળે.

ચતુર્થ પરિચ્છેદ.

રમણી રમણ.

રમણી કેરા રૂપમાં, રમે અતિશે રાજ;
રમણીમાં રમતાં ગયા, જુના રાજ ને તાજ.

સત્યશિલ કેદમાં વલખાં મારે છે, તેમ તેના પિતા તથા સાથિયો પણ પોતાનું કાર્ય પૂર્ણ કરવાને વલખાં મારી રહ્યાં છે. ઘણા દિવસ સુધી તેઓએ આડી અવળી શોધ ચલાવી,

પણ યશ ન મળ્યો, તે ભાગ્યની બલિહારી. ઉપરાંત તેઓ હાલ હવાલ થઈ ગયા, વિગેરે બિના આ પરિચ્છેદમાંથી જણાશે.

પિતા અને પુત્ર છુટાં પડયા, તે વખતે અંદરખાનેથી તેઓના રૂદયો એમ સાક્ષી પુરતાં હતાં, કે હવે અમારો સમાગમ થાવો મુશ્કેલ છે. તેઓ છુટા પડવાને નારાજ પણ હતાં, વળી કુદરત, કે જે મનુષ્યના સુખ દુઃખમાં ભાગ લે છે, ને મનુષ્યને ભવિષ્યનો થોડો ઘણો વર્તારો કરે છે, તે પણ દુઃખમાંજ હતી; ને થોડા ઘણા છુપા અશ્રુ પણ સારતી હતી. પણ તેને દિલાસો કોણ દે? મનુષ્યને તો મનુષ્ય જાતિ દિલાસો દેવાને સંપૂર્ણ શકિતવાન છે; પણ કુદરતને દિલાસો કોણ દે? મનુષ્યના સુકૃત્યો; કે જે કુદરતને રૂચીકર છે. કુદરતનું રૂદન છુપું હતું; પણ છુપાઈને જોનારને રૂદયભેદક હતું, ખરેખર કુદરત તે વખતે નિસ્તેજ હતી, તેનાં સર્વ ચમત્કારો પોત પોતાને સ્થાને, જેમ રાત્રિ પડતાં પક્ષિયો સંતાઈ જાય છે, તેમ સંતાઈ ગયા હતાં. પક્ષિઓ મધુર નાદથી દુર હતાં, નદિયોનો પ્રવાહ અશકત હતો, ઝાડ પાનને મરૂત સાથે મૈત્રી ન્હોતી. કુદરતના આ સર્વ સ્નેહિયો તેના દુઃખે દુઃખીજ હતાં. તે સર્વેને દિલાસો દેનાર વાયુ પોતાના પિતા નિશાનાથને ત્યાં આનંદ કરતો હતો, પણ પોતાની ભગિની કુદરતની સાથે કાંઈક વૈર હોઈ દિલાસો દહી પ્રફુલ્લ કરતો ન્હોતો; આવે વખતે સૂરસિંહ તથા સત્યશિલ છુટા પડયા હતાં. છુટા પડતી વખતે અતિશય વ્હાલથી ભેટયા; તે જગ્યાને પ્રણામ કર્યાં, અને અન્યોન્યનું ભલું થાવાને અંતઃકરણથી પ્રભુ પ્રાર્થના કરી.

સૂરસિંહ તેના સાથીયો સહિત રેતીનું એક વિશાળ રણુ પસાર કર્યું; ને એક પ્રાણઘાતક જંગલમાં દાખલ થયાં, કે જ્યાં હિંસક પ્રાણીયોનો ભય ઘણો હતો. આ વિશાળ જંગલમાં સૂરસિંહે પોતાના ઘણા સાથીયો ગુમાવ્યાં, ને પોતે પણ મહા મ્હેનતે બચ્યો. તેની સાથે માત્ર એકજ સાથી રહ્યો હતો. રાજા સૂરસિંહને આવો વિકટ સમય આજેજ આવ્યો. આખી જીંદગી દરમ્યાન નહિ વેઠેલું ભૂખ તરસનું દુઃખ, આજે સંપૂર્ણ વેઠવું પડયું: વળી કોઇ દિવસ પગે નહિ ચાલેલો, તેને આજે કાંટા કાંકરાવાળા રણમાં લાંબી મજલ કરવી પડી. ઉપરાંત નહિ કલ્પેલ કપડાં ભર, એટલે કે પોતાના નોકરો પણ ન પહેરે, એવા કપડાં બહુજ સાંચવીને પ્હેરવા પડયાં. આ સર્વ દુઃખો તેને અતિ પિડાકારક નિવડ્યા, પણ એથીય વધુ પિડાકારક ટાઢનું, તકડાનું તથા નહિ અનુભવેલું, એવું મજુરીનું હતું.

આ ઉપરથી જણાયું હશે, કે સૂરસિંહના કપડાં ઝાડમાં ભરાઈ ફાટી ગયા હતાં; તથા અંગે ઉઝરડા થયા હતાં. ઉપરાંત તેનો નિકમ હલાલ ઘોડો ઘણો થાકી જવાથી, તથા કેટલેક ઠેકાણે ઝાડમાં અથડાવાથી (બહુ દોડતાં અંધારા આવેથી એમ થાય છે.) જખમી થયો હતો; તે આ પૃથ્વીપરનાં રૂણથી મુકત થયો હતો; પણ તે વફાદાર પ્રાણીએ પોતાના માલિકને આ વિકટ અરણ્યથી કેટલેક દુર આવેલાં, એક રળીયામણા સ્થાનમાં લાવી મુકયો હતો. અરે! પશુઓ પણ આટલી વફાદારી જીવના જોખમે કરે છે, તો સમજશકિતવાળા મનુષ્યોયે નિમકહરામ શાને માટે થાવું જોઇએ?

તે હરિયાળી ભૂમી પર સૂરસિંહને બે દિવસ પગે ચાલવું પડયું; કે જે સમય દરમ્યાન ભખનું દુઃખ અકારૂં થઈ પડયું. આવે વખતે પાસેની પુંજી નિર્થક છે, ને અન્ન અતિશય ઉપયોગી છે; આમ હોઈ અન્નદાનને સર્વ દાનો કરતાં શ્રેષ્ટ ગણેલું છે. પૈસાવાલા ઘણા મળે, પણ જ્યાં અન્ન મેળવવું દુર્લભ, ત્યાં તે મુડી શું કામની? તેવે સ્થળે તે મુડીની કિંમત કોની બરાબર હોઈ શકે?

આ સર્વ દુઃખો સૂરસિંહે ઘણીજ ધીરજથી સહન કર્યાં; પણ જેમ ઘણા મુરખો ઈશ્વરને દોષ દે છે, તેમ તેણે કર્યું નહિ. બે દિવસ પછી, તે એક રમ્ય નગરમાં આવી ચઢયો; તથા ત્યાંની લીલા જોઈ ઘણો હરખાયો. રાજાને આ દેશમાં કોઈ ઓળખતું ન્હોતું. પણ નિયમ, કે જેનાથી આ દેશ પવિત્ર ગણાય છે; ને જેના વડે તે અદ્યાપિ વખણાય છે; તે પરોણાગતના પવિત્ર નિયમે રાજાને એક બ્રાહ્મણને ત્યાં ઉતારો આપ્યો. આ નિયમને આર્યાવર્તના પ્રત્યેક વૃદ્ધ ને સંસારી તો શું; પણ બાળકોય તેને પ્રિતેથી પોષે છે. દેશિયો તે નિયમને જેટલું માન આપે છે, તેટલું શહેરીઓથી અપાતું નથી, ને તેથી તેનો ઉપયોગ માંડ અર્ધો રહ્યા હોય તો. આથીજ કુસુંપનું જોર વધ્યું છે. દેશમાંથી ડાહ્યા પુરૂષો ઓછા થયાં, ને સાચા સલાહકાર દુર્લભ થયાં તેનુંજ પરિણામ તે ચાલુ અધોગતિ છે.

પરોણાને આવેલો જોઈ સર્વ કોઈ ખુશિ થયા. તેઓએ રાજાને સુગંધી પદાર્થો વડે મર્દન કરાવ્યું; ને તેનો કંટાળો દૂર કર્યો. રાજાને સ્વાદિષ્ટ ભોજન કરાવી સર્વ કોઈ જમ્યા.

બપોર નિદ્રામાં પસાર કરી. સાંજ થતાં રાજા તથા તેનો સાથી શહેરમાં ફરવા ગયા; ને ત્યાંથી ગામ બ્હાર આવેલાં એક મનોહર ઉદ્યાનમાં જઈ ચઢયાં. જ્યાંની કુદરતી લીલા નિરખવામાં તેઓ લીન થઈ ગયા; તે એટલે સુધી કે કુમુદિના પિતાએ જગત પર સંપૂર્ણ જાપ્તો બેસાડયો, તથા તેના સાથી રૂપ ઉડુગણોએ પણ પોતાના રાજા ચંદ્રની આણ સર્વ સ્થળે મનાવી, પણ આપણા એ મિત્રોને કાંઇજ ભાન ન આવ્યું; ને કોણ જાણે કયારેય આવત, તે પણ કહી શકાય તેમ ન્હોતું; પણ એટલામાં એક દેવાંગનાએ તેઓને ધ્યાન ભંગ કર્યા.

પંચમ પરિચ્છેદ.

ભાગ્યવતિ ભુમી.

સુખ સાથે સુખ સૌ ભળે, દુ:ખમાં ભળે ન કોઇ.
સુખના સાથી સૌ મળે, દુ:ખમાં મળે ન કોઇ.

એવા મનોહર સ્થાનમાં દેવાંગના આવે, તેમાં નવાઇ પણ શી? અરે અપ્સરા તો શું! પણ ઇંદ્રાદિક દેવોય તે સ્થાનની રમણિયતા નિહાળીને આવે એમ કહું, તો અતિ-શયોકિત તો નહિજ ગણાય. વ્હારે વ્હાલા વાંચક! તેવો તે કેવો રમણિય બાગ હશે? જોવાની ઇચ્છા તો હશે, પણ તે તો દુર્લભજ; તોપણ તેનું કાંઇક બયાન ભેટ તરિકે સંતોષાર્થે આપું છું.

ગામની બ્હાર રળિયામણા સ્થળમાં આવેલા આ બાગ-થી થોડે છેટે, એક મનોહર સરોવર આંખને દેખાવ દેતું હતું, વળી તેમાં રહેલ વારિરાજ જીભને સ્વાદ આપ્યાં પહેલાં, પોતાની બનાવી લેતાં હતાં. વળી તે વારિ રાજનાં અનુચરોરૂપ પુષ્પો, ચંદ્રના યા તો રવિના રાજ્યમાં પૂર્ણ વફાદારી બતાવવા રૂપ પોતાની પરાગની સુવાસ ફેલાવતાં હતાં, ને તે એટલે સુધી કે પોતાના વ્હાલા રાજવીના અસ્તની સાથે પોતાના હસ્તા સુવાસિત મોખો બીડી દહી ગ્લાનીમાં ફેરવી નાખતાં હતાં. અત્યારે કુમુદિની તેની માતાના ઉછંગ આનંદથી નાચતી હતી, તથા પિતા સામું જોઇ લાડ કરતી હતી; ને ચંદ્ર પણ તેની સાથે તેની જેવાજ થઇ નાચતો હતો. બ્હાર આવેલા કાસાર કિનારાનું તો આ અંશ માત્ર વર્ણન થયું, પણ સામે આવેલા ઉદ્યાનનું બ્યાન અલૌકિક અવર્ણનિય છે. ઉપરોક્ત ઉદ્યાનની મધ્યમાં પક્ષિયોના નિવા-સાર્થે તથા ભોજનાર્થે એક છત્રી આવી રહી હતી. પણ તેની ઉંચાઇ બહુ નહોવાને લીધે, તે વૃક્ષના ઝુંડમાં ઢંકાયલી હતી; પણ નિહાલનારને તેની શોભા બંધાવનારની ઉદારતા વિષે સારો ખ્યાલ આપતી હતી. ચારે ખુણે, નાના નાના પત્થરની બાંધણીના, સ્વચ્છ નિર્મળ પાણીના, ચાર વાપિઓ વસાવેલા હતાં, તેની પર ફુલ ઝાડની સંપૂર્ણ કૃપા હોઇ, તેઓ ટાઢ તડકાથી રક્ષાયલા હતાં. વળી થોડે થોડે અંતરે ફુવારાઓ આવેલાં હતાં, કે જે એકી વખતે છોડવામાં આવતા હતાં. વળી થોડે થોડે અંતરે, સુગંધમય પુષ્પોથી ઘેરાયલાં વિશ્રામ સ્થાનો આવી રહેલા હતાં. ત્યાંના પુષ્પોની પરાગની મધુર

સુગંધથી, પરલોકની સ્થિતીમાં પડેલો, પણ કદાપિ પૂનઃ અસ્સલ સ્થિતીમાં આવે. અનેક ફળ પુલોથી ભરપુર વૃક્ષો, પોતાના જન્મો આવા રળિયામણા સ્થાનમાં હોવાથી, ઝુલીને પોતાનો હર્ષ પ્રદર્શિત કરતાં હતાં. વળી આ બાગની મધ્યમાં એક નાનો બંગલો આવ્યો હતો, કે જે જુની વખતની ઉત્તમ કારિગરીનું સ્મરણ કરાવતો હતો. તે પુલોથી ઘેરાયલો હતો, તેથી જાણે તે પુષ્પોનો પરોણો હોય, એમ જણાતું હતું. વળી દિવસપતિ તથા નિશાનાથ પણ જાણે તેને અહર્નિશ અહિં રાખવા ઇચ્છતાં હોય, તેમ તેને માફકસર અજવાળું તથા શિતળ વાયુ અસ્ખલિતપણે રેડયા જાતાં હતાં. ઉપરાંત પક્ષિયો, કે જે જયાં ત્યાં બેસી, સારી યા નરસી જગ્યાનો વિચાર ન કરતાં બગાડે છે; તેઓ પણ આ નાજુક હર્મ્યને હંમેશનો પાડોસી બનાવવા, તેવા પ્રકારના નુકસાનથી છેટા રહેતાં, તેને દિલાસો આપતાં હોય, તેમ તેની આજુ-બાજુ ફરી, પોતાના મધુર સ્વરથી ગજાવી મુકી, શોભામાં અભિવૃદ્ધિ કરતાં હતાં. વળી નવા આવનારને આવકાર આપવાને માટે પણ તેઓ તત્પરજ હતાં. આવા રળિયામણા સ્થળનું વિષેસ ધ્યાન આપીયે, તો કલાકોનો કલાકો નીકળી જાય, પણ પૂર્ણ તો નજ થાય. આ તો માત્ર તેનું ઉપર ટપકે ધ્યાન આપ્યું છે. આવી રમણિય જગ્યા પર સર્વ આફરીન થાય તેમાં શું નવાઇ? વળી ત્યાંની આવી રચનાથી સર્વ કોઈ દુઃખ વિહિન થાય એમાં શું ખોટું? આમ હોઈ આપણે દર્શાવેલ તરૂણો ધ્યાનસ્થ બને તેમાં શું આશ્ચર્ય? વળી આવી લીલા હોય, ત્યાં પરી દેવાંગના અગર અપ્સરા રમવા આવે

તેમાં શું ખોટું ?

સૂરસિંહ પરિના નૃત્યથી ધ્યાન ભંગ થયો; ને તેના નેત્રો અધિરા થઈ એકી ટસે તે બાળાના મુખારવિંદ નિરખતાં સજ્જડ થયાં. દરેક વસ્તુનું બ્યાન શું કરૂં ? એમ બને ત્યારે તો વાંચક વૃંદને કંટાળોજ આવે; કેમકે જે પૂર્ણ અપાય તેમ નથી, તેનો સ્વાદ આપવો શું કામનો ? સર્વને પરિના રૂપની કાંઈક કલ્પના હોય છે; ને ન હોય, તો એટલુંજ કે કામકિશોરી તેની સાથે સરખામણીમાં કાંઈક અંશે ઉભી રહી શકે ખરી.

ષષ્ટ પરિચ્છેદ.

દેવાંગના દર્શન.

લલનાના લાલિત્યમાં, સરવે દેખે સુખ;
જેને સહુ લાલિત્ય કે,' તેમાં છે રહ્યું દુઃખ.

આ પરિયે ઘણો વખત નાચ કર્યું. સુંદીર ફુલો પણ તેનાં તેવા નાચથી પ્રફુલ્લ થયાં; ને જાણે ચંદ્ર તેના તેવા નાચથી આશક બન્યો હોય; ને તે મનોહરિને મનાવવા ઇચ્છા કરતો હોય; તથા તેજ અને શિતળતા નામના બે દુતોને તે મનહર મુગ્ધા પાસે મોકલી પોતાની ઇચ્છા વ્યકત કરતો હોય, તેમ જણાતું હતું. સૂરસિંહ તો આભોજ બની ગયો. અરે! બીચારા સૂરસિંહને એમાં શું દોષ દેવો ? તે તો મનુષ્ય માત્ર હતો. અરે સૂરસિંહ તો

શું! પણ ગંધર્વો, યક્ષો, કિન્નરો, સૂરો, અસૂરો ને મહાન મુનિવરો તેનાથી ચળિત થાય, તો પછી સૂરસિંહ જેવા એક રાજવીને માટે શું કહેવું? સુંદરીના ધ્યાનમાં પડેલા સૂરસિંહને તે દેવાંગના સિવાય, અન્યત્ર કાંઈજ ન જણાયું. કામાગ્નિ તેને પિડવા લાગ્યો, ને તે જ્વાલાએ તેને જુસ્સો પ્રદિપ્ત કર્યો, ને તેથી તે ઉભો થઈ ગયો. અપ્સરાને બાથ ભિડી, પોતાને ઉછંગે બેસાડી દીધી. સૂરસિંહને વિચાર આવ્યો, કે આ નૃત્યાને તેના નૃત્યથી થાક લાગ્યો હશે; માટે લાવ તેના ચર્ણ તળાંસુ. પોતાના મોટા ઓદ્ધાની યાદિ પણ ન આવી; ને વિચાર અમલમાં મુકયો. ઘડીમાં તેને ચુંબનો કરતો, પણ વળી વિચાર આવતો, કે તેથી તેના કોમળ કપોલ ખરડાશે; ને તેથી કદાપિ ગુસ્સે થાશે; આમ ધારી તેની પાસે ક્ષમા યાચવા લાગ્યો.

વાંચક! સૂરસિંહે તેની સાથે આ પ્રમાણે વર્તણુંક ચલાંવી, પણ તેથી તે કાંઇ બોલી નહિ; પણ લજ્જિત થઈ નીચું જોઈ ગઈ; તેનું શું કારણ? એમ તારા મનમાં તો આવ્યુંજ હશે. શું તે કાંઈ સ્વર્ગ વાસિની હતી? ના, ના. ત્યારે શું પૃથ્વી વિષે પણ બ્રહ્માયે આવી કોમલાંગી સરજી હશે? તે અહિં કયાંથી? વિગેરે પ્રશ્નો તો ઉદભવ્યાજ હશે. પણ અધીરો થાઇશ મા, કદાપિ તે પ્રશ્નોની કારણ રૂપ કોઈએ તારૂં મન હર્યું હશે; પણ તેનું મન નહિ હરાય; તેમ કલ્પના શિવાય અન્ય કાંઈ તને પ્રાપ્ત પણ નહિ થાય. ઉપરની કોમળાંગીને કયે નામે બોલાવવી, તેનો મને પણ ગુંચવાડો થાય છે; પણ તે કાંઇ ઝાઝી વાર નહિ ટકે; કેમકે

આપણે તો જેમ આવે તેમ ફેંકી જાણીયે છીયે; પણ તેય કાંઈ લાયક હો. તેનું નામ સૌંદર્યેશ્વરી હતું; કે જે નામ તેને લાયકનુંજ છે, એમ તું પણ કબુલ કરીશ.

સૌંદર્યેશ્વરી એક બ્રાહ્મણને ત્યાં પુત્રિ તરિખે જન્મ પામી હતી. તે બ્રાહ્મણ મહાન તપસ્વિ હતો; તેની કસોટી કરવા માટેજ સૌંદર્યેશ્વરીને તેને ઘેર જન્મ આપવામાં આવ્યો હતો. તે બ્રાહ્મણ આ સુંદીર ઉદ્યાન વિષેજ તપશ્ચર્યા કરતો હતો. તેની પુત્રી હાવભાવ તથા લટકા મટકાથી સર્વ કોનું મન હરણ કરી લેતી; પણ તપસ્વિ બ્રાહ્મણે પુત્રી કરતાં અન્ય કોઇ ભાવથી તેની તરફ દ્રષ્ટિ સરખી પણ કરી ન્હોતી. આવી તેની શુદ્ધ નિષ્ટાથી તેની પર સર્વ દેવો પ્રસન્ન થયા; ને તેને દિવ્યદેહ સહ દિવ્ય ધામમાં લઈ ગયા, જ્યાં તે અક્ષય સુખનું ધામ પામ્યો.

આ બાળા દિવસે બ્હાર આવતી નહિ પણ કામદેવના બલાત્કારથી રાત્રે બ્હાર આવતી, ને યોગ્ય પુરૂષની શોધ કરતી. તેની તે ધારણા ઘણે વખતે પાર પડેલી જોઈ, તે અત્યંત ખુશિ થઈ; તથા તેની માતા, કે જે એક શુદ્ધ યોગિની હતી, છતાં તે મનોહારીનો કોઈ યોગ્ય પુરૂષને હસ્તાર્પણ કરવા માટેજ આ પૃથ્વિ પર નિવાસ કરી રહી હતી; તે પણ આ વાત જાણી ઘણી ખુશિ થઈ; ને તરતજ સૌંદર્યેશ્વરી સૂરસિંહને ભળાવી, તે સ્વર્ગ પ્રત્યે ચાલી ગઈ.

વાંચક, આ સર્વ બીના બની, દરમ્યાન સૂરસિંહનો સાથી પણ સુખી નિદ્રા અનુભવતો હતો; યા ધ્યાન ભંગ થયો ન્હોતો; એમ કહેવામાં કાંઈ અડચણ નહિ આવે. સૂરસિંહ તે રમણીને

લઈ, પાસેના નાના મ્હેલમાં બિન સંકોચે દાખલ થયો; તથા પોતાની ઇચ્છા, કે જેના આવેશમાં તે આ મનહર મુગ્ધાને ભેટી પડયો હતો; તે ઇચ્છા આ મ્હેલમાં તૃપ્ત કરી, રૂદય કે જે બળતું હતું, તેને પ્રફુલ્લ કર્યું. અન્યોન્યના શ્વાસ અન્યોન્યને અડે તેમ તેઓ નિદ્રસ્ય થયાં; કે જે તેઓ ભિન્ન દેહને એકત્ર કરવા ઇચ્છતા હોય, એમ જણાવતું હતું. તેઓના ગુલાબ જેવા પ્રફુલ્લ વદનોનું ધ્યાન અવર્ણનિય હતું. પોતાના હાથમાંથી આવી મુગ્ધા ગઈ જાણી, ચંદ્રને પણ ગ્લાનિ પ્રાપ્ત થઇ; ને તે પ્રેમી યુગલની અદેખાઈ કરવા લાગ્યો; ને તે પોતાનું તેજ આકર્ષી લઈ જાહેર કર્યાં. પરંતુ ભગવાન સૂર્ય નારાયણ, કે જે ન્યાયી છે, ને જેને આવી મનોહર મુગ્ધા જોઈ, કામવિકારને બદલે સાત્વિક પ્રેમ પ્રગટ થાય છે, તે ભગવાન સૂર્યનારાયણે તો તેઓને પુત્ર વશાત્ ગણી, પોતાનો શુદ્ધ પ્રેમ તથા આશિર્વાદ પોતાના પ્રકાશ રૂપી દુત મારફત વ્યકત કર્યાં.

પ્રભાત થઈ; પણ સૂરસિંહ તેની સુખી નિદ્રામાંથી નિવૃત્ત ન થયો; તેમજ તેના પ્યારમાં પડેલી મુગ્ધાની પણ તેજ સ્થિતિ થઈ. સૂરસિંહનો સાથી કે જેણે આખી રાત બાગના વિશ્રામ સ્થાન પરજ ગાળી હતી; તે નિયમિત સમયે જાગ્યો; ને પોતાના સાથીને ખોળવા લાગ્યો; પણ ભાળ ન લાગવાથી, પાસેના સુંદિર સરોવરમાં જઈ, સ્નાનાદિ નિત્ય કર્મમાંથી પરવારિ, કમળ કે જેઓ પોતાના પિતા સૂર્યને નમન કરતાં હતાં, તેઓની સાથે થોડીવાર મિત્રતા કરી બાગમાં પૂનઃ પ્રવેશ કર્યો; તથા પક્ષિયોનો કલ્લોલ, તેઓની ભિન્નભિન્ન પ્રકારની ચેષ્ટા, તથા બાગની બીજી લીલા નિરખવામાં તલ્લિન થયો.

થોડી વારમાં સૂરસિંહ નિદ્રાદેવીના પાસમાંથી મુકત થયો; ને પ્રભાત પતિના દર્શનાર્થે બ્હાર આવ્યો, તથા પોતાનો સાથી, કે જે સર્વ બિનાથી અજ્ઞાત હતો; તેને કેટલીક બિનાથી માહિતગાર કર્યો.

સૂરસિંહને પોતાના ગરીબ યજમાનનું ઘર તો સ્મૃતિમાં પણ ન્હોતું; પણ તેના ભલા સાથીયે તેને સર્વ બિનાની યાદી આપી. સૂરસિંહ તેના નિત્ય નિયમમાં પ્રવત્ત થયો, તથા દશેક વાગતાં તેમાંથી પરવાર્યો; ને પોતાની પ્રિયાના મુખચંદ્રને ચુંબન કરી, રજા લહી, સાંજે પૂનઃ પધારવા વાયદો કરી રસ્તે પડયો; ને થોડા વખતમાં તે તથા તેનો સાથી ધારેલા સ્થળે આવી પ્હોંચ્યાં. પૂનઃ તેઓ તેમના આશ્રય દાતાને ભેટયા. આથી તેઓ ઘણા ખુશિ થયાં. રાતં બધી તેઓએ નિદ્રા લીધી ન્હોતી, પણ મ્હેમાનોની શોધજ કર્યાં કરી હતી. તેઓ તેમને ગુસ્સે ન થયા, એટલુંજ નહિ, પણ તેમના રોકાણ માટે તેઓને કોઈ પ્રકારના સ્વાલ પણ ન કર્યા. આવીજ રીતે પરોણાગત કરવી જોઇએ. તેઓ ભોજનાદિથી પરવાર્યાં, ને સાંજ થાતાં વિદાયગીરી માગી; આથી તેઓને જોઇતી સામગ્રી આપી વિદાય કર્યાં.

સપ્તમ પરિચ્છેદ.

સૌથી સ્વાદિષ્ટ સોબત યાને સોબત તેવી અસર.

ગંદુ વારિ ગંગમાં, ભળતાં થાયે ગંગ;
સો ફુલની સુવાસ પણ, હિંગ અડકતા ભંગ.

જે કારણે પોતાના દેશનો ત્યાગ કરી, સૂરસિંહ આટલે આવ્યો હતો, તે બિના તો તેના મગજમાંથી તદનજ નિકળી ગઈ; તથા આ નૂતન નાજનીને લહી, પૂનઃ નગર ભણી સિધાવવાનો પોતાનો વિચાર પોતાના સાથિને જણાવ્યો. પરંતુ તે ભલા સાથિને ઉપરોકત નાજનીના દર્શન સિવાય બીજો કાંઈ વધારે લાભ પ્રાપ્ત થયો ન્હોતો; કે તે પણ રાજાની માફક પોતાનું કાર્ય ભૂલી જાય. રાજાના આવા વિચારોથી તે સ્હેજ દિલગીર થયો; પણ ચપળ રાજાએ ચતુરાઈથી તેની દિલગીરી જાણી લીધી; ને તેમ થવાનું કારણ પૂછ્યું. તેનો સાથિ તે કહેવાને રાજી તો ન્હોતોજ, પણ કદાચ રાજાને એવો વિચાર આવે, કે મને આવી સુંદીર ત્રિયા મલી, તેથી તે દિલગીર થયો છે. આવા ભયથીજ તે સાથિયે પોતાનો આગલો વિચાર, કે જે ચંદ્રસિંહની શોધનોજ હતો; તે કહી સંભળાવ્યો. રાજાને સર્વ બિનાની સ્મૃતિ થઈ; ને તેથી તે દિલગીર થયો, તદપિ ભલા સાથિયે કહ્યું, "હે રાજન, આપ અત્રેજ રહો, ને મને ચંદ્રસિંહની શોધમાં જાવા દો. થોડા વખતમાં હું આપની સેવામાં હાજર થાઇશ."

આથી રાજા ખુશિ થયો; ને તરતજ પોતાના સાથિને વિદાય કર્યો; ને પોતે પોતાની નાજુક નાજનીના પ્રેમમાં ગિરફતાર થઈ ગયો.

વાંચક, હવે આ ભલા સાથિનું નામ આપવું આવશ્યક છે; કેમકે આપણે થોડો વખત તેની ગરજ છે, તો તેનું નામ પણ કેમ ન આપીયે? જો તેને નામ દઈ ન ઓળખતાં નોકરનાજ નામથી ઓળખીયે તો તે આપણી ભૂલ કહેવાય;

કેમકે હવે તે કાંઈ કોઇનો સાથી ન્હોતો; તો વ્હાલા વાંચક એનું નામ પણ યાદ રાખજો." તે બહાદુર રાજપુત સૂરસેનના નામથી ઓળખાતો હતો. ચાલતાં ચાલતાં સૂરસેન એક અઘોર જંગલમાં આવ્યો, કે જ્યાં ચાલવું અતિ કઠીન હતું; કેમકે તે સર્વ જગ્યા પાણીથી ભરપુર હતી; અર્થાત પગ મુકતાંજ માણસ ઉંડો ઉતરી જાય; તેવી પોચી તે જમીન હતી. ઝેરી ભેજવાળી હવા પણ સારી રીતે પોતાનું કામ સારતી હતી; એટલે આ જગ્યા સલામતિથી પસાર કરવી, અને કાળના મોઢામાંથી છુટી જાવું; એ બેઉ સરખાંજ હતાં. આટલું કષ્ટ હોવા છતાં, સૂરસેન આગળ ચાલ્યો, પરંતુ થોડાજ વખતમાં તેને અતિશય તાવ આવ્યો, ને શળેખમ તથા શરદી લાગુ પડી. પણ તે વફાદાર હોવાથી પ્રભુએ તેનું રક્ષણ કર્યું. કોઇ એક મહાન દયાળુ મુનિનો તેને સમાગમ થયો; કે જેની ચમત્કારીક ઔષધિથી તરતજ સાજો થવા ઉપરાંત, બહુજ બળવાન બન્યો.

કેટલેક દિવસે સૂરસેન આ અઘોર વનની હદ ઓળંગી રહ્યો, ને સર્વ પ્રકારની મુશ્કેલીથી પણ દુર થયો. પૂનઃ પ્રયાણ કરતાં, તે એક નિર્જન સ્થાનમાં આવી ચઢયો; કે જ્યાં એક શિવાલયે તેને આશ્રય આપ્યો. તપાસ કરતાં શિવાલયમાં કોઈ પણ માનવી જણાયું નહિ; પણ શિવલિંગ તરતનું પૂજાયેલું દીઠું; તેથી થોડો વખત ત્યાં રહેવા આતુર બન્યો. રાત્રિ થતાં સુધીમાં તેણે કોઈ પણ ચમત્કાર દીઠો નહિ આથી પ્રભાત થતાં ચાલી નિકળવાનો ઇરાદો કરી, થાકનું નિવારણ કરવા નિદ્રાધિન થયો.

પ્રભાતના ચાર વાગતામાં, આરતી ઉતારવાનાં અનેક પ્રકારના અવાજોએ તેની નિદ્રા ભંગ કરી. તે ઉઠયો, ને જોયું, તો કોઈ એક બ્રાહ્મણ જેવા દેખાતાં પુરૂષને શિવારાધનામાં લિન થયેલો દીઠો, આથી પોતે પણ જલ્દીથી દંતધાવન, સૌચાદીથી પરવારિ નિત્ય કર્મમાં તદાકાર થઈ ગયો.

જેવી જગ્યા, તથા શોબત હોય; તેવા વિચાર સૂઝે એમાં નવાઈ શું ? પ્રભાત થતામાં બ્રાહ્મણ તેના કાર્યથી પરવાર્યો, પણ સૂરસેન તેના કાર્યમાં એટલો બધો મશગુલ થઈ ગયો હતો; કે તેની આજુબાજુના બનતાં બનાવોથી પણ તે છેકજ અજાણ હતો. બ્રાહ્મણને મોટું આશ્ચર્ય થયું, તથા આ જગ્યાએ કોઈ દિવસ કોઈ પણ આવતું નથી; ને આ માનવી અહિં કેમ અને કેવી રીતે આવ્યો, તે જાણવા ઉત્કંઠા થઈ; ને તે પૂર્ણ કરવા તે બ્રાહ્મણ ત્યાંજ રોકાયો. રાત્રિ પડી, નિશાનાથે સર્વ સ્થળે પોતાનો અમલ બેસાડયો; પણ નવિન માણસને મળવા આતુર બ્રાહ્મણનો છુટકારો ન થયો. ભુખ્યો ને તરસ્યો તે ત્યાંજ બેસી રહ્યો. જેમ જેમ વખત જતો ગયો, તેમ તેમ આ મુસાફરની મુલાકાત લેવા, તે વધુ ને વધુ આતુર બનતો ગયો. પ્રભાત થતાં બ્રાહ્મણ પણ નિત્ય નિયમ મુજબ નિત્ય કર્મમાં પ્રવત્ત થઈ ગયો; ને રોજના સમયે તેમાંથી પરવાર્યો. પણ હજુ સુધી મુસાફરની સ્થિતી બદલાણી ન્હોતી. બીજા બે એક કલાકો વિતી જતાં, સૂરસેન જાગૃત થયો; ને તેને આ લોકનું ભાન થયું. બ્રાહ્મણ તેને નમસ્કાર કરવા નીચો વળ્યો. પણ ક્ષત્રિય સૂરસેને તેને તેમ કરતાં અટકાવ્યો; ને પોતે તેને પગે પડયો.

બ્રાહ્મણ સૂરસેનને પોતાના ઉતારે લહી ગયો. તેઓએ અન્યોન્યના નામ ઠામ પૂછયાં, તે ઉપરથી જણાયું કે પ્રસ્તુત બ્રાહ્મણ તે બીજો કોઈ નહિ, પણ શિવરામ પુત્ર ત્રિકાળપ્રસાદ, કે જેને માટે શોધ કરવી અગત્યની હતી, તેજ તે હતો. આમ ઓચીંતો ભેટો થવાથી તેઓ ખુશિ થયાં, ને પ્રભુની ગહનગતિ વિષે વિચાર કરવા લાગ્યાં બ્રાહ્મણે રસોઈ બનાવી; તથા તેઓ બેઉ જમ્યા; ને ત્યાર પછી થોડો વખત માટે નિદ્રાધિન થયાં.

અષ્ટ પરિચ્છેદ.

ભક્તિવશ ભગવાન.

આ જગત સરજનહાર તે, ઇચ્છા સફળ કરનાર છે;
પાપો તણા પ્રજલિત અગ્નિ, ભક્તિમાં બલનાર છે.
તે ભક્તિના ઝરણા મહિં, દુષ્ટ પુન્યશાલી થાય છે;
ઇચ્છિત ભોગો ભોગવીને સ્વર્ગમાં તે જાય છે.

ઠંડો પ્હોર થતાં, તેઓ નિદ્રામાંથી પરવાર્યાં; ને અન્યોન્યનાં વૃત્તાંત પૂછવા લાગ્યાં. સૂરસેનનાં વૃત્તાંત વિષે તો વાંચક વૃંદને કહેવું પડે તેમ નથી, પરંતુ ત્રિકાળપ્રસાદ વિષે થોડું એક સાંભળશો તો અસ્થાને નહિજ ગણાય. ત્રિકાળપ્રસાદ બોલ્યો;

"હે મિત્ર. હજુ સુધી મારૂં વૃત્તાંત મેં કોઈને કહ્યું નથી; પણ આપને હું તે પ્હેલીજ વાર સંભળાવું છું. મારા

પિતા શિવરામ શાંતિપુરના રાજાના પ્રધાન હતાં. તેમાં તેમને સારી આબરૂ પ્રાપ્ત કરી હતી; ને પૈસે ટકે પણ સુખી હતાં; પણ અપુત્ર હોઈ, તે હરહંમેશ ખિન્ન રહેતાં. તેમનો મનસુબો રાજ્ય કારભારમાંથી મુક્ત થઈ, શિવ ભક્તિ કરી, ભોળાનાથ પાસેથી વરદાન તરિખે પુત્ર પ્રાપ્ત કરવાનો હતો; પણ રાજાજી તેમને રાજ્ય કારભારમાંથી મુક્ત કરવા, આનાકાની કરતાં હતાં આથી મન મારીને પણ તેમને રાજ્ય કાર્ય કરવું પડતું હતું. હવે એવું બન્યું, કે તે દયાળુ રાજાએ સ્વર્ગ ગમન કર્યું; એટલે તેમનો લાડકયો પુત્ર ગાદીએ આવ્યો. યુવાન રાજાની રજા લહી મારા પિતા રાજ્યકાર્યથી મુકત થયાં; ને પોતાની ઇચ્છા સફળ કરવા એકાંતમાં જઈ શિવા-રાધના કરવા માંડી. મારી માતાને કહેવા છતાં, તે મારા પિતા સાથે ન ગઈ; પણ તેથી મારા મહાત્મા પિતાને કાંઈ ખોટું લાગ્યું નહિ. મારી માતા, કે જે રૂપનો નમુનો હતો, તે ત્યાર પછી રાજ્ય મ્હેલમાં આવજાવ કરતી થઈ. આ રીતે મારી માતા યુવાન રાજા રાયકિશોરસિંહની દૃષ્ટિ ખેંચવા માગતી હતી, તે કાર્ય ટુંક સમયમાં સંપૂર્ણ થયું; તે એટલે સુધી, કે અન્યોન્યની દુષ્ટ વાસનાઓ સફળ થાય, તે સારૂં, રાજા રાયકિશોરસિંહ મારી માતાને ત્યાં ગયો, ને અન્યોન્યની નીચ બુદ્ધિને પોષણવત કરી. આમ ચારેક વર્ષ ચાલ્યું, પણ તે વાતનો ઝાઝો સ્ફોટ થયો નહિ; પણ હે ક્ષત્રિય પુત્ર, યાદ રાખજે, કે પાપ છાનું ન રહે બ્હેલું મોડું પણ તે પોતાનું પોત પ્રકાશે છે; ને જગત બત્રિસીને જાહેર થઈ ધુળ મેળવે છે. અહિં પણ તેમજ થયું. એક દિવસ રાયકિશોરસિંહ

મારી માતાના મ્હેલે હતો, તે વખતે મારા મહાત્મા પિતા ઓચીંતાં આવી ચઢયાં. તેમના રૂદયમાં એ વખતે પૂર્ણ શાંતિ હતી; ને મુખ પ્રફુલ્લ હતું; કેમકે તેમને એક પુત્ર થાશે, તેમ શિવે વરદાન આપ્યું હતું. મારી માતા તથા રાય-કિશોરસિંહ તે વખતે તેમની દુષ્ટ વાસનાનું પોષણ કરતાં હતાં. ઉપરોકત દર્શન જોઈ, મારા પિતા શિવરામ ત્યાં કેટ લોક વખત જડવત બની ઉભા રહ્યાં. જ્યારે તેઓ તેમના કાર્યથી નિવૃત્ત થયાં, ત્યારે મારા પિતા ઘરમાં ગયાં; ને પાણીની એક અંજળી મંત્રી તેઓ પર છાંટી; કે જેથી તેઓ ભસ્મવત્ થઈ ગયાં. આ પછી પૂન: મારા પિતા શિવારાધનાર્થે વનમાં ગયાં, ને એક વાર ફરીથી પોતાના કાર્યમાં પ્રવત્ત થઈ ગયાં; ને કેટલોક વખત ગાળ્યો, આથી શંકર પ્રસન્ન થયાં, ને બોલ્યાં.

"હે બ્રાહ્મણ, પૂનઃ તું એક ઈચ્છિત વર માગી લે." મારા પિતાયે ખિન્ન રૂદયે કહ્યું; "હે ભોળાનાથ, આપે મને જે પ્રથમ પુત્ર આપ્યો, તે કાંઈ મારી ભકિતના બળથી નહિ, પણ તેની દુષ્ટ વાસનાથીજ; તો કૃપા કરી પૂનઃ મને એક પુત્ર આપો."

શિવે સ્મિત હાસ્ય કર્યુ; ને કહ્યું;

"હે વિપ્ર, અરે ભિક્ષુક, પત્નિ શિવાય પુત્ર કેમ હોઇ શકે?" પણ મારા પિતાયે એની હઠ છોડી નહિ તેથી શિવે કહ્યું;

"તું અહિંથી પૂર્વ દિશા ભણી આક્રમણ કર, ત્યાં તને એક દેવાંગના વરમાળા આરોપશે. તું તેની ઇચ્છા તૃપ્ત કરજે. આમ કરવાથી તને એક પુત્ર પ્રાપ્ત થાશે."

આથી પણ મારા પિતાને શાંતિ થઈ નહિ, તેથી તે કરગરી બોલ્યા, કે "હે નાથ, મારા પુત્રને ત્રિકાળજ્ઞાની બનાવો, જેથી તે ભવિષ્યમાં પોતાની ખરી માતાની શોધ કરે નહિ" શિવે આ પ્રમાણે વરદાન આપ્યા પછીજ મારા પિતા ત્યાંથી દૂર થયાં; ને શિવના કહેવા મુજબ પૂર્વ દિશા ભણી પ્રયાણ કર્યું. થોડે દૂર જાતાં એક દેવાંગનાની તેમને ભેટ થઈ. દેવાંગના સાથે તેઓ વર્યાં, આ મુજબ મારો જન્મ થયો.

આ પછી પૂનઃ મારા પિતા ભકિત કરવા લાગ્યાં. ને પૂનઃ એકવાર શિવ કૃપા થઈ, તેથી તેઓ ભવિષ્યવેતા થયાં. આ પછી તેઓ દેશાટન કરવા નિકળી પડ્યા, પણ મારી માતા તથા રાયકિશોરસિંહની હત્યા કરેલી હોવાથી દારિદ્રાવસ્થામાં આવી પડયા; પણ ભકિત તથા યોગના પ્રભાવે તેમાંથી મુકત થઈ, દિવ્ય દેહ ધારણ કર્યો.

મારી માતા મને બાર વર્ષનો મુકી સ્વર્ગે સિધાવી, ને ત્યાર પછી હું એક મહાત્માના આશ્રય તળે ઉછર્યો, કે જેઓ થોડા વખત પહેલાં સ્વર્ગની મુલાકાતે ગયેલાં છે; ને હાલ તેઓ ત્યાંના અખંડ ધામમાં બિરાજે છે. આ પછી પ્રસ્તુત શિવાલયમાં પુજા આદિ હુંજ કરૂછું.

આટલું વર્ણન સાંભળ્યા પછી સૂરસેન તેને પગે પડયો; ને તેની રજા લહી પૂનઃ પોતાની મુસાફરીયે નીકળી પડયો.

ચતુર્થખંડ–પ્રથમ પરિચ્છેદ.

મનોહરીની મહાવ્યાધિ.

નારી ને વળી નર્કમાં, હાડ ચાંમ ને માસ;
જેને સહુ સુંદર કહો, તેમાં દુર્ગંધ ખાસ.

વ્હાલા વાંચક, સૂરસેને પોતાની હવેની મુસાફરીમાં તેની જીંદગી દરમ્યાન નહિ અનુભવેલો, એવો એક અનુભવ કર્યો. છ એક કલાકમાં ડુંગરોથી ભરપુર, ઝાડપાનાદિથી વિંટળાયલી, એવી એક રળિયામણી જગ્યાએ આવી ચઢયો; જયાંની કુદરતી ખુબી ઓરજ હતી. તે રચના કદાચિત મનુષ્યને જીંદગીનું ભાન કરાવતી હતી, ને આ ઉત્તમ દેહ અર્પનાર પ્રભુના ધ્યાનમાં તલ્લિન કરતી હતી; યા તો કોઇક જુદાજ પ્રકારના આનંદમાં, એટલે કામવિકારમાં જોડતી હતી. સૂરસેન બે ડુંગરોની વચમાં ઝાડીથી વિંટળાયલા એક સપાટ રસ્તા પર ઝડપથી ચાલતો હતો; પણ વચમાં આવતી એક કુટીમાંની મનોહર કુમારીકાએ તેને તેની તે મુસાફરીમાં રોકાણ કર્યું. મન કાબુમાં ન રહ્યું, નેત્રાદિ અવયવોએ બંડ કર્યું; આથી તેને ત્યાંજ રોકાવું પડયું. તેના અંગે અંગ વિકળ થયાં, તથા નેત્રો જાણે પોતાની વલ્લભાના મુખારવિંદને નિહાળતાં અસંતોષ પામતાં હોય, તેમ અસ્ખલિતપણે ઉપરોક્ત મુગ્ધા તરફજ પ્રકાશ પાડતાં રહ્યા. વળી બાહુ, કે જેમાં અતિશય દૈવત રહેલું છે; ને જે રમણીને આનંદ તથા રક્ષણની ગરજ સારે છે; તથા દુનિયાના પ્રથમ પ્રવાસિ માટે

આગળથી સ્તનને પયવત કરનાર સેવક છે; તેઓ અત્યુ-ત્સાહુવત્ બની, ઉપરોકત વર્ણિય કુમારિકાના ભૂમીવશાત કુચને નદીના જન્મસ્થાન રૂપ બનાવવા ઇચ્છતાં હતાં. ગુહ્યેંદ્રિય કે જે પૃથ્વિ પરની પુરૂષ જાતથી ભિન્ન પ્રકરણમાં લેખાતીઓને આનંદોત્થાન છે; તથા આલમ પરના પ્રથમ પ્રકરણમાં ગણા-વેલાઓને, જહાં સાથનો સંબંધ છોડયા પછી અંજળી આપનારની ખોટ પુરી પાડનાર છે; ને એ મુજબ પૃથ્વિ પરથી ઓછી થાતી સંખ્યાને સમાંતર રાખનાર છે, તથા જેના વડે પ્રથમ પ્રકરણના પૃષ્ટ ઓળખી શકાય છે; તે આકાશમુનિ માફક આકાશ પ્રતિક્ષા કરવા લાગી. તથા જેમ ઉંચેથી વહેતાં ધોધમાંથી પત્થર પર પડતાં પાણીને લીધે શ્વેતવર્ણી ફીણના ગોટા આવે છે; તેમ અહિં પણ ઉપરોકત આકાશ પ્રતિક્ષા દર્શિતના મુખારવિંદમાંથી શ્વેત વર્ણી પ્રવાહ માટે હતું; જેથી, આગળ તો શું ! પણ સૂરસેનથી એકે ડગલું ત્યાંથી દૂર જઈ શકાયું નહિ; તેમ પોતાની આવી સ્થિતી પણ કોઇને કહી શકયો નહિ. હિંદુઓના અસલના ધર્માનુંસાર વર્તન કરનાર સૂરસેન આવી બિનાથી તદન બેમાલુમ હતો.

આણી તરફ જેની વડે, અથવા તો જેની મુખાકૃતિથી સૂરસેનની ઉપરોકત વર્ણિય સ્થિતી થઈ, તે મુગ્ધાની સ્થિતી પણ બહુ શોચનિય હતી. પણ તે શોચનિય સ્થિતીનો અંત ઘણા ટુંક સમયમાં આવવાનો હતો. આ મુગ્ધા અનેક અતિ-થીને ઉતારો આપતી, તથા ભ્રાતા અને પિતા તરિકે દરેક સાથે વર્તતી; પણ આજ તેને પ્રિય, એવાને ઉતારો આપવા ને અંદર બોલાવવા તે અસમર્થ હતી. દરેકની સાથે તે વાત

કરતી, તેમ આની સાથે વાત તો ક્યાંથીજ કરે? જે ગુણ સ્ત્રિઓ ઘણે ભાગે છોડી શકતી નથી; તેને આ બાળા પણ છોડી ન શકી, ને તેના પ્રતાપે તેને ઝુંપડીમાં જઈ સંતાવું પડયું. તદપિ તેના ચક્ષુઓ પોતાને મનગમતી મોજ બ્હાર હોઈ અંદર રહેવા કેમ ઇચ્છે? તેનું અવર્ણનિય સ્થાન, કે જે પ્રથમ પંકિતમાં ગણાતાના હસ્તારવિંદને મિત્ર બનવા ફરજ પાડે છે, એ કોમળ પણ કઠીણ અવયવ તો જાણે જવાલા-મુખીની જેમ હમણે ફાટી જાશે; ને તેમાંથી અમૃત તુલ્ય બાલ પોષિત પદાર્થને બદલે, કુસુમાકરના શર પ્રહરથી ઉછળી રહેલું રક્ત, ધોધની માફક બ્હાર આવશે, તથા ચર્ણો કે જેમાં બેવડી સત્તા સમાયલી છે, ને પ્રથમ પ્રકરણમાં ગણાતાં તેના ગુલામ છે; તેમ સાબિત કરવા તેઓને સત્તાધારી તરિકેનું માન, ઉચું સ્થાન આપી સિદ્ધ કરવું પડે છે; તે પણ તેવા માનની પરવા વિના ઉંચા ઉછળવા લાગ્યાં; ને ગુલાબના ગોટા જેવા ગુલાબી કોમળ જુગલ કપોલો કે જેને અલિકુલ ગુલાબનું પુષ્પ ધારી ચુંબન કરે; તેવા કપોલમાં ભ્રમરના આવવાથી શેરડા પડી ગયાં, કે જે એક સુંદિર પાકવાળા ખેતરમાં, તિડ સમાન યાતો સ્વાદિષ્ટ વસ્તુમાં ઝેર સમાન હતાં; ને તેજ ઝેરના જન્મસ્થાને આ કામિનીને પોતાનો ખરો ભાવ વ્યકત ન કરવા દેતાં, મનમાંજ મુંઝાવી દેવા માંડી. બેઉ તરફના પ્યાર માટે તલસતાં પ્રેમીઓએ; રાત્રિના બાર વાગ્યા સુધી, આવીજ સ્થિતી પસાર કરી, જે દરમ્યાન અન્યોન્યની જીવ્હા ચુપજ હતી. આટલું છતાં બન્ને તરફના સંધિના એલચી રૂપ નેત્રો, રમખાણ દૂર કરી, સમજુતી પર આવવા

પ્રયત્ન કરતાં હતાં. બાર વાગ્યા સુધી તો તેઓનું કાંઇજ ન વળ્યું, ને રમખાણ વધી પડયું. બાર વાગતાં સૂરસેન થાકને લીધે નિદ્રાધિન થયો; પણ તેના પ્રેમાબ્ધિમાં ડુબકી દેવાને ઇચ્છા કરનારીને તો નિદ્રાદેવીયે ન્યાત બ્હારજ રાખી, ને સંતાપો કરવા દીધો; પણ તે ચપલાએ તેનો અંત ચપળતાથી લાવી દીધો.

દ્વિતીય પરિચ્છેદ.

વસ્લ એ વારિધી કે પ્રેમ એ પરમાનંદ?

જો વારિધી છે વસ્લ તો, શાને પડયા સહુ પ્રેમમાં?
છે પ્રેમ પરમાનંદ તો, શાને ગયા યોગી વેમમાં?
માનું ન પરમાનંદ એ, માનું નહિ હું વારિધી.
ના સુખ એ, ના દુઃખ એ, તો શું હશે દયાનિધી?

જેમ પાંજરામાં પુરાયલા સિંહ પાસે, સર્વ કોઈ નિર્ભયપણે જાય છે; તેમ નિદ્રસ્થ સૂરસેન પાસે તે મુગ્ધા ગઇ; ને થોડે અંતરે જાગતી સૂતી; પણ જેમ જેમ વખત જાતો ગયો, તેમ તેમ તે અધિરી થતી ગઈ; પણ કાંઇજ વિચાર સુજ્યો નહિ; તેથી અતિશય ગુંચવાડામાં પડી. છેવટે તેના વિચાર સ્થાનમાં એક નવિન વિચારને સ્થાન મળ્યું, જેથી તેની ઇચ્છા તૃપ્ત થઈ. "ઓ નાથ બચાવો." એવી ખોટી બુમ પાડી, તે ચતીપાટ સૂઈ ગઈ; તેમાંય વળી વસ્ત્રો હોવા

છતાં, કુસુમાકરના અગન્યાસ્ત્રથી દહન થઈ ગયેલાં ધારી તેનો ઉપયોગ કર્યો ન્હોતો. વળી તેણે કાંઈ પણ પાથર્યું ન્હોતું; તો પણ તેનો કેશ સમુહ, આ વખતે તેને વફાદાર રહી, મસ્તકથી કટી સુધી પથારી રૂપ બન્યો હતો. સૂરસેન તેની બુમથી જાગ્યો, ને અંધારી કુટિમાં પ્રવેશ કર્યો; પણ મુગ્ધાની ઉપરોકત દર્શિ સ્થિતી પર નજર ઠરતાં શરમાઈ ગયો; ને તેથી નીચી દૃષ્ટિ રાખી ત્યાંજ બેસી ગયો. સૂરસેનના સર્વ અવયવો પોતપોતાના વિચારમાં પડયા હતાં. નેત્રો નીચા રહી પોતાનું કામ સારતાં હતાં જ્યારે, વિચાર સ્થાનમાં પણ મુગ્ધા બાબેનાજ વિચારોએ સ્થાન લીધુ હતું. આવી સ્થિતી વાળાને શરીરનું ભાન કયાંથી હોય? તેના નેત્રો ક્ષણે ક્ષણે પોતાના સાથિ રૂપ અવયવોને ઉશ્કેરણી કરતાં હતાં; તથા તેમાંના ગુહ્ય અવયવે પોતાની પરના સત્તારૂપ પડદાને દૂર કર્યો. વિચાર મગ્ન પુરૂષને તેનું ભાન ન રહ્યું; ને તે ત્યાંજ ઢળી પડયો; (તે જોઇ તો નિદ્રાથી કહો યા અંગમાં આવું રમખાણ હતું તેથી, અગર અતિશય વિચારથી કે બેભાન સ્થિતીથી. ગમે તે કોઈ એક કલ્પના કરો.) તથા જેમ સ્વપ્નાવસ્થામાં કેટલીક વાર બને છે; તેમ અહિં તો તેજ પ્રકારના વિચાર હોઈ, સત્તારૂપ જળધોધ જીંદગી દરમ્યાન પ્હેલીજ વાર સ્ખલિત થતો ચાલ્યો. આમ બને તેમાં શું? વિચાર પર કાબુ ન હોવાથી એમ બનવું શકય છે. ઉપરોકત મુગ્ધાએ હવે તેનું કામ સારવા માંડયું. ચાલાકીથી દડતી દડતી તે તેનાં ચર્ણાર્વિંદ સમક્ષ ગઈ; જ્યાં વિરૂધ

દિશ તરફ મસ્તક રાખનારાઓની ઇચ્છિત વસ્તુઓનો કાંઈક ભેટો થયો. વળી મુગ્ધાના ચર્ણોએ કોઈની પણ પરવા સિવાય પોતાનું સ્થાન સ્વાધિન કર્યું. વાંચક, આમ બને ત્યારે શરમ રૂપી કુમારિકા કયાં સુધી ઉભી રહે? વળી આ નિશાનાથનું રાજ્ય હતું. રાત્રિ રાણી સિવાય અન્ય કોઈ પાસે પણ ન્હોતું, પછી શરમ શાની? અન્યોન્ય મોહજાળમાં પડયા, કામાગ્નિને શાંત કર્યો; ને નિત્ય કર્મમાં પ્રવત્ત થઈ ગયાં.

રે! આવો મહા કષ્ટે, અન્યોન્યે હર્ષાવેશમાં, સ્વપસંગીથી બાંધેલો, નિર્મળ ઝરા જેવો પ્રેમ પણ અચળ ન્હોતો, તો અન્યત્ર શું અચળ હોઈ શકે? આવા ગાઢા પ્રેમમાંથી છુટા પડવું, એ પાણીમાં ડાંગ મારી છુટા પાડવા જેવું, અગર પાણી વલોવી માખણ તારવા જેવું હમણે તો ભાસસે; પણ રે, તેનો ક્ષણ માત્રમાં લય થઇ જશે; એટલુંજ નહિ, પણ અન્યોન્યને તિરસ્કાર છુટશે: જે જોઇ સર્વ કોને મોઢામાં આંગળા નાખવાં પડશે.

જેમ સુરસિંહે પોતાનું કાર્ય વિસારી દીધું હતું; તેમ સૂરસેને પણ વિસારી દીધું. સૂરસિંહને તો સૂરસેને યાદી આપી હતી; પણ સૂરસેનને તેવી યાદી કોણ આપશે? એ પ્રશ્નનો જુવાબ હમણેજ મળશે; પણ તે પ્હેલાં જરા આગળ નજર નાખ, તો જણાશે, કે સુરસિંહ અને સુરસેને પોતાનું કાર્ય વિસારી દીધું; તેના કારણો રૂપ કોઈજ નાહ; પણ નારીઓજ હતી; પણ તેય ચલિત છે.

ચલિત સકલ સંસાર છે, ચલિત નર ને નાર,
ચલિત જોબન જીંદગી, અચલિત વિશ્વાધાર.

તૃતીય પરિછેદ.

નારી પ્રત્યક્ષ રાક્ષસી.

શાણી સદગુણી હોય તે, રમણી રમણ કરાવશે;
કુલટા દુર્ગુણી હોય તે, ભોગી ભ્રમણ કરાવશે.
શાણી તે રાણી કહો, સુખ સ્વર્ગે પણ આપશે,
કુલટા કામિ રાક્ષસી, નરકે જરૂર નખાવશે.

સૂરસેને આઠ દિવસ તો નવી નાજનિની પર્ણકુટિમાં ઘણાજ સુખમાં ગાળી કાઢયાં; દરમ્યાન પોતાને સોંપાયેલું કાર્ય સ્મૃતિમાંથી છેકજ દૂર જઈ બેઠું. પ્રથમ વાર્તાલાપ કરતાં તેઓ શરમાતાં, પણ તેવા પ્રકારની શરમ કેટલો વખત ટકે? આઠ દિવસો વિત્યા, તેટલામાં શરમ તદનજ છુટી ગઈ હતી. સૂરસેને તો પ્હેલે દિવસેજ છોડી દીધી હતી; તે એટલે સુધી, કે તેની આગળ તેના સૌંદર્ય બાબે વખાણ કરતો. વખત જતાં આ મુગ્ધા પણ શરમ વિહિનજ બની; કેમકે સુરસેન તેની સાથે વાત કરવાનો પ્રસંગ શોધી, તેની સાથે વાત કર્યા કરતો. એક દિવસ આ રસિકાએ પૂછયું.

"આપનું પધારવું શા કારણે ને કેવી રીતે થયું, તે જણાવો તો સારૂં."

તે વાત કહેતાં સુરસેનને પોતાના કાર્યના સ્મૃતિ થઈ આવી; ને તેથી તે કાર્યાર્થે નિકળી પડવાને તે અધિરો થઇ ગયો; પરંતુ તે મુગ્ધાએ કહ્યું; કે "આપ મને સાથેજ લઈ

જાવ; અગર હમણે તે કાર્ય વિસારી મુકો." રાજપુત સુરસેન પ્રેમમાં પુરતો ગિરફતાર થઈ ગયો હતો; તેથી તેને એટલો પણ વિચાર ન આવ્યો, કે આવી સાધન રહિત મુસાફરીમાં સ્ત્રિઓ બોજા રૂપ થઇ પડે છે, તેમાંય વળી આવી કોમળાંગીઓ તો છેકજ ભાર રૂપ નિવડે છે. સુરસેને તે રસિકાને સાથે લહી જાવાનું કબુલ કર્યું; ને બાળા રૂપ જણાતી તે પર્ણકુટિ જાણે પૃથ્વિમાંથીજ નિકળી આવી હોય, ને પોતાનું કાર્ય પૂર્ણ થયેલું હોઈ, પોતાને કૃતકૃતાર્થ થએલી જાણી પૂનઃ પૃથ્થીમાંજ સમાઈ ગઈ.

આ બાળા કે જેનું નામ રૂપેશ્વરી હતું, તેને લહીને સુરસેન આગળ ચાલ્યો; પણ તે કેટલીક મજલ કરે? બે દિવસમાં તો તેની સહચારિણી થાકી ગઈ; તથા જેમ કોઈ નાની બાળા પિતાના શરીરનો આશ્રય લે, તેમ તે પણ પોતાના પતિ સુરસેનના ખભે બેસી મુસાફરી કરતી થઈ; તદપિ ભુખ, તરસ, તડકો, અને મુસાફરીનો શ્રમ તો વેઠવો પડતો હતો. કેટલેક ઠેકાણે રાત્રિ વ્યતિત કરવાં તેઓ મુકામ કરતાં, કે જ્યાં તેઓ રતિપતિને સંતોષવા ચુકતાં નહિ. આવા અતિ સુખનું પરિણામ ઘણુંજ માઠું આવે છે. સુરસેન હાલ ત્રીસેક વર્ષની ઉંમરનો હતો; જ્યારે તેની સહચારિણી તેનાં કરતાં સૂર્યની કળા જેટલી, એટલે સોળ વર્ષે નાની હતી; જેથી તેની આકર્ષણ શકિત પણ લોહ ચુંબક જેવીજ હતી. પરિણામે આ ક્ષણભંગુર કાયામાંથી દિન પર દિન તાકાત ઓછી થઈ જવાનું પ્રત્યક્ષ પ્રમાણ સુરસેનને જણાયું; સાથે રૂપેશ્વરીને અડકવાનું પણ ઈશ્વર તરફથીજ બંધ થયું. સુરસેન આથી ઘણોજ

પસ્તાયો, અને રૂપેશ્વરી કરતાં હજાર દરજ્જે ચઢિયાતી રૂપેશ્વરી મળે, તો પણ તેને તુચ્છ ગણવી, એમ એક વાર તો થઇ આવ્યું. વખતે એમ પણ થઇ આવતું, કે આ મુગ્ધાનું મારે શું કામ? લાવને એને આ સ્થળેજ મુકી દવ; વળી મારા જેવાં, કોઇનું આવવું થાશે; ને તે તેને સંપૂર્ણ સુખ આપશે.

વાંચક, જોયું, કેમ થયું! તને આવું દુઃખ હોય તો આવો વિચાર આવે ખરો કે? વળી આવી સ્વરૂપવતિનું સુખ પણ વધુ ગમે ખરૂં કે? હજુ તો કદાપિ પ્રત્યુત્તરમાં હા ભણાશે. પણ જોજે; કે આગળ વાંચ્યા પછી વિચાર કેમ ફેરવાય છે. ત્યારેજ યાદ રહેશે, અમથું નહિ રે. ત્યારેજ સંસારના સુખ દુઃખનો કાંઇક વધુ ચિતાર મલશે. ઠીક હમણા તો તું પણ સુરસેન સાથે ઘસડા. સુરસેન આ જગ્યામાં ત્રણ દિવસ કેદ પડયો. એ તો કબુલ છે ને? સુરસેનનાં નસીબ યોગે, પાણી પાસે હતું; પણ તેય કાંઈ સ્હેલાઇથી મળે તેમ તો ન્હોતુંજ. આજુબાજુના વૃક્ષો ફરી સુરસેન મહા મ્હેનતે ફળો લાવતો; ને એ રીતે બેઉ પોતાનું પુરૂં કરતાં. એમ કરતાં ત્રણ દિવસો તો વિત્યાં; ને ચોથો દિવસ, કે જે દિવસે તેઓને પ્રયાણ કરવાનું હતું, તે દિવસની સુખરૂપ પ્રભાતે દર્શન દીધાં. સ્નાન, ખાનપાનાદિથી પરવારિ રૂપેશ્વરીયે પતિ સંગે ચાલવા માંડયું. થોડીવાર પોતાના નાજુક ચર્ણા-વિંદને તસ્દી દેતી, તો થોડી વાર પતિનો ટેકો લેતી. સુરસેનનું શરીર અગાઉ કરતાં ઘણુંજ ઉતરી ગયું હતું; પણ નાજનીના મુખાર્વિંદના દર્શન કરતાંજ, તેના ચક્ષુઓમાં વસેલું, કામ-વાસના રૂપી ઝહર, ગરીબ બિચારા સુરસેનના રૂદયમાં પ્રવેશ

કરી, બલાત્કારે તેને રતિવિલાસ કરવા ફરજ પાડતું. આમ બે મહિના પસાર થઈ ગયાં. દરમ્યાન પ્રથમ જેમજ ત્રણ ત્રણ દિવસ રોકાણ તો થયુંજ હશે. આટલી મુસાફરી કર્યા બાદ, તેઓ એક નિર્ભય સ્થાને; એટલે કે કુંદનપુરી નામની એક નગરીમાં આવી ચઢયાં. આ નગરી તે એજ નગરી હતી, કે જેમાં ચંદ્રસિંહ અગાઉ કેદ થયો હતો; પણ હાલમાં તો ચંદ્રસિંહ ત્યાંથી કોઈ બીજેજ સ્થાને જઇ ચઢયો હતો; જેથી કરીને ચંદ્રસિંહને મળવું, એ રેતીના રણમાંથી ગુલાબનો છોડ યાને પાણી મેળવવા બરાબર હતું.

સૂરસેન તો તેની મુસાફરીથી ઘણોજ કંટાળ્યો હતો; ને આ જગ્યાએ ચંદ્રસિંહ મળશે એમ ત્રિકાળપ્રસાદે તેને કહ્યું હતું; પણ તે મુદત તો સૌંદર્યેશ્વરીનાં પ્રતાપે વિતી ગઈ હતી; તેથી તેની શોધ ચલાવવી, એ ઘણુંજ કઠીન કામ હતું. ઘેર પાછા પ્હોંચવું, એ પણ કાંઈ સ્હેલ વાત ન્હોતી. એકલો હોત તો તેની ઇચ્છાનુંસાર પૂનઃ પોતાની જન્મભૂમીની મુલાકાત પણ કરાત, પણ આ બોજાને સાથે લઈ કોઈ સ્થળે જવાય તેમ ન્હોતું. આવા આવા વિચારોયે તેને ઘણો કંટાળો આપ્યો. વળી રૂપેશ્વરી કાંઈ ગુણનો નમુનો ન્હોતી, કે તે સૂરસેનને કાંઈ દિલાસો દે; આથી ઘેર જવાનો વિચાર તો અધરજ રહ્યો, ને શોધ કરવાનો વિચાર પણ મગજમાંથી પરલોક પ્રયાણ કરી ગયો સૂરસેને આ સ્થયે ઘર લઈ રહેવાનો વિચાર કર્યો, ને તે અમલમાં મુકવા રાજા પ્રભાતસિંહ પાસે નોકરીની યાચના કરવા ગયો; તેમાં ફત્તેહ પણ મળી; ને વિચાર સંપૂર્ણ અમલમાં મુકાયો.

ચતુર્થ પરિચ્છેદ.

સૌંદર્યમાં સુધારો સાબુ ને સેન્ટથી.

સુધારો સૌંદર્યનો, સાબુ સેન્ટ નવ ધાર;
પતિ ભક્તિ નિતિ તણા, સુધારે મન વાળ.

વારૂ વાંચક; આવા રૂપનો નમુનો ને અક્કલનો અંગારો આ ભાઇની કોટે કયાંથી વળગ્યો! જાણવું છે; ઠીક તો લે. વાંચ આ નાનકડું વૃત્તાંત, કે બધુંય પોગળ ખુલ્લું થાય.

ઉપર પ્રમાણે સારો ખેતાબ પામેલી રૂપેશ્વરી એક એક ગુણિકાની છોકરી હતી; કે જે ગુણિકા ઘણાંજ કુડાં કર્મ કરતી. સદભાગ્યે તેને એક સારી સખિની ભેટ થઈ; કે જે સખિએ આ ગુણીકાને પતિવ્રતાનો અખંડ મહિમા કહી સંભળાવ્યો. મહિમા સુણી તે ઘણી પસ્તાવો કરવા લાગી, ને પૂનઃ શુદ્ધ થાવા ઇચ્છા થઈ. સખિ સલાહથી તેણે ભક્તિમાં ચીત ચોડયું. સર્વ કોની મનકામના સફળ કરનાર જગતપિતા તેની પર પ્રસન્ન થયાં; ને એક વરદાન માગવા કહ્યું. તે બોલી, "હે નાથ, આ હતભાગિણીયે ઘણાંક પુરૂષોનાં રેતને આ આ અશુદ્ધ દેહમાં સ્થાન આપેલ છે; વળી કંઇક કુડાં કર્મો પણ કરેલ છે; તો કૃપા કરી તેનું નિવારણ કરી, દાસીને શુદ્ધ બનાવો," આથી પન્નગધારીયે તેને મંત્રેલા જળનું એક પ્યાલું આપ્યું; કે જેને ગુણિકાયે ઘણાંજ હર્ષથી ગ્રહણ કર્યું; ને તત્ક્ષણે તેનો ઉપયોગ કર્યો. સમય જતાં તે રૂતુમતિ બની, અને તેને એક પુત્રિ પ્રાપ્ત થઈ, કે જે રૂપનો નમુનો

હતી. તે પુત્રિને પાસેના શિવાલયમા વસ્તાં સાધુને હસ્તગત કરી; શુદ્ધ થયેલી તે ગુણિકાએ કોઈ એક ધનાઢય પુરૂષ સાથે લગ્ન કર્યું; કે જ્યાં પતિવ્રતપણાના પૂર્ણ પાલણે તેને અક્ષય સુખ મલ્યું. તે સાધુએ આ છોકરીને છએક વર્ષ શિવાલયમાં રાખી; પણ પછી કેટલેક દૂર એક પર્ણકુટી તેના નિવાસાર્થે બાંધી; ત્યાં તેને સ્થાયી કરી. તેને માટે ત્યાં નિયમિત ભોજનાદિની સોઈ કરી હતી. તે યોગ્ય ઉમરે પહોંચતાં, જાણે તેને કોઇ ઓળખતાંજ ન હોય, ને દયા ખાતરજ અન્નદાન કરતાં હોય, તેમ સર્વ વસ્તુઓ શિવાલયના સાધુઓ પુરી પાડતાં. તેના ચાલ્યા ગયાની વાત જાણી તેઓ ખુશિ થયા હતાં. બસ આટલુંજ એનું વૃત્તાંત. આ રીતે આ છોકરી રૂપેશ્વરી તેની માતાના અયોગ્ય આચરણનુંજ રૂપ હતી. આ પ્રમાણે તેની માતા અશુદ્ધ મટી શુદ્ધ થઈ, પણ રૂપેશ્વરી શુદ્ધ મટી અશુદ્ધ કેવી રીતે થઈ; તથા તેના શા ફળ મળ્યાં. ને છેવટ શું બન્યું; તે હવે પછી જણાશે.

રાજ્ય દરબારમાં સૂરસેનને એક સાધારણ સિપાઇની પદ્વી મળી હતી, તદપિ તેને સંતોષ હતો. આ નગરીમાં તેણે તેની પરમપ્રિય રૂપેશ્વરી સાથે બે વર્ષ તો સુખમાં ગાળી કાઢયાં ને બહાદુરીથી કાંઈક ઉંચી પદ્વિ પણ પામ્યો; ને સુખમાં વૃદ્ધિ થઈ. હજુ સુધી રૂપેશ્વરી વિશુદ્ધ હતી; તદપિ હવે તેમ બનવું અશકય લાગ્યું. તેણે વલખાં મારવા માંડયાં ને તે વલખાનાં પરિણામ રૂપ, બે ચારથી માત્ર થોડાંજ વધારે, એટલે છ સાત સાથેજ માત્ર રતિવિલાસનું છુપુ સુખ ભોગવ્યું હતું. આ કાંઈ વધુ ન્હોતું હો! વધુને તો

હજુ વાર છે. ગરીબ બિચારા સૂરસેનને ખુવાર તો મળવા દે. તે રંડાના નામને તિલાંજલી આપવા મારી કલમ આતુર છે; તો જલ્દી કર. થોડા વખતમાં રૂપેશ્વરીને એક પુત્રનો પ્રસવ પણ થઈ ચુકયો; આથી ઘરમાં આનંદ પણ થયો. એ તો સ્વાભાવિક છે. અરે મહેરબાન હું ભુલ્યો. નવનવા પુરૂસોને ગુલામ બનાવવાનો એક ખાસ ગુણ રૂપેશ્વરીમાં હતો હો. તે કયો ગુણ હશે? વારૂ! વિચાર પ્હોંચે છે. ના પ્હોંચે તો વાંચ. તેનો કંઠ તિલોત્તમા સમાન મધુર ને મનોહારક હતો. વાહ! એથી વધુ શું જોઇએ! રોજ રાતના પોતાના કંઠનો પરિચય તે ઘણાકને કરાવતી; ને સાથે સુધરેલા જમાનાની ફેશનને પણ સારો ટેકો આપતી; તેથી તેના રૂપમાં ઓર વધારો થતો; ને તેથી જેમ પાણી દેખી તૃષાતુરની તૃષામાં વૃદ્ધિ થાય છે; તેમ ઘણા તેના મુખારવિંદના દર્શનથી તૃષાંતુર બની ભટકતાં. તો પણ બધાયને તે પાણી પીવા મળતું; એમ તો ન્હોતું જ; પણ થોડાંક તો પોતાની તૃષાં છીપવા શકિતવંત થતાં; એમાં તો શક નહિ. આ રીતે બીજા બે વર્ષમાં બીજા ઘણા ગ્રાહક બન્યા, ને એક બીજા પુત્રે આનંદમાં સુવૃદ્ધિ કરી.

રાત્રિ રૂપી સૂરસેનની દુઃખદ સ્થિતી, યાને સિપાઈની હલકી સ્થિતીનો પૂર્ણ નાશ થઈ; પ્રભાત યાને સુખપ્રદ સ્થિતી રૂપ મુખ્ય સેનાધિપતિની પદ્ધિએ દર્શન દીધાં હતાં. હવે તેને કાંઈ ખામી? હવે તે મોટો માણસ બન્યો. રાજા પણ વારંવાર તેની સલાહ લેવા લાગ્યો. સૂરસેનને પણ હવે શું ખોટ હતી? રાજાને રિઝાવવા તે પણ ઉપાય યોજવા લાગ્યો.

પોતાની શક્તિનું સાર, પુત્ર વધામણીમાં રાજાને યોગ્ય નજરાણું કર્યું; ને પ્રસંગ પર ભોજન માટે નિમંત્રણ કર્યું. રાજાએ તેની વિનતી પર ધ્યાન આપ્યું, એટલે સૂરસેનને ઘેર જમવા જવાનું કબુલ કર્યું. સૂરસેને ભિન્ન ભિન્ન પ્રકારની સ્વાદિષ્ટ રસોઇ તૈયાર કરાવી; ને રાજા કુટુંબ સહ જમવા આવ્યો.

વાંચક, રાજા જમે એટલીવાર આપણે થોડી વાત કરીયે. રૂપેશ્વરી રૂપનો નમુનો તો હતીજ; પણ હાલ જેમ ઘણી સુધરેલીયો રૂપમાં વૃદ્ધિ કરવા, સુગંધી સાબુઓનો ઘાણ વાળે છે; ને સેન્ટમાં પૈસા ઉડાવે છે; તેવી બાબતમાં કાંઈ આ ગુણિકા પુત્રી ઓછી ઉતરે તેમ ન્હોતી. તેવી બાબતમાં તે શુરી બની હતી. પછી કહેવુંજ શું! રાજાને પિરસવામાં તે આગળ પડતો ભાગ લેતી હતી. રાજાનું ધ્યાન ભોજનમાંથી ખેંચાણું, ને તે સુંદરીમાં વેંચાણું; એટલે કે નયને નયન મળી ગયાં.

પંચમ પરિચ્છેદ.

ગરીબનો બેલી પરમેશ્વર.

સાથી આ સંસારના, સઘળા જુઠા ધાર;
સાચો સાથી એજ જે, આ જગનો રચનાર;
દુઃખીયાના દુઃખ તે હરે, સુખીયાને કરે સાય;
સર્વે કાર્યો તે કરે; કોથી કંઇ નવ થાય.

રાજાને ભોજન તો રોજ મળે; પણ કંઈ આવા મધુર મુખાર્વિંદની મુલાકાત રોજ મળે? આમ છે; તો પછી ભોજન કરતાં, મુખાર્વિંદની કિંમત વધી જાય એમાં શું? રાજા જમ્યો ન જમ્યો; ઉઠયો, ને મુખવાસને જેમ તેમ ન્યાય આપ્યો. જેમ ચકોર પક્ષિ તેના પિતા ચંદ્રની સામે જોયા કરી, તેને મળવા ઇચ્છા કરે; તેમ રૂપેશ્વરીની સ્થિતી પણ આ વખતે તેવીજ હતી. વળી રૂપેશ્વરી પોતાના નયન બાણુથી રાજાની તિવ્ર ઇચ્છામાં રાક્ષસી વૃદ્ધિ કરતી હતી; કેમકે રાજાથી વિશુદ્ધ રહે, તો તો ખોટજ પડે ને વધુમાં પોતાના મધુર કંઠનો પરિચય પણ રાજાને કરાવ્યો; ને લાગ જોઈ એક પત્રિકા પણ રાજા પ્રતિ ફેંકી. રાજાને મન તો કોઈ મહાન મહાત્માની અદ્દભુત ગુટિકા પ્રાપ્ત થઇ, કે જેના પ્રબળ પ્રતાપથી પોતાનો રોગ દૂર થાશે; એમ ધારી સત્વર પત્રિકા ઉઘાડી વાંચવાનું શરૂ કર્યું; પણ જોજે હો; ધીમે વાંચજે. અવાજ બ્હાર ન જાય.

"આ દેહ રૂપી વાડીને શિતળતાં માટે પ્રભાતની ઘણી જરૂર છે. તો પ્યારા પ્રભાત, કુસુમ શરની અગ્નિ જવાલાથી બળતાં વાડીમાંના કમળ પુષ્પને પ્રભાત દર્શન દહી, નહિ ખિલેલા કમળને ખિલતું કરવામાં વિલંબ ન કરો; અગર મધ્યાન્હ થાતાં તે ખરી જઇ નકામું થાશે."

સૂરસેન આ બિનાથી તદન અજાણ્યો હતો. રાજાએ છુપા મેળાપ માટે અનેક તર્ક વિતર્ક કરવા માંડયાં; ને તેમાં ફત્તેહ પણ મળી. એમાં નવાઈ પણ શું? ઇશ્વરે મનુષ્યને એક એવો મિત્ર આપેલ છે; કે જો તેની પર વધુ વિશ્વાસ મુક-

વામાં આવે, તો ગમે એવા દુઃખથી મનુષ્ય મુકત થાય છેજ. તે મિત્ર તે કોઈ નહિ, પણ વિચાર સ્થાનજ.

પ્રભાતસિંહની યુકિત કાંઇ બહુ ઉંચા પ્રકારની ન્હોતી. પણ તેથી શું ? સૂરસેન ગમેતેમ તોય પોતાનો નોકર હતો; એટલે પોતે કરેલા હુકમનો અનાદર કેમ થાય ? આમ વિચારી રાજાએ સૂરસેનને હુકમ કર્યો;

"આપ સખિ મંડળને મારા ઘર પ્રતિ રવાના કરી આવો; ત્યાર બાદ કચેરીમાં જાવ; હું પણ કચેરી તરફ જાવછું."

સૂરસેને તરતજ રથ જોડાવ્યો; ને રાજ્ય ગૃહની સર્વ સ્ત્રિઓને ઘેર મુકવા ચાલ્યો. રાજાએ પણ વધારે વખત ન ગુમાવતાં પોતાની મુરાદ જલ્દીથી બર આણી; એટલે કે જેવી શિતળતાં માટે રૂપેશ્વરીયે લખ્યું હતું; તેવી શિતળતાંથી તેના રૂદયમાં બળતી કુસુમ જવાલાને શાંત કરી. હવે પછી કેમ મેળાપ કરવો ? તે માટે બેઉ બેઠાં; ને લાંબો વિચાર કર્યો. ભોળા પ્રભાતસિંહને તો વિચાર ન સૂઝ્યો; પણ આ પાપિણી અક્કલનાં અંગારાને મોઢે આવ્યું; તે ભસી નાખતાં વખત ન લાગ્યો. તેનું રૂદય તો પત્થર જેવુંજ; એટલે વિચાર પણ એવોજ હોય. એમાં શું ? તે હસ્તાં હસ્તાં બોલી "હે રાજન, મનોચ્છાઓ સફળ કરનાર, સૂરસેન રૂપી કંટકને આજેજ ઝેર દઈ, રાત્રિ થતાં ઠેકાણે પાડી દઈશ; ને પછી આપણે સુખે મોજ માણીશું."

રાજા સંમતિ આપી નીચે ઉતર્યો; પણ રૂપેશ્વરીયે પૂનઃ તેને બોલાવ્યો. પ્યારમાં ગિરફતાર થયેલ રાજાથી તેની આજ્ઞાનું ઉલંઘન કેમ થઈ શકે ? આમ હોઈ થોડી વાર વધુ રોકાવું

પડયું. સૂરસેને સર્વને ઘેર પ્હોંચતાં કર્યાં; ને કચેરી તરફનો રસ્તો લીધો; પણ રાજાના દર્શન ન થવાથી ઘર પ્રતિ પૂનઃ ઓંકાવ્યું. ધારેલા સ્થળે આવી ચઢયો; પણ દ્વાર બંધ દીઠાં. આથી સૂરસેનને વ્હેમ આવ્યો; ને તેના ચર્ણો ત્યાંજ ખડા થયાં; જે વખતે નીચે મુજબ શબ્દો તેને કર્ણ ગોચર થયાં;

"હું કંટકને આજેજ દુર કરી આપની મુરાદ બર લાવીશ; પણ આ દાસીને ભુલશો નહિ."

શબ્દો કાને અથડાતાંજ તે ચમકયો, ને ઝડપથી પણ સંભાળથી દાદર ઉતરી બ્હાર આવ્યો; ને થોડે દુર જઈ પાછો ફર્યો; કે રાજાને વ્હેમ ન આવે. રાજાની મુલાકાત થઈ, પણ રાજા તેના વિષે કાંઈજ કળી શકયો નહિ. સૂરસેન ઘરે આવ્યો; ને વિચારમાં પડયો. ઘડીમાં તેને એવો વિચાર આવતો, કે લાવ આ સ્ત્રિનાજ બે કટકા કરી નાખું; પણ વળી વિચાર આવતો કે તેથી તેનાં છોકરાં રખડી મરશે; ને રાજાને જાણ થતાં મારે તેનો ભોગ થાવું પડે. આમ હોવાથી તે વેર લેવાને તો અશક્ત હતો; તેથી નવી તદબિર રચી તે બોલ્યો;

"હે પ્રિયા, રાજાના કામ પ્રસંગે મારે સત્વર દૂર દેશાવર જાવું છે; તો કહેવા મુજબ સામગ્રી તૈયાર કરો." સર્વ સામગ્રી રૂપેશ્વરીએ તૈયાર કરી; પછી તે બોલી;

"હે નાથ અત્યારના આપ અહિંયાજ રહો. પ્રભાત થાતામાં ચાલી નિકળજો."

સૂરસેને કહ્યું; કામ ઘણું ઉતાવળનું છે; બિલ્કુલ રોકાણ

કરી શકાય તેમ છેજ નહિ." પૂનઃ રૂપેશ્વરી બોલી; "પ્રાણનાથ, ભોજન તો કરતાં જાવ." સૂરસેને કહ્યું; "મારા પેટમાં ગડબડાટ છે; ને મને ભોજનની સ્પૃહા નથી." આટલું બોલતામાં તો તેની પૂર્વ સ્થિતીનું તેને સ્મરણ થયું; ને આંખમાંથી શ્રાવણ ભાદરવો ચાલ્યો; પણ પોતાની નાસી છુટવાની યુક્તિ વર્તાઈ ન જાય, તેવા હેતુથી બોલ્યો; "હે પ્રિયા, તારો વિરહ મારેથી કેમ સહન કરી શકાશે?" રૂપેશ્વરીની આંખમાં પણ હર્ષાશ્રુ આવ્યાં; તેણે જાણ્યું; કે હમણે જમીને જાશે; પછી અર્ધ રસ્તેજ પુરો થઈ જાશે, એટલે આ બિનાની પણ ખબર નહિ ફેલાય. પણ તે જાણતી ન્હોતી, કે "ગરીબનો બેલી પરમેશ્વર છે.", તેની ઈચ્છા સિવાય કાંઈજ બનતું નથી. અહા! શું નીચતાં; કેટલું કઠોર રૂદય! પોતાની દુઃખમય સ્થિતીમાંથી આવી સુખમય સ્થિતીમાં લાવનારને છાતીફાટ રૂદન કરતો જોઈ, તે ક્રુર રૂદયની સ્ત્રિ મનમાં હસતી હતી. સૂરસેને ભોજન નજ કર્યું, ને ઘોડેસ્વાર થઈ, સત્વર તે ભુમીનો ત્યાગ કરી ગયો. આટલું છતાં રૂપેશ્વરી સૂરસેનના મનની ખરી વાત કળી ન શકી; એથી તને આશ્ચર્ય થાશે; પણ કુદરતના નિયમાનુંસાર દુષ્ટ બુદ્ધિવાનને ખરી બિનાની જાણ ક્યાંથી થાય? એમ બને ત્યારે, તેનું અંતઃકરણ અધર્મિ કેમ કહેવાય?

વાંચક, હજુ તું મોઢામાં આંગળાં ન નાખતો હો. હજુ એ સમય તો પાછળ છે. હમણે રૂપેશ્વરીની અધમતા તરફ જોવાનું છે; પણ પછી તેની અધમ સ્થિતી, અને કુકર્મોનાં ફળ તરફ જોવાનું છે; તો પણ આટલાથીય મનમાં ઉંડી

છાપ પાડવા ચુકવું નહિ.

રાત્રિના દશ વાગતાં સુધીમાં તો અનેક પુરૂષોના બળતાં રૂદયને શાંત કરવાનું, પરગજુપણું કરી રૂપેશ્વરી રથ જોડાવી રાજાના ઉતારા પ્રતિ ગઈ; તથા તેને સર્વ વાતથી વાકેફ કર્યો. રાજા તો પૂર્ણ હકિકત કળી ગયો, પણ તેથી તે ખુશિ થયો; ને તેજ રથમાં બેસી રાજા તે નાજનીના ઉતારે આવ્યો. નિશાનાથના રાજ્યની ચારે ઘડી, રાજાએ પત્થર રૂપ રૂપેશ્વરીની પર્યંકમાંજ પસાર કરી. આ મુજબ એક મહિનો વ્યતિત થઈ ગયો, પણ સૂરસેન, યા તેના સમાચાર ન આવ્યા. આથી રૂપેશ્વરીયે પોતાના મ્હેલનો ત્યાગ કર્યો; ને પોતાને પ્રિય એવા પ્રભાતસિંહને મ્હેલે જઈ રહી; પણ ત્યાં તેને જુના આશકોની ખોટ પડી. તે ખોટ દૂર કરવા કેટલીક વાર તે પોતાના જુના મ્હેલના દર્શન કરતી; ને તૃષાતુરને પાણી પાઈ સંતોષ આપતી: પણ અરે, પાપ કેટલો વખત છાનું રહે? આજકાલ કરતાં કેટલાંક દિવસો વ્યતિત થયાં; ને તે નાજનીનાં દિવસો પણ ભરાઈ ચુકયાં. તેની પડતી શરૂ થઈ. તેમાં તેની શી દશા થઈ; તે તરફ આર્ય મહિલાઓ; ખૂબ ધ્યાન આપજો; ને તેવા પાપથી દૂર રહેજો. બંધુઓ, સૂરસેનને પડેલાં દુ:ખ તરફ નજર રાખી, સુખ દુ:ખમાં ધીરજ રાખવા બંધાવ; ને નીચેના વાકય મોઢે રાખો.

છકી ન જઇએ સુખમાં, કરી ન દુ:ખમાં કલેશ;
સુખ દુ:ખ દિન સરખાં ગણી, ન દઈ દોષ નરેશ.

ષષ્ટ પરિચ્છેદ.

સ્ત્રિ એ સ્વર્ગ કે નારી એ નર્ક.

રૂપેશ્વરીનું પોતાને મ્હેલે આવવું, અને નીચ બુદ્ધિથી નીચ કર્મો કરવાં; એ સર્વ બીના રાજાની રાણીયોયે જાણી; ને દિન પર દિન રાજાના કાન ભંભેરવા માંડયા. ધીમે ધીમે રાજાના મનપર એની અસર થઈ; ને પરિણામે રૂપેશ્વરીને બ્હાર નીકળવાનું બંધ થયું. રૂપેશ્વરી આથી ઘણીજ અકળાણી, પણ કાંઇ વળે તેમ ન્હોતું, તેથી કેટલાક મહિના ગાળી કાઢયાં. આખરે લાગ મળ્યો. એક દિવસે રાજાએ તેના મ્હેલની મુલાકાત લીધી. તે વખતે રૂપેશ્વરીએં પોતાનું સ્ત્રિ ચરિત્ર કરવા માંડયું. મૃદુ વાકયોથી રાજાનું મન હરણ કર્યું; તથા તેને ભોજન માટે કહ્યું; પણ પ્રભાતસિંહે ભોજનનો ઈન્કાર કર્યો; આથી તે કુલટા નિરાશ ન થઇ; પણ પોતાનું ચરિત્ર આગળ ચલાવ્યું. ઝેર ભેળવેલા દુધનો એક પ્યાલો, રાજાને પીવા માટે વિનંતી કરી. ભોળા રાજાગે તેનો સ્વિકાર કર્યો; ને થોડા વખતમાં નિદ્રાધિન થયો. એ વખતે રૂપેશ્વરી પુરૂષના વેસમાં ઘોડેસ્વાર થઈ; ને પોતાના આશકોમાંથી બે જણાને સાથે લહી; પોતાના પુત્રોની દરકાર ન કરતાં, ત્યાંથી સત્વર ચાલી નીકળી, ને પ્રભાત થતાં સર્વ નિર્ભય સ્થાને જઈ પ્હોંચ્યાં.

રાજા પ્રભાતસિંહને ઘેર પણ પ્રભાત થઇ. હજુ સુધી તે બેભાન અવસ્થામાંજ સુતેલો હતો. નાસ્તાનો સમય થાતાં

રાજાની રાણી પ્રભાવંતી નાસ્તો લઈ રાજાના નાસ્તો કરવાના ગૃહ પ્રતિ ગઈ; પણ રાજા નજરે ન પડવાથી શહન ગૃહ ભણી દૃષ્ટિ કરી. તપાસ કરતાં પ્રભાતસિંહને બેશુદ્ધ દીઠો. રાણી પ્રભાવંતીયે સર્વને આ વાતથી વાકેફ કર્યાં. પ્રધાને બનતી ત્વરાયૈ રાજવૈધને તેડાવી મંગાવ્યાં. રાજવૈદે સર્વ બાબતની તપાસ કરી દવા આપી. થોડા વખતમાં રાજાને ભાન આવ્યું; ને કુમુદિના પિતાનો અમલ થતામાં તો રાજા હતો; તેવો થઈ ગયો. પ્રભાતસિંહે તરતજ રૂપેશ્વરીની શોધમાં માણસો દોડાવ્યાં; ને તેઓ આજુબાજુ સર્વ જગ્યાએ શોધ કરી વળ્યાં; પણ તેઓનો કાંઈ પત્તો લાગ્યો નહિ; ને બે ચાર દિવસમાં જેમ ગયા હતાં, તેમ સર્વ પાછા આવ્યાં.

વાંચક, અગાઉ જણાવી ગયા છીયે, કે આ નગરીમાં રાક્ષસ રાજા રાજ્ય કરતો હતો; પરંતુ હાલમાં ત્યાં પ્રજાપ્રિય નૃપ પ્રભાતસિંહને અમલ કરતાં આપણે અનુભવ્યો છે. તે બાબે જાણવા જીજ્ઞાસા તો થઇ હશેજ. નીચેની બિનાથી તે ચિતાર સંપૂર્ણ નજર આગળ આવશે.

રાક્ષસ રાજાએ ચંદ્રસિંહને કેદમાં નાખ્યા પછી કેટલેક વરસે, એ દુષ્ટ રાજા એક વખત એક જંગલમાં જઇ ચઢયો. ત્યાંની અનેક પ્રકારની લીલા જોઈ, તેણે મધ્યાન્હ સુધી ફર્યાંજ કર્યું. સૂર્ય અગ્નિ વર્ષાવી રહ્યો હતો, ને તે અગ્નિ યા તો પ્રખર તાપના પ્રતાપે સર્વ પશુ પક્ષિ પોતાના નિયત સ્થાનમાંજ આશ્રય લેતાં હતાં; ને કદાચજ કોઈ માનવી યા તો હિંસક પ્રાણી, પાણી અગર ખોરાકની શોધમાં ફરતાં જણાતાં હતાં. આ વખતે રાક્ષસ રાજા તૃષાંથી અતિશય

પિડાણો; તેથી આજુબાજુ તપાસ કરવા લાગ્યો. આટલું છતાં પાણી ન મળવાથી પોતાને ઈષ્ટ, એવા શુક્રાચાર્યનું સ્મરણ કર્યું. અહા! એ પણ જગત કર્તાની ખુબીજ છે, દુઃખના સમયે ગમે તેવા જડવાદીને પણ સર્વ શકિતમાન નિયંતાનું ભાન થયાં, વગર રહેતું નથી; ને જુદાજુદા ઉપનામો આપીને, અને ગુણ ગાઈને પણ તે વખતે તે નિયંતાને રિઝાવવા પ્રયત્ન કરે છે; પણ તેમાં ફત્તેહ મળતાં, કોઈ સદભાગીનેજ પૂનઃ તેનું સ્મરણ વિસરાતું નથી.

રાક્ષસ રાજાએ એક અવાજ સાંભળ્યો; "પુત્ર શાને માટે શોચે છે? અહિં આવ, અને આ નિર્મળ જળ પાન કરી, તારા રૂદયને શાંતિ આપ."

આ વચનોથી ઉત્સારહિત રાક્ષસ રાજાને ઉત્સાહ આવ્યો; ને તે, તે અવાજ તરફ સત્વર રવાના થયો. કેટલીએક ઝાડી પસાર કર્યાં પછી, તે એક અઘોર ઝાડીમાં દાખલ થયો. ત્યાં એક ભવ્ય હોજ જેવો દેખાતો, પાણીથી ભરપુર કુવો તેના જોવામાં આવ્યો. તરતજ પાણી પીવા હાથ લાંબો કર્યો; પણ પાણી નીચે જાતું જણાયું; તેથી રાક્ષસ રાજાયે ગપોચપ પગથીયા ઉતરવા માંડયા; ને થોડી વારમાં તો તળિયે પ્હોંચી ગયો. પ્રયત્ન કરતાં શું ન મળે? પેટ ભરીને પાણી પીધું. બાદ આ કુવામાં બારીકીથી તપાસ કરવા માંડી. વધારે તપાસતાં આ રાક્ષસ રાજાયે કુવાની દિવાલમાં ભોંયરૂં યાને બખોલ જેવું કાંઇક દીઠું. તેમાંનો ભેદ જાણવાના હેતુથી આ દુષ્ટ રાજા અંદર ગયો. અંદર અતિ ભવ્ય શણુગારેલા ઓરડાઓ જણાયાં. વધારે આગળ ચાલતાં દ્રવ્યાદિના ભંડાર જણાયાં. આજુબાજુ

નજર કરી; પણ કોઈ માનવી યા પશુ જણાયું નહિ; તેથી નીચો વળી સર્વ ચીજ એક પછી એક તપાસવા લાગ્યો. આગળ વધતાં તે એવે સ્થાને આવી ચઢયો; કે જ્યાંથી બ્હાર નિકળવાનો રસ્તો જણાયો નહિ; ને ત્યાંજ ગોથા ખાવા માંડયા. ઘણો વખત વ્યતિત થવા છતાં દશ ન સૂઝી; ને તેથી તે ઘણા ગુંચવાડામાં પડયો.

મધ્યાન્હ સમય વ્યતિત થયો; સાયં સમય પણ પસાર થઈ ગયો. ને રાત્રિનો અમલ જામ્યો; તે વખતે કંટાળી જઈ આ રાજાયે નિદ્રા લેવા વિચાર કર્યો; પણ चींता तुराणां न सुखं न निद्रा, એ કહેવતાનુસાર નિદ્રા દેવી તેની પર પોતાનો જાપ્તો ન રાખી શકી. રાક્ષસ રાજાએ આખી રાત વલખાં માર્યા કર્યાં. પ્રભાત થતાં આ સ્થલનો માલિક નાગદેવ તે સ્થાને આવ્યો, ને રાક્ષસ રાજાને જોઈ ખુશિ થઈ ગયો. નાગદેવે રાક્ષસને સંબોધીને કહ્યું;

"હે પાપિષ્ટ, લોભનો માર્યો, તું આ સ્થળે આવી ચઢયો છું, તો તેનું ફળ ચાખ."

આમ કહી તરતજ તે દિવ્યાકૃતિ પુરૂષ ત્યાંથી અદ્રશ્ય થઈ ગયો. રાક્ષસ રાજા અતિશય પિડાણો; ને ભયંકર ગર્જના કરવા માંડી, પણ થોડાજ વખતમાં તે સર્વ સ્થળે દારૂણ અંધકાર પ્રસરી રહ્યો; ને તે દુષ્ટ રાક્ષસ રાજા અકળાઇને મરી ગયો.

વાંચક, આ પછી નાગદેવનો પુત્ર પ્રભાતસિંહ રાક્ષસ નગરીમાં આવી સુખેથી રહેવા લાગ્યો. ધીમે ધીમે પ્રજા પણ સુધરતી ગઈ; કેમકે યથા રાજા તથા પ્રજા. રાજામાં સર્વ સદ્-

ગુણોએ વાસો કરેલો હોઈ, તેની પ્રજા પણ દયાળુ ને વિવેકી નિવડી; પણ આ સર્વ શી રીતે બન્યું? તે જાણવા જીજ્ઞાસા તો હશેજ.

પ્રભાતસિંહનો પિતા નાગદેવ સ્વર્ગનો અધીકારી હતો; પણ એક મનોહરી ઉપર દ્રષ્ટિ પડવાથી પૂનઃ તેને પૃથ્વિ પર અવતરવું પડયું હતું. તે મનોહરી સાથે લગ્ન ગાંઠથી બંધાયા પછી; તેને તેનાથી પ્રભાતસિંહ પ્રાપ્ત થયો હતો. એક દિવસે ઉપરોકત મનોહરીયે નાગદેવને ઉપદેશીને કહ્યું;

"તું જો, કે સ્ત્રિ તે રત્નની નહિ, પણ નર્કની ખાણ છે. તદપિ રત્નો કાદવમાં પાકે છે; પ્રભુની એ ગતિ મનુષ્યને વારંવાર ભુલાવામાં નાખે છે, દરેક નારીઓમાં મળ, મુત્ર, વિષ્ટા, આદિ દુર્ગંધવાળી વસ્તુઓનો મોટો સમુદ્ર રહેલ છે; તે હું તને હમણેજ દેખાડું છું."

આમ કહી તરતજ પતિ ભકિતથી મેળવેલી શકિત વડે, પોતાના દેહ પરની ચામડી દૂર કરી. નાગદેવે જોયું, તો લોહી, પરૂ, નરક વિષ્ટા, હાડ, માસ ને ચામથી તેનું શરીર ભરેલું હતું. વળી જે ભાગો પર મનુષ્ય જાત અતિશય મોહે છે; તેમાંથી તો અતિશય દુર્ગંધ છુટતી હતી; વળી કેટલાંક જીવડાંઓ પણ તેમાં ખદબદતાં હતાં. રાજા નાગદેવને કંપારી છુટી; અને આંખો વીંચી શ્વાસ બંધ કર્યો.

પૂનઃ તે મનોહારીયે કહ્યું; "હે રાજન, આ તો દુર્ગંધનો એક શતાંસ પણ નથી, આ કરતાં પણ વિષેસ દુર્ગંધમય ભાગો જોવાં તો બાકી છે. તે ભાગોનું દર્શન કર્યાં પછી તો મનુષ્ય છેકજ કંટાળી જાય છે. તારે જોવાં હોય, તો લે, તે

પણ બારિકીથી નિરખ" અહા! નાગરાજ શું જુવે. સ્ત્રિઓને પ્રાપ્ત થતી રજોદર્શન તથા ગર્ભાશયની સ્થિતી, અને તેમાંથી થાતું અવતરણ વિગેરેનું સ્થાન તો બહુજ દુર્ગંધ મારતું હતું. તેમાંનાં જીવડાઓ ચોતરફ ચોંટી રહ્યા હતાં. વળી ભિન્ન ભિન્ન રંગના, વિવિધ પ્રકારના, ને જુદાજુદા આકારના તે જંતુઓ હતાં. રાજા નાગદેવ પોકારી બોલ્યો, "હે સંસાર તારિણી, હવે આ દશ્ય દૂર કર, મારાથી તે જોવાતું નથી; મારૂ માથું ભમે છે. ફરી આવી ઈચ્છા કયાંથી થાય? અરેરે; મનુષ્ય જાત સાચું ખોટું પારખી શકતી નથી; અગર આવા દેહમાં જીવ શા માટે ઘાલે? આ કરતાં તો નરક પણ સારૂં હોય." પૂનઃ મનોહારી ઉચરી; "હે જ્ઞાન સ્વરૂપ, સ્ત્રિ કરતાં પણ પુરૂષનો દેહ સારો નહિ માનતો હો. તેમાં પણ આટલીજ, બલ્કે આથી વધુ દુર્ગંધમય વસ્તુ અને જંતુઓ છે. તે જોતાં તો તું આભોજ બની જાઈશ. ઈચ્છા હોય તો તે પણ બતાવું. લે જો; તે પણ નિરખી લે; કે ફરીને મોહ ન થાય. અરે, આ કાયામાં મોહવાનું શું છે. જો, જો. તપાસ કર, તારાજ શરીર ભણી દષ્ટિ કર."

મનોહારી એક શુદ્ધ યોગિની હતી; તેના યોગના પ્રતાપે તેણે નાગરાજના શરીરને એટલું તો પારદર્શક બનાવ્યું; ને ચક્ષુઓમાં એવું તો અજાયબ તેજ મુકયું; કે તેના શરીરમાં રહેલ સર્વ કાંઈ, તેને સ્પષ્ટ જણાવા લાગ્યું. તે બોલ્યો; "હું આ દેહથી તદનજ કંટાળ્યો છું. અરેરે આ હું શું જોવછું. આવા જંતુઓ, આટલી દુર્ગંધ, આવા ગંધાતા પદાર્થો મારા દેહમાં કયાંથી? આ દેહના નાશથી તો ઘણુંજ સુખ મળે. અરેરે! આવા પદા-

થીંને કોણ અડકે? અરે મને મારો આ દેહ નથી ગમતો. જલ્દી તેનો અંત આવે તો સારૂં. મારાથી આ નથી જોવાતું. હે દયાળુ, હવે મને ક્ષમા કર. આ સ્મરણ જીંદગી ભર રહેશે." પૂનઃ તે બોલ્યો; અહા શું! માણુસો આવા મલિન દેહ પર પોતાની જાત આબરૂની દરકાર ન કરતાં મોહ પામે છે; તે શું ? તેઓની અજ્ઞાનતા સિવાય બીજું કાંઈ હોઈ શકે? અહા! અત્યારે હું જે જોવછું; તેથી મને કંપારી છુટે છે; ને દુર્ગંધથી મારૂં સર્વ ભાન હું ભુલી જાવ છું. અરે આ મોહની નદી ઉપર, ઉજળું દુધ જેવું પાણી બતાવી; મનુષ્યને મોહ પમાડે છે; પણ અંદર જોતાં અતિ દુર્ગંધમય વસ્તુઓ; ને પ્રાણહારક પત્થર કાચ, કચરો ને જીવજંતુ સિવાય ભાગ્યેજ બીજું કાંઈ માંલુમ પડે છે. કદાપિ પાણિના ઘણા ઉંડાણમાં રત્ન હોય છે; પણ તેથી શું? રત્ન જેવા પોતાના કિંમતી દેહને ગુમાવી તેની જગ્યાએ નાના રત્તની શોધ કરવી; એ એમાં ઉત્તમ શું ? હે સુંદરી! હવે પછી કદિ પણ હું કોઇ સ્ત્રિનું ચિંતન નહિ કરૂં. આજે સર્વ મેં સંપૂર્ણ જાણ્યું." તેના મુખમાંથી અચાનક નીચેના શબ્દો ખરી પડયાં;

"મુક્તિ મેળવવા મલીં, શામા શત્રુ સમાન,
જે રાખે નિજ ઓદરમાં, વિષ્ટા હાડને ચામ.
કદિ ન તાકુ તુજપર, છો થાયે જીવ હાણ,
માતા બાગની ભાવથી, તોપણ દહુ તુંજ માન."

પણ તરતજ તે નારી બોલી;—

"પતિ સમ આ જગતમાં, નવ આપે કો સુખ,
તેના વિણ સંસારમાં, સઘળે દુઃખજ દુઃખ.

એક પતિવ્રત રાખજે, પતિવ્રત રાખે એક,
તેવું જોડું જો મળે, તે. મુક્તિ સુખ ભેટ."

આ પછી તરતજ તે યોગિનીનું રૂપધારી સ્વર્ગ પ્રતિ ચાલી ગઈ. નાગદેવ પણ જ્ઞાનની સાચી સિદ્ધિને પામ્યો હતો. પોતે પણ યોગિ બન્યો; ને પોતાના પુત્ર પ્રભાતસિંહને ભેટી પૂનઃ સ્વર્ગના અખંડધામનો સ્વામિ અને ભોકતા બન્યો. પ્રભાતસિંહ આ વિશાળ ભૂગર્ભમાં બાંધેલા આનંદનિય મ્હેલમાંજ રહેતો હતો; પણ તેના પિતાના ગયા, પછી તેણે તે મહાલયનો ત્યાગ કર્યો હતો. નાગદેવ જ્યારે સ્વર્ગે સિધાવ્યો, ત્યારે કહ્યું, હતું; કે—

"જે કોઈ પવિત્ર પુરૂષ આ અમૃતમય પાણી પીઈ, શાંત થઈ ચાલ્યો જશે, તે સુખી થાશે; પણ લોભમાં તણાઈ જઇ અંદર દાખલ થાશે; ને ત્યાંની કોઇ પણ વસ્તુને અડકશે, તે આજ ભોંયરામાં ભટકી મરશે." રાક્ષસ રાજાનું પણ તેમજ થયું. રાક્ષસને આ શ્વાસના જે શબ્દો સંભળાણા હતાં; તે પ્રભાતસિંહના મુખમાંથીજ ઝર્યાં હતાં. તે આજુબાજુ રહી, દુઃખિયાને તેવાં શબ્દોથી નિરંતર આશ્વાસના આપતો રાક્ષસ રાજા લોભમાં તણાઈ ત્યાંજ ઠેકાણે થઇ ગયો; એ વાત પ્રભાતસિંહે જાણી; ત્યારે તેના પિતાની રજા લહી, તે રાક્ષસ રાજાના રાજ્યનો અધિષ્ટાતા થયો, કે જે તેની ભલાઈનુંજ ફળ હતું. તે રાક્ષસની નગરીમાં દાખલ થયો; ને રાજ્ય કરવા લાગ્યો; કેદિયોને છુટા કર્યાં, જેમાં ચંદ્રસિંહ તથા સત્યજીતને પણ છુટા થયેલાં આપણે અનુભવી ગયાં છીયે.

સપ્તમ પરિચ્છેદ.

પાપ અને પશ્ચાતાપ.

પાપાગ્નિની પ્રજલિત જ્વાળા, પાપીયાને બાલતી;
નિજ પુન્ય બંધન તોડીને, કંઈ પાપમાં નવરાવતી.
એક પડદો પાપનો, ઝાઝા પડો બંધાવતો;
તેવા પડોની અગ્નિથી, નિજ સુખ સહુ સંહારતો.

કુંદનપુરથી કેટલેક દૂર આવેલી એક ગુફામાં રૂપેશ્વરી તેનાં આશકો સહ સહિસલામત જઇ પ્હોંચી હતી. બે મહિના તેણે તેના આશકો સહ, ત્યાંજ ગાળી કાઢયાં. વખતે રાજાનું કોઈ માણસ ત્યાં ઓચીંતું આવી ચઢતું; તો તેને પણ રૂપેશ્વરીનું મધુર ગાન; તથા કવચિત આનંદ આપે તેવું સ્થાન, થોડો વખત સ્વેચ્છાનુંસાર ભોગવવા દેવામાં આવતું હતું; જેથી કરીને પ્રભાતસિંહ રૂપેશ્વરીની ખબર મેળવવા નિષ્ફળ નિવડયો હતો. આ રીતે રૂપેશ્વરીની ખબર લેવા આવનારાઓને રૂપેશ્વરી તરફથી યોગ્ય નજરાણું અપાતું; પણ તેથી કાંઈ રૂપેશ્વરીના ભંડારમાં ઘટાડો થવા પામતો નહિ; પણ નિરંતર વૃદ્ધિજ થાતી. આ કેવું આશ્ચર્ય! વળી વૃદ્ધિ પણ અલૌકિક! શાની વૃદ્ધિ? કાંઈ જણાય છે? નાના નાના ગુલગુલિયાની વૃદ્ધિ; પણ નહિ એ તો કચ્ચાં બચ્ચાં કહેવાય. વાહ! આજે કઇક લક્ષ્મિવંતને તેની ખામી હોય છે; તો ભલે. તેમને કાંઈ એવી લુંટ કરાવવી નથી. એવી અશુદ્ધ ઉદારતા બતાવવાની જરૂર પણ નથી. રૂપેશ્વરીને અહિંયા, એટલે અજ્ઞાત-

વાસના દિવસો ગાળવાના ઠેકાણું રૂપ ભોંયરામાં, યાતો ભુગર્ભમાં ગર્ભ રહ્યો; ને તેના ઉમેરાથી ચાર થયાં, યાને ચંડાળ ચોકડી રચાણી; તેમાં તો ભુલ નથી ને? એવું લાગે તો ક્ષમાયાચુ છું.

આ પછી રૂપેશ્વરી તથા તેના આશકો, લગભગ પાંચ વર્ષ જુદેજુદે ઠેકાણે આથડયા; કેમકે દ્રવ્યની તાણ પડે તેમ તો ન્હોતુંજ. ચોરીનું દ્રવ્ય પુષ્કળ હતું; ઉપરાંત પારકા પૈસે પરમાનંદ કરનાર પણ તેના આશકો સિવાય બીજાય થોડાં હતાં. જેઓએ પાંચ વર્ષ દરમ્યાન રૂપેશ્વરીને બે બાળકો, એટલે એક છોકરો ને એક છોકરી એટલાં ભેટાડયાં હતાં; તે મળી કુલ બે છોકરી ને એક છોકરો, એટલાં સાથે હતાં. ઉપરાંત ત્રણ પુત્રો રાજાને ત્યાં ઘણીજ કફોડી સ્થિતીમાં ઉછરતાં હતાં. આ વખતે રૂપેશ્વરીનું રૂપ પણ પુરતું હતું. બીજાં દશ વર્ષો એક સાધુના મઠમાં તેના આશકો સહ ગાળી કાઢયાં; દરમ્યાન એક પુત્રિ સિવાય બીજું કાંઈ તેને પ્રાપ્ત થયું ન્હોતું; પણ તે પૃથ્વિનું તેજ બે કલાક કરતાં વધારે વખત જોવા પામી ન્હોતી; એટલે કે તરતજ તેને મારી નાખવામાં આવી હતી. આ વખતે રૂપેશ્વરીની એક પુત્રિ પંદર વર્ષની થવા આવી હતી; પણ હજુ સુધી તેને ઠેકાણે પાડવામાં આવી ન્હોતી. રૂપેશ્વરીના આશકોએ એકથી વધારે વાર તેની પુત્રિનું માગું પણ કર્યું હતું; પણ રૂપેશ્વરીયે તેનો ઇન્કારજ કર્યો હતો. હજુ સુધી તે કુમળુ પુષ્પ કોઈને ભોગ થયું ન્હોતું. કોઈ તેની સુવાસ અનુભવવા પામ્યું ન્હોતું. વ્યભિચારી પુરૂષો કોઇ દિવસ તૃપ્ત થતાંજ નથી.

જેમ જેમ સૌંદર્યશાળી સ્ત્રિઓને જુવે છે; તેમ તેમ એકને તજી અન્યની પાછળ ભમે છે; તે મુજબ રૂપેશ્વરીની કુમળી બાળા પર મોહેલા બેઉ આશકો રૂપેશ્વરી તરફ ધૃણાની દૃષ્ટિથી જોવા લાગ્યાં. પોતાનાજ પ્રભાવથી પોતાની માશુકના પેટે પાકેલી તે બાળા તેની માશુક કરતાં વધારે સૌંદર્યવતી હતી. તે નાજુક નાજનીને મેળવવા તેઓ અનેક યુકિત પ્રયુકિત કરવા લાગ્યાં. "વિનાશ કાળે વિપરિત બુદ્ધિ." આ કહેવતાનું સાર હવે તે આશકોનું આવી બન્યું હતું; તેથી તેઓને અનેક દુષ્ટ વિચારો આવતાં, ને તેમાંનો એક એવો હતો; કે "ઉપરોકત નવી મુગ્ધાને લહી તેઓએ કાંઇક નાસી જવું." એક દિવસ લાગ મળતાં, મઠમાંથી પુષ્કળ દ્રવ્ય લહી, ઉપરોકત બાળાનું હરણ કરી; તેઓ નાસી ગયાં. આથી રૂપેશ્વરી પર ચોરીનું આળ એવી રીતે આવ્યું; કે તેણેજ પેલા બે પુરૂષોને તથા સ્ત્રિને રવાના કરી દીધાં છે; ને તે પણ નાસી જવાની હશે. પુત્રીના નાસી જવાથી રૂપેશ્વરીને શોક તો થાતોજ હતો; તેમાં વળી તેની પર જુઠું આળ આવ્યું; ને તેને કુંદનપુરીના રાજા પ્રભાતસિંહ સમક્ષ ઉભી કરવામાં આવી; વળી મઠના સાધુઓએ પણ તેને માર મારવામાં બાકી રાખ્યું ન્હોતું, તે વખતે રૂપેશ્વરીને પોતાની સાથે પવિત્ર ગાંઠથી બંધાયલો સૂરસેન યાદ આવ્યો; જેના પ્રશ્ચાતાપથી તે પોકે પોક મુકીને રડી; ને એવો વિચાર કર્યો, કે જો અહિંથી છુટું, તો કોઈ પણ રીતે સૂરસેનને મળી તેની ક્ષમા યાચું; ને તેમ ન બને, તો ઇશ્વર ભકિતમાં જીવન પુરૂ કરૂં.

કુંદનપુરના મહારાજા પ્રભાતસિંહે તેને તરતજ ઓળખી.

તેની મુખાકૃતિ જોતાં તેને અતિશય ક્રોધ વ્યાપ્યો. જે મુખાકૃતિથી તે પહેલાં લોભાતો હતો; તેજ મુખાકૃતિથી હવે તે ગુસ્સે થયો; પણ અરે! સ્ત્રિ યા અબળા કે જે કેટલેક અંશે સારૂં બળ ને કળ ધરાવે છે; તથા જેના ઓદરથી મહાન બળિયા પવિત્ર પુરૂષો જન્મ પામ્યાં છે; તેને અબળા કેમ કહેતાં હશે? તો તેના જુવાબમાં એટલુંજ કે, તેના દુઃખ વખતે ગમે તેવા કઠોર રૂદયિનું રૂદય પણ તે પિગળાવી નાખે છે; તેના રૂદયમાંથી બ્હાર પડતાં શબ્દો, ઉપરી અધિકારીને તો શું! પણ ગમે તેવા સખ્ત હૈયાના શત્રુને પણ દયા ઉપજાવી તેને માન આપવાની ફરજ પાડે છે. તેના દુઃખ વખતના રૂદનથી તો તેને અબળા કહેવી વાજબી છે; પણ તેની પ્રત્યે પરાણે દયાભાવ ને માન ઉત્પન્ન થાય છે; ત્યારે તો તે સબળાજ કહેવાય; રૂપેશ્વરીયે ગદગદ કંઠે પ્રાર્થના કરી; કે—

"હે ન્યાયી દેવ, જો તમે મારૂં કાંઈ પણ હિત ઇચ્છતાં હો; ભવિષ્યની ભામિનીઓને મારૂં દ્દષ્ટાંત આપી સદ રસ્તે ચઢાવવા માગતાં હો; મારી પરના કલંકને દૂર કરવા દયા કરતા હો; મને પવિત્ર ધર્મનું પાલન કરવા દહી, સુખી કરવા ઇચ્છતા હો તો આ હતભાગિણીની કાંઈ પણ વિશેષ તપાસ ન કરતાં જાવા દો. મારા જીવનની આખરે, એટલે જ્યારે હું ભકિતથી સદ્દવર્તન અને મુકિત પામીશ, ત્યારે સર્વ ભેદ ખુલ્લો થાશે. મારા દૂરિતો દૂર થયાં પછી, હું મારા દુષ્ટ કર્મો તમને સવિસ્તર કહીશ; પણ હસણે તેની સ્મૃતિથી મારૂં રૂદય અધિક પિડાં પામશે; ને એવામાં કદાચ

દેહ પડશે; ને મારી ઈચ્છા અધર રહી જાશે તો મારી અસ-દગતિ થાશે; માટે હે દયાળુ રાજા, મને જાતી કરવા કૃપા કરો."

આટલા વચનો સાંભળતામાં તો અનેક પ્રકારના વિચારોને મનમાં સ્થાન આપવાને રાજાને ફરજ પડી. રાજાએ સર્વેની સલાહ પુછી; ને તેને તેના કહેવા મુજબ કરવા દેવામાં આવ્યું; એટલે કે તેનો છુટકારો થયો. જે કાંઈ ઉપડી ગયું હતું; તે બદલ રાજ્ય ત્રિજોરીમાંથી ઘટતી રકમ કાઢી આપવામાં આવી.

આર્ય મહિલાઓ! તમારે રૂપેશ્વરીનું હવેનું વૃતાંત વાંચવું આવશ્યક છે; તો તેની પર ધ્યાન આપી રૂદયમાં ઉંડી છાપ પાડશો; એવી આશા છે.

અષ્ટ પરિચ્છેદ.

શિયળવ્રત પણાથીજ સુખ ને ભક્તિથીજ ભલી દુવા.

સાચું સુખ સંસારનું, શિયળ માંહિ જણાય;
અન્યોન્યને અતિ સ્હાયતો, સાગર સુખરૂપ થાય.
ભકિત કરે ભગવાનની, પત્નિ પતિની ખાસ;
પત્નિ પતિવ્રત રાખે તો, રહે ન કંઈ કંકાસ.

આ પછી તરતજ રૂપેશ્વરી કુંદનપુરથી ચાલી નીકળી; ને સૂરસેનની શોધ કરવા લાગી; તદપિ સૂરસેનનો ભેટો તો નજ થયો. આથી તે નિરાશ થઈ. પણ સમગ્ર આલમ આશા

પરજ નભે છે. એક પૂર્ણ થાતાં, અગર નિષ્ફળ જાતાં, બીજા પ્રકારની આશા જન્મ પામે છે. એ મુજબજ દુનિયાનો સર્વ વ્યવહાર ચાલે છે. આશા અમર છે. રૂપેશ્વરીને પણ ભક્તિથી પોતાની ઈચ્છા યાને આશા પૂર્ણ કરવા વિચાર આવ્યો. યોગિનીનું રૂપ ધરી, તે શ્રી ભગવાનનું સ્મરણ કરવા લાગી. રાત્રિ દિવસ એમાંજ તલ્લિન રહેવા લાગી. કેટલીક વાર પાપી મદન તેને સતાવતો; તદપિ રૂપેશ્વરીનાં રૂદયમાં પ્રશ્ચાતાપ રૂપી કીડાએ વાસો કરેલો હોઈ, પાપી મદનનું કાંઇ ચાલતું નહિ. આમ થોડા વખતમાં તેનું રૂદય એક યોગિનીને છાજે તેવું શુદ્ધ બની ગયું; ને રૂપેશ્વરી જ્ઞાનેશ્વરી પણ બની. વળી પોતાની ઈચ્છાનુંસાર વરદાન માગવાનો સમય પણ આવ્યો. વરદાનનાં પ્રતાપે તે સ્થળે અગ્નિ દેવ પ્રગટ થયાં; જેમાં ઝંપલાવી તે તથા તેના સર્વ તનુજો વિશુદ્ધ થયાં; તથા વરદાન મુજબ સૂરસેનની રાહ જોતી તે ત્યાંજ રહેવા લાગી. પ્રત્યેક વર્ષે તેનું એક એક બાળક શિવે પોતાને શરણ લીધું; ને ત્યાં તેને અક્ષય સુખ આપ્યું. આમ કરતાં તેના સર્વ બાળકો શિવ શરણ થયાં; ને તે યોગિની એકલીજ રહી. વાંચક અત્રે જણાવવું જોઇએ, કે રૂપેશ્વરીનાં પ્રભાતસિંહને ત્યાં ઉછરતાં ત્રણ પુત્રો પણ તેની માતાને મળી ગયા હતાં; ને તેઓ પણ શિવશરણ થયાં.

રૂપેશ્વરીની પુત્રિને લહી નાસી ગયેલાં, તે આશકોમાંના કોઇને તે અબળા ચાહતી ન્હોતી; ઉલટું પોતાની આવી સ્થિતી કરનારનો પ્રાણ લેવાનેજ ઇચ્છતી હતી. શુદ્ધ પતિવ્રત પણું જાળવી ભવિષ્યની ભામિનિઓને દાખલા રૂપ થઈ પડવાનો

તેનો 'ફરિ દો હતો. રૂપેશ્વરીની આ ચાલાક રૂપગુણવંતીનું નામ ચપળા હતું; કે જે નામ તેને લાયકનુંજ હતું. તે બેઉ લંફંગાનું કાશળ કાઢવા તેણે યુક્તિ રચી. તેઓને એક પછી એક એમ જુદે જુદે સમયે અન્યોન્યને બોલાવીને એકબીજાને દૂર કરવા ભરમાવ્યાં. કામાંધને ખરી ગિનાની ખબર કયાંથી પડે? તે પાપિષ્ટ અંતઃકરણના પાપિષ્ટોને તે અબળાની યુક્તિ કયાંથી જણાય? સ્વાર્થમાં ડુબેલા તે કામાંધો અન્યોન્યનું વેર લઈ, ચપળા મેળવવાની આશાના તરંગમાં ઝુલવા લાગ્યાં. લાગ મળતાં એક જણાયે બીજાનું ખુન કર્યું. અહા! સ્વાર્થની સત્તા કેટલી? સ્વાર્થને માટે મનુષ્યો શું નથી કરતાં. પણ તે ખુનીની શું દશા થઈ તે તરફ દષ્ટિ કર. બે આશકોમાંનો એક તો યમશદનમાં પ્હોંચી ગયો; જ્યારે બીજો કેદ પકડાણો; કારણ કે જ્યારે તે કામાંધ બીજાનું ખુન કરતો હતો, ત્યારે કોઈ તેને દેખી ગયું હતું. ચપળાને પણ તેની સાથે દોરાવું પડયું: પણ ચાલાક ચપળાયે જણાવી દીધું, કે "તેઓ મારી માતા પાસેથી મારૂં હરણ કરી લાવ્યા છે; ઉપરાંત મારી માતાનો સર્વ પૈસો પણ તેઓ લુંટી લાવ્યા છે. મારે માટે તેઓ અંદર અંદર કલહ કરતાં હતાં; ને તેનું આ પરિણામ છે, હું શુદ્ધ હોઈ, તેઓને ચાહતી પણ નથી. કોણ જાણે તે નરાધમીયો મને શુંય કરત. પણ પ્રભુએ મારી લાજ રાખી છે."

ચપળા પર વિશ્વાસ આવવાથી તેનો છુટકારો થયો, જ્યારે બીજાને ઘણીજ કફોડી સ્થિતિમાં નર્ક વાસો કરવો પડયો. ચપળાને હવે દુઃખ ન્હોતું રહ્યું. તે નરાધમીયોયે પુષ્કળ દ્રવ્ય એકઠું કર્યું હતું, કે જેની સ્વામિની ને ભોકતા

ચપળા બની. અખંડ શિયળવ્રતવાળી સ્ત્રિ આમ સુખી થાય છે; જ્યારે અધર્મી પુરૂષો અંધારા ખાડામાં ગોથા ખાઇ ઉપંગની જેમજ ઘણું પસ્તાઇ અથડાઇ મરે છે. ચપળાને તેની એક નિષ્ટાથી વધુ સુખી થતી આપણે અનુભવીશું.

વાંચક, હવે આપણે ચંદ્રસિંહની ખબર લહીયે; તે કુંદનપુરને છેલ્લી સલામ કરી ગયો; સિવાય વધુ આપણે તેના વિષે જાણતાં નથી; વળી તે જાણવા આતુરતાં પણ થતી હશેજ. તો હવે પછીના ખંડમાંથી તું તેના વિષે કાંઇક જાણી શકીશ.

પંચમ ખંડ—પ્રથમ પરિછેદ.

મહાત્માની મુલાકાત ને મહા બોધ.

સારાની સોબત થકી, સારો મળતો સાર;
દુરિજનની સોબત વડે, બગડે સહુ સંસાર.

રાક્ષસ રાજાની નગરીમાં પ્રભાતસિંહનો અમલ થતાંજ ચંદ્રસિંહ અને તેના જ્યેષ્ઠ ભ્રાત સત્યજીતનો છુટકારો થયો; કે જે સત્યજીત મૃગ્યાર્થે પોતાની નગરી બ્હાર જઇ ચઢયો હતો; જ્યાંથી દેવદુતને હાથે તે પણ એક વાર કેદ પકડાણો હતો; પણ કાંઈ યુક્તિથી તે ત્યાંથી છુટો થવા પામ્યો હતો; ને ત્યાર પછી ઉપરોકત રાક્ષસ નગરીમાં તે રાજાની નોકરીમાં રહ્યા હતો. મોટા માણસો કોઇના કહેવા પર જલ્દીથી દોરવાઈ જાય છે; તેવા માણસોમાંના ઘણાને કાન હોય છે; પણ સાન

હોતી નથી; જ્યારે સાનવાળાઓ પણ મળે છે; કે જેઓ પુરા વિચારવંત હોય છે. શક્ષસ રાજા ઘણાખરાના વર્ગમાં ભળતો હતો; આથી બીજાના ભરૂસે તે અત્યંત ભરમાઇ ગયો; ને ગરીબ બિચારા સત્યજીતને કેદ કર્યો. તેની પર એવું તોહોમત મુકાયું હતું, કે તે આપને પદભ્રષ્ટ કરવા ધારે છે; ને તે બાબે નિરંતર કાવાદાવા કર્યા કરે છે. શક્ષસ રાજાયે તપાસ ન કરતાં તેવા લુચ્ચા માણસો પર વિશ્વાસ મુકયો; ને પરિણામે નિર્દોષને સોસવુ પડયું; પણ એ તો કરમનીજ ગતિ છે. મનુષ્ય શું કરી શકે તેમ છે? સઘળું કરનાર એક નિયંતાજ છે; કે જેની અકળિત કળાને આપણે કળી શકતાં નથી. દુનિયામાં જે જે બનાવો મનુષ્યોને ચોંકાવે છે; તેને બનતાં વાર લાગતી નથી. તે જગત નિયંતા કોઇને જશ યા અપજશ માટે નિમિત્ત રૂપ સરજે છે, કારણ આપણે સર્વ તેના પુતળાં હોઇ, તે જેમ નચાવે તેમ નાચીયે છીયે. તો પણ એટલું તો ધ્યાન રાખવું, કે તે દુષ્ટ લુચ્ચા લોકો વેલા મોડા પોતાના દુષ્ટ કૃત્યો માટે પસ્તાય છેજ; ને શિક્ષા સહન કરવી પડે છેજ; કેમકે તે નાથ તો ન્યાયીજ છે. ચંદ્રસિંહ કરતાં સત્યજીતે કેદમાં વધુ સમય ગુજાર્યો હતો. પરસ્પરને ઓળખતાં ન હોવાથી, તેઓ જુદા જુદા પંથે પડયાં હતાં. સૂરસેન રૂપેશ્વરીનો ત્યાગ કેવી રીતે કરી ગયો; તેતો આપણે જોયું. ત્યાર પછી તેનું શું થયું; તે તરફ લક્ષ આપવાની જરૂર છે.

કુંદનપુરનો ત્યાગ કરી ગયેલ, સંસારથી કંટાળેલા સૂરસેનને એક અઘોરી યાને મહાન પવિત્ર મહાત્માની મુલાકાત થઇ. સૂરસેન તેની સાથે ભકિત કરવા લાગ્યો; પણ તે દયાળુ

દિલના મહાત્માએ અર્ધદગ્ધ સૂરસેનને કહ્યું;

"હજુ સંસાર ત્યાગ કરવાનો સમય તારે માટે આવ્યો નથી. સંસાર ત્યાગ કરવો તે તારે માટે વાજબી નથી. તેથી પૂનઃ સંસારમાં જઈ તારૂં કાર્ય પૂર્ણ કર. સંસાર ભોગવ, સુખ દુઃખનો સંપૂર્ણ અનુભવ લે, પિતૃઓના દેવાથી મુકત થા, સંસારીને માટે નિર્માણ થયેલી ફરજ બજાવ, સંસારમાં આવવાને લાયક થયેલાઓને, તથા બ્રહ્મચારિઓને, તેઓના કામમાં સ્હાય થા; ને ત્યાર પછીજ, એટલે વૃદ્ધા વસ્થામાં તું તારૂં ધ્યાન ઇશ્વર ભકિતમાં પ્રેર; જેથી તને તત્કાળ મુકિત મળશે. જેઓ જુવાન છતાં, અને પોતાની ફરજ અદા ન કર્યા છતાં, સંસાર ત્યાગ કરી, મુકિત મેળવવા ઇચ્છે છે, તે ઝાંઝવાના જળ પીવાનીજ આશા રાખે છે. તેવાઓને પણ કુટિમાં આશ્રય આપવો, તે મહા પાપ છે; તો હે સજ્જન, તું સંસારમાં જઈ તારી ફરજ અદા કર. આવો વખત પણ આવશે. એ વખતે તું પૂનઃ અહિં આવજે; પણ હમણે તો તારી ફરજ બજાવવાને બાકી રહેલાં કાર્યો પૂર્ણ કરવાં સંસારમાં જા."

ફરજ ચુકવાથી દેશ પાયમાલ થઈ જાય છે; કેમકે સંસારથી કંટાળેલાં અર્ધદગ્ધોને અન્નાદિ વસ્તુ વગર મ્હેનતે પ્રાપ્ત થતી હોવાથી આળસુ બની જાય છે; ને તેવા વર્ગની વૃદ્ધિ થતી જાય છે. તેવાંઓને એટલે અર્ધદગ્ધ શશકતોને કોઈ દિવસ આવા પ્રકારનું ઉત્તેજન નજ આપવું. જો તમે તમારૂં જનસમાજનું ને દેશનું હિત ઇચ્છતા હો; તો તેવાઓને કોઈ પણ પ્રકારનું દાન આપવું બંધ કરો; કે જેથી તેઓને પેટની ચીંતા પડે; ને હુન્નર શિખી, ધંધામાં જોડાઈ

પવિત્ર ગૃહસ્થાશ્રમનું પૂર્ણ રીતે પાલન કરે. તેવાઓને ઉત્તેજન આપવાથી તેઓ જુગારી તથા આળસુ બને છે; એટલુંજ નહિ; પણ સંસારમાં વાસના રહી ગયેલી હોવાથી, અનેકના એક પતિ તથા પત્નિવ્રતનો ક્ષય કરી, વર્ણશંકર પ્રજાને જન્મ આપી દેશને અધર્મના ખાડામાં રગદોળે છે. આપણા દેશમાં ઘણા ઉદાર સાધુ તથા સાધ્વીઓ આવા સાધુડાને આશ્રય આપે છે; જેથી તેવાઓની સંખ્યા વધી પડી છે; ને હજુ વધે છે. જુના વખતમાં હાલની જેટલાં અન્નક્ષેત્રો ન્હોતાં; કેમકે તે વખતે પૃથ્વિ દેવીની કૃપાથી ફળફુલ પુષ્કળ પ્રાપ્ત થાતાં; પણ પૃથ્વિથી અધર્મ સહન ન થાવાથી પોતાનો રસ ખેંચી લીધો; ને સર્વ પાકનું પ્રમાણ બહુજ ઘટી ગયું. હાલમાં અન્ન આપવાનું પુન્ય મ્હોટું ગણાય છે; તે સારૂં છે; પણ તેવાં અન્નક્ષેત્રોનો ઉપયોગ તો માત્ર પરદેશથી નવા આવનાર નિરાધારને, ગરીબ આશ્રય રહિત બાળકોને થોડા વખતનાં રક્ષણાર્થે, ગૃહસ્થાશ્રમ ભોગવનાર દુઃખી કુટુંબને, તથા ખાસ કરીને ગૃહસ્થાશ્રમની ફરજો પુરી કરી વૃદ્ધાવસ્થામાં દાખલ થઈ ઈશ્વર ભકિતમાં ચિત પરોવનારને માટેજ કરવો જોઈએ. પણ મસ્તાન જુવાનીયા તથા આળસુ બાળકો માટે તેનો ઉપયોગ ન કરવો જોઈએ. એમ કરવાથી ઉલટું પાપ લાગે છે. ધરમ કરતાં ધાડ થાય, તે આનુંજ નામ. જો આ પવિત્ર દેશને સુધારવાને, એટલે કે વેપાર વણજમાં આગળ પડેલાં ધનાઢય દેશ સાથે સરખાવી સુખી કરવા ઈચ્છતા હો; તો તેવાઓને એટલે જેની પર ભવિષ્યનો આધાર છે, તેવાં નાના બાળકોને અને અર્ધદગ્ધ આળસુ જુવાનિ-

યાઓને ઇશ્વરી ધર્મ પ્રમાણે ચાલવા ફરજ પાડો. આપણો આજ દેશ એક દિવસ સુધારાના ઉત્તમ શિખરે હતો, ને સુખી ગણાતો હતો; તેનું કારણ ઇશ્વિરી નિયમો પળાતાં હતાં; તેજ હતું. ફરીથી પણ તે પ્રમાણે વર્તન કરવા, ને તદનુસાર વર્તન કરાવવા પ્રયત્નશાળી બનો. દેશની દાઝ જાણો; ને પૂનઃ તેને તેનું સ્થાન અપાવો. એવી મારી તમો સર્વને નમ્ર પ્રાર્થના છે. પ્રભુને પણ હું દિનતાથી અરજ ગુજારૂં છું; કે સર્વમાં સત્ય બુદ્ધિ પ્રેસેઃ ને આ પવિત્ર દેશને સાર્વભૌમ મહારાજા બનાવો; ને સંપૂર્ણ મ્હેર વરસાવો. અસ્તુ.

દ્વિતીય પરિચ્છેદ.

પતિ પત્નિ પ્રતિજ્ઞા.

એક મ્યાનમાં બે તરવારના બુરા પરિણામ.

અગ્નિને વળી અર્કની સમક્ષ આ, પ્રિતે પ્રતિજ્ઞા લહી;
નિરખી નહિ કદી નયનથી અધિકને, પ્રેમી પ્રભુની સહી:
જન્મોજન્મે ગાંઠ એક રાખી, રોજે રહો જોડું એ:
દુનિયાના સંસારી ધર્મ ભાખી, સુખી રહો જોડું એ.

સૂરસેનને આથી પોતાની ભૂલ જણાઇ; ને તે અઘોરીનાં પગે પડી આશિર્વાદ લહી પૂનઃ પૂર્ણ ઉત્સાહથી પોતાના કાર્યમાં ફત્તેહ મેળવવા મંડયો રહ્યો. પણ ચંદ્રસિંહની શોધનો યશ તેના પ્રારબ્ધમાં નહિ લખેલો તે કયાંથી મળે? તો પણ

તેના ઉત્સાહ અને મ્હેનતનું સારૂં પરિણામ આવ્યું. તેની શોધ દરમ્યાન તે જેનું મોઢું જોવાને બીલકુલ ઈચ્છા કરતો ન્હોતો; એવા એક બીજાજ મનુષ્યની શોધ થઈ. તે કોણ હશે? વ્હાલા વાંચક, તે તો શુદ્ધ યોગિની રૂપેશ્વરીજ હતી. રૂપેશ્વરીના મુખારવિંદ પર તેની ભકિતના પ્રબળ પ્રતાપે કોઈ ઓર પ્રકારનું ઓજ પ્રકટી નિકળ્યું હતું; કે જેથી પ્રથમ તો સૂરસેન તેને ઓળખી શકયો નહિ. તે તેને કોઈ યોગિની ધારી તેના ચરણમાં પડવા નીચો વળ્યો; પણ રૂપેશ્વરી આઘી ખસી ગઈ; ને તેને તેમ કરતાં અટકાવી તેનો હાથ પકડી ઉભો કર્યો; ને પોતેજ તેના ચરણમાં પડી; તો પણ સૂરસેન તેને ઓળખી શકયો નહિ. તેના ચર્ણો કે જેઓ ઘણા દિવસની મુસાફરીથી કંટાળી ગયાં હતાં; તેઓને ઉષ્ણોદકની ઝીણી ધારાઓ વતી નહાવણ કરાવ્યું; કે જે ઉષ્ણોદક તેની દિવ્ય ચક્ષુઓમાંથી ઉભરાઈ પડતું હતું. તેને ઉભી કરવા સૂરસેને પ્રયત્ન કર્યો; પણ તે તો તેનાં ચર્ણો તળાંસતી ત્યાંજ પડી રહી; ને જરાવારમાં પોતાના સર્વ પાતકો ધોઇ નાખ્યાં, તે વખતે શિવલિંગમાંથી અવાજ આવ્યો;

"શુણ બાળા શાણી,
પતિ ભકિત તણા કંઈ અખંડ પ્રભાવે;
સુખની ઝાઝી લે લાણી. શુણ.

આ મુજબ શિવલિંગમાંથી ધ્વનિ બહાર પડયો; ત્યાં તો કેટલીક કોમળ કંઠની અપ્સરાઓ શિવલિંગમાંથી કોમળ હસ્તમાં પુષ્પ વેણીઓ ધારી બ્હાર આવી ઉચરી;—

શુણ બાળા શાણી,
ક્ષણિક ભકિત પતિ કેરે પ્રભાવે;
સ્વર્ગે વિષે અમે છે જાણી. શુણ.
શુણ બાળા શાણી,
બકુલ પુષ્પ આ તુજ વધાવા;
સ્વર્ગ તણી તુજ દઈ લાણી." શુણ.

આમ બોલી તે દેવાંગનાઓ પુષ્પ આદિની વૃષ્ટિ કરી, ચાલતી થઈ; જે વખતે રૂપેશ્વરીએ તેઓને પ્રત્યુત્તર આપ્યો:

"મુજ ભારતી બાળા,
સુકન્યા સાવિત્રી અહલ્યા;
એ સર્વે જેવાં ફળ ફળ્યા" મુજ.

પૂનઃ દેવાંગનાઓ ઉચરી;

"શુણ બાળા શાણી,
હું સુકન્યા, હું સાવિત્રી,
હું મંદોદરિ છું રાણી. શુણ.
હું સીતા અમ સહુ વ્રત ધારી,
સતિ મંડળમાં રેનારી. શુણ.
અમ ભોગવિયે સ્વર્ગ સુખ સહુ પતિ ભકિતની કરનારી;
એ રીતે સહુ આર્ય મહિલા, આશિર્વાદ દઇયે ભારી.
શુણ બાળા શાણી."

આમ કહી સર્વ એક પળમાં અદ્રશ્ય થઈ ગઈ. પતિ ભક્તિનો આવો અપાર મહિમા છે. દરેક બાળાએ પ્રભુ રૂપ પતિને રિઝાવી મુકિત મેળવવી જોઇએ. તે સિવાય મહિલાઓ

માટે મુક્તિનો બીજો માર્ગ નથી. સૂરસેને તે ઓળખી; ને તેનું રૂદય ભરાઇ આવ્યું; કે જે રૂદયે એક દુતને ચક્ષુ મારફત બ્હાર મોકલ્યો; કે જે દુતની જાણ થતાં હજુ સુધી પતિના ચર્ણ તળાંસતી યોગિની રૂપેશ્વરી ઉભી થઇ, પતિને દિલાસો દેવા લાગી. હર્ષથી ભેટી. વાંચક, ઉપરોક્ત ઉક્તિથી કદાચ પ્રશ્ન ઉઠશેઃ કે આંખમાંથી કયો દૂત બ્હાર આવ્યો; કે જેણે યોગિની રૂપેશ્વરીને ઉભી કરી? તે પણ આંખમાંથી વ્હેતો શ્રાવણ ભાદરવોજ. ઘણા વખતે ભેટયા, તેથી એમ બને એ સ્વભાવિક છે. અશ્રુ બિંદુ યોગિનીની કાયપર પડતાં તે ઉભી થઈ, ને પતિને દિલાસો દેવા લાગી. રૂપેશ્વરીયે સર્વ હેવાલ પતિને ખુલાસા વાર કહી દીધો; કારણ કે પતિથી વધારે હિત-કારી સ્ત્રિને કોણ હોઇ શકે? સૂરસેનને તેથી આનંદ થયો; અન્યોન્યના સુખમાં પસાર થયેલાં દિવસોની યાદી થઈ; ને અન્યોન્યને વધુ ચાહતાં શિખ્યાં. તેઓએ તેજ સ્થળે સુણેલો દેવાંગનાઓનો પતિ પત્નિનો અખંડ મહિમાં નિરંતર રૂદયમાં ઝર્યાં કર્યો. તેઓએ તેજ સ્થળે પ્રતિજ્ઞા કરી. પ્રભુનો ઉપ-કાર માની પોતાના કાર્યમાં સ્હાય રહેવા પ્રાર્થના કરી; જે વખતે પૂનઃ સતિ મંડળમાં વસનારીઓનો અવાજ આવ્યો;

" શુણ આર્ય દંપતિ;

સ્વર્ગ મહિ કે, પૃથ્વિ મહિ કે, નર્ક મહિ યા કોઇ સ્થાનેં;
આર્ય દંપતિ એક થયાં તો, તેની તુલ નવ કોઇ માને.
શુણ આર્ય દંપતિ.

આ પછી શ્રી વિશ્વેશ્વરે તેઓને આશિર્વાદ આપી, ત્યાંથી

વિદાય થવાની રજા આપી. ત્યાર પછી આ પ્રેમી જોડું મનોહરી નગરીમાં આવી ચઢયું; કે જે નગરી સૂરસેનની જન્મભૂમી હતી. જ્યાં સૂરસેનનો મિત્ર યાને પિતા રૂપ રાજા સૂરસિંહ રાજ્ય કરતો હતો.

વાંચક, સૂરસિંહ તે કોણ? ઓળખ્યો તો હશેજ. તોપણ કાંઇક વધુ ઓળખાણ આપશું તો અસ્થાને નહિજ ગણાય.

સૌંદર્યેશ્વરીનો ભરથાર; કે જે પોતાના પુત્ર ચંદ્રસિંહને બદલે સૌંદર્યેશ્વરીને શોધી લાવ્યો હતો. સૂરસિંહે સાંદર્યેશ્વરીના બાગમાં એકાદ વર્ષ ગાળ્યું, દરમ્યાન સૂરસેન ન આવવાથી રાજા સૂરસિંહ તેની નગરીમાં આવી ચઢયો હતો. મનોહરી નગરીમાં સૂરસિંહે સૌંદર્યેશ્વરી સાથે એક વર્ષ તો સુખમાં ગાળી કાઢયું; પરંતુ ત્યાર પછી તેના ઘરમાં નિરંતર કંકાસ થતો; ને તેનું કારણ સૌંદર્યેશ્વરીજ હતી. રાજા સૂરસિંહની સ્થિતી બહુજ કફોડી થઈ પડી હતી; તથા એટલો બધો કંટાળી ગયો હતો; કે સંસાર તો તેને અગર સમાન ખારો; તથા સોમલ સમાન ઝેરી કાંટા સમાન ખુંચતો હતો. તે કેટલીકવાર તેની હાથે પોતાનો પ્રાણ કાઢી નાખવા વિચાર કરતો; પણ વળી કાંઈ હાથે મરવું, તે સ્હેલ છે. વળી કાંઈ વિચારો આવતાં; ને આશાના નવિન અંકુરો ફુટતાં; તે અટકી પડતો. તેને એમ હતું; કે બે પાંચ વર્ષે સૂરસેન આવશે; ને ચંદ્રસિંહની શોધ કરી લાવી; કજીયાનો અંત આણશે. વળી હજુ તેને પોતાના પૂર્વ જન્મની હકિકત જાણવા આતુરતાં હતી. આ સર્વ તેને આપઘાત કરતાં

પાછો પાડતાં. વળી તેને એવો પણ બોધ મળ્યો હતો, કે આત્મઘાત કરવાથી, નીચ યોનિમાં જન્મ ધારણ કરીને પણ પોતાના પાપના ફળ ભોગવવાં પડે છે. તેથી કાંઇ છુટી શકાતું નથી. પુત્રને મળવાની તિવ્ર જીજ્ઞાસા હતી. આ સર્વ કારણોને લહી આત્મઘાત કરી શકતો નહિ. પણ જેમ તેમ કરી સુખ દુઃખના ઘુંટડા ઉતારી જાવા પડતાં.

વાંચક, જોયું કે! હાલમાં શ્રી કૃષ્ણનો દાખલો લહી ઘણાંય એક ઉપર બીજી પત્નિ કરે છે. તેમને પણ આવી કફોડી સ્થિતી ભોગવવાનો વખત જરૂર આવેછે હો. (શ્રી કૃષ્ણના દાખલામાં 'ગો' ના અર્થો ઈંદ્રિય લે તો ખરો અર્થ સમજાય. ભાષાના અલંકાર સમજે; તો શ્રી કૃષ્ણના આક્ષેપો ખોટાં ઠરે; ને પોતે સારાં રસ્તે ચઢે.) માટે તું પણ ચેતીને ચાલજે હો. પાણી પ્હેલાં પાળ બાંધવી તે સારૂં. પ્હેલેથીજ સંભાળવું, કે પાછળથી સોસવું ન પડે. આ કલિયુગમાં તો કેટલેક ઠેકાણે ઓરમાન મા દિકરી પણ ભેગાં સમાતાં નથી; તેથી પણ આગળ વધીને કહું; તો કેટલેક સ્થળે સગી મા દિકરી ને ભાઈઓ ભેગાં રહી શકતાં નથી; તો પછી જુદા ઘરની, કાંઈ પણ સગાઈ નહિ એવી બે જાણીયો, કે જેના સ્વભાવ જુદા પ્રકારના હોય; તથા જેને એક વસ્તુ બે વચ્ચે વ્હેંચવાની હોય; તેવી સાંડા મનની બે સ્ત્રિયો ભેગી કયાંથી રહી શકે? જો સંસારનું ખરૂ સુખ ભોગવવું હોય, તો એક સ્ત્રિ હયાત હોઈ બીજી, સ્ત્રિ કદી પણ કરવી નહિ. કેટલેક સ્થળે તો એક સ્ત્રિ હોવા છતાં કજીયો પોતાનું કામ કરે જાય છે; તો પછી બે સ્ત્રિ હોય, ત્યારે તો સુખ કયાંથીજ મળે? માટે સંભાળજે; ને આ બાબત યાદ રાખજે; ને તેમ છતાં માનવામા ન આવે, તો સ્વેચ્છાનુંસાર વર્તિ પ્રત્યક્ષ પ્રમાણે કરી લેવું.

તૃતીય પરિચ્છેદ.

રસાલ ફળનું નૃત્ય તે જાણે બાળપણનુંજ કૃત્ય.

ફળ વૃક્ષપર ફુલવેલીમાં વન બાગ વગડે જોઇને,
આવે અતિ વિચાર નવનવ રીતે તેની જોઇને.
સહૂ વૃક્ષને વળી વેલીયે, નિજ માત ગોદે ઝુલતાં,
આનંદ એ નિહાળીને, સ્થિતી બાળ માંહી ઝુલતાં.

સૂરસેન તથા સૂરસિંહ અન્યાન્યને ભેટયા. સૂરસેનને ભેટતી વખતે સૂરસિંહે પોતાની સર્વ હકિકત ગદગદ કંઠે વિદિત કરી. સૂરસેને તેને ઘણો દિલાસો આપ્યો, ને કહ્યું; કે "આમ નિરંતર શોક કરવાથી જ્ઞાનિપુરૂષો પણ જડવત બની જાય છે. શોક મા કરો; ને રાજ્યમાં પુરતું ધ્યાન આપો. અરે, સારી વસ્તુનો પણ અંત આવે છે; તો પછી તેવી શોક છાયાનો અંત પણ આવશેજ."

આ પ્રમાણે દિલાસો મળવાથી તેના રૂદયનો ભાર કાંઇક અંશે ઓછો થયો, તદપિ જ્યારે કલહ થાતો, અગર કામકિશોરીનાં મુખ સામું જોઇ પુત્રની સ્મૃતિમાં પડતો, ત્યારે સૂરસિંહ અતિ ગળગળો થઈ જાતો. આટલું છતાં શાણી કામકિશોરી પૂજ્ય સસરાને નિરંતર ધીરજ આપતી. કલહ વખતે પણ તે ડાહી સુંદરીજ તેઓને તેમ કરતાં અટકાવતી. વળી એટલું તો ચોક્કસ હતું, કે જો તે ન હોત તો આટલા ટુંક સમયમાં પણ ઘરમાંથી એકાદ માણસ ઓછું થયું

હોત. કારણ કે કલહ, એ કુળનું નિકંદન કાઢનાર ક્રોધનો ભ્રાત છે; તો હે મિત્ર, તું પણ આવા કલહ અને ક્રોધથી દુર રહેવા પ્રયત્ન કરજે.

વાંચક, ચંદ્રસિંહનું શું બન્યું; તથા શિવરામે ભાખેલા ભવિષ્ય મુજબ તે તેના પિતાનો ઘાતક કેમ બન્યો; તે હવે જોવાનું છે. કુંદનપુરીને નમસ્કાર કર્યા, બાદ કેટલાક દિવસે ચંદ્રસિંહ અરણ્યમાં આવેલા એક વિશાળ વૃક્ષ હેઠલ આવી બેઠો; ત્યાં બે દિવસ ઉતારો કર્યો; પણ ત્યાં વધુ રહેવાનું તેના ભાગ્યમાં લખ્યું ન્હોતું. બીજે દિવસે તેને એવું સ્વપ્ન થયું; કે "હે ચંદ્રસિંહ, જેમ નસાય તેમ નાસ; નહિંતર હમણેજ તારો વધ થશે; કેમકે ઘણાજ ટુંક સમયમાં પિશાચની એક ટોળી અત્ર આવી ચઢશે." જાગૃત થતાં ચંદ્રસિંહ અતિ વિચારમાં પડયો; પણ ધાસ્તીને તે સ્થાન વિચાર કરવાને યોગ્ય ન જણાવાથી તે અકદમ આગળ ચાલ્યો; ને એક વિશળ ભોંયરામાં યાને ભૂગર્ભમાં દાખલ થયો. આપણી પ્રસ્તુત નવલ કથાના નાયકે આ ભોંયરામાં ઘણો વખત સુધી ચાલ્યા કર્યું; પણ તે ભુગર્ભનો છેડો ન જણાયો. તે અતિશય ગભરાઈ ગયો; ને ત્યાંજ બેસી ગયો. થાકેલો હોવાથી થોડા વખતમાં નિદ્રાધિન થયો; ને થોડા વખત માટે દુનિયાની જંજાળથી મુકત થયો. અતિશય શ્રમિત મુસાફર ત્રણ દિવસ સુધી જાગૃત ન થયો. આ ભુગર્ભ રાજપુરના રાજા સત્યસિંહે બંધાવ્યું હતું; કેમકે લઢાઈ તથા એવા બીજા મુશ્કેલીના પ્રસંગોમાં તે ભોંયરૂં રાજાને આશ્રય સ્થાન તરિકે બહુજ ઉપયોગી થઈ પડતું. હરહંમેશ તે બંધજ રહેતું;

પણ તે દિવસે રાજાની કુંવરી રૂપાળીબા તે ભોંયરામાં ફરવાને નિકળી હતી. તે જોઈ રહ્યા બાદ બંધ કરવા દાસિને ફરમાવ્યું હતું; પણ તેના કામની આડે દાસિ તે વિસરી ગઈ હતી. આ ભુગર્ભની અંદર થોડેજ દૂર સંગેમરમરનું એક શિવાલય બાંધ્યું હતું. પાસે એક કુવો પણ જણાતો હતો. થોડેજ દૂર શંકરને ચઢવવાના સૌગંધિક પુલોના રોપાઓ અને બિલિપાત્ર તથા ધતુરાના મનોહર ઝાડો આવી રહ્યા હતાં, વળી થોડેજ દૂર રાજબાનો સુંદિર મ્હેલ જોનારની દષ્ટિએ પડતો હતો; કે જેમાં તે તેના પતિ સહ નિવાસ કરી રહી હતી. રાજબા દર્શનાર્થે રોજ આ શિવાલયે આવતી; ને અજાણ્યા જણાતાં ને પોતાને ત્યાં ઉતારો આપતી. આપણી પ્રસ્તુત નવલકથાનો નાયક ચંદ્રસિંહ પણ ત્યાં જઈ ચઢયો. રાજબાં એ વખતે દેવાલયમાં ન્હોતી કેમકે હજુ તો અર્ધી રાતજ ગઇ હતી. આપણા નાયકને શું ખબર, કે હજુ અર્ધી રાતજ પસાર થઈ હશે? તે તો તરતજ નાહ્યો; ફુલાદિ જોઇતી વસ્તુઓ ચુંટી કાઢી; ને ઈશ્વરાધનમાં લિન થઈ ગયો.

પ્રભાત થઈ, પણ આ દુનિયા પર થતાં બનાવો તરફ ચંદ્રસિંહનું ધ્યાન ન પ્હોંચ્યું. રૂપાળીબા પણ પોતાની દાસી યાને સહિયર સહ નિત્ય નિયમ મુજબ દર્શનાર્થે આવી; પણ ઘણે સમયે અજાણ્યાને અહિં આવેલો જોઈ આશ્ચર્ય પામી; વળી તેને આરાધના કરવામાં તલ્લિન જોઈ, તે અતિશય વિચારમાં પડી દાસિ પ્રત્યે બોલી;

"હે તારા! હજુ સુધી કોઈ યુવક આ જગ્યાએ આવી ચઢયો નથી; ને આ યુવક કેમ આવ્યો હશે?"

દાસી તો અનેક વિચારમાં પડી; પણ એકે બાબતપર તેની નજર નજ ઠરી. આ પ્રમાણે તેઓ વાર્તાલાપ કરતાં હતાં, તેવામાં આપણો નાયક જાગૃત થયો. બે સુંદરિયો પાસે ઉભેલી જોઇ આશ્ચર્ય પામ્યો; ને તેમાંની મોટી રૂપાળીબાને પ્રણામ કર્યાં. રૂપાળીબા તેને પોતાને ઘેર લહી ગઇ; ને ભોજનાદિથી તૃપ્ત કર્યો. શ્રમિત પ્રવાસિ મધ્યાન્હે નિદ્રાધિન થયો; ને સૂર્યાસ્ત થતાં પ્હેલાં જાગૃત થયો. તરતજ તેણે સ્નાન કર્યું, ને સાયં સંધ્યાવંદનથી નિવૃત્ત થઈ ભોજન લીધું. બાદ તેની ઈચ્છા, તે મ્હેલ, કે જે એક વિશાળ વાટિકાથી ઘેરાયલો હતો; તે વાટિકા જોવાની થઈ. તે આજુબાજુ ફરવા લાગ્યો; ને સર્વ લીલા જોઈ ઘણોજ આનંદ પામ્યો. કર્તાની રમ્ય કૃતિયોમાં વૃક્ષો સહુથી પ્હેલુ પદ ભોગવી શકે. લલના માટે પ્હેલું પદ સંશયનિય છે. વૃક્ષો જોતાં મનુષ્યના વિચારો પર જે અસર થાય છે; તેવીજ અસર તારાઓથી છવાયલાં આકાશ અને ઉદધિથી પણ વખતે થાય છે.

થોડી વારમાં આપણો નાયક એક વાવ પાસે આવી ચઢયો; ને તેમાંના અમૃત તુલ્ય પાણિનો, જોવા ખાતરજ સ્હેજ ઉપયોગ કર્યો. નજીકમાં આવેલાં લીમડાંના વૃક્ષ હેઠળ ધામો નાંખ્યો. થોડી વારમાં તેની નજર સામેના આમ્ર વૃક્ષ પર પડી; કે જેના મનમોહક દેખાવથી, તે વિચારમાળા ફેરવવા લાગ્યો.

રસાલ પર અનેક મનોહારી ગુલાબી મુખડાની લિલી સાડિ પરિધાન કરેલી સર્વ રસાલ પુત્રિઓ નૃત્ય કરતી હતી. તેઓનાં એવા પ્રકારના નૃત્યથી મન અતિશય ખુશ થતું

હતું; ને જેમ માતાના ઉછંગે બેસી કોઈ બાળિકા લાડ કરતી હોય, તેમ જણાતું હતું; આમ હોઈ જોનારને બાલ્યાવસ્થાનું સ્મરણ થાતું હતું, જેમ હાલમાં કેટલીક જાતિમાં અમુક વખતે લગ્નો સાથેજ લેવાય છે; તેમ આ નૃત્યિકાઓનાં લગ્ન પણ સાથેજ થતાં. વળી અહિંયા તો તેઓનો જન્મ પણ એકજ સમયે થયેલો હોઈ, સર્વ સાથેજ ગર્ભ ધારણ કરતી; એટલે કે સર્વ ફળો સાથેજ પાકતાં. કોઈ એક વ્હાલી સ્ત્રિને ગર્ભ રહ્યાના સમાચાર સુણી, જેમ કોઈ આનંદી બને છે. તેમ તેઓને ગર્ભમય અવસ્થામાં જોવી; એ પણ આનંદ ઉપજાવે છે. વળી સ્ત્રિઓને આ પૃથ્વિપર નિવાસ કરતાં મૃત્યાધિન તરફથી, તેવી પ્રાપ્તિ થાય છે, પણ આ નૃત્યિકાઓમાં ગર્ભ મુકનાર સ્વર્ગાધિકારી કોઈ અમરજ છે; તેથી તે ગર્ભના ફળ સારાંજ આવે છે. સર્વ ફળો સારાજ નિપજે છે; નહિ કે આપણ મરણાધિન પ્રમાણે બેઉ સારા નરસા પ્રમાણમાં. આ પ્રમાણે આપણો નાયક આમ કુદરતનું રટણ કરે છે; ત્યાં નિશાનાથનો સંપૂર્ણ અમલ થયો. સર્વ વૃક્ષોને અમૃત આપનાર પિતા તથા પાળકનો પ્રવેશ થયો; ને પોતાના આશ્રિત નામેરીયાને શિતળતાથી છાયી દીધો. કુદરતી કૃતિ પણ હવે નવું રૂપ પકડી બેઠી. ચંદ્રસિંહ પણ આનંદ પામ્યો, ને સર્વ ફરી વળ્યો હોવાથી, ઘેર જવા વિચાર કરી ઉઠી ચાલતો થયો.

સ્વદેશી બંધુઓને સુચના.

હરીગીત.

સ્વદેશી જનને ખુશખબરો આપવામાં આવતી;
ત્રિજોરી તાળાં કેશ બૉકશો કલ ખરીદી જ્યાં થતી.
ત્યાં ત્રોડવાના શસ્ત્રનો ઉપયોગ પ્રિતે આદરો;
ચાવી પડેલી પારકે હાથે પ્રિતે લાગુ કરો.
લાગુ ન થાયે ના ત્રુટે એવી ત્રિજોરી ખરીદવી;
કલ કેશ બૉકશો સરસ તાળાંની ભલામણ એહવી.
દર્શાવવું પડતું હવે એવી દુકાનો જૈનની;
છે એક **એમ. છગનલાલની કુંપની છે તેહની.**
સરટીફીકેટો ચંદ્રકો ચાંદી સુવર્ણોના જુઓ;
છે કારખાનું **ભાયખલા** ત્યાં જઈ ખાત્રી કરો.
જંગી દુકાન **શ્રી કાલકાદેવી** વિષે જઈ પ્રેમથી;
ખાત્રી કરો ખાત્રી કરો દેશી જનો ખોટું નથી.

એમ. છગનલાલની કું૦

ત્રિજોરીવાળા.

શોરૂમ—કાલબાદેવી વીઠલવાડી સામે—મુંબઈ.
કારખાનું—ભાયખલા રાણીના બાગ સામે.

ચતુર્થ પરિચ્છેદ.

રમણી રૂદન.

રમણીનાં રૂદન થકી, સહુ રૂદય ભિંજાય;
કોમળાંગિની કાયથી, સહુના મન લોભાય,
રમણિ એ રંગમાં રમે, સહુ કે અબળા જાત;
તો પણ સબળા થાય તો, કરે નિકંદન જાત,

"હરહર મહાદેવ. રે, અંબા ભવાની, તારા સિવાય મારા દુઃખ કોણ સાંભળશે? હું તો જન્મની દુઃખણી રહી. અરે, વનના અનુચરો પણ મારા દુઃખ સાંભળવા ઈચ્છા કરતા નથી. સર્વ અત્યારે સંતાઈ ગયા છે. અરે, વૃક્ષો પણ મારા દુઃખ ન સાંભળતાં મને સ્હામા મ્હેણા મારે છે. (પવનનું જોર હોઈ, પાંદડા ચાલતાં હતાં. તેઓના ખખડાટથી તેઓ મશ્કરી હસતાં હોય, તેમ જણાતું હતું. યાને પવનમા ઝુલતાં હોઈ, પોતાનાજ ગાનમાં ગુલતાન હોઈ, તેનું દુઃખ ન સાંભળી, બેદરકારી બતાવતાં હતાં.) હે! ચંદ્ર, તું તો અદેખોજ છે કેમકે દિવસના જે કોઈ અહિં આવી બેઠું હોય, તેને તુંજ ઉડાડી મૂકે છે; ને એ રીતે મારૂં દુઃખ કોઈને કાને પડવા દેતો નથી. તું સર્વત્ર અંધકાર પ્રસરાવી સર્વને પોતપોતાના નિયત સ્થાનકે જવા ફરજ પાડે છે."

ઉપરોકત શબ્દો ચંદ્રસિંહને કાને અથડાણા. આજુબાજુ દષ્ટિ કરી, અવાજ પ્રતિ ગમન કર્યું. થોડી વારમાં

શોકાબ્ધિમાં ડુબેલી એક યુવતિ પાસે તે આવી ચઢયો. તેની આંખમાંથી મુશળધાર વર્ષાદ વર્ષતો હતો; ને તે એટલી તો હેબકાઇ ગઇ હતી, કે તેનો રડવાનો અવાજ સુદ્ધાં બ્હાર આવી શકતો ન્હોતો. તેની આંખો ઉંડી ગયેલી હતી; ને તેનું વસ્ત્ર ભિંજાઇ ગયેલું ને ફાટેલું હતું. તેનું શરીર કૃષ થઇ ગયું હતું; તો પણ સૌંદર્યનાં કાંઇક છાંટા જણાતાં હતાં. તે એકજ વસ્ત્ર ભર હતી. તેને પ્હેરવાને ચોળી, કે બીજું કાંઇ ન્હોતું. તેના પાદ અર્ધા ઉઘાડા હોઇ, તેણે એકજ વસ્ત્રનો ઉપયોગ કર્યો છે, એમ જણાઇ આવતું હતું. તેનું રૂદન સુખી માણસને પણ ચિંતામાં ગરકાવ કરે તેવું હતું. તેના શરીરની સ્થિતી વજ્ર રૂદયના ખાટકીને પણ પિગલાવી નાખે, તેમાં કાંઇજ અતિશયોકિત નથી. તેનું મો દયામણું લાગતું હતું. તેના કેશ સાંચવણથી ઢાંકેલાં હતાં; તો પણ નીચે સુધી લંબાઇ બ્હાર હવામાં ઉડતાં હતાં. ગ્રિવામાં વૈષ્ણવ તરિકેના ચિન્હની કંઠી ધારણ કરેલી હતી. તેના આવા રૂદનથી ચંદ્રસિંહનું રૂદય પિગળી ગયું; ને તેણે એક મોટો નિસાસો નાખ્યો. તે બોલ્યો;

"હે દુઃખી બાળા, ઉંચુ જો. તને જે દુઃખ હોય, તે વિદિત કરી દે." ઉંચુ જોઇ આભારની લાગણી દર્શાવી બહુજ ધીમેથી તે બોલી;

"આવ, ભાઈ, તું મારૂં દુઃખ દુર કરીશ? આવ, બાપુ આવ. મારા રૂદયમાં ટાઢક કર. પ્રભુ તારૂં ભલું કરશે."

આટલાં શબ્દો સાંભળતામાં આપણા નાયકને જળઝળીયાં આવી ગયાં. તેનો કંઠ ગળગળો થઈ ગયો; ને તે ખોખરે સાદે બોલ્યો; "હે ધર્મ ભગિની; આવ. જે દુઃખ હોય, તે

મને કહે, મારા જીવના જોખમે પણ હું તે દુઃખ દુર કરીશ. અન્યનું ભલુ કરતાં કાયા પડે, તો તેની મને પરવા નથી." ચંદ્રસિંહના આવા માયાળુ આશા ભર્યાં શબ્દો સાંભળી તેને ધીરજ આવી; ને તે રડતી બંધ થઈ; પણ હજુ તે ડુસકાં તો ભરતીજ હતી. ચંદ્રસિંહે તેને ધીરજ આપી. પાસેની વાવડીમાંથી પાણી લાવી પાયું. ઉપરાંત પાસેના રસાલ વૃક્ષ પરથી બે ચાર શાખ ફળો લાવી ખવડાવ્યાં, ત્યાર બાદ આ તરૂણિયે પોતાની કથા કહેવી શરૂ કરી. તે બોલી;

"હે ભાઈ, રત્નનગરીનાં રાજા રાયસેનને ઘેર, મારા પૂજ્ય માતપિતા દાસ દાસિ તરિકે રહેતાં હતાં. મારા જન્મ પછી પાંચેક વર્ષે મારા પિતા કોઈ એક હલકી સ્ત્રિની સાથે પ્યારથી બંધાણા; તેથી અમને સુતા મુકી, રાત્રિને સમયે તે તેની ઉપ પત્નિને લહી નગરનો ત્યાગ કરી ગયા. અમારાથી બનતી શોધ અમે કરી; પણ તેઓનો કાંઇજ પત્તો લાગ્યો નહિ; આમ કરતાં બે એક વર્ષ વિતી જતાં તે વાત વિસારે પડી. હું મારી માતાના આશ્રયમાં રહી મોટી થતી ગઈ, તેમ તેમ મારી માતાનો હર્ષ વધતો ગયો. એક વખત મારી માતા તળાવે પાણી ભરવા ગઈ; તે વખતે દૈવયોગે તેનો પગ લપસ્યો; ને તે તળિયે જઈ બેઠી. આ પછી હું આ નગરમાં મારી માસીને ત્યાં આવી રહી. તે આ બાગમાં કામ કરતી હતી. હુ ઘરનું કામકાજ કરતી; ને એ રીતે અમે અમારૂં પોષણ કરતાં. એક વખત મારી માતા મને સ્વપ્નામાં આવી કહેવા લાગી; કે "હે પુત્રિ, જે જગ્યાએ હું ડુબી ગઇ છું; તે જગ્યાએ તું આજ રાત્રે આવજે." રાત્રિના ભયંકર અંધ-

કારમાં હું તળાવે જવા નિકળી, પણ કોઈ દુષ્ટે મને રસ્તામાં કેદ કરી. મારી માતા રોજે તેના શરિરમાં આવી તેને હેરાન કરવા લાગી; આથી મારો છુટકારો થયો. આ પછી હું તળાવે ગઈ. મારી માતા મને પ્રફુલ્લ રૂદયે ભેટી; ને મને એક પત્રિકા આપી, તે મુજબ વર્તવા કહ્યું; ને વધારામાં જણાવ્યું; કે એ મુજબ ન બની શકે તો પૂનઃ તારા પગલાં અહિં કરીશ નહિ. આ પછી અમે જુદા પડયાં. તે ચીઠ્ઠી આ મુજબ છે. લો આ ચીઠ્ઠી. મારૂં તે દુઃખ આપનાથી દૂર થાય તેમ હોય, તો કૃપા કરી મને મદદ કરો. પ્રભુ તમારૂં સારૂં કરશે." ચંદ્રસિંહે ચિઠ્ઠી ઉઘાડી વાંચવા માંડી.

"પ્યારી પુત્રી લયલા,

મારી આંખની કિકી, આપણા અસ્સલના સ્થાનકે મેં અનેક પ્રકારના આયુધો, ને પુષ્કળ પૈસો સંતાડેલો છે. તે સર્વ પર હવેથી હું તારો હક કબુલ રાખુ છું, પણ તારે નીચે મુજબ મારી ઈચ્છાઓ સફળ કર્યાં પછીજ તેનો સ્વચ્છંદે ઉપભોગ કરવો. હાલ તો તેમાંથી ખાવા જોગ પૈસો ને પુષ્કળ હથિયારો લહી, પુરૂષના વેશમાં ઘોડેસ્વાર થઈ શાંતિપુરનો રસ્તો લેજે. જંગલના રસ્તામાં એક પર્ણકુટિ પર તારી નજર પડશે. તે કુટિમાં એક શિલા નીચે કેટલું એક ખોદતાં એક વૃદ્ધ પુરૂષનું શબ તારી નજરે પડશે. તે લહી, તું શાંતિપુરની ઉત્તરે આવેલા ડુંગરો તરફ પ્રયાણ કરજે; ને રાત્રિના બાર વાગ્યા પહેલાં તું તે સ્થાનકે જઇ ચઢજે. તે ડુંગર અતિ ઉંચો ને ભયંકર છે; તદપિ ઉપર ચઢજે. ડુંગર ઉપર એક નાનું કાણું તારી નજરે પડશે. તેની આજુબાજુ ખોદજે; જેથી અંદર

ઉતરવા માર્ગ મળે. તે ગુફામાં તું વગર વિલંબે દાખલ થઈ જજે. તેમાં કેટલું એક ચાલ્યા પછી એક દાદર આવશે; તે તું ઉતરી જજે. ત્યાર પછી નીચે તને એક ઓરડો જણાશે; તેમાં એક પુરૂષ અને સ્ત્રિ છે, તેને જણાવજે; કે "દુષ્ટો, તમારા કુડાં કૃત્યનાં ફળ ચાખો. નરાધમિયો, અનેક જણને છેતરી તેઓના પ્રાણ લેતાં તમોને શરમ આવતી નથી; પણ આજે આ ખંજરથી તમારો પ્રાણ લહીશ. દુષ્ટાત્માઓ, આ વૃદ્ધના શબને તમારા લોહિમાં ઝબોળીશ. તેની અંતિમ ઈચ્છા કે જે તમારૂં લોહિ પીવાની છે; તે હું સફળ કરીશ."

આ પ્રમાણે કહી હે પુત્રિ તું તેઓના પ્રાણ લેજે. હું તારી સ્હાયમાં છું. તેઓ તને કાંઈજ નહિ કરે. એ વૃદ્ધના શબને તે દુષ્ટોના લોહિમાં નવરાવજે. તે તારા પિતા પોતેજ છે. તે રંડા તથા તેના યારે આવી રીતે પાસમાં ફસાવી કંઈકના જીવ લીધા છે. તારા પિતાનું ખુન થયું; ત્યારે તેઓ બોલ્યા હતાં, કે—

"જે કોઈ તમારૂં લોહી મારા શબને પાશે, તે પુરૂષ રાજા અને સ્ત્રિ પટરાણી થાશે. તેઓના પૂર્વજોની સદગતિ થાશે; ને મને પણ શાંતિ થાશે."

તો હે પુત્રિ, બીજાની પરવા ન કર, પણ અમારી સદગતિ કર. તે ઓરડામાં પુષ્કળ દ્રવ્ય છે; તે તું લેજે. આટલું કર્યાં પછી તું મારી પાસે આવજે; ને મારી સદગતિ કરજે. પુત્રિ, બસ. હિંમત રાખી આટલું કામ કર."

લી○ તારી વાલી માતા

રાધાના આશીષ.

પંચમ પરિચ્છેદ.

"દુષ્ટો તમારા કુડાં કૃત્યનાં ફળ ચાખો."

કર્મો કુડાં આદરી, સારાની કરે આશ,
તેની આશ ફળે નહિ સદા રહે નિરાશ.

ઉપરોકત પત્રિકા ચંદ્રસિંહે સંપૂર્ણ વાંચી, સર્વ બિનાથી વાકેફ થયો. વિચારમાં પડયો. ગમે તેમ તોય ક્ષત્રિ હતો. 'અબળાને મદદ કર્યા વિના કેમ ચાલે? આશ્રય માગનારને આશ્રય આપવોજ જોઈએ.' આમ વિચાર કરી પોતે સજ્જ થયો; ને તે તરૂણીને પણ સજ્જ થવા કહ્યું.

પ્હેલાં તેઓ રાધાએ સંતાડેલા ખજાના પાસે ગયાં. લયલાએ જોઈતાં શસ્ત્રો કાઢયાં પુરૂષનો પોશાક પહેર્યો, ને ઘોડેસ્વાર થઈ ચાલવા માંડયું.

થોડીવારમાં બેઉ જણાએ ત્યાંથી થોડેજ દૂર આવેલ શાંતિપુરનો રસ્તો લીધો. પત્રિકામાં જણાવેલ પર્ણકુટિ પાસે આવી પ્હોંચ્યાં. શિલા ઉપાડી ખોદવાનું શરૂ કર્યું. શબ બ્હાર કાઢી ચાલવા માંડયું. જણાવેલ ડુંગર પાસે આવી પ્હોંચ્યા. ગુફા પણ આવી. દાખલ થયાં, દાદર ઉતર્યાં. પુરૂષના વેશમાં સજ્જ થયેલ બાળા ખંજર કાઢી તે દુષ્ટોની સામે આવી. ચંદ્રસિંહ પણ તરવાર કાઢી; તેઓના માથે ઉભો રહ્યો. પાપિયો આવા

ઓર્ચીના બનાવથી ગભરાઈ ગયાં. પાપમાં દબાઈ ગયાં. કાંઈ પણ ઉત્તર આપી ન શકયાં. લયલાંએ ક્રોધથી ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું;

"દુષ્ટો, તમારાં કુડાં કૃત્યનાં ફળ ચાખો, નરપિશાચો, પૃથ્વિ પર આવી તમે શું સાર્થક કર્યું? મનુષ્ય દેહ મળ્યો; તેને તમે કુકૃત્યો કરવા માટે માન્યો. જે પૈસાને માટે તમે આટલાં કુકર્મો કર્યાં; તે સાથે નહિ આવે; ને પાપ પુન્યના ફળ તો ચાખવાં પડશે. નરાધમિયો, ફાંસામાં ફસાવી તમે જેમ ગરીબોના પ્રાણ હર્યા છે, તેમ આજે આ ખંજરથી હું તમારો હરીશ. તમારૂં લોહી આ શબને ચઢાવીશ. તેની તે અંતિમ ઈચ્છા હું તૃપ્ત કરીશ. કરી લ્યો તમારા ઇષ્ઠ દેવનું દેવનું સ્મરણ. વાપરો તમારી યુકિત પ્રયુકિત. બસ એક ક્ષણ વારમાં તમે આ દુનિયાથી મુકત થશો. નરાધમિયો જુવો છો શું? બસ તમારે જે કરવું હોય તે કરી લો,"

બેઉ નરપિશાચો દોષમાં દબાઈ ગયાં. સામે શાક્ષાત યમ જણાયાં. શું કરવું તે સૂજ્યું નહિ. કરેલાં કુકર્મો યાદ આવ્યાં, તેઓ અફસોસ કરતાં બોલ્યાં;

"હાય, આ જીંદગી; શું કમાયા. શું સાર્થ કર્યું. મનુષ્ય દેહ પામી; કુકર્મના બોજા વધાર્યા. અરેરે અમારૂં શું થાશે. જીવ્યું અફળ ગયું. હાય, અમો દુષ્ટોને તો મોતની શિક્ષાજ યોગ્ય છે. અરેરે, આ પૃથ્વિ પર અનેક વસ્તુમાં લલચાઇ કુકર્મો કર્યાં; કંઈકને લુટયા, ભોળવ્યા, અરેરે, તે સર્વ શાને માટે? પૈસાને માટે કંઇકના ખુન કર્યાં; તે સાથે નહિ આવે. બસ હવે આખરની ઘડી. મારા જેવાને નરકનું સ્થાન

પણ મળશે કે કેમ? હાય અફસોસ; અફસોસ."

તરત લયલાએ તેઓનાં ધડ જુદા કર્યાં. લોહીનો પ્રવાહ ચાલ્યો, તેમાં પેલા શખને રગદોળ્યું. ચંદ્રસિંહને કંપારી છુટી; પણ શુરમાં આવેલી લયલાને તે કાંઇજ ન કહી શકયો; કેમકે તેની માતા રાધાએ તેના શરીરમાં પ્રવેશ કર્યો હતો. થોડી વારમાં આખું શબ ભિંજાઈ ગયું. સર્વ શાંત થયું. રાધા પોતાને સ્થાનકે ગઇ, લયલા તથા ચંદ્રસિંહ સમગ્ર ગુફા ફરી વળ્યાં. પુષ્કળ દ્રવ્ય, અનેક પ્રકારનો વસ્ત્રાભૂષણો સર્વ જણાયું. ઢોર ઢાંખરનો પણ પાર ન્હોતો. સર્વ સારી રીતે બંધ કરી, બેઉ શબને ઠેકાણે પાડી; ડોસાના મૃત દેહને લહી રાધા તથા ચંદ્રસિંહ તળાવ કે જ્યાં તેની માતા ડુબી ગઈ હતી ત્યાં ગયાં. તેને મળ્યાં; ને તેનું વચન પાળી, ટાઢક કરી, તેણે કહ્યું;

"હે પુત્રિ, દુનિયામાં પ્યાર જેવી એકે સ્વાદિષ્ટ વસ્તુ નથી. તે નાજ જાત, રીત ભાત, સુખ દુ:ખ, ભલાઈ બુરાઈ, વખત કવખત, સારૂં નરસું, ઉમર, રાત, દિવસ, જગતની પરવા, સગા વ્હાલા, સ્નેહિ મિત્ર, ગંદુ ચોકખું કે બીજું કાંઈ જોતો નથી. તો હે પુત્રિ, પ્યાર એક જણુ સાથે બાંધજે. પ્યારનું કાંઈ સારૂંજ પરિણામ આવે છે, તેમ નથી. પ્યાર આંધળો છે, તેને કોઇની પરવા નથી, પણ પ્યારનો ભોકતા એક જણને બનાવજે, તું હવે પુષ્કળ પૈસાની અધિષ્ટાતા થઈ છો. ગરીબને મદદ કરજે; સુખ દુ:ખમાં ધીરજ રાખજે: ને પ્રભુનું સ્મરણ કરીને રહેજે."

આ પછી ચંદ્રસિંહ તથા લયલાએ ચિતા ખડકી, તેમાં

રાધા તથા વૃદ્ધ શામને સળગાવવામાં આવ્યાં, ને તેઓની સદગતિ થઈ.

ચંદ્રસિંહ પોતાને ઘેર આવ્યો; ને લયલા તેના સ્થાનકે ગઈ. બીજે દિવસે લયલા તથા ચંદ્રસિંહ પૂનઃ મળ્યા. લયલાએ સઘળો પૈસો બ્હાર કાઢયો, ગુફા દુર કરી તે ડુંગર પર એક ભવ્ય મ્હેલ બંધાવવો શરૂ કર્યો. ચંદ્રસિંહને ભેગો રહેવા ઘણો સમજાવ્યો, પણ તેણે માન્યું નહિ, ને પુષ્કળ પૈસો આપવા માંડયો છતાં લીધો નહિ. લયલાનું મન ઉપરોકત બિના જોઇ સંસારમાં જોડાવા ઇચ્છતું ન્હોતું. તે સાદા વિષે રહેવા લાગી; ને પૈસાનો ઉપયોગ યોગ્ય પાત્રને મદદ કરવામાંજ કરતી.

વાંચક જોયું, કેટલી સાદાઈ એમાંજ જીંદગીનું રહસ્ય સમાયલું છે. જોયું, પેલા દુષ્ટાત્માઓનું રૂદન. શું તેઓનો અફસોસ. તે મનુષ્યને આ જીંદગીનો ઉપયોગ બીજાના હિતને અર્થે કરવાનું શિખવે છે. તો તે પ્રમાણે તું પણ જીંદગીનું ખરૂં રહસ્ય જાણ ને સુખી થા; એજ આ લખનારની ઇચ્છા છે.

• ચંદ્રસિંહ પોતાને ઉતારે, એટલે રાજબાને ત્યાંજ રહેતો હતો; હવે તેનું શું બને છે; તે તરફ આપણે દ્દષ્ટિ કરીયે.

ષષ્ટ પરિચ્છેદ.

કુદરત અગમચેતી કરે છે.

સુખ દુઃખના સાથી મહિ, કુદરત ગણવી એક;
પવિત્ર સત્તાની ધારિણી, સુખ દુઃખ સાથી લેખ.

આપણે જોઈ ગયા, કે ચંદ્રસિંહે નિસ્વાર્થપણે લચલાને મદદ કરી. હવે તે મહાન ધનાઢય બની તદપિ આપણો નાયક તેના પૈસાની સ્પૃહા ન કરતાં રાજબાને ત્યાંજ આવી રહ્યો.

એક રાત્રિયે ભોજન ઇત્યાદિથી પરવારિ, વખત થતાં પ્રભુ સ્તવન, એટલે રાત્રિદેવીની સ્તુતિ કરી તે નિદ્રાધિન થયો. વાંચક, એક સ્થળે મેં લખ્યું છે, કે કુદરત સર્વ કોઇને સુખ દુઃખની ચેતવણી આપે છે; ને સારા નરસામાં ભાગ પણ લે છે. ચંદ્રસિંહ અત્યારે ચિંતા રહિત હતો; તેમ તો નજ કહેવાય, પણ તે સ્વસ્થ ચિત્તે નિદ્રા લેતો હતો, એ તો નિશંસયાત્મક છે. રાત્રિના બાર વાગ્યા પછી તેને એક સ્વપ્ન થયું; તેમાં તેણે તેના પિતાને એક એકાંત મ્હેલમાં રાત્રિને સમયે એક સૌંદર્ય પ્રૌઢા સાથે મ્હાલતો જોયો. તે મુગ્ધાએ સૂરસિંહને એટલે સુધી કહ્યું, કે "જો આપ એક બે દિવસમાં સત્યવતિને યમ દ્વાર નહિ દેખાડો; તો હું કુવો પુરીશ. અગર કોઈ બીજી રીતે મારો અંત આણીશ." મદમાં ચકચુર થયેલાં રાજાને સાચા ખોટાની ખબર કયાંથી પડે? પ્રેમાબ્ધિમાં ગળકા ખાતો તણખલાને વળગી રહે એમાં શું? રાજાએ તેનો

ઇન્કાર તો નજ કર્યો. આ વચનો બોલનાર સૌંદર્યેશ્વરીજં હતી. આ સ્વપ્ન ખરૂંજ હતું. વાંચક હવે ઘર તરફ નજર નાખ; કે ત્યાં આમ કેમ બનવા પામ્યું હતું; એ સર્વ ખુલ્લું થાય.

કામકિશોરી તેના પતિને તથા પોતાની બાળ સ્નેહિ સખી યાતો નણંદને મળવા અતિ ઉત્સુક હતી. તે વારંવાર તેના સાસુ સસરાને તે બાબે કહેતી, પણ તેઓ શું કરી શકે તેમ હતાં? તેઓ પણ કામકિશોરીનાં જેટલાંજ બલ્કે વધારે દુઃખી હતાં. મનુષ્યનો કોઈ પણ પ્રકારનો જુસ્સો, મનુષ્યને તે કાર્ય સફળ કરવા ગમે તે દિશામાં દોરે છે. જુસ્સામાં આવેલો મનુષ્ય જોતો નથી, યાતો જાણતો નથી; કે તે કઇ દિશામાં આક્રમણ કરે છે. કામકિશોરી સ્ત્રિ જાત હતી; તદપિ પૂર્ણ યૌવનવંતિ હતી. પતિ વિયોગના પિડારૂપ જુસ્સામાં એક રાત્રિયે ચાલી નીકળી. આમ હોવાથી ઘરમાં કલહ પોતાનું કામ સારી રીતે સારતો હતો. તેઓને વઢતાં કોઈ અટકાવે તેમ પણ હતું નહિ. રાજાએ કામકિશોરી માટે શોધ કરાવી; પણ પરિણામ ધાર્યા પ્રમાણે ન આવ્યું; આથી સત્યવતિ તથા રાજાને લાગી આવ્યું હતું; પણ શું કરે; નસીબ મ્હેર વરસાવતું ન્હોતુ.

વાંચક આશ્ચર્ય થાશે; કે કામકિશોરી જેવી પૂર્ણ યૌવનમાં ઝઝુમતી અબળા જાતિ કેમ ચાલી નીકળી?

પતિ વિયોગના જુસ્સામાં તેમ તે દોરાય તે બની શકે તેમ છે; પણ વળી પ્રશ્ન ઉઠશે; કે એમ કયાં ચાલી જાય? તો જુવાબમાં એટલુંજ; કે હજુ સુધી કામકિશોરી પતિવ્રતા હતી. પતિનુંજ રટણ કરતી હતી. આથી તેને વિચાર આવ્યો

હતો; કે મારા પતિ; કે જે મારી નણંદને યાને સખિને તેડવા ગયાં હતાં, તે મારા ધર્મ પિતા દેવદુતને હાથે કેદ કાં ન પકડાણા હોય? અગર હજુ સુધી કેમ ન આવ્યા? વળી પોતાના શ્વસુરે પણ કહ્યું હતું, કે "તે અલકકિશોરીને તેરવા ગયેલ છે," આથી ઉપરોકત વિચારને પુષ્ટિ મળતી હતી. આમ હોઈ પતિને મળવા આતુર એવી કામકિશોરી ચાલી નીકળે એ તદ્દન બનવા જેવું છે.

સ્વપ્ન થાતાં ચંદ્રસિંહ ઝબકી ઉઠયો; ને બબડવા લાગ્યો, કે "હું આ શું જોવ છું, સ્વપ્ન કે સાચું. જાગુ છુ, કે ઉંઘુ છું. નહિ, હું ઉંઘતો નથીજ. ત્યારે શું સ્વપ્ન સાચું? હા: હોવુંજ જોઈએ. એમ હોય તો અહિં રોકાવાનું શું કામ? ચાલ જલ્દી તૈયાર થાવ, ને પ્રભાત થતાં ચાલી નિકળું."

આમ વિચાર કરી, ચંદ્રસિંહ સજ્જ થયો; ને પ્રભાત થતાં રાજબાની રજા લહી, ઘર તરફનો રસ્તો લીધો. થોડે દૂર ગયો, એટલામાં એક દાસિ શ્વાચ્છોશ્વાસ લેતી તેની નજીક આવી, તેને એક પત્રિકા આપી. ઉઘાડી; વાંચવાનુ શરૂ કર્યું;

'પ્યારા મ્હેમાન ચંદ્રસિંહ,

આપનામાં આપના નામ મુજબ ગુણ હોય, તો તેનું પારખું કરાવવા કિંકરીને દર્શનનો લાભ આપ્યા બાદજ ત્યાંથી આગળ જજો.

લી. કામાગ્નિની શિતળતા ઇચ્છતિ કિંકરી,

ચંદ્રમુખી.'

વાંચક આ ટુંકા પત્રમાં બે અર્થ સમાયલાં છે. ચંદ્રસિંહ અતિશય વિચારમાં પડયો. એક તો ચંદ્રમુખીને તેની ધીરજ જોવી છે. એ અર્થ પણ થાય છે. પણ આગળ વાંચતાં તે ઉડી જાય, ચંદ્રસિંહ પણ તેને કંઇક ચાહતો; પણ લીધેલું 'પણ' પૂર્ણ થયાં પછીજ સંસારમાં જોડાવું; એ યાદિથી તે વિચાર અમલમાં આવી શકતો નહિ. સ્વપ્નની યાદિ તાજી હતી. નજર સમક્ષ ખડી હતી. મન પણ તેજ વિચારમાં મગ્ન હોઇ; કેટલાક દિવસ રાજ્ય દરબારમાં મજા મારેલી હોઇ; પ્રથમની યાદિને વિસરાવી હતી; ને તેને બદલે ચંદ્રમુખીની યાદિ સ્મરણમાં હતી. તે વધુ સ્મરણમાં ઉપરોકત પત્રિકા લાવી. પ્હેલી યાદિને છેકજ ભુલાવી દીધી. વળી પત્રિકા દ્વારા સંમતિ મળી; ચંદ્રમુખીની ઝાંખી યાદિ પ્રકાશિત બની; તેથી વિચાર કરી પૂનઃ પ્રત્યુત્તર દાસી દ્વારા વાળ્યોઃ

'વ્હાલી ચંદ્રમુખી,

હું ગૃહત્યાગ કરી ગયેલો હોઇ, પૂનઃ ગૃહ દર્શન કરવા તો ઇચ્છા નથી; પણ જો આપ મળવા ચાહોજ છો; તો હું અહિંઆથી આગળ નહિ જાઉ; પણ અહિંજ રોકાઇશ; તો આપ આવી મળજો, યાને પ્રત્યુત્તર વાળશોઃ

ચંદ્રસિંહ.'

દાસી પત્ર લાવી, વાંચી અત્યાનંદ થયોઃ પણ ત્યાં કઈ રીતે જાવું, તે બાબત વિચાર વમળમાં ગોથા ખાવા માંડયાં. પણ વાંચક શુદ્ધ પ્રેમ ભુખીને પ્રેમ પાન કરતાં કંઈ અડચણ નડે? દાસિએ આપેલાં ઠેકાણે, રાત્રિના આઠ વાગતાં પુરૂષના

વેશમાં, તે એકલી પગે ચાલતી જઈ ચઢી. જોયું પ્રેમ આવો છે. પ્રશ્ન ઉઠશે, કે અબળા ગણાતી બાળાની હિંમત કેટલી? પ્રત્યુત્તર એટલોજ કે પ્રેમને માટે જોઇએ તેટલી.

જે કુમારિકા પોતાની આટલી જીંદગીમાં પગે ચાલી ન્હોતી; જે દિવસમાં પણ એકલી બ્હાર નિકળી ન્હોતી; તે, આમ વગર વિલંબે દાસીયે બતાવ્યા મુજબ ધારેલે સ્થળે જઈ પ્હોંચી. તે શું? ચાહે તો પ્રેમ કહે, યા મદન કહે; પણ બંન્નેના ઉત્પત્તિ સ્થાન તો અન્યોન્ય પરજ અવલંબી રહેલાં છે. રગેરગમાં પ્રેમ વ્યાપી રહેલો હતો; તો પછી તેનો જુસ્સો તેજ પુરૂષાતન, તેજ હિંમત, ને તેજ ન ધારેલી અજબ શકિત. ચંદ્રમુખી ધારેલે સ્થળે જઈ પ્હોંચી, તે વખતે રાત્રિ ઝાઝી વ્યતિત થઇ ન્હોતી; તો પણ મધ્ય રાત્રિ થવામાં થોડીજ વાર હતી. આ પ્રેમી જોડું પ્રથમ તો સારી રીતે ભેટયું; ત્યાર પછી ચંદ્રમુખિયે યાતો માશુકે ભિન્ન ભિન્ન પ્રકારની ચેષ્ટા કરવા માંડી; પણ તે મર્યાદા બ્હાર તો નહિજ. ચંદ્રસિંહ કે જેની પ્રતિજ્ઞા વિસ્મરણ થઈ હતી; તેણે સર્વ ખુશિથી જોયાજ કર્યું, પણ ઇન્કાર તો નજ કર્યો. શા માટે ઈન્કાર કરે વારૂ! તે તો તેને ચાહતો હતો. ધીમેધીમે તેઓ આગળ ચાલ્યાં, ને થોડી વારમાં એક ઘોર ઘટામાં જઈ ચઢયાં. ચંદ્રમુખીયે ટિટોડી માફક સૂઈ પોતાની ઈચ્છા વ્યકત કરી. ચંદ્રસિંહે પણ તેની ભેટ લેવા, યાને તેની ઈચ્છામાં પુષ્ટિ રૂપ બનવા જોઇતાં ઉપાયો યોજ્યા; એટલે કે તેણે હસ્તાવિંદને પોતાની નોકરીયે જવા હુકમ કર્યો; પણ તેઓ હુકમ બજાવે તે પ્હેલાં તેને પોતાની પ્રતિજ્ઞાનું અચાનક સ્મરણ થયું; ને તરતજ તે ધરણીપર

ઢળી પડયો. શાની પ્રતિજ્ઞા? પોતાનાં જ્યેષ્ટ બંધુની શોધમાં ફત્તેહ પામવાની; ને ત્યાર પછીજ વિધિ પૂર્વક લગ્ન કરી સંસારમાં સેલ કરવાની પ્રતિજ્ઞા. આ પ્રતિજ્ઞાયે તેને મુચ્છિર્ત કર્યો. ચંદ્રમુખી તો એમજ ઇચ્છતી હતી; કે કયારે મારા પિયુના સંગનો લાવ લવ? અહા! ઇચ્છિત આનંદ હમણેજ મેળવીશ, એવી આશામાં તેના અવયવો પોતપોતાના પ્યારા મ્હેમાનોને મળવા, ને યોગ્ય સત્કાર કરવા, તૈયારજ થઈ રહ્યાં હતાં.

સપ્તમ પરિચ્છેદ.

પતિવ્રતાને કાંઇ દુર્લભ છેજ નહિ.

પતિવ્રતા નારી કહી, પછી રે શાની ખોટ;
આપે જો કદિ કોઇને, ખાવા ન રે લોટ.

ઇચ્છે કંઈ વરદાન તો, આપે ઘડિની માંય;
જગત જણેતા જાણવી, પતિવ્રત દર્શન થાય.

દરેકનું ધાર્યું પાર પડે, તો જગતમાં સુખ દુ:ખનું નામજ કેમ રહે? એમ બને તો નિયંતાને માને પણ કોણ? ચંદ્રમુખીને જયારે જાણ થઈ, કે પોતાને પ્રિય એવો પુરૂષ તો જમીન પર પડેલો છે; ત્યારે તેને ભાન ન રહ્યું; ને શું કરવું, તે સૂજયું નહિ. તેણે ઉંચે સાદે રડવા માંડયું; પણ એવી અઘોર ઝાડીમાં એક નાજનિનો ઉંચો, પણ કોમળ

સ્વર કેટલે સુધી પ્હોંચે? ત્યાં તેની વ્હારે પણ કોણ આવે? એવાં નિર્જન સ્થાનમાં તે અબળા કઈ સત્તાનો ઉપયોગ કરે? તે ખરેખર શુદ્ધજ હતી; તેથી તેને એવોજ વિચાર આવ્યો; કે "હે નાથ, જો હું શુદ્ધ હવ, ને આ ધારેલા ભર્તાર સિવાય, અન્યને મેં પિતા તથા ભાઈ તરિકેના ભાવથી નિહાળ્યા હોય, તો હે પ્રભુ, મારા આ મુર્છિત પતિને જાગૃત અવસ્થામાં લાવો. યા તો જો તેમ ન બને, ને એ ચૈતન રહિત હોય; તો તેની સાથે સતિ થવા જોઈતી સર્વ સામગ્રી આપો. આમ કહી, કોમળ સ્વરે તેણે નિયંતાની સ્તુતિ શરૂ કરી. (વાંચક,, વિચાર થશે કે સ્તુતિ પદમા શા માટે? જુવાબમાં એટલુંજ કે કાવ્યમાં રૂદયની ઈચ્છા જોઈએ તેવી રીતે વ્યકત કરી શકાય છે. કાવ્ય તે પવિત્ર રૂદયમાંથી વ્હેતો ઝરો છે. કાવ્ય બીજા પર સચોટ અસર કરે છે. આમ હોઈ ગદ્ય કરતાં પદ્યમાંજ સ્તુતિ કરવામાં આવે છે.)

શાર્દુલ વિક્રિડીત વૃત.

સાક્ષી છો જગને વિષે પ્રભુ તમે, ના અન્ય આધારરે;
થાવા કાળ મરણ આ જગ વિષે, તો આવી ત્યાંથી ખરે.
મુકે નહિ મરવું કહિ ન કોઈ, રેવું પતિ સાથમાં;
રેતાં અહિં સ્વરગે અમેજ રેશું, આનંદ ઉલ્લાસમાં.
છો સર્વ જગને વિષે પ્રભુ તમે, આધાર ભારી અરે;
રાખો સર્વ સતિતણું પત પ્રભુ, ના મુજનું જાયરે;
હોયે જે જગને વિષે સતિ અરે, પ્રેમી પ્રભુ પૂજશે;
તે તો રોજ રહી પતિ પ્રભુ ભણી, સત્યકાર્ય ભાગી થશે."

ચંદ્રમુખી હજુ આગળ બોલવા જતી હતી; પણ એટલા સમયમાં તો એક ભવ્ય, જટાધારી દિવ્યાકૃતિ મહાન પુરૂષે ચંદ્રમુખીને દર્શન દીધા. ચંદ્રમુખી તરતજ તેના પાદારવિંદમાં પડી. તે મહાત્માએ મધુર શબ્દોમાં કહ્યું;

"હે પતિવ્રતા, શોક ના કર. પતિવ્રતાને કાંઇ પણ દુર્લભ છેજ નહિ. હમણેજ તારા પતિની મુર્ચ્છા વળશે. લે; આ થોડું પાણી. તેના મુખ પર તેનો છંટકાવ કર; ને જો, કે શું થાય છે." દઢ વિશ્વાસ રાખી, કાંઇક સ્મિત વદને તેણે તેનો સ્વિકાર કર્યો; ને તે અમૃતમય શિતળ જળ, તેના પ્રિય પતિના મુખારવિંદ પર છાંટયું. ચંદ્રસિંહને થોડી વારમાં સ્મૃતિ આવી; ને તે ઉભો થયો; ને ચાલવા માંડયું ચંદ્રમુખીયે તેને રોકીને કહ્યું, "આપ કયાં નાસો છો; આ ભૃત્યા પર દયા તો કરો." ચંદ્રસિંહ કે જેના ફળિત મગજમાં પ્રતિજ્ઞા સફળ કરવાના વિચારોજ રમણા કરતાં હતાં, તેને હવે સર્વ બાબતની સ્મૃતિ થઇ આવી. પણ તે શું કરે? તે લાચાર થઈ ગયો; ને શું કરવું; તે તેને સૂજયું નહિ. તે ખિન્ન રૂદયે બોલ્યો;

"હે સાધ્વી, મને માફી આપ. આગળ પણ મારી આકરી પ્રતિજ્ઞાને લીધે, અપ્સરા રૂપ એક સુંદિર બાળાયે પ્રાણ ત્યાગ કર્યો હતો. તું તેમ ન કરતી. તું પૂનઃ ગૃહ પ્રતિ ગમન કર." ચંદ્રમુખી આથી ગભરાઈ, ને કાંઈ વિચાર ન સૂજવાથી પોતાની સ્તુતિ આગળ ચલાવી;

શિખરણી.

પ્રભો તું જાણે છે, નથી નથી રહ્યા ઉપાય મુને;
વળી તું જાણે છે, દુઃખદ નિરદોષી પતિયને.

નથી દોષો મારા, નહિજ જણાયે દોષ પતિના;
બધું જે બન્યું તે, નહિ નહિ કળી કાંઈ ગતિમાં.
હશે, પ્રારબ્ધે એ, નથી વધુ કંઈ શોક કરવો;
તથાપિ ઈચ્છું, ફરી ફરી અરે જોડી અમ હો.
હવે ઈચ્છું અગ્નિ, અંદર પડી ઈચ્છિત ફળવા;
પ્રતિજ્ઞા પૂરીને, અતિશય અરે આયુ મળવાં."

સ્તુતિ પૂર્ણ થતામાં તો તે જગ્યાએ અગ્નિ પ્રકટ થયો. પતિને પગે પડી, અગ્નિની પ્રદક્ષિણા કરી; તે શુભ આચરણ વાળી પતિવ્રતા અગ્નિ દેવીને આધિન થઈ. તે બળતાં બળતાં બોલી; "હે નાથ, મારા પ્રાણેશ, હું પ્રભુ પ્રાર્થના કરૂં છું; કે તમારૂ ભલુ થાવ. આપણે પૂનઃ પૃથ્વિમાં પતિ પત્નિનું સુખ ભોગવવા ભાગ્યશાળી થઈશું. પૂનઃ હું એજ ઘેર જન્મ ધારણ કરીશ; ને આપણે સંસારમાં જોડાશું, લો, આ પત્રિકા મારા પ્રિય માત પિતાને પ્હોંચાડજો. આપ શોક મા કરો. આપે કાંઇજ દોષ કર્યો નથી. આપની પ્રતિજ્ઞા આપ સત્ય કરો. તમને કિર્તીવંત જોવાનેજ હું ખુશિ છું." આટલું કહી એક નાની પત્રિકા આપી, સુંદર અલંકારમાં વિભૂષિત થયેલી ચંદ્રવદની—ચંદ્રમુખી, દિવ્ય દેહ ધારણ કરી ચાલી ગઇ. ચંદ્રસિંહ તો સ્તબ્ધજ થઈ ગયો. તેણે ચંદ્રમુખીને નિહાળી હતી, તદુપરાંત બીજુ કાંઇજ કર્યું ન્હોતું. તેના વ્રતનો ભંગ થયો હતો, એમ તો નજ કહેવાય. તદાપિ વાંચક વર્ગને લાગશે, કે ચંદ્રમુખીને અગ્નિ તો તેણેજ બોલાવી હતી. વળી પ્હેલાં ચંદ્રમુખીયે તેની ઈચ્છા પણ કરી હતી. તો ચંદ્રસિંહ દોષિત

કેમ નહિ? વળી વિચાર આવશે, કે તેણે ચંદ્રમુખીને સ્વિકારવા બાબે વિચાર કર્યો; એ શું પ્રતિજ્ઞાનો ભંગ નહિ?

તે સર્વના જુવાબમાં જણાવવાનું, કે તેટલો સમય ચંદ્રસિંહ પોતાની પ્રતિજ્ઞાના ધ્યાનમાં હતોજ નહિ. તેટલો સમય પ્રતિજ્ઞાનું તેને જ્ઞાન ન્હોતું; અગર તે ચંદ્રમુખીને બોલાવેતજ નહિ. બોલાવી તેમાં પણ તેનો હેતો શુદ્ધજ હતો. અશુદ્ધ વિચાર ઉદભવ્યો ન્હોતો. ગમે તેમ હોય, તો પણ તેને પોતાની પ્રતિજ્ઞા ચંદ્રમુખી કરતાં વધુ પ્રિય હતી; એતો સ્પષ્ટજ છે. હજુ સુધી મર્યાદા પણ લોપાઈ ન્હોતી એ નિશંસયાત્મક છે ભલે, ચંદ્રમુખી તેને પતિ તરીખે લેખતી હતી; પણ તેમાં ચંદ્રસિંહ માથે આક્ષેપ નથી. વળી ચંદ્રમુખી તરફથી ચંદ્રસિંહને સંપૂર્ણ માફી મળી ચુકી હતી; તો પછી અન્યના આક્ષેપની શું પરવા?

ચંદ્રસિંહ તે જગ્યા છોડી જાવાને આતુર હતો; પણ હવે તેના પગ ઢીલાં થઈ ગયાં. થોડી વારમાં તેની દૃષ્ટિ સમિપ આગલું સ્વપ્ન ખડું થતું; તો તેના વિચારમાં પડતો. ઘડિમાં ચંદ્રમુખીને દૃષ્ટિ સમિપ ભસ્મ થતાં દેખતો. તે અતિશય ખિન્ન થયો; ને વિલાપ કરવા લાગ્યો. પૂનઃ પેલા મહાત્મા પધાર્યા; ને દુઃખમાં ડુબેલા ચંદ્રસિંહને ધીરજ આપી. તેણે કહ્યું; "હે વિર, શોક ના કર. ભાવિ બળવાન છે. જેમ પાણિના વ્હેણ સામે તરણાનું ચાલતું નથી; તેમ કર્મની અકળ ગતિ સામે મરણાધિશ મનુષ્યનું કાંઈજ ચાલતું નથી. વિલાપ કરવાથી ચંદ્રવદની—ચંદ્રમુખીનું કાર્ય ઇચ્છાનુસાર પાર પાડવામાં વિલંબ થશે; માટે શોક મા કર. હે ભાઈ, મૃત્યુ પામેલા માટે

તારે યા કોઇએ શોક કરવો વાજબી નથી; કેમકે તેથી ગત થયેલાંને દુઃખ થાય છે; ને સ્વર્ગનું સુખ તેઓને નિરસ લાગે છે. જ્ઞાની પુરૂષોયે તે બાબે ઘણું કહ્યું છે. વળી તું રાજપુત છે; તો તારે તેવો શોક કરવો વાજબી નથી. રૂદય કઠણ કર, ને તારે રસ્તે પડ. પણ જોજે. ક્રોધ કરીશ નહિ." આટલું કહી મહાત્મા અદ્રશ્ય થયા; ને આપણા નાયકે ચંદ્રમુખીના ગૃહ પ્રતિ ગમન કર્યું.

અષ્ટમ પરિચ્છેદ.

ભયંકર રાત્રિ.

જેહના ભાગ્યમાં, જેહને જેહ લખ્યું, તેહને તેહ સમે તેજ પ્હોંચે;
ગ્રંથ ગરબડ કરી, વાત નવ કરી ખરી, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે.
(નરસિંહ મ્હેતો)

ધ્રૂજતાં ચરણે આપણો નાયક ચંદ્રમુખિના ઘરમાં દાખલ થયો; ને ચંદ્રમુખીયે આપેલી પત્રિકા તેના ચીંતાતુર માત-પિતાને આપી.

પૂજ્ય સ્નેહી માત પિતા.

આપ જન્મદાયિઓની રજા વિના ચાલી ગયેલી બાળાના અપરાધની ક્ષમા આપશો; ને શોકથી વિમુખ થાશો; એમ ઇચ્છી આપનું લક્ષ ખેંચુ છું. આપની પ્યારી પુત્રિ, દિવ્ય

દેહ ધારણ કરી, સ્વર્ગ વાસિની થઇ છે. ત્યાંના અખંડ સુખમય ધામને માટે આપની પુત્રિ યોગ્ય ગણાણી છે. થોડા વખતમાં આપને ત્યાંજ હું પૂનઃ જન્મ ધારણ કરી, ને મારી ઇચ્છા સફળ કરીશ. શોક મા કરશો. આપની પુત્રી માત્ર ટુંક સમય માટે પરદેશ ગયેલી છે; ને થોડા વખતમાં અધિક ઉજવળ દેહની કમાણી કરી આવશે; એમ માની આનંદમાં રહેજો. વળી પુત્રિને તો પારકીજ કરવાની છે: તો શોક ન કરતાં; આનંદમાં દિવસો વ્યતિત કરજો. માત્ર સ્વર્ગની અખંડ લીલા નિરખવાને હું ગઈ છું એમ માનજો; ને મારા અપરાધો ક્ષમા કરશો.

લી. થોડા વખત માટે દૂર વસેલી પુત્રિ

ચંદ્રમુખીના પ્રણામ.

ચંદ્રસિંહે ચંદ્રમુખીના માતપિતાને દિલાસો દીધો; જે દિલાસો મહાત્માએ પોતાને આપેલો હતો. ચંદ્રમુખીનો પત્ર સુવર્ણાક્ષરે વિભુષિત થયેલો હતો. તે અતિશય ઝળહળતો હતો. ચંદ્રમુખીના માત પિતા સમજુ હતાં, તેથી તેઓએ તે બાબે શોક ન કર્યો; ને ચંદ્રસિંહને સામો દિલાસો દીધો. આ પછી ચંદ્રસિંહ પોતાના રસ્તે પડયો.

વાંચક ચંદ્રમુખી તે કોણ? આપણી વાર્તાની નાયિકા, રાજબાની પ્રિય પુત્રિ, પહેલાથીજ તેને પતિવ્રત પણાનો અખંડ બોધ મળ્યો હતો. તેની કાન્તિ આકાશમાં જણાતાં નિશાનાથ જેવીજ ઉજ્વળ હતી. યોગ્ય ઉંમરે પ્હોંચતાં, તેને ઇચ્છાનુંસાર પતિ પસંદગી કરવાનું કહેવામાં આવ્યું હતું:

તે મુજબ તેણે કર્યું હતું. ચંદ્રસિંહે ચંદ્રમુખીના માત પિતાને બનેલી સર્વ હકિકતથી વાકેફ કર્યા; ને ભુલની ક્ષમા માગી. પોતાના ગૃહ પ્રતિ આવવા નિકળ્યો.

રાત્રિના ભયંકર અંધકારમાં તે ઘરે પ્હોંચ્યો; પણ તે વખતે તેના રૂદયમાં કોઈ પ્રકારની ધાસ્તીયે વાસો કર્યો હતો. તે અંદરના દિવાનખાનામાં ગયો; કેમકે પોતાની જન્મદાયિને મળવા તે આતુર હતો. અહા! તે દિવાનખાનું જોતાંજ તેનું રૂદય કંપવા લાગ્યું; તેનું શરીર શિથીલ થઈ ગયું; ને તે વિલાપ કરવા લાગ્યો. રે વ્હાલા વાંચક, સર્વ કોઇ આવું જોઈ વિલાપ કરે, તો માતાને મળવા આતુર એવા એક બાળકને વિલાપ કેમ ન થાય? હાલ તેની ઉંમર તેવીસ વર્ષની હતી; પણ તેથી શું થયું? તે કાંઇ સંસારનો પુરતો અનુભવી તો નજ કહેવાય. થોડી વારમાં તેના રોમે રોમમાં જુસ્સો વ્યાપી ગયો; ને આગલા સ્વપ્નનું સ્મરણ થયું. તે તેના પિતાના શયન ગૃહ પ્રતિ ગયો; પણ પૂજ્ય જન્મદાતાને કોઇ એક મનોહરી સાથે સંસારનો આસ્વાદ લેતો જોઈ શરમાઈ ગયો; ને સત્વર પાસેના ઓરડામાં જાવા વિચાર કર્યો. સૂરસિંહ ધ્યાનમાં તલ્લિન હોઇ, તેને તે બાબદનું ધ્યાન ન્હોતું; પણ સાંદર્યેશ્વરીયે પગરવ સાંભળ્યો; ને તેથી જોર કરી પડખું ફરી ગઈ; ને મર્યાદા સાંચવી. સૂરસિંહ તો આથી આભોજ બની ગયો. ક્ષત્રિય રાજનને જુસ્સો વ્યાપી ગયો; અંગારા જેવી આંખો થઈ ગઈ. ચંદ્રસિંહ હવે છેકજ નજીક આવી લાગ્યો; પણ સૂરસિંહે તેને ન ઓળખ્યો; પણ જેમ કોઈ પોતાના વ્હાલા બચ્ચાને મળવા ધાય તેમ સૂરસિંહ

પોતાની તરવારને મળવા દોડયો; ને થોડી વારમાં તો તેને રાત્રિ દેવીની શિતળ હવા લેતી કરી. થોડાજ વખત પહેલા ઉપરોકત તરવારે ભોગ લીધેલો હોઇ; તે પ્રભાતના રવિરાજના રંગને મળતી હતી. વાઘણની માફક તે પણ લોહિની સ્વાદિયણ હોઈ, બીજો ભોગ લેવા તલપી રહી હતી. ચંદ્રસિંહને તે તરવાર જોતાંજ અતિશય ક્રોધ વ્યાપ્યો. ક્રોધી મનુષ્ય શું ન કરે? માતાનું ખુન કરનાર, તથા પોતાનું ખુન કરવા તૈયાર થયેલ પિતાને, વૈરી ધારી પોતાની તરવારનો ઉપયોગ પણ કર્યો. ક્રોધાતુર મનુષ્યો આજુબાજુનો વિચાર ન કરતાં પરસ્પર લડવા લાગ્યાં; ને ચંદ્રસિંહે પોતાના પિતાના ધડને ડોકાથી જુદુ કર્યું. અહા! આ કેવી ભયંકર રાત્રિ. રે! વિભાવરી, શું તને દયાળુ ને શાંત કેવી? તું તારા અમલમાં આવા ભયંકર કાર્યો થાવા દે છે; ને રૂદય સખ્ત રાખે છે; તો તું શું રાક્ષસી છે? વળી કેટલાકને તું તારાં અમલમાં ધૂડ ફાકતાં કરે છે. અહા! તેમ છતાંય તું અબળા! નાના; તું તો સબળાજ છે. તારા ટુંક અમલમાં તું કઈક મહાન તપસ્વિઓને ભમાવે છે, તો તું તેવાઓની હિતકારી કેમ ગણાય? કઈકને હજારો વર્ષના તપને તું પલકમાં પાણીમાં મેળવે છે; તે જોતાં તને શ્યામ યા શ્વેત વસ્ત્ર ધારી પરિની ઉપમાં આપવી પડે છે; તે જોઇ વિચિત્રતા પણ લાગે છે. વળી તું અદેખી પણ પુરતી છો. તારા પતિના મંડવાડથી તું શોકમાં ગરકાવ થઈ શ્યામ વસ્ત્ર પરિધાન કરે છે, ને સાથે બીજાને પણ તેવાં બનાવવા પ્રયત્ન કરે છે. આટલું છતાં તારામાં ગુણો ઘણા છે; પણ આ રાત્રિયે આ સ્થળે તે ગુણો હારીજ ગયાં, ને દુર્ગુણો

તરી આવ્યાં.

સૂરસિંહનું ખુન થયું; પણ સૌંદર્યેશ્વરી સિવાય, અન્ય કોઈ માનવી તે બાબત જાણતું ન્હોતું. હજુ ચંદ્રસિંહ ગુસ્સામાં હતો, એટલે શોકનું કાંઈજ ન ચાલ્યું; પણ જ્યારે સૌંદર્યેશ્વરીયે વિલાપ શરૂ કર્યો; ત્યારે ચંદ્રસિંહને પોતાના ક્રોધાવેશમાં થયેલી ખુવારીનું ભાન થયું. પરંતુ તેને પોતાનાં ક્રોધ વ્યાજબીજ લાગ્યો; ને પોતાની નજરમાં પોતે નિર્દોષ જણાયો. કદાપિ સુરસિંહ ગુસ્સાના આવેશમાં તેનું પણ ખુન કરેત; ગમે તેમ હો; પણ જાગે તેને જગવું; એ તો નિશંસયાત્મક છે. તેના રૂદયમાં પણ શોકાગ્નિનો અગ્નિ પ્રદિપ્ત થયો; ને તેથી તે આવરો બાવરો બની ગયો. સૌંદર્યેશ્વરીયે તેને દિલાસો દેવા માંડયો; પણ તે નજીવા દિલાસાની અસર કયાંથી થાય ? સૌંદર્યેશ્વરી કે જે પોતાના પતિના ખુનના વૈર માટે આતુર હતી; તે ખરા અંતકરણથી દિલાસો કેમ દઈ શકે ? તેણે દિલાસાના વચનો કહ્યાં, પણ કાંઈજ વળ્યું નહિ. ચંદ્રસિંહને મહાત્માના છેલ્લા 'ક્રોધ કરીશ નહિ' એ શબ્દો યાદ આવ્યા; પણ હવે શું વળે ? આવે વખતે અશુદ્ધ અંતઃકરણનો દિલાસો શું કરે ? ખરેખર અંતઃકરણથી કરેલાં થોડા પણ પ્રયાસનું ફળ સારૂંજ આવે છે; જ્યારે અશુદ્ધ યાને ખોટા અંતઃકરણના અતિ પ્રયાસથી પણ જરાય સારૂ પરિણામ નિપજતું નથી; યાતો અસર કારક તો નથીજ બનતું.

નવમ પરિચ્છેદ.

માતા સમાન મહાન ઉપકારી કોણ!
માતા તું અમરજ હોજે.

અહા! ગતિ શું ન્યારી, અતિશે તારી,કહી ન કળીયે નાથ.
પુત્ર કરે સો પાપ પણ, માતા પકડે હાથ.
અહા! ઝરણું એ સ્વર્ગનું, જનનિના રૂદયે વસે,
અહા જનનિ, તુજ સમ ઉપકારી; ત્રિલોકે કો ના વસે.

ચંદ્રસિંહ તેની માતાના મૃતદેહ પાસે બાળકની પેઠે વિલાપ કરવા લાગ્યો. તેથી ઘરના ઘણાખરા માણસો જાગી ઉઠયાં; ને તેને દિલાસો દેવા લાગ્યાં. પણ અરે! "માતા, માતા, તારો નિર્મળ પ્રેમ ફરી કેમ, ને કયારે મળશે? આ વિચારે તેને શોકમાં વધુ ગિરફતાર કર્યો; ને તે વધુને વધુ વિલાપ કરવા લાગ્યો. અરે! માતાનું રૂદય મારેથી દુર થયું; તો હવે મારે જીવવાનું શું પ્રયોજન છે? હું પણ તેની સાથેજ મારા પ્રાણની આહુતિ આપીશ, ખરેખર એ રૂદન પત્થરને પણ વાચા ઉપજાવે તેવું હતું; ને કુદરત પણ સ્વાભાવિક રીતે ભાગ લેતી હતી; પણ અરે! માતાનું કોમળ રૂદય પુત્રને દિલાસો યા ચુંબન દેવાને જરા પણ ન હલ્યું; એ કેવો ન્યાય? અરે; જેને પોતાના પુત્ર સારૂ જગતના લોક, કિર્તી કે પ્રાણ ધનની દરકાર હોતી નથી; પણ પુત્રને અમર રહેલો જોવા ઈચ્છે છે; તેવી માતા ફરી કયાંથી મળે?

અરે એવું પરમ સદભાગ્ય કોનુ હશે? ચંદ્રસિંહે તેની માતાના ગુણો સંભારી સંભારી ત્યાંજ કલ્પાંત કર્યાં કર્યું; ને સાત દિવસ સુધી અન્નજળને આશ્વાસન નજ આપ્યું. પણ તે કયાંથી સાંભળે? તેની કરતાં જનનિના મધુર શબ્દો; શું ઓછું આશ્વાસન આપે છે? વળી શું! માતાના મધુર શબ્દો; પુત્રને સર્વ દુઃખોથી વિમુખ નથી કરતાં? ખરેખર, માતાનું એકજ ચુંબન ભુખ તરસ આદિનું સર્વ દુઃખ એક ક્ષણમાં વિસારે પાડે છે. માતાનું મુખ જોતાંજ ગમે તેવા ખુનીનું પણ ખુન ઉતરી જાય છે. ત્યારે તે માતા, તે કોણ? શું! તેના ગુણ ગણી શકાય તેમ છે? તેવા ઉત્તમ ગુણવાળી હે જન્મદાયી, તું અમરજ રહેજે. અહા પ્રભુ! આવા ઉત્તમ પ્યાર તથા ગુણ વાળી માતાને દયા કરીને તેં સરજી છે; તે શું તારો ઓછો ઉપકાર છે? તો પણ તેવા પ્રેમ રસથી ઉભરાતી જનનીને તું તારે ત્યાં શા માટે લઈ જાતો હોઇશ? તે પણ વળી બલાત્કારે, શું, તને તેનું પાપ નહિ લાગતું હોય! તને શું કાંઈ અદેખાઇ આવતી હશે! ના, તું તેવો તો નથીજ. પણ ત્યારે એમ કેમ કરતો હોઈશ! તું સ્વેચ્છાનુંસાર પુતળા બનાવી ભાંગી નાખે છે; તે આજ માટે! પણ રે, કોઈ તને કયાંથી પ્હોંચે. નહિતર તને તેમ કરતાં અટકાવત. તું સર્વ કાર્યો અણધાર્યાંજ કરે છે; પણ શું તે સારૂં કહેવાય? પણ અરે! એમાં અમો પામરનીજ ભુલ છે. તું અમો નિરાધારને કાંઈ ઉધાર આપે છે; તે જરૂર પડતાં લઈ લેછે; પણ અમો પામર તેને માટે શોક કરીયે છીયે. પણ પ્રભુ, અમો તો પાણીપાચા હૈયાના છીયે; તો પુત્રો ધારી

અમારા સર્વે દોષો મનથી દૂર કરજે, કરે છે. નહિતર અમારી શી સ્થિતી થઇ હોત? તારા અનહ્દ ઉપકારોમાંથી બિંદુ માત્ર પણ, નિતી, ભક્તિને પૂજ્ય ભાવ સિવાય કોઇ રીતે વાળી શકીયે તેમ નથી.

ચંદ્રસિંહ ત્યાંજ બેસી રહ્યો; ને કોઇના કહેવા પર ધ્યાન નજ આપ્યું. એ વખતે તો શત્રુના કડવાં વચનો પ્રિય લાગે; તોજ સ્નેહિનાં વચનો સત્ય લાગે તેમ હતું. આઠ દિવસો પૂર્ણ થયાં, ને ચંદ્રે પોતાનો અમલ બેસાડયો. સર્વ કોઇ નિદ્રાધિન થતાં, પણ ચંદ્રસિંહ તો તે દેવીથી રીસાઇ બેઠો હતો. આજે પણ નજ સુતો; ને રાત્રિના એકાંત રાજ્યમાં કલ્પાંત કરી ખલલ પાડવા લાગ્યો. રાત્રિ પણ દયાળુ છે. થોડી વારમાં ત્યાં એક વિચિત્ર વેશ ધારી ભવ્યાકૃતિ નરેશ આવી ઉભો,–ને બોલ્યો;

"હે માતૃ વત્સલ બાળ, તું તારી માતાનો પ્રેમ છોડી દે; કેમકે તારા આવા રૂદનથી તે પવિત્ર રૂદયાને શાંતિ થાતી નથી. તેના આત્માને શાંતિ આપવા સર્વ ક્રિયા કર."

પણ તેના આવા શબ્દોની ચંદ્રસિંહને અસર ન થઇ. કદાપિ સાંભળ્યું પણ નહિ હોય; તેણે ઉંચું જોયું, ને બોલ્યો;

"હે દેવદુત, કૃપા કરી મને મારૂં કૃત્ય કરવા દો. કેમકે થોડા વખતમાં હું પણ તે પવિત્ર અમર આત્મા સાથે ભળી જઇ, સ્વર્ગનું અક્ષય સુખ ભેગા ભોગવીશું.

દેવદુતે તેનો ખરો પ્રેમ જાણ્યો. આ પહેલા પ્રકારનો વિશુદ્ધ પ્રેમ છે. તેણે કહ્યું; "હે માતૃ પ્રેમી બાળક; તું

ભકિત કર. ને તારૂં કાર્ય સફળ થાશે. જા, મારા આશિર્વાદ છે, કે તને ફત્તેહ મળશે." આટલું કહી તે ફિરેસ્તો અદ્રશ્ય થયો.

દશમ પરિચ્છેદ.

ભક્તિ એજ ભાવિ.

સારૂં નરસું નિવડે, નસીબને દે દોષ.
નસીબ તેમાં શું કરે, ભક્તિનો જ્યાં પોષ.
ભકિત કરે ભગવાનની, વામે સર્વે દુઃખ,
ભાવિ યારી તો રહે, સમજે તેને સુખ.

ચંદ્રસિંહે તે ફિરેસ્તાના અદ્રશ્ય થયા પછી, સર્વ દ્વારો બંધ કર્યાં, ને ભકિત કરવા તત્પર થયો. આઠ માસ પસાર થઈ ગયાં; પણ તેનું તેને કાંઈજ ભાન ન્હોતું. તેના રૂદયમાં ભકિત સાથે માતાના પ્રેમનો અખંડ ઝરો જેમનો તેમ વ્હેતો હતો. માતા સિવાયની આ દુનિયા તેને નિરસ લાગતી હતી; ને ખરેખર છે પણ તેમજ, માતા વિના જીવવું, તે ઝેર ખાઈ, જીવને તાળવે રાખવા બરાબર છે. આવા માતૃવત્સલ બાળકનું કાર્ય પૂર્ણ થાય તેમાં શું ? સાક્ષાત પ્રભુ ત્યાં આવ્યા, ને તેને વર માગવા કહ્યું. ચંદ્રસિંહે પગે પડી માગી લીધું; કે

"હે નાથ મારી માતાના આ મૃત દેહને સજીવન કરો."

પ્રભુ આથી વધારે ખુશિ થયાં, ને એક વધુ વર માંગવા કહ્યું. માતાના ગુણમાં રમી રહેલ બાળકને પિતા તો ન સાંભર્યાં; એ કાળની બલિહારી છે. તેથી તેને માગ્યું; કે

"મારા કુટુંબ મંડળની શોધ કરવામાં મને વિજયવંત બનાવો." પ્રભુ તથાસ્તુ કહી, અંતર્ધાન થયાં. હર્ષઘેલો બાળક માતાને જોઈ, તેની કોટે બાઝી પડયો; ને માતા પણ તેને ચુંબનો કરવા લાગી. તેઓ અન્યોન્ય પ્રતિ ટગર ટગર જોઈ રહ્યાં, પણ થોડીવાર ઉચ્ચારણ તો નજ કરી શકયાં. થોડી વાર થઈ એટલે માતાના મુખમાંથી શબ્દો ઝર્યા.

"હે પુત્ર, આ જગ્યાએ આટલું બધું શ્રોણિત કયાંથી? મારા ખરડાયલા વસ્ત્રો તો બદલવા દે. પુત્ર,તરત તો કાંઇજ ન બોલ્યો; ને બ્હાર અગાસિમાં જઈ ઉભો. થોડીવારે તેની માતાએ કપડાં બદલ્યા, ને દાસિને બુમ પાડી. પણ કોણ સાંભરે? પુત્રએ તેને ધીરી પાડી સર્વ હકિકત નિવેદન કરી. તેના રૂદયને આંચકો લાગ્યો; ને તે ઢળી પડી. પરંતુ પુત્રના મધુર શબ્દો, અને માતાના પ્રેમથી ભરેલું રૂદય તેને સતેજ કરવા સશકત હતાં. ચંદ્રસિંહે કહ્યું; "હે માતા, આપ રૂદન ન કરો. જે થઈ ગયું તેને માટે શોક કરવો વૃથા છે. કોઈ પ્રકારનું સુખ દુઃખ રોજે રહેતું નથી; ને રહેશે પણ નહિ. એ તો દુનિયામાં બનતું આવ્યું છે; બને છે; ને બનશે." દુઃખ વખતે સર્વ કોઇ પોતાનું ભાન ભુલી જાય છે; પણ તેનું જ્ઞાન તે વખતે પાસે બેઠેલાના રૂદયમાં ટુંક સમયમાં ભરાઈ બેસે છે; એટલે કે પોતાનું ઉંચુ જ્ઞાન, પાસે બેઠેલાને અર્પણ કરે છે; તો પોતાનું નજ જ્ઞાન પોતાને દિલાસો

મળતાં, પાછુ ખેંચી લે છે. ચંદ્રસિંહ શોકમાં હતો, ત્યારે પોતાનું જ્ઞાન તે ભુલી ગયો હતો; પણ અત્યારે તેને તે જ્ઞાન અમૃત જેવું થઈ પડયું. માતાને પણ તે અમૃત પાનથી જીવમાં જીવ આવ્યો; ને ચંદ્રસિંહનું વદન પ્રફુલ્લ થયું. તે ધારતો હતો, કે પિતાના સમાચાર જાણી, પ્રેમિ માતા કદાપિ પોતાનો ત્યાગ કરશે, પણ તે ધાસ્તી હવે દૂર થઈ; તેથી તેના મુખ પર સુખની સંપૂર્ણ છાયા દિસવા લાગી. પણ અરે? માતા ત્યાગ કરશે; એવો વિચાર તે પ્રેમાળ રૂદયિ બાળકને કેમ ઉદભવ્યો હશે? શું! તેના જેવો માતૃવત્સલ બાળક માતાના રૂદયને ઓળખી ન શકયો? પણ હશે. માતા સાથે ટુંક સમય ગાળેલો હોઇ, તેવો વિચાર આવ્યો હશે. કુદરતની એ પણ એક બલિહારી. થોડી વારમાં આ હર્ષની વાત સર્વત્ર ફેલાઇ ગઈ. અરે કોઇ છુપી વાત પણ ઝાઝો વખત છુપી ન રહે; તો પછી હર્ષની વાત તો કયાંથીજ રહે? થોડી વારમાં મ્હેલમાં માણસોની ઠઠ જામી. સર્વ કોઇ ચંદ્રસિંહના વખાણ કરી કહેવા લાગ્યું; "ઈશ્વિર સર્વને એવા સુપુત્ર દેજે." પુત્રના વખાણ સાંભળી માતાના રૂદયમાં પણ ટાઢક વળી; ને તેનો કેટલોક શોક સમી ગયો.

વાંચક; હવે ચાલ. સૂરસિંહને સૌંદર્યેશ્વરી તરફ નજર નાખીયે; ને ત્યાં પણ આનંદ ફેલાતો અનુભવીયે. સૌંદર્યેશ્વરી પણ પોતાના પતિનું શબ લઈને હજુ સુધી બેસી રહી હતી. ચંદ્રસિંહ તથા તેની માતા ત્યાં ગયા; જે વખતે પુત્ર રૂદયમાં પિતૃવત્સલતાં, તથા પત્નિના રૂદયમાં પતિ ભાવ સતેજ થયાં. તેઓ ભગ્નાશ રૂદયે રૂદન કરવા લાગ્યાં; ને તે જોઇ સૌંદર્યેશ્વરી,

કે જે રાણીનું નિરંતર અહિત ઇચ્છતી હતી; તેના રૂદયમાં ખાત્રિ થઇ, કે જે કાંઈ બનવા પામ્યું છે, તે તેની કુબુદ્ધિથીજ. તેનો તથા મારો હક રાજા પર સરખોજ હતો; બલ્કે તેનો વધારે હતો. મારીજ ભુલથી આ ભયંકર પરિણામ નિપજવા પામ્યું છે. આવા વિચારથી તે અતિશય કલ્પાંત કરવા લાગી ખરેખર, એ પણ જગત નિયંતાની ખુબીજ છે; કે માણસ પડતીમાં આવે છે, ત્યારેજ પોતાની ભુલ કબુલ કરે છે; પણ સારી હાલતમાં તો તેને તે બાબે વિચાર સરખો પણ થાતો નથી. પ્રભુની ગતિથી શું સર્વ કોઈ આવા અંધાજ હશે? કદાપિ તેમ નહિ હોય, પણ પ્રભુની ગતિજ અકળ છે; એમ તો ત્યારેજ કહેવાય. વાંચક, તું પણ અશ્વી બાબત પર, એટલે પ્રથમથી ન્યાયાન્યાયનો તોલ કરી; ભુલ સુધારવા પ્રયત્ન કરતો રહેજે; પણ જોજે. સૌંદર્યેશ્વરીની માફક લીધી લત મુકવી નહિ, એમ કરતો નહિ.

સૌંદર્યશ્વરી પણ ચંદ્રસિંહને તેની ભકિતનું ફળ મળ્યું; ને સૌંદર્યેશ્વરીને કેમ નહિ? જુવાબ એટલોજ, કે અંતઃ-કરણની શુદ્ધતા, પ્રેમ અને કર્માનું સાર સર્વ કાંઈ બને છે. હજુ તેના પાપો તેને નડતાં હતાં. ફળ કર્માનુંસારજ પ્રાપ્ત થાય છે; એ ઈશ્વરી નિયમ કદી કોઇથી તોડી શકાય તેમ છેજ નહિ.

એકાદશમ પરિચ્છેદ.

અન્ન તેવો ઓટકાર.

અસર ઝાઝી અન્નની, જેનું થાયે લોહી;
અસર ઝાઝી મિત્રની, ગુણિકાથી પણ મોહી,
અસર કેરી વસ્તુની, સારી નરસી હોય;
અસરના પરિણામથી સારૂ નરસુ જોય.

વાંચક, હવે આપણે કામકિશોરીની ભાળ લહી. તેનું શું થયું; તે તો જો. પોતાના પિતાના ધામ પ્રત્યે પ્હોંચવા, કામકિશોરી ત્વરાથી માર્ગ કાપતી હતી. સોબત તેવી અસર. એ યાદ રાખજે હો. થોડે દૂર રસ્તામાં તેને કોઈ એક ગુણિકાનો સમાગમ થયો. તે ઓળખાઇ ગઈ; ને ગુણિકાયે તેને ઘેર રહેવા આગ્રહ કર્યો. પરિણામે કચવાતાં મને પણ કામકિશોરીને તેની માગણી કબુલ કરવી પડી. તે ગુણિકાના ગૃહ પ્રત્યે ગઇ. આ ગુણિકાને ત્યાં આવતાં કેટલાક પુરૂષો, કે જેઓના રૂદયો; જેમ કમળ પત્ર પર પાણી પડે, સર્વ દિશા ભણી ગતિ કરે; તેવા હોઇ, તેઓ નિરંતર નવનવી નાજનીનાં સમાગમમાં આવવા ઈચ્છા રાખે, તેવા પારાની જેવી ચંચળ ગતિનાં હતાં. મનુષ્ય શું ન કરી શકે? એ કહેવાતાનું સાર દરેક માણસ પોતાની સારી યા નરસી મુરાદ બર લાવવા મથન કરનાર હોય છે. તે મુજબ અહિંયા પણ કેટલાંક પોતાની નરસી મુરાદ પાર પાડવા પ્રયત્ન કરી રહ્યા હતાં. વખત જતાં,

તેમની તે નરસી, પણ તેમને પ્રિય ને મિષ્ટ મુરાદ તેવો બર લાવી શકયાં. ખરેખર સોબત તેવી અસર, ને અન્ન તેવો ઓટકાર. અહા પ્રભુ! ગરીબ બિચારી કામકિશોરી, કે જેણે હજુ સુધી અન્યનું ચિંત્વન કરેલું ન હોઈ, પોતાના પતિવ્રત પણામાં અડગ હતી; તે ગુણિકાની નીચ બુદ્ધિથી છેતરાઈ ગઈ; પણ લક્ષ્મિએ તેમાં સારો ભાગ ભજવ્યો હતો; એમાં તો ના નહિ.

અહા! લક્ષ્મિ, તું હજારોના જીવની હાનિ કરે છે; યા તેમ થાતું અટકાવે છે. અરે! તું અનેક તારૂણીના વ્રત ભંગ કરે છે; વળી તુંજ અનેક દારિદ્રીયોને સુખી કરે છે. તુંજ પતિવ્રતંપણું અડગ રાખે છે; યા ભંગ કરે છે. સર્વમાં તું તારી સત્તા સંપૂર્ણ બેસાડે છે; ને સર્વ કોઈને ગુલામ બનાવે છે. તે શું! એક પ્રકારનો જુલમ ન કહેવાય? લક્ષ્મિવંતા પોતાની ઘણી ખરી ઈચ્છા તારી સ્હાયતાથી પૂર્ણ કરે છે; છતાં પણ તારે ગર્વિષ્ટ બનવાનું નથી હો. તારામાં બ્હાર પડતો એક અવગુણ પણ છે; કે જેથી તું કોઈનો તો તિરસ્કાર પામી હશે. અરે! તે તારી પારાનાં જેવી ચંચળતાં છે; કે જેથી તું ઘડીકમાં એક સ્થાને, તો ઘડીકમાં અન્ય સ્થળે ચાલી જાય છે. તારે માટે હજારો જણાયે જીંદગી ગુમાવી છે; ગુમાવે છે ને ગુમાવશે. હજુ એવા પણ છે, કે જેઓ તારી સ્પૃહા કરતાં નથી. ધન્ય છે તે વિર પુરૂષોને; ને ધિક્કાર છે, તારો દુરૂપયોગ કરનાર શોખીનોને. અરે! તું ગમે તેની પાસે જાય છે; પણ તને કોઈ કેદ કરી શકતું નથી; તો પણ હજુ એવાય મહાત્માઓ પડેલાં છે, કે જેઓ તારેથી દૂર જઈ

વસેલા છે. રે વસુંધરા! તારૂ ગૌરવ તેઓ હોઇનેજ છે; તે તું ભુલતી નહિ; પણ તેવાઓને ચીવટથી સાંચવજે.

અહિંયા કામકિશોરીયે બે વરસ ગાળી કાઢયાં, પણ તેની આંખ ન ઉઘડી. અધર્મના ખાડામાં પડયા પછી ઠોકર વાગ્યા પહેલાં ધર્મનું નામ કયાંથી ધ્યાનમાં આવે. સદભાગીને તેનું સ્મરણ થાય, ને તે બ્હાર આવે; બાકી કઇક તે ખાડામાંજ ઠેકાણે થઈ ગયા. ગુણિકા નિરંતર તેને લક્ષ્મિની લાલચમાં ફસાવતી. બીજી બાજુ તેને કામ વિકાર પણ વારંવાર થઈ આવતો. કેમકે કુકર્મને-કુકર્મિને એક વાર મન મો આપ્યું, એટલે બલાત્કારે પણ તે પોતાનું ધાર્યું કરવા ઉત્સાહથી મથશેજ; પણ કોઈ એવું પણ હોશે; કે જે ભુલ થઇ તે ન જોતાં, બીજીવાર તેમ ન થાય, તેને માટે સાવધ બનશે.

દ્વાદશ પરિચ્છેદ.

મિત્ર હીરા રૂપ યાને સંસાર સાગરમાં શાંતિ આપનાર છે.

કિંમત સહુની આંકવી, અતિ જણાયે સેલ;
સદગુણી સાચાં મિત્રની, કિંમત કરવી મેલ.

ઠોકર વાગે ત્યારેજ સમજ આવે. ત્યારેજ આંખ ઉઘડે. કામકિશોરીના દુર્ભાગ્યે, હજુ સુધી તેને કાંઈ અડચણ નડી નહિ; કે તે સમજે. સારી સોબત હોય, તો તે ખોટે રસ્તે જતાં અટકાવશે ને ઠોકર ખવરાવી ઠાવલો બેસાડશે. દુનિ-

ચામાં સોબતની અસર ભારી છે. સારા સોબતી સદભાગીનેજ મલે છે, સારા સોબતી હિરા રૂપ છે, એટલુંજ નહિ, પણ આ દુ:ખ રૂપ ફાનિ દુનિયામાંથી સ્વર્ગનો રસ્તો બતાવનાર ભોમિયો છે. કોઈ સારો ને બરાબર જાણીતો ભોમિયો હોય; તો સિધે રસ્તે દોરી જાય છે; પણ અજાણ્યો દુષ્ટ ભોમિયો રખડાવી મારે છે; એટલુંજ નહિ, પણ રસ્તામાં આવતી અનેક જીવલેણ જગ્યાએ હેરાન ગતિ કરાવે છે; ને આ સાગરમાંજ ગોથા ખવરાવે છે. રે, વાંચક! તું પણ મિત્ર સંભાળીને શોધજે. સાચા સદગુણી મિત્રની કિંમત કોઈ ઝવેરી તો શું; પણ દેવ દાનવોય આંકી શકતાં નથી. નિર્ધન આગળ પણ જો તેવો, એટલે હિરા રૂપ મિત્ર હોય, તો દુનિયામાં સર્વ કોઈ કરતાં તે વધારે સુખી છે.

કામકિશોરીને ત્રણ વર્ષ પુરાં થયાં, દરમ્યાન તેને બે આશકો થયાં હતાં; કે જેઓ તેના સૌંદર્યને લીધે તેને પ્રાણ કરતાં પણ અધિક ચાહતાં, ને પાણી માગે તો દુધ દેતાં. ધિક્કાર છે, તેવા સ્વરૂપ યા સૌંદર્યને, કે જે પર પુરૂષને પોતાની જાળમાં લહી તેઓને ભ્રષ્ટ કરવા સાથ પોતે પણ ભ્રષ્ટ થાય છે; ને ફરી ફરી આ અવનિ વિષે દુ:ખમાં દિવસો ગાળવા, જન્મ ધારણ કરે છે. રે, પ્રભુ! તેવું સૌંદર્ય શું કામનું. તેવા સૌંદર્ય કરતાં ગમે તેવી કુરૂપનું એક પતિ-વ્રતપણું લખો દરજ્જે સુખરૂપ ને હિતકારી છે. પ્રભુને ઘેર તો ન્યાયજ છે; પણ તેવી નીચ અબળાઓને સૌંદર્ય શા માટે અર્પતો હશે? રે, પ્રભુ! તારો દોષ નથી; કેમકે તું તો સર્વની ઈચ્છા સફળ કરનાર છે; તો તેવીઓની તેવી ઇચ્છાઓ પણ

તેં સફળ કરી છે. પણ તે શું કામનું? જેમ કાગડાની કોટે રત્ન નકામું ને બોજા રૂપ છે, તેમ તેઓને પણ તે સૌંદર્ય કલંકરૂપ, દુઃખમય, તિરસ્કાર રૂપ ને ભવોભવ દુઃખમય જીવન ગાળવા માટેજ છે.

હાલમાં કામકિશોરીને એક પુત્રની પ્રાપ્તિ થઈ હતી; પણ બે ભિન્ન માણસથી તેની ઉત્પત્તિ હોઈ, તે નિરંતર માંદો રહેતો; તો પણ તેની કાન્તિ તેની માતા જેવીજ મધુર હતી. કામકિશોરીના પાપના દિવસો ભરાઈ ચુકયા હતાં. પુત્ર થવાથી તેના પાપે પોત પ્રકાશ્યું. થોડા વખતમાં તે માંદી પડી; ને તેનું સૌંદર્ય ઘટવા માંડયું; તેમ તેમ તેના આશકોની પ્રિતી પણ ઘટવા માંડી. ઓછામાં પુરૂં; તેઓને એક નવી લલના મળવાથી તેઓ તેના લાલ બન્યા. કામકિશોરીની આંખ હજુ પણ ન ઉઘડી. થોડા વખતમાં તે સાજી તો થઈ, પણ તે વખતે તેના આશકોમાંનો કોઈ તેને ઓળખતો ન્હોતો. કયાંથી ઓળખે? તેઓ સૌંદર્યના સાથી હતાં, તેતો હવે હતું નહિ. હવે કામકિશોરી પૂર્ણ પસ્તાવો કરવા લાગી. તેને પોતાનો ધર્મ પતિ, તથા પ્રથમ મિલાપ, તથા તે વખતે અન્યોન્યે ઉચ્ચારેલા શબ્દો યાદ આવ્યાં. હવે તો તે અતિશય પસ્તાણી; પણ શું કરે? કોને કહે? તેને તો તેનાં દુષ્ટ કર્મના ફળરૂપ પુત્રનો પ્રસવ પણ થયો હતો. તેને શું કરે? ધીરજ ધરી પોતાના બેઉ આશકો પાસે ગઈ; ને પુત્રને ઉછેરવા કહ્યું. પણ તેઓએ જુવાબ આપ્યો; કે "અમે તેને રાખનાર નથી. અમે તો અમારી આખી જીંદગી નવનવી નાજનીના સમાગમમાંજ ગાળીને જીયે." આ વખતે

કામકિશોરીની શિ સ્થિતી થઇ હશે? તેની તુલના તુંજ કરજે. ઘડીમાં બાળકને મારી નાખવા વિચાર આવતો; તો ઘડીમાં માતાના રૂદયમાં દયા ઉભરાઇ આવતી, વિલાપ કરતી તે બોલી;

"હે વિભાવરી! તું મને ક્ષમા કરજે. હું આ બાળકને મારી નાખું છું. કાળુ કર્મ કરનાર ન્યાયાન્યાય નથી જોતાં: તો હું પણ માતા થઇને તેમજ કરૂં છું. અરે! હું તેમ કરૂં છું; યા તેમ કરવા ફરજમાં છું. મને અભાગણીને મારા પતિનો પૂનઃ સમાગમ કરાવજે. આ બાળકનો દોષ મારી પર ન ઢોળતાં, પેલા દુષ્ટાઓ પરજ ઢોળી પાડજે; કે જેઓના પ્રતાપે આ બાળકની હિંસા કરી, રાક્ષસીરૂપ બનવું પડે છે."

આમ બબડતી, અને પ્રશ્ચાતાપ કરતી કામકિશોરીયે બાળકને તરતજ જમીન પર સુવાડી દીધું; ને તેના ગળાપર છરી ભોંકવા હાથ ઉગામ્યો; પણ રામ રક્ષે તેને કોણ ભક્ષે. તે ક્રુર રાક્ષસી તો ભયંકર કામ કરવા તત્પરજ હતી. પણ એટલામાં એક બિલાડી તે બાળકને લહી ચાલી ગઇ. વાહ, પ્રભુ! શું ગતિ. બાળક બચ્યું; ને છરિનો ઘા જમીનપર થયો. માતાના રૂદયમાં પુત્ર વત્સલતા ઉભરાઈ આવી. તરતજ બિલાડીની પાછળ દોડી; ને પુત્રને પૂનઃ હસ્તગત કર્યો. આ પછી તેણે બહુ વિચાર કર્યો; છેવટે એક વિચારે તેના બાળકને બચાવ્યુ. કામકિશોરી પોતાની ગુણિકા, સખિ પાસે જઈ બોલી;

"મને દુષ્કર્મમાં જોડી, આ પુત્ર રૂપ ફળ અપાવનારી હે ત્રિયા; હું તને બે હાથ જોડી વિનતી કરૂંછું; કે આ બાળકને સાંચવ; ને મને મારા કાર્યમાં પ્રવત થાવા દે."

ગુણિકાને પણ આ વખતે પોતાનાં કુડાં કૃત્યોની સ્મૃતિ થઈ આવી; ને તેની આંખમાંથી ચોધાર આંસુ પડવા લાગ્યાં; પણ તે ઝાઝીવાર ન ટક્યું. કામકિશોરી પોતાના તે પુત્રને ગુણિકાના હાથમાં આપી ચાલતી થઈ. પણ વળી પાછી વળી ત બોલી; "હે આશ્રયદાયિ, માતપિતા વિહિન આ બાળકનું તું સારી રીતે રક્ષણ કરજે. તે નિરાધાર છે. અરે કહેતાં જીભ નથી ઉપડતી; કે તે પાપી હોઇ, જન્મતાંજ માત પિતાથી વિખુટું થાય છે. બસ, બાઈ તારૂં ભલું થાશે. પ્રભુ તને બદલો આપશે. હું જાવ છું." આટલું બોલી, પુત્રને એક વધું ચુંબન કરી, તે બાળકના હિત માટે, તથા પોતાના પાપની માફી માટે, ને પોતાની ફત્તેહ માટે, પ્રભુની પ્રાર્થના કરી માર્ગે પડી.

ત્રયોદશ પરિચ્છેદ.

"સ્ત્રિ એ રાંધ્યા ધાન સમાન છે."

લક્ષ્મિ, નારી, ધાન એ, ઘડી ઘડીમાં પલટાય;
લક્ષ્મિ ચલે, નારી વલે, રાંધ્યું બગડી જાય.

કામકિશોરી ચાલી તો નીકળી, પણ તોય જાતાં જાતાં વિચાર થાતો હતો; કે લાવને બે ચાર ચુંબનો કરતી જાવ. લાવને તે નિરાધાર બાળકને જરી વધારે રમાડું. વળી તે ઉપર આવી; બાળકને હાથમાં લીધું; ને અતિ વ્હાલથી ચુંબીઓ કરવા લાગી. છાતી સરખું દાબ્યું, ને વળી ગુણિકાને સ્વાધિન

કર્યું. નિદ્રામાંથી જાગૃત થયેલું બાળક પારકા હાથમાં જવાથી રડવા લાગ્યું. વળી કામકિશોરી તેનો સ્વર સાંભળી ઉપર આવી. તેને ધાવણુ કરાવી, ચુંબનાદિથી સંતોષ પામી, તેની તરફ છેલ્લી નજર નાખતાં, તે અણુસમજુ જીવ પ્રત્યે બોલી; "હે કોમળ વચની પ્રિય પુત્ર, મારો ને તારો વિયોગ થાય છે. તારા પિતા તો કોઇ દિવસ તને મળશેજ નહિ; તેમ તારી માતાનું પણ મુખ છેલ્લુંજ સમજી લે. હે પુત્ર, તું શાણો થાજે; ને તારી પોષક માતાને તેનો બદલો વાળી દેજે. હે પુત્ર, હવે બસ કર. મને જવા દે; નહિતર પ્રભાત થઈ જાશે, ને મારેથી જવાશે નહિ. ભગવાન શ્રી સૂર્ય નારાયણ તારી રક્ષા કરો. અંબા ભવાની તારૂં જતન કરો. ઉઠ, મને જવા દે." રૂદય તું કઠોર થા. તારી ચંચળ ગતિનું પરિણામ તું ભોગવ. આમ બોલી, બાળક તરફ છેલ્લી નજર નાખી; તેને ગુણિકાને સોંપી, તે ઝડપથી દાદરો ઉતરી ગઈ; ને રસ્તે પડી. રસ્તામાં પણ તે એમજ ઇચ્છતી હતી, કે હે નાથ; મારા બાળકની રક્ષા કરજે, રે ચંદ્ર, તું સાક્ષી રહેજે. આમ બોલતી બોલતી બે ડુંગરની વચમાં તે ઝડપથી ચાલતી ચાલતી આવી ચઢી; કે જ્યાં તે સુંદરી થોડો વખત થોભી. પર્વતમાંથી વ્હેતાં નિર્મળ ઝરામાંથી પાણી લહી સ્નાન કર્યું; ને નિત્ય કર્મ કરી, પરવારી; આગળ ચાલી. રસ્તામાં તેને અનેક વિચારો થાતાં હતાં. કદાપિ મારા જીવન હારનો ભેટો મને નહિ થાય તો? અગર મારા પિતા મને નહિ ઓળખે તો શું થાશે? આવા વિચારોમાં તેનાથી ઝડપથી ચલાતું પણ ન્હોતું. તે ઘડિ ઘડિમાં થાકી જતી હતી; પણ તેનું મન, કે જે બે માંથી એક બાબતનો ખુલાસો માગતું

હતું; તે તેનાં સર્વ અવયવોને અધિરા બનાવી ઝડપથી ચાલવા ફરજ પાડતુ હતું. આમ તે મજલ કરતી હતી; એટલામાં અચાનક તેને તેના પિતાનો ભેટો થયો. દેવદુત તેને છેકજ વિસરી ગયો હતો એમ ન્હોતું. તો પણ પ્હેલાં તો તે તેને ન ઓળખી શકયો. તદપિ કામકિશોરીના મુખ પર સૌંદર્યના કાંઇક છાંટા રહી ગયા હતાં. દેવદુત તેને પોતાને ઘેર લઈ ગયો; ને પુત્રિ તરિકેની સંપૂર્ણ નિશાની મેળવી. જ્યારે તે પુત્રિ તરિકે ઓળખાણી ત્યારે વાત્સલ્ય ભાવ તેના રૂદયમાં ધોધ બંધ વ્હેતો ચાલ્યો; તે બોલ્યો;

"હે પુત્રિ, તું આટલો વખત કયાં હતી? અહિંથી કેવી રીતે, ને શા માટે નાસી ગઈ? વળી તું અહિં કેમ આવી?" વિગેરે પ્રશ્નો ઉપરા ઉપરી કરવા માંડયાં. કામકિશોરીયે દેવદુતને સર્વ બિનાથી વાકેફ કર્યો; ને કાંઈ બિના ન છુપાવતાં પ્રમાણ પિતાને યોગ્ય બિના અક્ષરશઃ કહી દીધી; વળી તે ગળગળા અવાજે બોલી;

"હે પિતા હું અપરાધી છું; મને ક્ષમા આપો; ને જેમ સુરભિ પોતાના વત્સ પ્રતિ દયાભાવથી જુવે છે, તેમ આપ આ પુત્રિ પ્રતિ જુવો. આ હતભાગિણીને પતિના સંગમમાં રહેવા દયો." આટલું બોલતાં તો તેની આંખમાંથી અસ્ખલિત અશ્રુ પ્રવાહ ચાલ્યો. તે રૂદનથી સવ કોઇનું રૂદય પિગળે, તો આવા ધર્મી પિતાનું રૂદય દ્રવે તેમાં શું? તેનાં રૂદનનાં બે કારણો હતાં. એક તો તેને તેના પાપ રૂપી કિડો ડંખતો હતો; ને બીજું પિતાનો ગુસ્સો સમાવી દેવાનો હતો. દેવદુતનું રૂદય પીગળી ગયું, ને તેથી પોતાને પ્રિય એવી પુત્રિ

પ્રતિ ધીરજથી કહ્યું;

"હે આત્મજા, તેં તારી મેળે પસંદગી કરી છે, તો તે બાબે મારે વાંધો નથી. પણ તું શા માટે આટલું રૂદન કરે છે? સત્વર તેનો ખુલાસો કર." કામકિશોરી શું કહે? તે બોલી; "હે પિતા, હું મારા પાપના બોજા નીચે દબાઇ ગઇ છું. આપ મને તે બાબત ન પુછો તો સારૂં, કેમકે તેથી મારૂં દુઃખ તાજુ થઇ આવશે; તે સિવાય આપને કહેવામાં હું કાંઈપણ કલંક લેખતી નથી."

દેવદુતે કહ્યું;

"હે પુત્રિ, ધીરજ ધર. દુઃખને સમે દબાઈ ન જવું; ને સુખમાં છકી ન જવું. તેં જે કર્યું; તે હવે ન કર્યું થાવાનું નથી. માટે તું શોક ન કર; ને સર્વ વાત ધિરજથી નિવેદન કર."

પિતાના આવા વચનોથી તે ઉત્તેજીત થઈ; એટલે તેનામાં ધીરજ આવી; ને સર્વ પાપ કર્મોની બિના જણાવી દીધી. દેવદુતને આથી અતિશય ક્રોધ વ્યાપ્યો; ને ચોકસ થયું; કે સ્ત્રિ, એ રાંધ્યા ધાન સમાન છે. દેવદુતે પોતાનો ક્રોધ મનમાંજ સમાવી દીધો; ને કાંઇ પણ ઠપકો ન આપ્યો. કેમકે દેવદુતને એવો વિચાર આવ્યો, કે જો આ વખતે હું તેને કાંઇ પણ કહીશ, તો તેના દુઃખમાં વૃદ્ધિ થાશે; ને તેથી કદાચ તેના જીવની હાનિ થાશે. આમ હોવાથી તરતમાં તો તેણે એટલુંજ કહ્યું, કે

"હે પુત્રિ, તારા દેહની શુદ્ધિ અર્થે; એક વરસ શિવાલયમાં શુદ્ધ ભાવથી ભકિત કર. તારા પાપનો પસ્તાવો તું ખરા દિલથી કરજે, ને ફરી તેમ ન કરવા દઢ પ્રતિજ્ઞા લે.

તેમ કરતાં તારા સર્વ દુરિત ટળી જશે, ને તારો શોક પણ સમિ જાશે. હે પુત્રિ, ફરી કદી જો તું એવું કૃત્ય કરીશ, તો હું સદાને માટે તારો ત્યાગ કરીશ. એમાં તારો દોષ નથી. તું હવે શોક કરીશમાં. ને મારા કહેવા મુજબ સર્વ કાર્ય કર."

આ વાત કામકિશોરીને અતિશય ગમી. જેમ જેમ તેની ચીંતા દુર થતી ગઈ, ને તે શોક રહિત બનતી ગઇ, તેમ તેમ તેનું સૌંદર્ય તેને પાછું મળતું ગયું. સત્યશિલને પણ તેના પિતાએ તેજ દિવસથી રાજ્યાલયમાં રાખ્યો, ને સર્વ પ્રકારની ફરવા હરવાની છુટ આપી, ને જાપ્તો નામનોજ રાખ્યો. તેમ છતાં તેના સુખમાં ન્યુનતાં હતી. માત-પિતાને મળવાને તે આતુર હતો, ને પ્રાણથી પણ અધિક પ્યારી; એવી પત્નિનો વિરહ પણ મુશ્કેલીયે તે સહન કરતો હતો. એક વર્ષ વ્યતિત થવા સાથ, કામકિશોરીનું વ્રત તથા શુદ્ધિનું કામ પૂર્ણ થયું; ને પશુપતિયે તેને દર્શન દહી પાપથી તારી અધિક કાંતિવાન બનાવી.

ચતુર્દશ પરિચ્છેદ.

"ગૃહસ્થાશ્રમના ધર્મ નિરંતર પાળજો."

પતિ પત્નિનો ધર્મ એ, કરવા નિજના કામ,
સુસંપે રાજી રહી, કિતી આશ્રમ સુખ પામ.
સંસારે સાથે રહી, સ્વર્ગે સાથે હોય,
સંસારી શુભ કૃત્યથી, સ્વર્ગે સુખ અતિ હોય.

દેવોને પણ દુર્લભ એવા સુખનો અનુભવ હવે કામકિશોરીને થયો. તે પોતાની બાળ સખિ સાથે વિવિધ પ્રકારની ચેષ્ટા કરતી; ને આનંદમાં દિવસો વ્યતિત કરતી. આ છતાં પતિને મળવા તે અતિ આતુર હતી. પણ તક સિવાય તેમ કેમ બની શકે?

એક દિવસ સાયંકાળને સમયે કામકિશોરી એકલી પુલો ચુંટતી હતી; ત્યારે સત્યશિલ અચાનક ત્યાં જઈ ચઢયો. કામકિશોરીને જોઈ; પણ જે જોડું બહુજ થોડો સમય સાથે રહેલું, તે અન્યોન્યને આટલી લાંબી મુદતે કયાંથી ઓળખે? કામકિશોરી તો એક વર્ષથી નિરંતર તેને જોતી હતી; તે ઓળખે; પણ સત્યશિલ કયાંથી ઓળખે? અન્યોન્યની નજર એક થઈ; પણ કોઈના મોઢામાંથી શબ્દ બ્હાર ન પડયો. સત્યશિલને પોતાની પત્નિનું સ્મરણ થયું; ને તેના વિચારે તેના રૂદયને લાગી આવ્યું. કામકિશોરી પાસે ગઈ; ને પુલની માળા લેવા કહ્યું; પણ સત્યશિલે કહ્યું; "હે ત્રિયા, તારી માળા શું કરૂં?" કામકિશોરીયે સ્મિત હાસ્ય કરતાં કહ્યું; "વારૂ ત્યારે, કોના હાથની માળા સ્વિકારશો? શું આપને પત્નિ છે કે? તેનું નામ શું?" સત્યશિલ શરમાઈ ગયો, ને કાંઇજ જુવાબ ન આપ્યો. એટલામાં દેવદુત ત્યાં પોતાની પત્નિ સહ આવી ચઢયો. તેણે અન્યોન્યની ઓળખાણ પાડી; ને એકવાર ફરીથી કામકિશોરી તથા સત્યશિલના હસ્તો અન્યોન્યના હાથમાં સોંપ્યાં. પક્ષિયો ગીત ગાતાં હતાં; સૂર્ય રકત વર્ણનો બની ગયો હતો, મધુર પવન વાતો હતો, ને વૃક્ષના ઝુડો ડોલતાં હતાં, ને આ રીતે કુદરતે તેઓને વધાવી લીધાં.

બીજે દિવસે કામકિશોરી તેના પતિને હર્ષથી ભેટી, ને પ્રિય પતિને હજ્જારો નમસ્કાર કર્યા. કામકિશોરી લાડ કરતી પતિના ઉછંગે પ્રફુલ્લિત વદને બેઠી, ને પોતાનો નાજુક હસ્ત પતિની ડોકમાં સર્પાકારે વિંટાળી, પતિ ચુંબનનો લાવો લેતી, ને પોતાના ગોળ વદનમાંથી બ્હાર આવતી સુગંધનો પતિને અનુભવ કરાવતી, તે હર્ષિત બની, સર્વ ચિંતાથી વિમુખ થઈ. સત્યશિલ પણ આવા સુખનો લાવો લેતી વખતે ચિંતા રહિત હોય, તેમાં શું? આ સ્વર્ગ તુલ્ય સુખમાં તે સર્વ ભુલી ગયો હતો. પ્રેમની સત્તા વિષે વાંચકને અનુભવ છેજ. શુદ્ધ પ્રેમ સ્વર્ગના સુખોને પૃથ્વિપર આવવા ફરજ પાડે છે. રતિવિલાસના સુખે અન્યોન્ય પર મજબુત અસર કરી હતી. કામકિશોરીયે પોતાની બીજી હકીકત તથા ઘરની બિનાથી સત્યશિલને વાકેફગાર કર્યો; પણ ગુણિકા સમાગમ, ત્યાં થયેલી ખરાબી, ને ઘરમાં ચાલતાં કલહ વિષે તો એક શબ્દ પણ ન બોલી; કેમકે તેથી કદાચ રંગમાં ભંગ પડે. બીજે દિવસે પ્રભાતના કામકિશોરી, દેવદુત અલકકિશોરી, સત્યશિલ વિગેરે સર્વ કોઈ એકઠાં મળ્યાં. તે વખતે દેવદુતે કેટલાક શબ્દો સત્યશિલ પ્રતિ કહ્યાં; "હે સત્યશિલ, મારી આ પુત્રિ હું તમને અર્પણ કરૂછું. તેના પ્રત્યે દયા ભાવથી વર્તજો; ને તેને નિરંતર સુખી કરજો. તેનાં કરતાં પણ સવિષેસ સૌંદર્યવતિ મળશે; પણ તેના પ્રતિ લક્ષ દોરવતાં નહિ; તેમ હે પુત્રિ, ભોળાનાથ તરફથી મળેલું તારૂં શિયળવ્રત તું પણ અખંડ રાખજે; ને તારા પતિને દુઃખમાં દિલાસો દહી, તેમાં ભાગ લઈ, છાયારૂપ થઈ પડજે. અન્યોન્ય

કદિ વ્હેમ લાવતાં નહિ; ધર્મ ચુકતાં નહિ, ગૃહસ્થાશ્રમના ધર્મ નિરંતર પાળજો. અમારા થોડાં શબ્દો તમારા રૂદયમાં કોતરાય, ને તદનુંસાર વર્તન થાય, તથા તમો પણ સુખી રહો; તે માટે પ્રભુ પાસે અમે અંતઃકરણથી યાચના કરીયે છીયે. આ સિવાય હે સત્યશિલ, તમારી પ્રત્યે મારા જે દોષો થયાં હોય, તેની હું ક્ષમા યાચુ છું. રે! પુત્રિ, તું પણ તેમ કરી વિષેસ પ્રફુલ્લિત થા."

સૌંદર્યવતિ કામકિશોરીયે પણ ખિલેલા કમળ જેવા, ને ચંદ્રના જેવા તેજસ્વિ શિતળ વદને ઘણીજ નમ્રતાથી કહ્યું;

"હે નાથ, આ કિંકરીના મહાન અપરાધની માફી આપી રૂદય ભાર ઓછો કરો. શ્રી શિવે તેમ કરી, પાપનો ભાર ઓછો કર્યો; ને શુદ્ધ બનાવી છે; તો હે નાથ આપ પણ માફી આપી, કાયમના ડંખતાં કિડાને દૂર કરો."

સત્યશિલને આથી ધિરજ ન રહી, ને તે વિચારમાં પડી બોલ્યો; "હે પ્રાણેશ્વરી, જે હોય તે સત્વર નિવેદન કર."

પતિના આવા વચનો સાંભળી કામકિશોરીએ ગભરાતાં ગભરાતાં સર્વ વાત વિદિત કરી દીધી. સત્યશિલને તેથી બહુજ લાગી આવ્યું, ને તે બોલ્યો;

"હે પ્રિયા, મેં કદી અન્યનું ચિંતન કર્યું નથી; ને કરવાનો પણ નથી. એમ મેં તને આપણા પ્રથમ સમાગમ વખતેજ જણાવ્યું હતું, તે શું! તું છેકજ ભુલી ગઇ? ધિક્કાર છે તને. હજુ પણ હું જણાવુ છું, કે તને તજ્યા પછી પણ હું અન્યનું ચિંતન કરનાર નથી. હવેથી હું અખંડ બ્રહ્મચારી રહીશ. તું તારા સ્થાનકે જા, ને તારા પાપ કર્મોના

પસ્તાવો કરવો છોડી દઈ, તારા બાળકને સંભાળ; ને તું સુખી થા. અન્યનું ચિંતન કરનાર, પતિવ્રત પણાથી વિમુખ થયેલી હે ત્રિયા! ગૃહસ્થાશ્રમના ધર્મને તું સમજતી નથી. પુરૂષના રૂદયનું પારખુ તું કરી શકતી નથી. અરે! મનુષ્યો જેનું અંતઃકરણથી ચિંતન કરે છે, તે ભ્રષ્ટ હોય, તો પછી સંસારનું સુખ શું? હું સન્યાસિ થઈ, તારા બદલે ઈશ્વરનું નામ જપિશ, કે મને મુક્તિ પ્રાપ્ત થાય. ફરીને પણ કહુ છું, કે તું તારે સ્થાનકે જા.”

સત્યશિલની ઉપરોકત ઉકિતથી કામકિશોરી રડવા લાગી; પણ સર્વ વ્યર્થ. દેવદુતે તેને ઘણો સમજાવ્યો, પણ તે એકનો બે ન થયો. જેને સત્યજ પ્રિય છે, એવો સત્યશિલ અધર્મનો માર્ગ કેમ લહે? આખરે કામકિશોરી બોલી;

“હે ભોળાનાથ; જો મને મારા કૃત્યનો પરમ અફસોસ થયો હોયઃ મારા પાપ કર્મોની મને માફી મળી હોય; હું ફરીથી શુદ્ધ બની હોય; પતિ સિવાય અન્યનું ચિંત્વન ન કરવા ઠરાવ પર આવી હોય; ને તેમાં મને ફત્તેહ મળે તેમ હોય; તો હે પશુપતિ, આપ મારા પ્રાણેશને દર્શ દહી તેના વ્હેમ રૂપી કોટને તોડી પાડી; મને પૂનઃ અંગિકાર કરે તેમ કરવા કૃપા કરો. અગર હે અગ્નિ, તું મને તારે સ્વાધિન લે.”

થોડી વારમાં ત્યાં દિવ્ય જ્યોતિ ઝળકળવા લાગી; ને સર્વ દેવો, આકાશમાંથી કામકિશોરીના રક્ષણાર્થે પૃથ્વિ પર આવ્યાં. તેઓએ કહ્યું; “હે શુદ્ધ દેહ ધારી, એક પત્નિવ્રત પાળનાર, કામકિશોરીની માગણીનો સ્વિકાર કર. તેણે તારી પાસે તેના પાપ માટે માફી માગી, એટલામાંજ તેના સર્વ

પાપનો ક્ષય થઈ ગયો છે. વળી એક વર્ષના અખંડ વ્રતથી તે શુદ્ધ પણ થયેલી છે. હે સત્યશિલ, તેમાં તને કાંઇજ અડચણ નહિ નડે. તું તેનો અંગિકાર કર."

સત્યશિલે પ્રત્યુત્તર વાળ્યો; "હે ન્યાય ધર્મને જાણનાર દેવતાઓ, એમ શું પાપનો ક્ષય થાતો હશે ? જે કુડાં કૃત્યો મનુષ્યોથી જાણે અજાણે થઇ ગયાં છે; તેને માટે અંતઃકરણનો પસ્તાવો શું બસ થાતો હશે ? હું તેનો સ્વિકાર કરૂં; ને તેના પાપનો ભાગિદાર થાવ. હે ગૃહસ્થાશ્રમના ધર્મને જાણનાર, આપજ આવો માર્ગ બતાવો છો; તો દુનિયા અધર્મને રસ્તે જાતા કેમ અટકશે. ભક્તિથી ઇચ્છિત વર મળે; પણ અશુદ્ધ દેહની શુદ્ધિ થાય તે શું સંભવિત છે ? તમે ધારો તો તેને સ્વર્ગમાં લહી જાવ; તેના પાપ કર્મના ફળ ભોગવવા દો; ને પછી હું તેની માગણીને પુષ્પની માફક વધાવી લહીશ. હે પવિત્ર આત્માઓ, જાવ હું તેના આવતાં સુધી અન્યનું ચિત્વન નહિ કરૂં."

ગૃહસ્થાશ્રમના ધર્મ સમજનાર સત્યશિલને દેવતાઓ શું કરે ? તેઓએ તેની પર પુષ્પ વૃષ્ટિ કરી; ને અગ્નિ દેવે કામકિશોરીને પોતાને આધિન લીધી. આ પછી કામકિશોરીને લહી તેઓ અદ્રશ્ય થયાં, ત્યાંથી કામકિશોરીને તેઓએ નરકના રસ્તે મુકી દીધી; જ્યાં તેની જેવીજ કુલટા નારીઓ સડયાં કરતી હતી. કામકિશોરીને ત્યાં ત્રણ દિવસ રહેવું પડયું; પણ તેટલો સમય તો નર્ક તેને બહુજ ભારી પડયું. અનેક વ્યભિચારીણીઓને તેણે ત્યાં જોઇ. સર્વે પોતાનાં કુકર્મોનાં ફળ ચાખતી હતી. તેઓ અતિશય બુરી સ્થિતીમાં હતી. ગૃહસ્થા-

શ્રમના માર્ગમાંથી અનેકને ડગાવનાર, ને પોતે પણ ડગનાર નારીઓને ત્યાં પુરતું દુઃખ હતું. વિષ્ટા, મુત્ર, વિગેરેના ત્યાં વિશાળ ખાડાં હતાં, ભયંકર અંધકાર સર્વત્ર છવાયલો હતો. જાતજાતના ઝેરી બેડોળ અંગવાળા પ્રાણીયો ત્યાં પુષ્કળ હતાં, કે જેઓ તે નારીઓને ચોંટી અતિશય પિડા કરતાં હતાં. તેઓને આહાર પણ નરકનોજ આપવામાં આવતો હતો; ને વળી સખ્ત મ્હેનતનું કામ તેઓ માટે ત્યાં હતું. તેઓ કંટાળી જઈ અતિશય બુમો પાડતી હતી; પણ ત્યાંના દુતો તેઓને મેણા મારતાં હતાં; કે "હે દુષ્ટાઓ, એ પૃથ્વિપરથીજ સ્વર્ગનો આનંદ મેળવી શકાય છે; ને ત્યાંથીજ નર્કમાં આવવું થાય છે, સુકૃત્યો ન કર્યાં, તો અહિં આવ્યાં; ને આ કુકર્મોનાં ફળ ચાખવા પડે છે. સુકૃત્યશાળી સ્વર્ગના અખંડ સુખને પામે છે." આ પ્રમાણે તેઓને ત્યાં દુઃખ હતું. કામકિશોરીએ પણ ત્રણ દિવસો ત્યાં ગાળ્યાં; દરમ્યાન અતિશય કંટાળી ગઈ; ને ત્યાંથી પવિત્ર નદિમાં સ્નાન કરી; દિવ્ય દેહ સહિત દેવતાઓ સાથ પૃથ્વિપર પાછી આવી; ને સત્યશિલે તેનો સ્વિકાર કર્યો; દેવતાઓ આશિર્વાદ આપી અદ્રશ્ય થયાં.

કામકિશોરીએ ફરી પણ પતિની માફી માગી; ને તેના સમાગમમાં આવવા ભાગ્યશાળી થઈ. સત્યશિલ પણ આ પછી આનંદમાં દિવસો ગુજારવા લાગ્યો. દેવદુત અલક વિગેરે બહુજ ખુશિ થયાં, ને સર્વત્ર આનંદ વ્યાપી રહ્યા. આ પછી સત્યશિલ, કામકિશોરી, દેવદુત અલકકિશોરી વિગેરે મનહરપુરી આવવા નિકળ્યા, ને કેટલેક દિવસે મુસાફરી પુરી કરી; મનહરપુરીમાં સહિસલામતીથી દાખલ થયાં.

ષષ્ટ ખંડ–પ્રથમ પરિચ્છેદ.

"મારા પિતાને કોઇ પણ વસ્તુ આપતાં હું અચકાઇશ નહિ."

સૂર્ય પિતા હોઈ, દિનજ ઉગે, સુર્ય પિતા હોઈ કમળજ ફુલે;
ચંદ્ર પિતા હોઈ, રજનિ શોભે, કુમુદીની તો છે, ત્યમ પિતા હોઇ પુત્ર કહ્યો છે.

મનહરપુરીમાં આજે સર્વત્ર શોક વ્યાપ્યો હતો. કોઈ પણ જગ્યાએ ગાયનના વાદ, કે વાજીંત્ર સંભળાતાં ન્હોતાં; વળી કોઈ પણ સારૂં વસ્ત્ર પ્હેરી બ્હાર ફરતાં જણાતાં ન્હોતાં; પણ નિસ્તેજ ચ્હેરે તેઓ સર્વ શોકમાં ડુબેલા હતાં. તે વખતે કુદ-રત પણ શોકાતુર જણાતી હતી. ઘરમાં પણ કોઈ સારી વસ્તુ બનાવીને ખાતું ન્હોતું; તેમ પડેલી વસ્તુનો પણ ઉપભોગ ન કરતાં, શ્વાન, શારમેય આદિને તેનો ઉપયોગ છુટથી કરવા દેવામાં આવતો હતો. પરંતુ તેઓ પણ પોતાના ઉપરી અધિ-કારી, તથા સાથી રૂપ કુદરતને શોકમાં જોઇ, તેનો ઉપભોગ કરતાં કરતાંય રૂદયમાં બળતાં હતાં; યાને સર્વ મજા તજી બેઠાં હતાં. આ રીતે આ નગર સર્વત્ર શાંત શોકમય હતું. તેવા સ્થાનમાં પગ મુકનારને પણ કુદરત અગમચેતી કરી, અન્યત્રના ભાગીદાર ઠરાવતી હતી.

દેવદુત અલકકિશોરી, સત્યશિલ કામકિશોરી આદિ સૂર-સિંહના મહાલય પાસે આવી પ્હોંચ્યાં; પણ નગર જનસાંના કોઇની દષ્ઠિ તેમની પર ન પડી; યાને આવકાર આપવા ન ઉઠયાં. આથી તેઓને ભયની અનેક ચેતવણી મળી ચુકી;

પરંતુ ધીરજ રાખી તેઓ સર્વ અંદર દાખલ થયાં; કે જ્યાં માણસોની ઠઠ જામેલી હોવા છતાં, મ્હેલ શૂન્ય લાગતો હતો.

પોતાના પ્રિય પુત્ર તથા પુત્રિને, ને વળી પુત્ર વધુને આવેલાં જોઈ, માતાનો શોક બે ઘડી વિસારે પડયો હશે કે કેમ? ચંદ્રસિંહને હર્ષ થયો હશે કે નહિ? આદિ પ્રશ્નોનું નિરાકરણ વાંચકેજ કરી લેવું. સત્યશિલ તથા તેના સાથિયો પણ શોકમાં ભાગીદાર બન્યા, પણ જ્ઞાની દેવદુતે કહ્યું;

"હે સત્યપ્રિય સત્યશિલ, તું બે મહિના તન દઈ ભકિત કર. એમ કરતાં તારૂં કાર્ય સફળ થાશે."

સત્યશિલે સર્વને પોતપોતાના સ્થાનકે રવાના કર્યાં; ને પોતે પોતાના પિતાના મૃતદેહ પાસે ભકિત કરતો બેઠો. બે મહિના પૂર્ણ થયાં, પણ કાર્ય સિદ્ધિ ન થઈ; આથી તે બોલ્યો;

"હે વિશ્વાધાર, જો મારા જીવ કરતાં, મને મારા પિતાની જીંદગી વધુ વ્હાલી હોય; તો આ મૃત દેહમાં જીવ મુકો."

તરતજ ત્યાં પ્રકાશ થયો; ને કોઈ મહાન જટાધારીને આવતો દીઠો. તેના સર્વાંગે તેજ વ્યાપી રહ્યું હતું. તેની કાયા સુવર્ણમય લાગતી હતી; તેણે સાક્ષાત દર્શન દીધા. તેના આવવાથી મૃત દેહમાંથી બ્હાર આવતી દુર્ગંધ દૂર થઈ. સર્વત્ર મલયાગરની સુવાસ ફેલાઈ ગઈ; ને મધુર પવન વાવા લાગ્યો, તે બોલ્યો;

"હે વત્સ, જો તને તારા પિતાની જીંદગી વ્હાલી હોય, ફરીથી એકવાર તેને પૃથ્વી પરના સુખ દુઃખનો આસ્વાદ અનુભવતો જોવાને ઈચ્છા હોય, તો તારી આવરદામાંથી અડધી તેને આપવાનું કબુલ કર. એમ કરતાં તે તરતજ સચેત થાશે."

સત્યશિલે બિન સંકોચે જુવાબ આપ્યો, "ભલે એમ થાવ. મારા પિતા માટે મારી પાસેની, યા મારેથી પ્રાણુના ભોગે પણ મળતી, કોઈ પણ વસ્તુ આપતાં હું અચકાઇશ નહિ." સત્યશિલના ઉપરના શબ્દો સાંભળી યોગીના રૂપમાં રહેલ વિશ્વંભરે પોતાનું પોત પ્રકાશ્યું. અહા! તે વખતે તેની કાન્તિ અવર્ણનિય તેજસ્વી હતી. તેની શિતળતાં વર્ણી જાય એમ ન્હોતી. તે વાણી વદયા;

"હે વસુંધરા, પુત્રો હોય, તો સત્યશિલ ને ચંદ્રસિંહ જેવાજ હોજે. રે, જનની! તું પણ તેવાજ પુત્રોથી તારી કુખ દિપાવજે.

"જનની જણ તો ભકતજન, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર."

ધન્ય છે, સત્યશિલ તને, તારા જન્મદાયિયોને. તારા જેવા પુત્રો પિતાને પરાણે સ્વર્ગ અપાવે છે. ત્યાં ન્યાયાન્યાયનું ત્રાજવું લહી બેસનાર યમ કે ઇંદ્રનું કાંઈ ચાલતું નથી. લે, આ પાણીની અંજળી તારા પિતાના મૃત દેહ પર છાંટી દે, તેમ કરવાથી તે સત્વર સજીવન થશે. તારૂં આયુષ્ય બમણું હો."

આ પ્રમાણે આશિર્વાદ આપી ભિડભંજન અદ્રશ્ય થયાં. પાણીની અંજળી અચેતન દેહ પર પડતાં સૂરસિંહ સજીવન થયો; ને પ્રભાતના સૂર્યને જોઇ, જેમ કમળ પત્ર ખીલે છે, તેમ સૂરસિંહને પૂનઃ સચેત જોઈ સર્વના રૂદયકમળ પ્રફુલ્લ થયાં—ખીલ્યાં. સર્વત્ર આનંદ વ્યાપી રહ્યો. પિતા તથા પુત્રો અન્યોન્યને હર્ષથી ભેટયાં; ને હર્ષાશ્રુથી પ્રત્યેકનાં ચરણાવિંદ

પ્રભાતની ઝાકળ જેવા રૂપેરી બિંદુથી ચળકતાં કર્યા.

અહા! શું સુંદિર તે વખતનું ખ્યાન. કેવા મધુર શબ્દો રવ. સર્વનાં વખાણ. માતાંના આનંદની પરીસીમાં; કુદરતનું ખીલવું; ઘેર ઘેર નૃત્યાદિ આનંદ, વિવિધ પ્રકારના દિવ્ય વાજીંત્રોના નાદ, અતિ મધુર સ્વરે ગાતી દેવાંગના સમ દેહ-ધારીયો; ને તેમાં સાદ પુરાવતાં કોયલ, ચંડુલ આદિ પક્ષિ-યોનો આનંદ, કુદરતનું પ્રપુલ્લ બનવું, ઘેરઘેર સ્વાદિષ્ટ ભોજનોની તૈયારીઓ; દુકાનદારોની બંધ રહેલી બમણા વેગથી જામેલી ઘરાકીઓ; સુંદિર વસ્ત્રાલંકારમાં પુરૂષો બાળકો આદિનું સજ્જ થવું; મનોહરીઓનું વસ્ત્રાભૂષણોમાં વિંટળાઈ દેવળ પ્રતિ જઈ રાસડા લેવા; ઉદાર પુરૂષોનું ગરીબ આદિને પૈસા વસ્ત્રો મિઠાઈ આદિનાં લ્હાણા કરવાં; તેઓની પ્રફુલ્લતાં; ભાટ ચારણો આદિઓએ સુપુત્રોની કિર્તી ગાવી; રાજાએ તેઓને દક્ષણાદિથી સંતોષવા; મંદિર હવેલી આદિ સ્થળે દેવોની આરતી થાવી; ને સુગંધી પુષ્પો આદિ સાળણોનું લહી રાજ્ય દરબારમાં જાવું; ધનાઢ્ય પુરૂષોએ નજરાણા આદિ ધરવું; ઢોરોએ આનંદમાં આવી બાંબરવું; ઘોડાઓએ હુણહણવું, પક્ષિઓએ મધુરનાદ કરવા; આકાશમાંથી દેવતાએ પુષ્પવૃષ્ટિ કરવી; દિવ્યગાન કરવા; એ સર્વ દુ:ખીને પણ સુખી બના-વતાં હતાં. આવો આનંદ દેવોને પણ દુર્લભ થઈ પડે; તે મનુષ્યોને પ્રાપ્ત થાતાં; તેઓ ઉપર મુજબ શા માટે ન કરે? તેઓનું કેવું સદભાગ્ય? આવા પુત્ર રૂપ હિરાની કિંમત દુનિયામાં ઉત્તમ હિરાઓના સમુહ યાને ઉત્તમ વસ્તુઓના જથા, બલ્કે પ્રાણ કરતાં પણ વધુ છે. માતૃપિતૃભકત બાળકો;

ને શ્વસુર, પતિ આદિની અંતઃકરણથી ભકિત કરતી પતિવ્રતાઓ આ દુનિયા પર અને સ્વર્ગમાં પણ સર્વથી ઉત્કૃષ્ટ છે. પતિ ભકિતનો મહિમા અચળ છે. પિયરમાં માતપિતાની ભકિત, ને શ્વસુર ગૃહે સાસુ સસરા તથા પતિ ભકિત ઉત્તમ ફળ પ્રાપ્ત કરી આપે છે; એટલે ધાર્યું સિદ્ધ કરી આપે છે. દેવ દાનવોને રિઝવતાં તો વર્ષો વહી જાય; પણ જોઇતું ફળ પ્રાપ્ત ન થાય; પણ આવા સ્નેહિ જનોની પ્રસન્નતા મેળવવાથી ટુંક સમયમાં ધાર્યું પાર પડે છે. તો પૂજ્ય પુરૂષોની ભકિત કરી, ફળ ન મેળવે તે મુરખ સિવાય અન્ય કોણ હોય? તેવો લાભ સદ્દભાગીનેજ મળે છે. માતાનો પ્રેમ અચળ છે, કેમકે મુંગા પ્રાણીયોમાં પણ તે ગુણ ઉત્તમ રીતે દીપી નિકળે છે. હે માતા! તને શાની ઉપમાં આપવી? દેવો અને દેવિયો પણ તારા જેટલા દયાળુ હોય કે નહિ; તે સંશય ઉપજાવે છે. રે દયાળુ જનનિ, તારા જેટલા ગુણ ગવાય તેટલા ઓછાજ છે,

દ્વિતીય પરિચ્છેદ.

સુખ તો સતિત્વના નિર્મળ ઝરાની સાથેજ છે.

કોઇ કહે છે કયાં મજા? હું જોવ તે એક સ્થાનમાં;
પત્નિ પતિ, પુત્ર માતપિતા, બાળગુરૂ, ભકિત તાનમાં.

આ પછી સૂરસિંહે કેટલોક સમય સુખમાં વ્યતિત કર્યો.

જે કલહ શરૂઆતમાં થાતો હતો, તે આવા ભયંકર પરિણામ પછી દુર થાય એમાં શું? તેઓ એકાર્થ્જાને વધુ ચાહતાં શીખ્યાં. રાજાને આ વખતે આનંદનાં એક નવિન સમાચાર કર્ણગોચર થયાં. સૌંદર્યેશ્વરીને એક પુત્ર થયો; કે જેની કાન્તિ ભવ્ય હતી, લલાટ તેજસ્વિ હતું; ને સર્વાંગ સૌંદર્યેશ્વરી જેવું સૌંદર્યથી શોભી રહ્યું હતું; પરંતુ સૂરાતનની છાયા મિશ્રિત હોઈ; તે રકત વર્ણનું ને ગુલાબી હતું. નિર્દોષી જીંદગી હોઈ, તેના બાળપણાના ચાળા પરથી પડેલી કહેવત "પુત્રના લક્ષણ પારણામાંથી; ને વહુના લક્ષણ બારણાણાંથી જણાય" અનુસાર તે નામાંકિત ને ઉજ્વળ કિર્તિવાન થાશે: એમ જોનારને વિચાર આવ્યા વિના રહેતો નહિ. પુત્ર પાંચ વર્ષનો થાતાં તેની માતા સૌંદર્યેશ્વરી સૂરસિંહ પ્રતી બોલી;

"હે રાજન, આપ આપના આ બાળ પુત્રનું પાલન સારી રીતે કરો છો; તેમ કરશો, તદપિ માતાનું રૂદય એ શબ્દો કહેવા ખેંચાય, એ સ્વભાવિક હોઈ, આપનું લક્ષ ખેંચું છું; કે આપ આ પુત્રનું પાલન અથેષ્ટ કરશો. તેના દોષ મનમાં ન લેશો. થોડા વખતમાં આ દુનિયા સાથનો મારો સંબંધ પૂરો થાશે. હે શિરછત્ર! આ કિંકરીના સર્વ અપરાધો ક્ષમા કરી, રૂદયમાં ડંખતાં પ્રશ્ચાતાપ રૂપી કિડાને દૂર કરો. કે જેથી રૂદય પૂર્ણ શાંતિ પામી, શાંતતાના ધામ પ્રત્યે સુખેથી સિધાવે; ને ત્યાના અખંડ સુખમય દિવસો સુખમાં ગુજારે."

રાજાને આથી અતિશય લાગી આવ્યું: ને તે બાળકની પેઠે વિલાપ કરવા લાગ્યો ને બોલ્યો;

"હે પ્રિયા, ભ્રમરથી એકલું કેમ રહેવાશે? તારા અપરાધોની માફી તને કયારનીય મારી તરફથી ને જગતનિયંતા તરફથી મળી ચુકી છે. તેવો શોક ના કર. તું દેહત્યાગ ન કર, પણ અહિંયાજ રહે, સ્વર્ગના જેવા સુખો તને અહિં પણ મળશે." સૌંદર્યેશ્વરીને આથી લાગી આવ્યું, પણ રાજાને ધીરજ આપતાં તે બોલી;

"હે રાજન, આપની બેઉ પત્નિની સાથે આપ સુખેથી વસો; ને પુત્રો સહ આનંદમાં દિવસો વ્યતિત કરો. જે કાળે જે બનવાનું નિર્મ્યું હોય, તે તે કાળે બનેછેજ. આપ મારૂં ટુંક વૃત્તાંત સાંભળી તૃપ્ત થાવ.

હું સ્વર્ગાધિકારી ગંધર્વ ચિત્રરથની પુત્રિ છું. જે કારણે મારે આ દુનિયામાં જન્મ લેવો પડયો; તેમાં આપ પણ નિમિત રૂપ હતાં. આપ શિકારે નિકળેલાં તે વખતે આ કિંકરીની દૃષ્ટિ આપની પર પડેલી; ને મોહિત થવાથી આપની સાથે સંબંધમાં આવવું પડયું. અગર કયારનીય હું મારા સ્વર્ગાધિકારી સ્નેહિમંડળને ભેંટી હોત. આ દુનિયા સાથેના મારા સર્વ કાર્યો મેં પૂર્ણ કર્યાં છે. સર્વ કોઈનો અમુક કાયાર્થેજ સંબંધ જોડાય છે. કાર્ય અને મુદત પુરી થયે સર્વને અચલ ન્યાયાસને બિરાજમાન ન્યાયાધિશની સન્મુખ હાજર થાવું પડે છે; તો તે કેમ લોપાય? આપ શોક ના કરો; ને મને ખુશિથી રજા આપો. વળી તે બોલી, કે હે રાજન, ધારો કે કાંઈક અમુલ્ય વસ્તુ તમારા ઉદ્ધાર્થે કોઇ તમને વાપરવા આપે, ને તેની અવધિ આવે તે લહી જાય, તો તેથી શું તે ઉપકારીને દોષ દેવાનો? કે પોતાને શોક યા વિલાપ કરવાનો?

જેનું હોય તે તે લઈ જાય, એ તો નિશંસયાત્કજ છે; તો પછી શોક શા માટે? શું તે પોતાના ખરા માલિકને ન મળે? આમ છતાં જે કાંઇ લાગી આવે છે, તે તેના પ્રેમ અને સદગુણુ હોઇનેજ છે. પણ તેથી શું, પ્રેમીને વધારે સારા સ્થળે ન જવા દેવો?"

રાજાને આથી દિલાસો મળવા ઉપરાંત સારૂં જ્ઞાન પ્રાપ્ત થયું; ને આ દેહની ક્ષણુ ભંગુરતા વિષે તેના મનમાં ઠસ્યું આ પછી સૌંદર્યેશ્વરી સર્વને ભેટી. વંદારૂને વંદન કરી, આશિર્વાદ લીધાં; ને નાના મોટા સર્વની માફી માગી. પોતાના બાળક પુત્રને પણુ થોડાં બોધ વચનો કહ્યાં, ને વ્હાલથી ચુંબનો કર્યાં. થોડી વારમાં ઝણુઝણાટ કરતું એક દિવ્ય વૈમાન આકાશમાંથી ઉતરી આવ્યું, તેમાં બેસી સૌંદર્યેશ્વરી મુળ સ્થાનકે ગઈ, ને વ્હાલાઓને ભેટી.

સૂરસિંહને શોક તો થતો, પરંતુ તે શોક સૌંદર્યેશ્વરીના પુત્રની મુખાકૃતિથી સત્વર દૂર થતો. ઘરમાંના સર્વ કોઇને તે બહુ પ્રિય થઈ પડયો. જ્યારે જ્યારે ઘરમાંના યા બ્હારના કોઇને પણુ સૌંદર્યેશ્વરીનું સ્મરણુ થતું; ત્યારે ત્યારે તે સ્મરણુના સાર્થક રૂપ તેના પુત્ર સૂર્યસિંહથી આબેહુબ રીતે પાર પડતું. તેની મુખાકૃતિ સૌંદર્યેશ્વરીને અતિશય મળતી હતી. જો તેનામાં તથા તેની માતામાં કાંઈ પણ તફાવત હોય, તો તે માત્ર વયનો તથા જાતિનો હતો. તે સિવાય તેની બોલી-ચાલી, હાલચાલ આદિ સર્વ સૌંદર્યેશ્વરીના સ્મરણુને ભુલાવામાં નાખે તેવાં હતાં. આ રીતે માતાનીજ આકૃતિના આબેહુબ હિરામાં માતાના સદગુણો વીણી વીણીનેજ મુકયાં હતાં. આ

તો શ્રી ને સરસ્વતી સાથે મળ્યા જેવુંજ થયું. આમ બેઉનો ભેટો પણ કોઈ પરમ પુનિતને ભાગ્યેજ થાય છે. તેમાંય માતપિતાના સર્વ ઉત્તમ ગુણો, ને વળી માતાની આબેહુબ આકૃતિ પણ સાથે મળે એ શું? તેવું દુર્લભ નથી? આટલું છતાંય સર્વ વસ્તુના પ્રમાણમાં ઓછા વત્તા ગુણ દોષો હોય છેજ. પરંતુ કેટલાકમાં સદ્દગુણનો વાસો વધુ હોવાથી; ને કોઇમાં દુર્ગુણની વધુ સત્તા હોવાથી, કોઈ ઠેકાણે સદ્દગુણ તો કોઈ ઠેકાણે દુર્ગુણ ફાવે છે—પ્રકાશે છે. એમ બને તેમાં શું? જગતનિયંતા સિવાય કોઈ પૂર્ણ તો નથીજ.

વાંચક, હવે તારૂં ધ્યાન રૂપેશ્વરીને તેના બે આશકોથી પ્રાપ્ત થયેલી કાન્તિવાન ચપળા તરફ દોરવ.. તે દુષ્ટોથી વિમુખ થઈ ને ત્યાર પછી ધીરજ રાખી આગળ ચાલી. રસ્તામાં તેને અનેક અડચણો નડી; પણ અખંડ શિયળવૃત પણાથી પ્રભુએ તેની સર્વ મુશ્કેલીઓ દૂર કરી હતી. રખડતી રખડતી તે મનહરપુરીની સીમા નજીક આવી ચઢી. એ વખતે તે પુરૂષના વેશમાં હતી. એક રાત્રિ તેને ગામ બ્હારના એક વિશાળ વૃક્ષ હેઠળ પસાર કરી. બીજી સવારે થોડે દુર આવેલી એક વાવ પાસે નિત્ય કર્માર્થે તે જઈ ચઢી. રવિરાજ આ વખતે સંપૂર્ણ ખીલ્યાં હતાં; ને તેના તનુજો રૂપ કમળ સાથે સ્મિત હાસ્ય કરતાં હતાં. પક્ષિયો સર્વત્ર વનને ગજાવી મુકી, ઝાડ પરના મિષ્ટ ફળો ખાતાં હતાં. વાનરો આમ તેમ કુદકા મારતાં હતાં; ને પવન ખુશનુમા વાતો હતો. ફુલો પોતાની મધુર સુવાસ ફેલાવતાં હતાં; ને અતિ કિંમતી સૌગંધિક પરાગ તેમાંથી ઉડી રહી હતી. ભ્રમરો સર્વત્ર ગુંજાર કરતાં

હતાં; ને ઝાડપાન પણ તેવા આનંદમાં ભાગ લે છે; એમ બતાવતાં ઝુલતાં હતાં. વૃક્ષો રૂપ માત પિતાને આ પ્રમાણે આનંદમાં ઝુલતાં જોઈ, તેના તનુજો રૂપ, સુસ્વાદ ફળો પણ તેમ કરે તેમાં શું ?

આવા સમયે ચપળા નાહી, અને થોડાં એક મધુર પુષ્પો ચુંટી કાઢયાં; ને દિવસ પતિ પ્રતિ ચક્ષુ બંધ કરી, દ્વિ કર જોડી સ્મિત વદથી ઉભી રહી, ધ્યાન ધરવા લાગી. આ વખતે એક વિક્રાળ પશુપતિ પુરૂષના વેશમાં સૂર્યપુજા કરતી બાળા પ્રતિ પંઝો ઉગામી છલંગ મારી, તેને હંમેશને માટે સૂર્યલોકમાં મોકલવાની તૈયારીમાં હતો; પણ આ બાળાને હજુ પૃથ્વિ પર વધુ રહેવાનું હતું; તેનું નિકંદન કેમ કઢાય ? પશુપતિ તેમ કરવાની તૈયારીમાં હતો, દરમ્યાન એક ઘોડેસ્વારે તેની પર અસિ ઘા કર્યો; કે તરતજ તે પ્રાણીના બે ભાગ થઈ ગયાં. બાળા તો બચી; પણ તે આપણને ઈશ્વરની અગાધ લીલાનું કાંઈક સ્મરણ કરાવે છે. વાંચક આમ શાથી બન્યું ? વિર ચંદ્રસિંહ પ્રભાતની લીલા નિરખવા અને મૃગયા કરવા ઉપરોકત સ્થાને આવી ચઢયો હતો. તેણેજ તે બાળાને બચાવી; ને ત્યાંજ ઉભો રહ્યો. મરતી વખતે પશુપતિયે ભયંકર ગર્જના કરી; કે જે ત્રાડથી કોમળ રૂદયી બાળા ધ્રુજી ઉઠી; ને નેત્રો ઉઘાડી પાછા પગે એક વૃક્ષ પર ચઢવા માંડયું; પણ એટલામાં આપણા નાયકે તેને ધીરજ આપી; ને તેમ કરતાં રોકી. બાળા તેની પર આશક થઈ; પણ શિયળવ્રતનો મહિમા જાણનારી અધર્મ કેમ કરે ? ચંદ્રસિંહ તેને ઓળખી ગયો, તેનું મન પણ આવા એકાંત

સ્થાનમાં કુસુમાકરના વિચારમાં પડે તેમાં શું? પણ યોગ્ય કેળવણી મળેલી હોઈ; પર સ્ત્રિ સંગમના વિચાર કયાંથી ટકે? તેણે શુદ્ધ રૂદયે કહ્યું;

"હે બાળા! તું કોણ છે? અહિં કોને ત્યાં આવી છો? ને આમ છુપા વેશમાં કોની શોધમાં ફરે છે?" ચપળાએ પ્રત્યુત્તર આપ્યો;

"અયે પ્રાણરક્ષક, હું શિયળવ્રતને ચાહનારી એક કુમારીકા છું. આ જગતકર્તાના રાજ્યમાં વસુ છું. તેની ઈચ્છા તે મારી ઈચ્છા છે; અને મારા વિચાર સ્થાનમાં આ વેશ લેવાની વાતને પોષણ મળવાથી તેમ કર્યું છે. જગતકર્તાના આશ્રય નીચે ઉતરવું છે-ઉતરી છું."

ચંદ્રસિંહને તેની વિલક્ષણ બુદ્ધિથી અતિશય આશ્ચર્ય લાગ્યું; ને વિચાર આવ્યો; કે કદાપિ તે કોઇ યોગિની હશે. પણ તેના કિંમતી વસ્ત્રો જોતાં તે વાતને પુષ્ટિ ન મળી. તેની કાન્તિ નજરમાં ન આવી શકે તેટલી તેજસ્વી હતી. પૂનઃ તેણે યુકિતથી પ્રશ્ન કર્યો;

"હે યોગિની, સમ વ્રત ધારીણી, શું તમને સંસાર પર અપ્રિતી થઇ છે. આપે સંસારનો ત્યાગ કર્યો હોય તેમ લાગે છે. એ પ્રમાણે કર્યું હોય, તો આપની સાથે જીંદગી જોડનારને કેટલું પસ્તાવું પડ્યું હશે?"

ચપળાએ તેવોજ જુવાબ આપ્યો;

"હું તો સંસારમાં પડીજ નથી. કોઇને મેં મારો ભાગીદાર બનાવ્યોજ નથી; તો પછી પસ્તાવાનું શાનું? આપ મને યોગિની કહો છો, તેમાં હું સમજતી નથી, પણ શિયળવ્રત

પાળવું એ એકજ શિખામણમાં હું સમજ્યું છું; એજ મારૂં સુખ, એજ મારો બચાવ, કિર્તી, કાન્તિ, વૈભવ, યોગિનીપણું આદિ જે વદો તે તેજ. પણ આપની સાથે જોડાનારને પૂરણ પસ્તાવું પડયું હશે. કેમકે આપ પણ કોઇને તજી દયો, તેવાજ લાગો છો." તે પરણ્યો છે કે કુંવારો તે જાણવાના હેતુથી બોલી, ચંદ્રસિંહે પ્રત્યુત્તર વાળ્યો; "હે વ્રત ધારીણી, હું કોઇને મારી કાયા વેચી ચુકયો નથી, તેમ યોગી બનવા જેવું બન્યું નથી; કે કોઇને તજવા જેવું પણ છે નહિ. માત પિતા, ભાઈ બ્હેન, ને મારા વર્ગના મિત્રો સિવાય અન્યત્ર કોઇ સાથે સ્નેહ નથી. તે સિવાય કોઇને તજ્યું તેમ નથી. હું રાજપુત્ર હોઇ, આડો માર્ગ લહી પ્રજાને શાને માટે ભમાવું ?" આ રીતે પોતાની જાત, રીત ઈચ્છિા આદિ જણાવી દીધું.

ચપળા અતિશય વિચારમાં પડી. શું કરવું; તે સૂજ્યું નહિ. થોડી વારે ફળદ્રુપ વિચારસ્થાનમાં યુકતિએ વાસો કર્યો; "વારૂ ત્યારે આપ ને હું સરખાજ છીયે એમ ને ? તો પછી તેવા સરખાં મિત્રો એકજ થાતાં ઘણુંજ સુખ ભોગવી શકે છે. કેમ ! એમાં સત્ય કેટલું જણાય છે ?"

ચંદ્રસિંહે સ્મિત હાસ્ય કરતાં જુવાબ દીધો;

"સત્ય તો પુરતુંજ. પણ પહેલાં બોલેલાં વચનો સત્ય છે એની ખાત્રિ શું ? આપ શુદ્ધ હો, તો આ વૃક્ષ પર બેઠેલા પક્ષિયોમાંના એકને ઉભા ઉભા મારી પાસે લાવી આપો, કે આપણે સૂર્યનારાયણ પાસે ભવિષ્યની પ્રતિજ્ઞા કરીયે."

ચપળાએ મધુર વદને પક્ષિને બોલાવ્યું; "કે હે વૃક્ષાશ્રયિ, દુનિયામાં સંસાર માંડવો, ને પવિત્ર રહી ચલાવવો,

એ સત્ય હોય, તો મારા શિયળવ્રતની ખાત્રિ આપવા અહિંના ધારેલા યોગ્ય પુરૂષના ચર્ણનું સેવન કર." પતિવ્રતાના વચનો શું નહિ કરે? સાક્ષાત શિયળ દેવી પક્ષિ રૂપે ચંદ્રસિંહના ચરણમાં પડ્યાં. ચંદ્રસિંહને ખાત્રિ થઈ, કે ઉપરોક્ત લાવણ્યમયિ રંભા શુદ્ધ છે. ચંદ્રમુખી હસવા લાગી, ને બોલી; "કેમ પક્ષિ આવ્યું કે નહિ? પણ જોજો હો, એને મારતાં નહિ. હવે તમે પણ ખાત્રિ આપો.

"શું ખાત્રી આપું? બોલો તમે કહો, તે પ્રમાણે કરૂં" ચંદ્રમુખિયે પોતના માથાની હમણેજ ગુંથેલી વેણી કાઢી ને બોલી; "કયો. આમાં કેટલાં ફુલ છે? તમે સાચા હશો, તો સાચું પડશે; ને આપણે પ્રતિજ્ઞા કરશું; નહિતર હું મારે રસ્તે ને તમે તમારે."

ચંદ્રસિંહે કહ્યું,

"એમાં અગીયાર ફુલ છે; ગણી જુવો સાચું હોય તોજ હું ખુશિ છું; નહિતર નહિજ." ચપળાએ પુષ્પો ગણવા માંડયાં.

એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશ, અગ્યાર." ચંદ્રસિંહ વચમાંજ બોલી ઉઠયો; 'કેમ અગ્યાર થયાને? હું સાચો કે ખોટો?' ચપળા કહે; 'સબુર, ફરીથી એક વાર ગણવા દયો." ફરી પણ ઉપર મુજબ ગણ્યા. અગ્યાર થયાં; ને બોલી "છે તો અગ્યાર, તારે આવો આપણે પ્રતિજ્ઞા લહીએ."

ચંદ્રસિંહ કહે, "ભલે." બેઉ ઉભા થયાં, અન્યોન્યનાં હાથો ઝોલ્યા, ને બોલ્યાં; "હે દિવસ પતિ, અમારી જોડી અખંડ રાખજે. અમે હવે સાથેજ રહેશું. અમોને અખંડ

સુખ બક્ષજે." આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ થઈ. બેઉ પ્રફુલ્લ થયાં. આ પછી ચપળા બોલી; "હવે હું ગામમાં આવી રહીશ; ને શ્રાવણ વદ આઠમને દીવસે સ્વયંવર મંડપ રચાવીશ; તે વખતે હું તમને વરમાળ આરોપીશ. હમણે તો આટલી પ્રતિજ્ઞાજ બસ છે." ચંદ્રસિંહે પણ તે કબુલ કર્યું; ને તે પૂનઃ નગરમાં આવ્યો.

ચંપળા પાસે દ્રવ્યાદિ પદાર્થોની ખોટ ન્હોતી. તે ગામમાં આવી; ને એક સુંદિર પણ નાનું ઘર વેચાતું લીધું; ને તેમાં આવી રહી.

વાંચક, ઉપરોકત પાત્રો વચ્ચે થયેલી વાતચીત શુદ્ધ રૂદયે કરેલી હતી. અગાઉ સ્વેચ્છાનુંસાર પતિ પસંદગી થાતી હોવાથી, તેઓ એકબીજાને એવા પ્રકારના પ્રશ્નો કરે તે સ્વભાવિક છે. પરિક્ષા કરી પસંદગી કરે તે તો ઘણુંજ સારૂં. આ રીતે તેઓએ પ્રતિજ્ઞા કરી એટલુંજ. એ વખતે પરસપરના હસ્તને અડયા એજ; બાકી કોઈ ભાગ તરફ દષ્ટિ સરખી પણ કરી ન્હોતી.

રૂપેશ્વરી કેટલીક વાર ગામમાં નવી આવનારીની મુલાકાત કરતી. અચાનક ઇશ્વરેચ્છાથી ચપળાની મુલાકાત લેવાઈ ગઇ; ઇશ્વરની ગતિ ન્યારી છે; તે ઓળખાણી; ને તેની પાસેથી પેલા બે આશકોના બુરા હાલની વાત જાણી તે ખુશિ થઈ; પણ તોય દયા તો ઉભરાઈ આવી. ચપળાએ પણ પોતાની માતાની કથની સાંભળી. તે અતિશય ખુશિ થઇ. સૂરસેનને ભેટી; પણ સૂરસેનને તેના શિયળ માટે વ્હેમ આવ્યો. પતિવ્રતાની સાથેજ સુખ રહે છે. દુનિયાના સર્વ સુખો તેવી સ્ત્રિની સાથેજ ભમે

છે. જેમ પાણીના મોટા ધોધ સામે માછલાંનું કાંઈ ચાલતું નથી; તેમ સતિત્વના અખંડ પ્રભાવશાળી સામે દુઃખ યા નરાધમીનું કાંઈ ઉપજતું નથી. જેમ શમા પર પરવાનાઓ આફરીન થવાથી, પ્રાણાર્પણ સિવાય કાંઈ લાભ પામતાં નથી; તેમ સતિપર કુદષ્ટિ કરનારાઓ ભસ્મવત બનવા સિવાય અન્ય કાંઈ પામતાં નથી. ચપળા બોલી; "હે પિતાજી, તમે કહો, તે ચમત્કાર કરી બતાવું. મારા શિયળવ્રતની ખાત્રિ કરો, તમારી એ ફરજ છે." સૂરસેને કહ્યું; "હે બાળા, જો તું શુદ્ધ હોય, તો પેલી સુકી વાવને પાણીથી ભરી દે." ચપળાએ એક ક્ષણ વારની પ્રાર્થનાથી તેમ કર્યું. તેનો પિતા તેને પગે પડવા જાતો હતો; પણ ચપળાએ તેને તેમ કરતાં અટકાવ્યો; ને પોતે પગે પડી. આ પછી તેઓ સાથે રહેવા લાગ્યાં. ચપળાની ઉપરોકત બિનાની સર્વને જાણ થઈ; ને સર્વે તેને પુજવા લાગ્યા. રાજા સૂરસિંહ પોતે પણ તેના દર્શન કરવા ચુકતો નહિ.

વાંચક, વિચાર આવશે કે વાવ કેમ ભરાઈ ગઈ. સર્વ સ્હેલું છે. પણ પતિવ્રતા માટે હો. એ કાંઇ જાદુથી નહિ; પણ શિયળવ્રતના પ્રભાવથી. સૂરસેને આકરી પારક્ષા કરી, એમ જણાશે; પણ તે પતિવ્રતા માટે આકરી ન કહેવાય. આવી એક બાળકી પણ શિયળવ્રત પણાથી પોતાનો બચાવ કરી શકી, તો તેવી બાળાનો પ્રભાવ કેટલો હશે? આપણો આ દેશ પવિત્ર ને પૂજ્ય પદ્વિ પામેલો છે, તેનું શિયળવ્રતપણું એક મુખ્ય કારણ છે, સતિ સ્ત્રિ પાસે બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ પણ મસ્તક નમાવે છે; તેવી પવિત્ર ત્રિયાને ત્રિલોકનું સર્વ સુખ વિના વિલંબે પ્રાપ્ત થાય છે; એટલે દેવોને પણ

દુર્લભ એવા ઉત્તમોત્તમ સુખો પણ તેને તેના સતિત્વના પ્રભાવથી માથું નમાવતાં ભેટે છે. જો અબળાને ત્રિલોકમાં સુખ હોય; તો તે, પતિવ્રતપણાના માર્ગથીજ. સ્ત્રિઓએ પોતાની વ્હાલામાં વ્હાલી વસ્તુ પતિવ્રતપણાનેજ ગણવી જોઇએ. દરેક સ્થળે તેઓના સુખનો રસ્તો પતિવ્રતપણામાંજ નિયત થયેલો છે. જીવ જાય તો તેની કિંમત ન ગણવી, પણ પતિવ્રતપણાની કિંમત આંકવી અશકય છે. પતિને સંતોષવાથીજ સર્વ મળે છે; એ પણ નીચેના ટુંકા ઉલ્લેખથી સમજાશે;

ભલે ભર્તા હોય રંક પણ, તજીવી કદી ન નિત;
સુખ દુઃખમાં નિત ભાગ લહી, રે, એ સતિની રીત.
વશ રેવું પતિ પ્રભુ તણે, સુખ દુઃખ લેખાં હોય;
પતિને ધીરજ આપવી, કહેવું કરે સતિ હોય.

આર્ય દેશની અબળાઓ! તમે પવિત્ર છોજ; કેમકે તમારી પૂર્વજ પવિત્રજ હતી. તેઓના ગુણ હજુ સુધી ગવાય છે. તેઓને લીધેજ આ દેશમાં પવિત્રતા છે. તમે પવિત્ર બનો, તમારી સખિને સારી શિખથી પવિત્ર બનાવો; ને શિયળવ્રતપણું અખંડ રાખી તમારૂં નામ ને ગુણો તમારી ભવિષ્યની બાળાઓ માટે મુકતાં જાવ; કે જે ગાઈ, તેઓના ધર્મ સમજી પવિત્ર બની પવિત્ર આચરણ કરે; એવી પરમ કૃપાળુ પ્રભુ પ્રત્યે મારી અંતઃકરણની પ્રાર્થના છે.

મુકરર કરેલો દિવસ નજીક આવતો ગયો; તેમ તેમ સ્વયંવર મંડપ પણ રચાવા માંડયો. દેશદેશના રાજવીઓ આવવા લાગ્યા. જેમાં ચંદ્રસિંહ પણ હતો. અગાઉ વચનથી

બંધાયા મુજબ ચપળાએ ચંદ્રસિંહને વરમાળ આરોપી. ભાટ ચારણોએ તેઓની કિર્તીના વખાણ કર્યાં; બ્રાહ્મણોએ આશિર્વાદ આપ્યાં, પ્રજાજન ખુશિ થયાં, ને આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. આ પછી વિધી મુજબ તેઓના લગ્ન થયાં. તેઓ અંતઃકરણ પૂર્વક એકબીજાને ચાહતાં હતાં. આવા શુદ્ધ ચાહથી જે લગ્ન થાય છે, તેનું પરિણામ બહુજ સારૂં આવે છે. આ રીતે શિયળવતને ચાહનારી ચપળાએ પોતાનું ચંદ્રસિંહને આપેલું વચન પાળ્યું, ને સુખી થઈ; તે શાના પ્રતાપે? અખંડ શિયળવ્રતપણાનાંજ પ્રતાપે.

તૃતીય પરિચ્છેદ.

સારી પત્નિ એજ ઉત્સાહ અને એજ સુખ.

અમને આ...પજો, શુભ સાથી આ સંસારે (૨)
સહુ સાથીમાં જીંદગી ભરની, નારી સાથી છે આ...રે (૨) અમને
શુભ સાથી તે અમને મળતાં, ઉત્સાહ સુખજ સાથી છે!
પતિવ્રતપણું રાખી રેનારી, સાથી તણી અમ ભાખી છે. અમને

આ જોડું સુખેથી દિવસો, તેમ કરતાં મહિનાઓ ને કાંઈક વરસો થયાં નભે છે. તેઓને કોઈ દિવસ સુખ તો કોઇ દિવસ દુઃખ પણ થાતું. એ તો કુદરતાનુંસાર બને છેજ. એમાં કાંઈ નવાઈ નથી. એક દિવસ ચંદ્રસિંહને ચંદ્રમુખીની સ્મૃતિ થઈ આવી; ને તેથી તે કાંઈક દિલગીર થયો. પરંતુ સુખ દુઃખની

ભાગ્યણ, યાને દરેકમાં અર્ધો ભાગ લેનારી અર્ધાંગનાયે તેને દિલાસો દહી શાંત કર્યો.

પત્નિ પ્રેમી શબ્દથી, ભુલીયે સર્વે દુઃખ;
સારી પત્નિ સુખ એ, કુલટા દુઃખનું મૂળ.

ચપળાયે કહ્યું; "હે પ્રાણેશ, શોક ન કરો. નસીબની સત્તા ઘટાડવા કોઈ શકિતવાન નથી. લલાટના લેખ મિથ્યા હોઈ શકતાંજ નથી. જે બનવાનું હતું, તે બની ગયું; ને બનશે. ચીંતા ન કરો. ચીંતા મનુષ્યને લગભગ ગાંડો બનાવે છે. ચીંતા ગ્રસ્ત મનુષ્યને કાંઈજ કામ કરવું ગમતું નથી. તેનું ડહાપણ, ચતુરાઈ વિગેરે ચીંતા રૂપી ચીત્તામાં બળી ભષ્મ થાય છે.

પત્નિનાઆવા મધુર શબ્દોથી તેને ઘણો દિલાસો મલ્યો. તે સુખેથી પોતાના કાર્યમાં પ્રવૃત્ત થયો. તેઓ સુખમાં દિવસો વ્યતિત કરવા લાગ્યાં; પણ સૂરસિંહને સુખ નથી. ભુતકાળની બિના જાણવાની તેની ઇચ્છા હજુ અધુરી હતી. વળી તે દિનપર દિન વૃદ્ધ થાતો જાતો હતો. પોતાના આગલાં કર્મો વિષે જાણવાને તે ઘણોજ આતુર હતો. તે નિરંતર ખેદ કરતો; તે બાબે સૂરસેનને કહ્યા કરતો. સૂરસેને કહ્યું;

"હે રાજન, મને એક વર્ષની મુદત આપો. એટલા સમયમાં હું ત્રિકાળપ્રસાદની શોધ કરી લાવીશ. ખેદ ના કરો. આપ રજા આપો તો હું અત્યારેજ નિકળી પડું."

સૂરસિંહ વિલંબ શા માટે કરે! તેની તો હાજ હતી. તેણે સૂરસેનને સત્વર રવાના થવા કહ્યું; ને સૂરસેન બીજી વાર પોતાના પ્યારા રાજાના કાર્ય પરત્વે નિકળી પડયો.

અગાઉ સૂરસેને નિરખેલા શ્રી વિશ્વેશ્વરના ધામ પ્રતિ, જ્યાં તેને ત્રિકાળપ્રસાદનો ભેટો થયો હતો; ત્યાં આવ્યો. પણ ત્રિકાળપ્રસાદને બદલે ત્યાં કોઈ બીજોજ માણસ મળ્યો; તેણે ખબર આપ્યાં કે ત્રિકાળપ્રસાદ શિવશરણ થયો છે. આથી પોતાના વચનની પૂર્ણાહુતિ માટે સૂરસેનને અતિશય ધાસ્તી લાગી. પરંતુ સૂરસેન રાજપુત બચ્ચો હતો. "મનુષ્ય શું ન કરે." એ કોઈક જ્ઞાનીના સિદ્ધાન્તને તે વળગી રહ્યો; ને પ્રભુ પર આધાર રાખી આરાધના કરવા લાગ્યો. તેણે નિશ્ચય કર્યો; કે વચન ન ફળે, તો અહિંજ કાયા છાંડવી. મુદત પુરી થવા આવી; પણ કાર્યમાં જય ન મળવાથી એક ઘોર રાત્રિએ તરવાર ઉગામી બોલ્યો;

"હે શંભુ, સર્વને કર્માનુંસાર ફળ દેનાર હે ન્યાયી દેવાધિપતિ, કાં તો મારી ઈચ્છા સફળ કરો, અગર સત્યના પાલનને અર્થે મને પણ શરણે રાખો. સત્ય મને પ્રાણ કરતાં પણ પ્રિય છે. તેમ તમારી સમક્ષ મારો દેહ પડશે તો હું અક્ષય સુખનું ધામ પામીશ." આમ બોલી તેણે તરવાર ગળા સુધી આણી; ને જેવો ઉપયોગ કરવા જાય છે, તેવીજ તરવાર હાથમાંથી કોઈએ ખેંચી લીધી. આટલેથી પણ ન અટકતાં બાહુબળથી પ્રાણ કાઢવા વિચાર કર્યો, પણ હાથ સજ્જડ થઈ ગયાં. વચન પાળવું અગર મરવું; એ સિદ્ધાંત ધ્યાનમાં લહી, મુદત પુરી થતી જોઈ માથું પછાડી જીવ કાઢવા વિચાર કર્યો; પણ એટલામાં તો તેનું આખું શરીર સજ્જડ થઈ ગયું. આવી સ્થિતીમાં તેણે કેટલોક વખત ગાળ્યો; પણ કાંઈજ વળ્યું નહિ. એણે વિચાર્યું, કે આ ન્યો

તરસ્યો મરી જઇશ, પણ તે તો આ ભકતને અડયાંજ નહિ. કેટલોક વખત વિત્યા બાદ ઘુમટમાંથી એક ધ્વનિ સંભળાયો; કે

"હે માનવી, જે લાભ ન મળવાનો હોય. તે પરાણે મેળવવાથી કાંઈ ફાયદો નથી; વળી જે વસ્તુ મોડી મળવાની હોય, તે વ્હેલી મેળવવાથી પણ ગેરફાયદો છે. જે લાભ તને મોડો મળનાર છે, તે વેલો કેમ મળે? તું એકવાર પૂનઃ ભકિત કર, ને ઇચ્છિત પ્રાપ્ત કર." સૂરસેનના સર્વ અવયવો પાછા સચેત થયાં. તેઓ ફરીથી કામમાં પ્રવત્ત થયાં. સૂરસેને અંતઃકરણને શુદ્ધ રાખી ભકિત શરૂ કરી; ને કેટલોક વખત સુધી ધ્યાન ભંગ ન થયો. આથી સમય આવતાં શિવ પ્રસન્ન થઈ બોલ્યાં;

"હે સત્યપ્રિય ક્ષત્રિય તન! તારૂં ઇચ્છિત માગી લે." પણ સાંભળે કોણ? જેની આંખ કાન જીવ્હા આદિ ઇંદ્રિય હોય તે ને. સૂરસેનને તે સર્વ હતું; પણ સર્વ ધ્યાનમાં તલ્લિન હતું. શિવે શંખ ફુંકી તેને જાગૃત કર્યો; ને ઇચ્છિત વર માગવા કહ્યું, સૂરસેન બોલ્યો;

"હે ભોળાનાથ! જો આપ ઇચ્છિત આપો છો, તો ત્રિકાળપ્રસાદને તેની ત્રિકાળ વિદ્યાની સ્મૃતિ સહિત મને સોંપો." ભોળાનાથે કહ્યું;

"હું તને ત્રિકાળપ્રસાદ માત્ર આઠ મહિનાની મુદત માટે આપુ છું. હે વફાદાર નોકર, તે દરમ્યાન તારા રાજાની ઈચ્છા તૃપ્ત કરી લેવાનું કહેજે. ત્યાર પછી મારો ભકત પૂનઃ મારે શરણે આવશે. પણ હવેથી વિચાર કરીને વચન આપવાની ટેવ રાખજે. તું બ્હાર જા. તને તારો મિત્ર

હુમણેજ મળશે."

વિશ્વેશ્વરના ધામથી બ્હાર પગ મુકતાં તો બેઉ મિત્રોનો ભેટો થયો. તેઓ હર્ષથી ભેટયાં; ને મનહરપુરીના માર્ગે પડયાં. તેઓ વાતો કરતાં કરતાં મનહરપુરી ભણી આવતાં હતાં, ત્યાં રસ્તામાં કોઈ એક રાજપુત જેવા વિરપુરૂષને અર્ધ મરેલ સ્થિતિમાં પડેલો જોયો. તેઓને તેની દયા આવી, ને તે બે ભાન પુરૂષને ઉંચકી કાઇક શુદ્ધિમાં આણવા દવા દારૂ કર્યાં; ને મનહરપુરીમાં લાવ્યાં. ત્યાં તેને સંપૂર્ણ આરામ થયો. સૂરસિંહ તેને હર્ષથી ભેટયો. સત્યવતિના હર્ષનો પાર રહ્યો નહિ. સર્વત્ર હર્ષ ફેલાઈ ગયો. વાંચક, કારણ તો સમજાયું હશે! આ વીર રાજપુત કોણ હશે વારૂ? તે તો સૂરસિંહનો મોટો પુત્ર યાંને સત્યશિલનો જ્યેષ્ટ બાંધવ સત્યજીંત હતો. તે આવી સ્થતીમાં જંગલમાં કયાંથી આવી ચઢયો? તે હવે પછીના પરિચ્છેદમાં જોશું.

ચતુર્થ પરિચ્છેદ.

દુનિયા દોરંગી.

દોરંગી દુનિયા માંહિ, જણાયે છે જુદા રંગો;
ઘડી ધોળો, ઘડી કાળો; ઘડી કંઈ રંગ ફેરવતો.

ન જાણે આ જગતના કો, ઘડી પલટાય તે રંગો;
ઘડી સુખી, ઘડી દુઃખી, બધા એના અરે રંગો.

કુંદનપુરીમાંથી નાસી છુટયાં પછી સત્યજીતે કેટલાંક વર્ષો સુખ દુઃખમાં અહિંતહિં ભટકવામાં વ્યતિત કર્યાં. ત્યાર પછી એક ધનાઢય વણિકને ત્યાં નોકર તરીકે રહ્યા. કેટલાંક વર્ષો તેણે ત્યાંજ સારી રીતે નભાવી કાઢયા; ને દુઃખનું કાંઈક વિસ્મરણ થયું; પણ હરહંમેશ એક સ્થિતી રહેતી નથી એ ધ્યાનમાં રાખજે. ચઢતી પડતી તો જગતના સર્વે લોકો માટે છેજ;

ઉગ્યો અરે તે આથમે, વળી દિન થાતાં ઉગશે;
હાર્યો અરે કો' જોદ્ધ તો તે, કાળ વશ થઇ ઉઠશે,
સુખની પછી દુઃખ છે રહ્યું, તડકા પછી છાંયો રહ્યો;
તે દૈવ પ્રાબલ્ય ગતિ, મનમાં સહુ સમજી લહો.

સુખ. દુઃખ, તડકો છાંયો, રાત્રિ દિવસ; એ સર્વ સમયાનુંસાર આવે છેજ. તેમજ મનુષ્ય રૂપી માટીના પુતળાનું સમજ. કાયા ક્ષણભંગુર છે. તેનો વિશ્વાસ કરી શકાય તેમ નથી; તો પછી જુદાજુદા રંગો જોવામાં આવે તેમાં શું ?

સુખને સમે છકી જે જઈ, દુઃખમાં અતિ દુભાય છે;
તે નર અરે સહુ જાણજો, નક્કી અધિ નરકાય છે.

રૂતુના રંગ, તદનુસાર ફળ; આદિ સર્વ કુદરતાનુંસાર બને છેજ. તો પછી કરણી તેવી ભરણી ને તેવી પાર ઉતરણી હોય, તેમાં શું ? મનુષ્યની સ્થિતીને પણ બળવંતરામ આદિઓએ રૂતીની સાથે સરખાવી છે; તે મનુષ્યને જીંદગીનું સારૂં ભાન કરાવે છે. કોઇ દિન સુખ તો દુઃખ પણ જોઈ લહી. સુખમાં તો સર્વનું નભે; પણ જ્યારે દુઃખમાં ધર્મ ન તજતાં, હિંમત રાખી પોતાના સદ્દાચારને ન છોડે; તેનેજ ધન્ય છે. સુખ દુઃખ એ સંસાર સાગરમાંના સારા નરસા મત્સ્યો છે.

તેને હઠાવવામાં વિઘ્ન પણ પડે; તેથી શું ? ઈશ્વર પર આધાર રાખી સર્વ સહન કરવું. બાલાશંકરની નીચેની લિંટીયો શું તેવા પ્રકાર માટે પુરતી નથી ?

ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સેજે;
ગણ્યું જે પ્યારૂં પ્યારાએ, અતિ પ્યારૂં ગણી લેજે.

વળી તેજ કવી કહે છે;

પ્રભુના નામના પુષ્પો, પરોવી કાવ્ય માલા તું;
પ્રભુની પ્યારી ગ્રિવામાં, પહેરાવી પ્રિતે દેજે.

દુઃખમાં યા સુખમાં રહેણી કહેણી સરખી રાખવી ઘટે છે. તે માલિક આપણા કૃત્યોના ફળ આપે છે. તે આપણા કર્માનુંસાર સારા નરસા હોય, તે આપણા સિવાય બીજો કોણ ભોગવે ?

સત્યજીંતનું પણ તેમજ થયું. તેના સુખના દિવસો પૂર્ણ થયાં હશે. તે શેઠની બાળા અતિ ભલી વિદુષી બાઈ હતી. તે સત્યજીંત સાથે બેન તરિકે વર્તતી. પણ હરેક વસ્તુ પ્રમાણમાં હોય ત્યાં સુધીજ સારી. જગત ગમે તેમ ધારે છે. તેને બે મોઢા છે. કોઈ આમ બોલે, તો કોઇ તેમ બોલે. સહુ સહુને ફાવતું બોલી સ્વાર્થ સાંધે છે, તે બાળાના સત્યજીંત પ્રતિ ભાઈ તરિકેના અનહદ પ્રેમનું પરિણામ નઠારૂં આવ્યું. ગામના માણસોયે તે બાળા વિષે ખોટો શક ધરાવ્યો; ને તે બાબત તેના પિતાને કાને ગઇ. નિર્દોષ બિચારો સત્યજીંત શું કરે ? નોકરી ત્યાગ કરવા સાથે તેને ગ્રામ્ય ત્યાગ કરવો પડયો.

ત્યાંથી સત્યજીત કોઇ એક દુરના નગરમાં જઇ વસ્યો. જાતે રાજપુત હોઇ ત્યાં સારૂ માન પામ્યો. અહા ! સત્તા,

સત્તા! તારૂં પ્રાબલ્ય કેટલું? મનુષ્યને અંધ બનાવી તું અનેક કુડાં કૃત્યો કરાવે છે. સાધુ પુરૂષો તારેથી દુરજ વસે છે; તેનું કારણ તારો દુર્ગુણજ છે. હવે સત્યજીત પણ સત્તાધારી બન્યો હતો. સત્તામાં છકેલ સત્યજીત અનેક અવિચારી કૃત્યો કરતો હતો. અહા! સત્તા તને વરવા કોણ તૈયાર નહિ હોય? તું સર્વને તલપાવે છે; પણ કોઈને વરતી તો નથીજ. ઘડીકમાં એકને તો ક્ષણવારમાં અન્યને પ્રશંસા પાત્ર કરાવે છે; પણ તારા સેવનને અંતે ભાગ્યેજ જશ મળે છે. જ્ઞાની અનુભવી પુરૂષો તો તને છેટેથીજ નમસ્કાર કરે છે. વળી ઉંચી પદવી વાળાને દુશ્મન પણ ઘણા. સત્યજીત ઉંચી પદ્વિએ હોઈ, ત્યાં પણ હવા વધુ હતી. તેમાં વળી રાજા, વાજા, ને માકડાનો વિશ્વાસ શું? સત્યજીત કે જે સત્તામાં છકી જઇ અનેક અધર્મના રસ્તા લેતો, થોડા વખતમાં જે કેદખાનામાં તે અનેકને મોકલતો, ત્યાં તેનેજ જાવું પડયું. મહા મ્હેનતે તે ત્યાંથી છુટો થયો; તેને વૈરાગ્ય આવ્યો હોઇ, દુનિયાના ખટપટી પુરૂષોથી કંટાળેલો હોઈ, જીંદગી ક્ષણભંગુર જણાતી હોઈ, કરેલા કુકર્મોનો પસ્તાવો થાતો હોઈ, ફરી તેવું ન કરવા વિચાર આવતો હોઇ, દુનિયાના પોતાની પ્રથમની સ્થિતીમાંના લોકોનું હિત ઈચ્છતો હોઇ, રૂદય સારે રસ્તે ચઢવા કેતું હોઇ ને ખરાબમાંથીજ સારૂં પરિણામ આવે છે; એ સિદ્ધ થવાનું હોઈ તે સર્વત્ર ભમી સર્વ કોઈને સાધુ બની ઉપદેશ કરવા લાગ્યો. તેનું મન ભકિત પર ચોંટયું હતું. મારૂં તારૂં તેને કાંઇજ જણાતું હોતું, અહં પદ તજી દીધું હતું; ને નીચેનો સિદ્ધાન્ત સત્ય લાગતો હતો. તે તેના શિષ્યોને પણ તેજ ઉપદેશ આપતો.

નથી હું કંઇ અરે જોતો, દુઃખી સંસારમાં સુખો,
બધા દુઃખી અરે દેખું, ખરે સંસાર છે લુખો.
હતાં જે ભ્રાતને ભાભી, વળી પિતા અને માતા,
બધાંયે સુખ લેતા'તાં, અયે સંસારમાં બાપા.
જણાયું છેક ઉંમરમાં, નથી કોઈ વાટનો સાથી,
જઈ એકીલ, હુઈ એકીલ, લઈ પાપ પુન્ય તો સાથી.
બધા સંસાર સાથી છે, નથી કો દુઃખમાં સાથી,
સુખે સુખમાં રહીને સહુ, પ્રભુ વિચાર કર્યો કયાંથી?
ખરે દુઃખે બહુ દીધો, પ્રભુ વિચાર જો વાંચી,
કરે જો કાંઈ ભકિત તો, બને તે તુજનો સાથી.
ખરોએ સાથિ મારો છે, બન્યો છું સાથિ તેનો હું,
નથી સ્પૃહા, નથી પરવા, બન્યો છું સાથિ તેનો હું.

કંઈકિને આવો ઉપદેશ આપી સદમાર્ગે ચઢાવ્યાં હતાં; પણ જેને સ્પૃહા ન છતાં, સંસારના વધુ અનુભવ લેવા લખેલું તે કેમ ફરે? એક જંગલમાં તે તથા તેના શિષ્યો, એક લુંટારૂં ટોળીને હાથે લુંટાણા. તેના સર્વ સાથિયો વેરાઈ ગયાં; ને તે બિચારો દુઃખી હાલતમાં લુંટારાઓના પ્રહારથી જમિન પર પડયો. વાંચક, આ પછી તેની સ્થિતી આપણે જાણીયે છીયે. આપણી નવલકથાના બે પાત્રો તેને મનહરપુરીમાં લઈ ગયાં; ત્યાં તે સાજો થયો; ને એક વાર ફરીથી સંસારમાં રહેવા ફરજ પડી. આપણે તેને સંસારના સુખો અનુભવતો જોઇએ છીએ. આગળની વાત આગળ, હાલતો તે રાજ્યાલયમાં સુખી જીંદગી ગુજારે છે.

પંચમ પરિચ્છેદ.

સ્વેચ્છા એજ સ્વર્ગ સુખ.

છે જઈ વસ્યું સુખ સ્વર્ગનું, ઇચ્છા સફળની માંય હાં;
છે જઈ વસ્યું દુઃખ નર્કનું, ઇચ્છા અધુરી માંય હાં,
ઇચ્છા કરો, કો સારી, કો નરસી, ભલે બીજા વદે;
તો પણ રહ્યું સુખ સ્વર્ગનું, ઇચ્છા સફળ જયાં જયાં ફરે.

બાળકથી વૃદ્ધ સુધીના કોઈ પણ મનુષ્યને, બલ્કે પ્રાણીને પણ ઇચ્છીત વસ્તુ પ્રાપ્ત થવાથી જે અત્યાનંદ થાય છે, તેવો આનંદ બીજે મળી શકતો નથી. સૂરસિંહ હવે સર્વ વાતે સુખી હતો; પણ પૂર્વ જન્મ કહાણી સાંભળવાની આંકાક્ષા પૂર્ણ થઈ ન્હોતી. કમળને સુર્ય સાથે, ચક્રવાક ને ચક્રવાકી સાથે, કુમુદિને ચંદ્ર સાથે ને બાળકને માતા સાથે મળતાં જેટલો આનંદ થાય છે; તેટલો આનંદ સૂરસિંહને ત્રિકાળ-પ્રસાદ મળવાથી થયો; વળી જયેષ્ટ પુત્રને સાથે જોઇ તેનાં આનંદની હેલીમાં સારી વૃદ્ધિ થઇ. જેમ કોઇ અંધને લોચન મળતાં; કોઈ વૃદ્ધને યુવાની મળતાં, વાંઝિયાને પુત્ર મળતાં, ભુખ્યાને ભોજન મળતાં, પતિવ્રતાને પતિ મળતાં, બાળકને રમકડું મળતાં, ભકતને ભગવાન મળતાં, ધનહિનને ધન મળતાં, કેદીને છુટકારો મળતાં, વેપારીને લાભ મળતાં, સદગુણિને સુમિત્ર મળતાં, કામિને કામિની મળતાં, વૃક્ષોને વરસાદ મળતાં જેવો આનંદ થાય છે, તેવો આનંદ સૂરસિંહને

ત્રિકાળપ્રસાદ મળવાથી થયો. સુકો રોટલો ખાઈ જીંદગી ગુજારનારને બીજા કશાથી તેવો આનંદ ન મળે; તેમજ ધનાઢ્યને પણ ઈચ્છિત ભોજન વિના આનંદ ન થાય; ને યોગિને તેના ફળાહારના સાદા ખોરાક સિવાય શાંતિ ન મળે; તેમ સૂરસિંહને ત્રિકાળપ્રસાદ સિવાય જોઈએ તેવાં આનંદ બીજા કશાથી પ્રાપ્ત ન થાય. એકને જે વસ્તુ અતિશય ઉપયોગી, જેના વિણ તેને ચાલતું ન હોય, ને બીજાને તદન નકામી હોય; ને તેનાથી કાંઈજ આનંદ પ્રાપ્ત ન થાતો હોય, પણ તેનો ઉપયોગ કરનારને, ને વિષેસ કરીને જે માણસ તે માગતો હોય યા તો જરૂરમાં હોય, તેવાને આંધળાને લોચન મળતાં જે હર્ષ પ્રાપ્ત થાય તે હર્ષ પ્રાપ્ત થાય છે. સૂરસિંહે ત્રિકાળપ્રસાદના ચરણ ધોહી ચરણામૃત લીધું; ને તેને પગે લાગી બોલ્યો;

"હે મહાત્મન! આપ કૃપા કરી મને મારૂં પૂર્વનું વૃત્તાંત સંભળાવી કૃતાર્થ કરો."

ત્રિકાળપ્રસાદે સ્મિત હાસ્ય કરી ઉત્તર આપ્યો;

"હે રાજન! આપને જે જીજ્ઞાસા થઈ છે, તેનો ત્યાગ કરો; કેમકે તેથી આપને કાંઈ ફળ પ્રાપ્ત થશે નહિ. કદાપિ તેથી તમે અફસોસમાં ગિરફતાર થઈ જશો. હું આપની વાતનો ઈન્કાર તો નથીજ કરતો; તથાપિ મારૂ કહેવું લક્ષમાં લ્યો તો સારૂં." પણ અરે! રાજ્ય હઠ પરાપૂર્વથી ચાલતી આવી છે. તે મુજબ સૂરસિંહે ઉત્તર આપ્યો;

"હે મહાત્મા! મારૂં જીવન એ બાબત જાણવાજ ટકી રહ્યું છે; તો તે અવગતે ન જાય એમ કરવા કૃપા કરો. હે

સદાચારી ત્રિકાળજ્ઞાનિ! મારી આટલી તિવ્ર ઇચ્છા છે, તો પછી ગમે તેવું નુકસાન હોય, તો પણ મને તે હિતકારીજ છે. કૃપા કરો; દયાળુ કૃપા કરો." મહાત્મા ત્રિકાળપ્રસાદને દયા આવી, ને તે બોલ્યો;

"હે રાજન, જો આપને આપનું પૂર્વ વૃત્તાંત જાણવુંજ હોય, તો અરૂણોદય થયે, સ્નાનાદિથી પરવારી આ નજીકના શિવાલયે આવજો."

આટલું કહી ત્રિકાળપ્રસાદ તે પ્રત્યે, યાને રોજના રહેવાના સ્થાનક પ્રત્યે, એટલે શિવાલયમાં શિવની ભકિતમાંજ રહેવા ઇચ્છતો હોઇ, શિવાલય પ્રત્યે કે જ્યાં સૂરસિંહને આવવા કહ્યું હતું ત્યાં, સૂરસિંહેજ બંધાવેલા નજીકમાં આવેલ ધામ પ્રતિ ગયો.

રાજા સૂરસિંહને તેથી આનંદ થયો. પરંતુ રાત્રિ કેમ વ્યતિત થાય? એટલો વખત પણ સૂરસિંહને બહુજ લાંબો થઇ પડયો તેમાં નવાઇએ શું? એ તો સ્વાભાવિકજ છે; કે મનોરથ ફળવાનો દિવસ નજીક આવતો જાય, તેમ તેમ વધુ ને વધુ ઉત્કંઠિત બનતાં જોઇએ; ને તેજ બાબતના વિચાર વમળમાં ગોથા ખાઇએ; ને તેથી સમય પણ લાંબો થઈ પડે, તોપણ તે સમય આપણે ઘેર મ્હેમાન થઈનેજ રહે છે; ગમે તેવો સમય રોજને માટે, યા તો સ્થાયિ થઈ રહેતો નથી. સૂરસિંહને ઉંઘજ ન આવી; ને પ્રભાત થઇ હશે, થોડી વાર હશે; એમ ધારી બે ચાર વાર શિવાલય પ્રત્યે જઇ આવ્યો; પણ વળી ખબર પડતાં પોતાના મ્હેલે આવી વિચાર માળા ફેરવવા લાગ્યો. પ્રભાત થઈ નહિ, ત્યાં તો સૂરસિંહ નિત્ય-

કર્મથી પરવારી શિવાલય પ્રત્યે ગયો; પણ ઉતાવળે આંબા ન પાકે. એ તો જેમ થાતું હોય, તેમ થાય ત્રિકાળપ્રસાદ પણ થોડી વારમાં એના કાર્યથી પરવાર્યો; ને ત્યાર પછી સૂરસિંહને શિવાલયના છેક અંદરના ભાગમાં લહી ગયો. ત્રિકાળપ્રસાદે કહ્યું; "હે સૂરસિંહ રાજન! આપને આપનું જે પૂર્વ વૃત્તાંત સંભળાવું, તે સ્વસ્થ ચિતે શ્રવણ કરો."

ષષ્ટ પરિચ્છેદ.

દુર્ગુણો એજ દુઃખનું મુળ.

અરે આ ખલકને વિષે, સદા સુખી હશે કોના;
સદા દુખી હશે કો ના સાદા સદા સુખી હશે કો હા.
સદા દુઃખી હશે કો હા, સુખી સદગુણીને માનુ;
દુઃખી દુરગુણી, આ જગતે, વિષે હું રોજ પરમાણું.

"પૂર્વ જન્મમાં તું એક પવિત્ર ગણાતા દેવાલયમાં પુજારીનું કામ પવિત્ર રૂદયે કરતો હતો. વખત જતાં, તે દેવાલયમાં એક મનોહરી આવી; કે જેણે સંસાર ત્યાગ કરી સન્યાસ લીધો હતો. તું ગૃહસ્થ હોઇ, તારે એક પુત્ર હતો, કે જેનું નામ ચંપકવદન હતું. જે શેઠે તને તે દેવાલયમાં રાખ્યો હતો, તે એક મહાન ધનાઢય પવિત્ર બ્રાહ્મણ હતો. તે બ્રાહ્મણે તારી ગરીબ સ્થિતી ને પવિત્ર મન જોઈ, તને

પુજારીના કામ પર રોકયો હતો. ત્યાં તું સર્વ વાતે સુખી હતો. પેલી યોગિની પણ તારા શેઠની રજા લહી સાધ્વી જીવન ગાળવા ત્યાં આવી રહી હતી. તે શેઠને પણ એક પુત્રી હતી કે જેનું નામ ચંપકવદની હતું. સૌંદર્યમાં તે કામદેવને લજાવે તેવી હતી. ચંપકવદનની દષ્ટિ ચંપકવદની પર હતી; તેમ ચંપકવદની પણ તેને અંદરખાનેથી ચાહતી હતી. હવે એવું બન્યું; કે દેવાલય પ્રત્યે આવી રહેલી સાધ્વી જીવન ગાળવા ઇચ્છિતી નવયૌવનાના લાલિત્યમાં તું, અને તારા લાલિત્યમાં તે, એમ અન્યોન્ય અંજાઇ ગયાં. તમો કુકર્મોમાં લિન થઈ ગયાં, પણ પરસ્પરને ચાહતાં હોઈ, કેટલોક વખત તે કર્મો છુપા રહ્યાં. પણ તેથી શું ?

પડે ન પડદો પાપ પર, કો દિન તે પકડાય;
ખોદે ખાડો તે પડે; એ કર્ત્તાનો ન્યાય.

પણ ભલા માણસ વિચાર તો કર; કે પાપ કેટલો વખત છાનું રહે? એમ કોઇ દિવસ દીઠું છે? કદાપિ સૃષ્ટિ પર તેમ બન્યું હશે; પણ તેથી શું? જગતકરતા સઘળું જુવે છે, ને આ પૃથ્વિ પરજ તેના ફળ ચખાડે છે.” વાંચક, જ્યારે જ્યારે પાપ કર્મના વિચાર આવે, ત્યારે ઉપરની લીટીયોને રૂદયમાં જરૂર વસવા દેજે.

“એક દિવસ તારો શેઠ બપોરના વખતે અચાનક તે સ્થળે આવી ચઢયો; ને તને સાદ કરી બોલાવ્યો. તેથી તું ઘણોજ ગભરાણો, ને લાગ્યું કે મારૂં પાપ કર્મ ઉઘાડું પડી ગયું છે. હવે મોઢું શું બતાવું? તું પાપી હોવાથી તારા

શેઠ તે બાબતથી અજાણુ હોવા છતાં તને તેવો વ્હેમ આવ્યો. તું ગભરાણો ને માર્ગ ન સૂજવાથી નજદીકના એક કુવામાં પડયો; ને તારી માશુક કાંઈ જાણુતી ન હોય; તેમ ઢોંગ કરી સૂઈ રહી. કુવામાં થયેલા અવાજથી તારો શેઠ ચમકી ઉઠયો; તેથી તરતજ કુવા પાસે આવ્યો; ને તને તરફડીયાં મારતો જોઇ ગભરાણો. તરતજ બે ચાર માણુસો તેડાવી તને બેભાન સ્થિતીમાં કુવામાંથી બ્હાર કઢાવ્યો. સદભાગ્યે તું સાજો થયો. તારા શેઠને તારા કુકર્મોનો એથી કાંઇક વ્હેમ પડયો હતો, પણ તરતમાં તો કાંઇજ બોલ્યો નહિ. ને તને પણ એમજ લાગ્યું, કે મારા શેઠ મારા કુકર્મોની બિનાથી તદન અજ્ઞાત છે. આટલું બન્યા પછી ફરીથી એકવાર પવિત્રતાથી રહેવા તેં નિશ્ચય કર્યો, ને કેટલોક વખત પ્રથમ જેવોજ પવિત્ર થઈ રહ્યો.

એક પાપ કર્મમાં પવૃત્તિ થયા પછી, બીજા પાપના પગથિયે જલ્દીથી ચઢાય છે. આવું સુખ હોવા છતાં, તને તેમાં ઉણુપ—ન્યુનતા જણાઈ; તેથી દેવાલયમાંથી કેટલોક પૈસો લહી, લાગ મળતાં તું નાસી ગયો; પણ અરે! એવો હરામનો પૈસો શું સુખ આપે? એવો પૈસો પોતાની સ્થિતી કરતાં વધારે અધમ સ્થિતીયે પ્હોંચાડે છે, એ નિશંસય છે. જેનું આપણે ખાઇએ, તેના વિષે કોઈ દિવસ હલકો વિચાર લાવવો નહિ; ઉપરાંત હરામનું લેવા ઈચ્છા પણ ન કરવી. તું દ્રવ્ય લહી નાસી તો ગયો; પણ તે સર્વ ધન તું જુગારમાં હારી ગયો, તેમાંથી એક પાઇ પણ બચી નહિ; ઉપરાંત છેકજ હલકી, એટલે ખાવાને પણ વાંફા પડે તેવી સ્થિતીમાં જગતકર્તાના ન્યાયની રૂયે તું આવી પડયો. આ વખતે તારા

પાપો માટે તને પૂર્ણ પસ્તાવો થયો; ને તેં આત્મઘાત કરવા નિશ્ચય કર્યો." પણ અરે! આત્મઘાત કરવાથી દુઃખનો અંત આવવાનો નથી; એ નિશ્ચે માનજો. આત્મઘાત વધુ અધમ સ્થિતીયે પ્હોંચાડે છે. આત્મઘાત એ મહા પાપ છે. દરેકે તેવી બાબતથી દુરજ રહેવું જોઈએ. કેમકે જે કષ્ટો સહન કરવાં પડે છે; તે કરેલા કર્મના ફળ રૂપ હોઇ, ભોગવ્યા વિના છુટકો નથી. તે પુરા કર્યાં વિના સુખરૂપ સૂર્યોદય થાતો નથી. આ જન્મમાં નહિ તો પછીના જન્મમાં પણ તે ભોગવવા પડે છે. જેમ વ્હેલા ભોગવી લઈ, ઇશ્વરની ઇચ્છાને આધિન થઈએ, તેમ વધારે સારૂં. માટે કોઈએ આત્મઘાત કરવો નહિ. આત્મઘાતનું પરિણામ તું હવે પછી જોઈશ.

"આત્મઘાત કરવાનો નિશ્ચય કરી તું એક શિવાલય પાસે આવ્યો, ને ત્યાં તેં તારો પ્રાણ કાઢી નાખ્યો; પણ તરતજ તારા શેઠને ત્યાંજ તેં પુત્ર તરિખે પૂનઃ જન્મ ધારણ કર્યો. જેમજેમ તું મોટો થાતો ગયો, તેમતેમ ઉછાછળો રંડીબાજ વિગેરે દુર્ગુણોથી પંકાઈ ગયો. તું તારા પિતાનો પ્રથમનોજ વારસદાર પુત્ર હોઇ, તને સર્વ મિલકત સોંપી તે મહાત્મા આ સાગર તરી ગયાં. જેમ જેમ વખત જતો ગયો, તેમતેમ તું વધુ ભીડમાં આવતો ગયો. તારા પિતા મુકી ગયેલ સર્વ દ્રવ્ય તેં તારા દુર્ગુણોમાં પુરૂ કર્યું. તારી સ્થિતી છેકજ નિર્ધન થઈ ગઈ. તોપણ દ્રવ્ય પેદા કરવાની નવનવી યુકિત પ્રયુકિત તું દિન પર દિન કરવા લાગ્યો. તેમાં ન ફાવવાથી લાગ મળતાં તેં એક મોટી ચોરી કરી, પણ સદભાગ્યે પકડાતાં બચી ગયો. તને પણ તેવાજ

ચોર મળ્યાં, ને ચોરીનું તે દ્રવ્ય કોઈ બીજું ચોરી ગયું. તારી પત્નિને તેં તેના પિયર મોકલાવી દીધી. ઘણો વખત વ્યતિત થાવા છતાં, તેં તારી પત્નિને પાછી ન તેડાવી. તેણે પણ તને વિસારી દીધો; ને ઈચ્છાનુંસાર જેની તેની સાથે વિષયમાં રમવા લાગી. થોડા વખતમાં તારી પત્નિ કોઈ બીજા સાથે નાસી ગઈ. તારી બેન ચંપકવદનીને એક ખાનદાન કુટુંબમાં પરણાવી હતી; પણ ચંપકવદન કે જે હાલ બહુજ ધનાઢય થઇ પડયો હતો, તે હજુ તેને ચાહતો હતો; જ્યારે ચંપકવદનીનું પણ તેમજ હતું. પરિણામે અન્યોન્યની ઈચ્છા સફળ થઈ. પરિણામે તે વાત તારે કાને આવી; પણ તેં દ્રવ્ય માટે કાળું કર્મ કબુલ કર્યું. ચંપકવદનીનો પવિત્ર ગાંઠથી બંધાયલો પતિ ચંપકલાલ, ધંધાર્થે પરદેશ ગયો હતો; જે દરમ્યાન ચંપકવદન ને વદનીનું જોડું આનંદ ઉડાવતું હતું. ચંપકલાલ ચારેક વર્ષ સુધી ન આવ્યો, દરમ્યાન ચંપકવદનીએ દેવાંગના જેવી એક કોમળાંગીને જન્મ આપ્યો. તે પાપ પણ તમો સર્વેયે મળી છુપાવ્યું; એટલામાં ચંપકલાલના દેહ-વિલયના સમાચાર આવ્યાં. લોકોને બતાવવા તમોએ ઉપર ઉપરથી શોક કર્યો; ને થોડા વખતમાં ચંપકવદનને વદનીનું જોડું ખુલ્લી રીતે બ્હાર પડયું. આથી તને દ્રવ્ય પ્રાપ્તિ બંધ થઈ. તું મોટેથી બોલ્યો "હાય! હાથના કર્યાં હૈયે વાગ્યાં." પસ્તાણો; પણ શું કર? આબરૂ તો રહી ન્હોતી પણ વધારામાં લેણીયાતો આવી હેરાન કરતાં હતાં. તું અતિશય કંટાળ્યો. તેથી જંગલમાં પર્ણકુટિ બાંધી તેમાં વસ્યો; ને સાધુ જીવન ગાળવા ભગવા ધારણ કર્યાં.

C. C. PATEL & SONS.

General Merchants & Commission Agents.


Telegraphic Address:--"RUBBRTYREBID." BOMBAY.

DEALERS IN

Carriage Axles, Springs, Rubber Tyres, and carriage wood and iron work of all descriptions. Saddlery and Harness suppliers. All kinds of Coach Builders' and Saddlers' accessories and Motor-Car Requisites.

ALWAYS IN STOCK. TRIAL SOLICITED.





સી. સી. પટેલ એન્ડ સન્સ,

૪૦૭, ભીંડી બજાર, મુંબઈ.

હમારે ત્યાં ઉંચી કવોલીટીનું વ્હીલ બ્રાંડ એન્ડ ડબલ્યુ ડબલ્યુ એન્ડ કું. એન્ડ હેન્રી બી. સ્લીમેનનું રબર ટાયર હંમેશને માટે મોટા જથામાં રહે છે. અને ગાડી તથા મોટર કારોને લગતો સર્વે સામાન મળશે.

બહારગામના ઓર્ડરો પર પુરતું ધ્યાન આપવામાં આવશે.

સપ્તમ પરિચ્છેદ.

કરીયે તેવું પામીયે.

સુકૃત્યના ફળ શાંત ને, વળી મિષ્ટ મેવા સમ થશે;
કુકૃત્યનાં કંટક રૂપી સહુ, ઝેરી ફળ તું પામશે.
બી આમલીના વાવીને, આંબો તમો ક્યાંથી લહો;
ચંપા મહી ગુલાબની, સુવાસ તમ ક્યાંથી ગ્રહો.

સદ્દભાગ્યે તું ત્યાં સારી સોબત મેળવી શક્યો, તેથી તુરતમાં તો તું તારા દુર્ગુણોથી છુટો પડયો. તારૂં ધ્યાન ઈશ્વર ભક્તિમાં પરોવાયું; ને જેમ જેમ ભક્તિમાં વધુ ગીરફતાર થતો ગયો, તેમ તેમ આ સંસાર તને નિરસ જણાવા લાગ્યો. સંસાર પરથી સર્વ પ્રિતી ઉઠી ગઈ; ને તે બાબતના વિચારો પણ તેની સાથેજ લય પામ્યાં.

તું તે વન વિષે ઉપર મુજબ ભક્તિ ભાવથી વિચરતો હતો, તેવામાં તારી દૃષ્ટિ એક ગુફા પર પડી. ઉંડી નજર કરતાં તને કાંઇજ જણાયું નહિ; પણ અંદર કોઈ મહાત્મા વસતા હશે; એમ ધારી તેઓ શ્રીના દર્શનની ઈચ્છાથી તું અંદર ઉતર્યો. જેમ જેમ ત્યાંની રચના નિરખતો ગયો, તેમ તેમ તારૂં મન વધારે ને વધારે આગળ દોડવા લાગ્યું. એકદમ અંદર ઉતરતાં, શણગારેલાં ભવ્ય ઓરડા, ભિન્નભિન્ન પ્રકારના કિંમતી વસ્ત્રાભૂષણો ને પુષ્કળ દ્રવ્ય તારી દૃષ્ટિ સમિપ ખડું થયું. તારૂં મન એ સર્વથી બીલકુલ ચળિત ન થયું.

ત્યાંથી પાછા ફરવા તું વિચાર કરતો હતો, એટલામાં નજીકમાં આવેલા એક ઉંચા ઓરડાપરથી ગાયન વાદનના મધુર સ્વર તારે કાને અથડાયા. તે સ્વર તિલોત્તમા, મેનકા ને ઉર્વશીને લજાવે તેવો હતો. સાથે ઝાંઝરના તથા બીજા વિવિધ પ્રકારના મનહરણ કરે, તેવાં નાદ સંભળાતા હતાં. એ સાંભળી તું ત્યાંજ થોભ્યો; પણ મન ચંચળ બન્યું; ને મધુર સ્વર વધારે પાસેથી સાંભળવા આતુર બની તને વધારે પાસે ઘસડી જવા માંડયો. તું પાસેનો દાદાર જ્યાંથી તે મધુર નાદ આવતો હતો, ત્યાં ગયો; ને દાદરના છેક ઉપરના પગથીયેજ થંભી જઈ, તે યુવતિયોને ધારી ધારીને નિરખવા ઉપરાંત, કર્ણને પણ તેઓનું સાંભળવાનું કામ સોંપી સ્તબ્ધ બની ગયો. ભિન્ન ભિન્ન પ્રકારના ફળો વૃક્ષ પર નૃત્ય કરતાં હતાં. ખુશબોદાર પુલો પણ જેમ પદ્મિનીના અંગમાંથી ચોતરફ સુવાસ ફેલાય, તેમ પોતાની સુગંધ સર્વત્ર વેરી રહ્યા હતાં; પણ પદ્મિમની કે જેની સુવાસ લેવા અલિકુલ મથે છે; પણ ફાવતાં નથી, પણ આ સ્થળે તો ભ્રમરો છુટથી વેરાઈ જાતી પરાગનો ઉપભોગ કરતાં હતાં. વિધવિધ રંગ રૂપના પક્ષિયો મધુર નાદે કલ્લોલ કરતાં હતાં. મનુષ્યની માફક તેઓનાં જોડકાં પણ હવામાં આવેલા તેઓનાં ગૃહ વિષે, એટલે ઝાડપર ઝુલતાં બાંધેલા માળામાં સ્વચ્છંદે વિહાર કરી આનંદ મેળવતાં હતાં. આવા મનોહર સ્થાનમાંના એકદમ ઉપરના ભાગમાં કોઈ યૌવનવંતી યુવતી નૃત્ય કરતી હતી. તથા તેના જેવી બીજી દેવાંગનાઓ એકત્ર મળી મધુર કંઠે આલાપ કરતી હતી; યાને પોતાના સુકોમળ કંઠનો પરિચય કરાવતી હતી. તે પરિચય દુર્વાસા

જેવાં સાધુ પુરૂષને પણ તે મનોહરીયો સાથે ઉત્તમ પ્રકારના સંસારી પરિચયમાં બળાત્કારે લાવે તેમ હતો. એવા મહાત્માઓ ભાન ભુલી જાય તો થોડાં સમય પ્હેલાંજ સંસાર તજેલ એવાની શી ગતિ? તું તેઓની લાવણ્યતામાં, નૃત્યમાં, મધુર કંઠમાં, અરે! તેઓના વસ્ત્રમાં, તેઓની બોલી ચાલીમાં, રીતભાત, હાલચાલ, તેઓની સૌગંધિક ખુશબોમાં ને ત્યાંની શોભામાં તલ્લિન થઈ ગયો; ને તેઓના મધુર સ્વરના રસના ઘુંટડા ભરતો સજ્જડ થઈ ગયો. તારા રૂદયમાં અનેક પ્રકારના વિચારોએ સ્થાન લીધું; ને પોતાની મોટાઈ કબુલ કરાવવા પરસ્પર લઢવા લાગ્યાં. તે સૌંદર્યવતિઓના સુકોમળ કંઠ પર ધ્યાન દેવું; કે તેઓના લાલિત્યમાં લિન થાવું; કે તેઓનું નૃત્ય જોઈ ઘડીભર દેહની શુદ્ધ વિસારવી; કે આજુબાજુનું કુદરતી વર્ણન નિરખવું; કે ત્યાંના સ્વાદિષ્ટ ફળોનો ઉપયોગ કરવો; કે પાસે પડેલા દ્રવ્યના દર્શનથી મોહવું; કે મ્હેલની ઉત્તમ કારિગરી જોઈ તેના રચનારને ધન્યવાદ દેવો; કે ત્યાંના દિવ્ય તેજથી રૂદયમાં તેજ કરવું; કે મ્હેલમાનો તથા સુંદરિયોનો અલંકાર જોવો; વિગેરે વધારે બાબતોએ ઉચ્ચ સ્થાન લેવા તારા રૂદય સ્થાનમાં ખળભળાટ મચાવી મુકયો. જડવત બની તું તે સુંદરીયોના નૃત્યને આલાપ તરફજ ધ્યાન આપી રહ્યો. થોડી વારમાં તે દેવાંગનાઓમાંની એકની નજર અચાનક તારી પર પડી. તે તને સંબોધીને બોલી;

"અયે સંસાર વિરકત! તું અત્ર કેમ આવ્યો છે? જો તારે જીવવાની ઇચ્છા હોય, તો ચાલ્યો જા. અગર ગંધ-

વંરાજ તને બંદિવાનને હવાલે કરશે; અર્થાત તને અંધારા ઓરડામાં પુરશે." તે બાળાના આવા કોમળ ધમકીના શબ્દોથી શું તારૂં રૂદય કંપે? અરે! તે નવયૌવનાને ફરી બોલતી સાંભળવાને તું આતુર બન્યો; ને તારી કર્ણેન્દ્રિયને વધારે સતેજ બનાવી. તે શું બોલી તે તો તેં ધ્યાનમાંય ન લીધું; પણ ઉલટું તેં એમજ ધાર્યું, કે એ તો એની સખિયો-સાહેલિયોમાંની કોઇ સાથે ગાયન નૃત્યાદિ બાબતજ વાત કરે છે. આમ સમજી તું જરા પાસે ગયો; ને ફરીથી સ્થંભી ગયો પૂનઃ તેઓમાંની એક બોલી;

"તાત રૂપ હે મહાત્મા! કૃપા કરી આપ આ ગૃહનો ત્યાગ કરી જાવ."

આટલું છતાં તેં નજ સાંભળ્યું; ને પહેલાની માફકજ ઉભો રહ્યો; આથી ફરીથી તે ઉચરી;

"હે તપસ્વિ! આપ અત્રે શા માટે ઉભા છો, તે કૃપા કરી જણાવો. હે પિતારૂપ યોગી, આપની જે ઈચ્છા હોય, તે અમો તૃપ્ત કરીશું; તો આપ સત્વર કહી નાખો."

ઉપરોકત બાળાના શબ્દો તેં બરાબર સાંભળ્યા, ને પ્રત્યત્તર આપ્યો; કે

"હે ચીત હરણીયો! તમારી મુખાકૃતિ જોઈ, મારૂં ચીત હું ગુમાવી બેઠો છું; તો કૃપા કરી મારૂં ચીત મને પાછું સોંપો."

પૂનઃ તે બાળા બોલી;

"હે તપસ્વિ, અમોએ આપને પિતાના નામથી સંબોધ્યો છે; તો અમારી પ્રત્યે વાત્સલ્ય ભાવથી જુવો."

આટલું છતાં તેં તારી હઠ પકડી રાખી; ને તેઓના વારવા છતાં, ધમકી આપ્યા છતાં; ને બોધ દેવા છતાં; તું ત્યાંથી નજ ખસ્યો. તેથી તેઓ બોલી;

"હે યોગીરાજ, પૂનઃર્જન્મમાં આપ રાજા થાશો, તે વખતે અમો તમારા પુત્રોને વરી અમારૂં ને તમારૂં વચન સફળ કરીશું. હવે આપ અહિંથી ચાલ્યા જાવ તો સારૂં."

આ પછી તું ત્યાંથી ચાલ્યો ગયો. પણ વળી વિચાર આવ્યો, કે તેઓ જુઠું તો નહિ બોલતી હોય. કયા પુન્ય પ્રભાવે હું રાજા થાઇશ? એ શંકાનું નિવારણ કરવા તું ફરીથી એ જગ્યાએ આવ્યો; ને તે બાબત પ્રશ્ન કર્યો; આથી તેઓમાંની એક બોલી;

"હે યોગી, આપ આપની શંકા દુર કરો. ગમે તે સુકૃત્યે પણ આપ રાજા થશો; વળી ખાત્રી માટે એટલુંજ કે તે વખતે અમારો ભાઈ પણ પૃથ્વિ પર જન્મ લેશે; ને આપને આ જન્મની યાદી આપશે.

હે રાજન! તારા પુત્ર સત્યશિલની પત્નિ કામકિશોરી તેજ તેઓમાંની એક. ને હુંજ તેઓના ભ્રાત. હજુ પણ રાજન તારા પુત્ર ચંદ્રસિંહની સાથે તે દેવાંગનાઓમાંની એક વરશે." આ પછી ત્રિકાળપ્રસાદે કહ્યું; "હે રાજન! આટલેથી અટકો તો સારૂં." પણ જેમ એકવાર વ્યસન કર્યાં પછી, તેને સેવ્યા વિના ચાલેજ નહિ, તેમ આટલું સાંભળ્યાં પછી; વધુ સાંભળ્યા વિના શાંતિ કેમ વળે? આથી ત્રિકાળપ્રસાદે આગળ ચલાવ્યું:

"હે રાજન! ત્યાર પછી તું ઇશ્વર ભકિતમાં નિમજ્જન

થયો; ને તે દેવાંગનાઓના વચનો ફળે એમ નિરંતર પ્રાર્થના કરવા લાગ્યો. ઘણા વર્ષે તું તેમાં ફત્તેહ પામ્યો એટલે કે તને તારૂં ઇચ્છીત વરદાન મળ્યું. આ પછી થોડો વખત તે શાંતિમાં ગાળી કાઢયો; પણ કુદરતના નિયમાનુંસાર એક ઇચ્છા સફળ થયે તરતજ બીજી ઉદભવે છે. એમ વારંવાર નવનવી ઇચ્છાઓ પ્રત્યેક વ્યકિતનાં રૂદયમાં જન્મ ધારણ કરે જાય; પણ તેનો છેડો તો નજ આવે. આ પછી તારૂં નામ અમર રહે એમ તું ઇચ્છતો થયો, યાને તેવા પ્રકારની ઇચ્છા તારા રૂદયમાં જન્મ પામી. એ ઇચ્છા શી રીતે સફળ થાય, તેનાજ વિચારો આવવા લાગ્યાં; પણ જોઇએ તેવો ઉપાય ન મળ્યો. છેવટે તને એવી ઇચ્છા થઈ આવી, કે ધનાઢય બની અઢળક દ્રવ્ય સારા માર્ગે વાપરવું. પણ તારી પાસે પ્હેરવાને પુરતાં વસ્ત્રો પણ ન્હોતાં, ત્યાં બીજાને માટે અઢળક દ્રવ્યનો વ્યય કયાંથી કર? વિચાર કરતાં પેલી દેવાંગનાઓના ભોંયરામાંથી દ્રવ્ય લહી આવવા યોગ્ય જણાયું. આથી એક વાર ફરીથી તું તે દેવાંગનાઓના ભોંયરામાં આવેલાં પ્રાસાદ પ્રતિ આવવા નિકળ્યો. પણ તે વખતે તે ભોંયરૂં બંધ જણાયું, આ પછી ઘણા દિવસ તું ત્યાંજ બેસી રહ્યો; ને સદભાગ્યે એક દિવસે તે લલનાઓનો ભેટો થયો. તને ત્યાં બેઠેલો જોઇ તેઓના આશ્ચર્યની સીમા વળી; ને તેઓ બોલી; "હે યોગી, હજી આપ અહિંયા કેમ બેઠાં છો. આપને જે ઇચ્છા હોય તે જણાવો." આ પછી તું બોલ્યો;

"હે બાળાઓ! મારે તો પૂનઃ સંસારમાં આવી કિર્તી પ્રાપ્ત કરવી છે; માટે મને કોઈ એવો રસ્તો બનાવો; કે જેથી

કરી મારૂં નામ અમર રહે."

તે કુમારિકાઓ બોલી."

"હે તાત, સ્વભાવિક રીતે તેવી ઇચ્છા સર્વને થાય છે; પણ આપ તપસ્વિને તે ઇચ્છા બંધન કરતાં છે; કેમકે આપે તો ભકિતથીજ સર્વ મનોરથ સિદ્ધ કરવાના છે; માટે તે વિચાર આપ છોડી દ્યો; ને ભકિતમાં ચીત ચોડો."

આટલેથી તું ન સમજ્યો, ને ત્યાંજ બેસી રહ્યો. આથી તને પિતા રૂપ ગણતી તે કુમારિકાઓ તને અંદર લઇ ગઇ. આ પછી તું સુખમાં રહેવા લાગ્યો, ને ત્યાંના ઇચ્છિત પદાર્થો જમવા લાગ્યો; પણ તે સર્વ આનંદમાં તું ભકિત તો ભુલીજ ગયો.

હવે એવું બન્યું, કે તે કુમારિકાની સહિયર યાને બેનપણી એક દિવસ ત્યાં આવી ચઢી. તું તેના રૂપમાં અંજાઇ મોહ પામ્યો; પણ તારી એ દુષ્ટ ઇચ્છા, પુત્રિ રૂપ ગણાતી પેલી કુમારિકાઓ જાણી ગઈ, ને તને બોધ આપી તારૂં મન ફેરવ્યું; પણ તેનું સ્મરણ થઇ આવતાં તારૂં ચીત ફરીથી તેના વિચારમાં પડયું, ને તેં વલખાં મારવા માંડયાં. તારી તિવ્ર ઇચ્છા તને પિડવા લાગી; ને તેમાંથી મુકત થવા તું તારો પ્રાણ કાઢી નાખવા તત્પર થયો. તે બિના પણ પેલી કુમારિકાઓ જાણી ગઇ; ને તારા તેવા વિચારથી તેઓ ગભરાણી. તેઓએ તારી તે ઇચ્છા પોતાની બ્હેનપણીને વિદિત કરી. આથી તે ચાલાક સુંદરિ બોલી;

"વ્હાલી સખિયો, તેમાં તે શું? પુરૂષ માત્રને તેવી ઇચ્છા થઇ આવે છે; તો તેવે વખતે સમજાવી તેનું મન ફેરવવું ઘટે છે. જાવ, તમે તમારા કામે લાગો; હું હમણે તેનો

તોડ આણું છું." આમ કહી તે સુંદરી તારી પાસે આવી બોલી;

"હે પિતા, જો આપ ખરેખરા ભકત હો, પૂનઃ જન્મે રાજવંશિ થાવાના હો, તો મને પુત્રિ કહી બોલાવો; અને મને પુત્રિ તરિકે લેખો. આપ જેવા મહાત્માની ધર્મ પુત્રિ થવામાં હું મારૂં અહોભાગ્ય માનુ છું"

આથી તને કાંઇક સાંરૂં તો લાગ્યું; પણ તેમ બને તો ઇચ્છા સફળ કેમ થાય? એ વિચારે તને પૂરણ ગુંચવાડામાં નાખ્યો. પણ તને વિચાર કરતો જોઈ, ચપળા સમાન ચપળ તે સુંદરી બોલી;

"હે પિતા! માત્ર એકજ વખત પુત્રિના નામથી બોલાવો; ને એમજ ધારો; એટલે તમારો ગોટાળો અવશ્ય દૂર થશે," તેના કહેવા મુજબ તેં તેને પુત્રિના નામથી બોલાવી-આથી તે ઘણીજ ખુશિ થઈ, ને બોલી;

"હે પિતા! ધારો કે હવે કોઇ મારી પર દુષ્ટ નજર કરે, તો તમને કેટલું ખોટું લાગે? હું એક જણુને સમર્પણ થઈ ચુકી છું, છતાં બીજો પરણુવા ઇચ્છા કરે, તો કેટલો અધર્મ કહેવાય? તમારે હંમેશાં ધ્યાન રાખવું; કે હું મારી પરણેલી ત્રિયા સિવાય જેની પર કુદ્દષ્ટિ કરૂં છું; તે કોઇની માતા, ભગિની યા પત્નિ હશેજ. હવે જો એમ બને, તો બીજા પણ તદનનુંસાર વર્તન કરી દુરાચારી બને. ને તેથી અધર્મ વધે; ને પરિણામે જેમ "એક અંગારો સો મણ જારને બાળે." તેમ મનુષ્ય વર્ગની જલ્દીથી પડતી થાય. જાવ, આપ આપના કામમાં જોડાઈ જાવ. હું તો આપની પુત્રિ છું; વળી આવતે ભવ આપણે પિતા પુત્રિ તરિકે પ્રત્યક્ષ

મળશું." હે રાજન, અલકકિશોરી તેજ તે સુંદરી. હવે અટકે તો સારૂં." પણ આટલું સાંભળ્યા પછી તો તે વધુ આતુર બન્યો હતો. જ્યાં સુધી હિંસક પ્રાણીને યા માંસનું સેવન કરનાર મુર્ખ મનુષ્યને યા પશુને માંસના સ્વાદની ખબર હોતી નથી, યાતો અફીણ ખાવા ઈચ્છા કરનારને જ્યાં સુધી અફીણના સ્વાદની ઝાંખ થઈ હોતી નથી, પરમ પુનિતને જ્યાં સુધી પાપ તરફ વૃત્તિ થઈ હોતી નથી, દયાળુના મનમાં ક્રુરતા ઉદ્દભવવા પામી હોતી નથી તેમજ અભણને ભણતરનું મહાત્મય ધ્યાનમાં હોતું નથી; ત્યાં સુધી તેઓ તેના વિના ચલાવી શકે છે; પણ જ્યારે તે વસ્તુઓનો થોડો પણ પરિચય થાય છે; ત્યાર પછી તેના વિના નભાવવું એ મૃગજળથી તરસ છિપાવવા જેવું છે. તેમજ જ્યાં સુધી સૂરસિંહે કાંઈ વાત સાંભળી ન્હોતી, ત્યાં સુધી તો તે મન વાળી પણ શકતો; પણ હવે તેમ બનવું તદ્દન અશકય હતું. હવે તો પુરૂં સાંભળેજ શાંતિ વળે તેમ હતું. જેમ ચાતક પાણીની રાહ જુવે, તેમ તે પોતાનું વર્ણન પુરતું સાંભળેલું જોવાને આતુર હતો.

અષ્ટમ પરિચ્છેદ.

મુક્તિ મળી.

સદભા...ગીઓ, (૨) મુકિતનો મા...રગ લે સાધી,...
પરમકૃપા પરમેશની થાતાં, સરવ પાપ તુજ દે ત્યાગી....
સદભા...ગીઓ...(૨)

પરમાનંદ મુક્તિથી મળશે, શું સં...સારે રચ્યો રાચી...
ભક્તિ કરે ભગવાન મળે, તે વાત કરી પાપ દે ત્યાગી...

સદભા...ગીઓ...(૨.)

"હે નૃપ, ત્યાર પછી તારૂં મન શુદ્ધ બન્યું; ને ભક્તિનો કિનારો હાથ આવ્યો. એમ કરતાં અનેક વર્ષો વ્યતિત થયાં. તેં તે બાળાઓના મહાલયનો ત્યાગ કર્યો; ને શુદ્ધ યોગી બન્યો. તે વખતે તારૂં રૂદય પાણીના ઝરા જેટલું નિર્મળ બન્યું હતું; પણ કેટલેક ઠેકાણે પાણીને કાદવ પરથી પસાર થાવું પડે છે; ને કદાપિ તે કાદવ પાણીને પોતાના જેવા રંગનું બનાવે છે, તું પણ સારી રીતે વેણુ કરતો હતો; અર્થાત જ્ઞાન વધાર્યા કરતો હતો; પણ જેમ નિર્મળ ઝરાને કાદવનો પાશ લાગે, તેમ તને પણ તેવી કોઇ લલનાનો પાશ લાગ્યો.

તારી ભગિની કે જે તારા જંગલમાં નાસી આવ્યાં પછી વિધવા બની હતી; તે તારી શોધમાં નીકળેલી હતી. શોધ કરતાં કરતાં તે તને ઓચીંતી ભેટી; ને પોતાનું સર્વ દુઃખ વિદિત કર્યું. તેં તેને ઘણીજ ધીરજ આપી, ને તારી સાથે ભક્તિના દિવસો નિર્ગમન કરવાનું કહ્યું. તરત તો તેને તે વાત રૂચી; પણ પછી તેનું શું બન્યું તે સાંભળ.

એક રાત્રિ તું નિત્ય નિયમ કરતાં વ્હેલો ઉઠયો, ને સ્નાનાદિ કર્મથી પરવારી તારા ધ્યાનમાં લીન થયો. તે વખતે દિવ્ય દેહ ધારી એક મુર્તિ તારી સમક્ષ ખડી થઈ, ને તને સુચના રૂપે કહ્યું,

"હે તપસ્વિ, તારી ભગિનીની સંભાળ કર." આટલું

સાંભળતામાં તો તું ઉઠયો; ને તારી ભગિની વાળી પર્ણકુટિમાં જઈ જોયું; તો સાધુ જેવા દેખાતાં નગ્નાવસ્થામાં પડેલા કોઇ પુરૂષ સાથે સુખી નિદ્રા પસાર કરતી અનુભવી. તને અતિશય ક્રોધ વ્યાપ્યો, પણ તને તારા શુદ્ધ દેહે અને તપસ્વિ પણાએ બચાવ્યો. તેને યમસદનમાં ન્યાય માટે મોકલવા તારી ઇચ્છા થઈ, પણ તારા હાથ સિવાય એક પણ હથિયાર તારી પાસે હતું નહિ. તેથી તું જુસ્સાથી પોકારીને બોલ્યો;

“હે દુષ્ટ સાધુ! શું આટલા માટેજ તેં સંસાર ત્યાગ કર્યો છે? આમ હતું તો મહારાજની પદ્વિ લહી, તારા પૂર્વજને કલંક ન્હોતું આપવું. તારા ભ્રષ્ટ થવા સાથ તું તારા પૂર્વજને પણ ભ્રષ્ટ કરી કલંક લગાડેછે. રે નીચ, તને આવો વૈભવ છાજે છે? યોગીનું ઉત્તમ નામ ધરી, લોકોના વિશ્વાસ મેળવી સ્ત્રિયો સાથે રતિવિલાસમાં મગ્ન રહો છો એવા હે દુષ્ટો! તમને રૈ રૈ નર્કે કિડા પડજો. અરે! પૂર્વજોનું જરા તો સ્મરણ કરો. તેઓ જો તમારી જેવા દાંભિક ગુરૂ હોત, તો આ ધર્મનો પ્રચારજ ન થાત. રે! દુષ્ટ સાધુ તને હજ્જારો વાર ધિક્કાર છે. રે! ક્ષમાળુ વસુંધરા, તારી ક્ષમાની હદ નથી હો. નહિતર આવા અધમીંયોને તું શા માટે નભાવે? તેવાઓને તું ગળી કેમ નથી જાતી? રે પ્રભુ, આવા નરાધમીયોને તું ઉત્તમ માન શા માટે અપાવે છે? તેઓનો જલ્દીથી લય કર; નહિતર આ પવિત્ર ભૂમીની પવિત્રતાનો નાશ થશે. રે થયો છે; ને તેનું સ્પષ્ટિકરણ પણ થયેલ છે. અનેક દુષ્કાળો પડે છે, અનાવૃષ્ટિ થાય છે; નાની વયમાં મરણ નિપજે છે; ને વળી ગંધવતિ પોતાનો રસ ચોરી ગઈ છે. તે શું

બતાવે છે? તમારા જેવા અધમાધર્મિયોની અધમતાં. રે દુષ્ટો! દિવસના પ્રભુ ભક્તિ કરો, લોકોને ઉપદેશ આપો ને માન મરતબા મેળવી નિશાનાથના રાજ્યમાં ચોર બની લોકોને છેતરો; એ શું? શું તમારો ન્યાય કરનાર કોઈ નથી? રે નીચ! તને શું નામ આપું? પામર પ્રાણી કરતાં પણ તું અધમ છે. અરે, ધર્મનું વિચારો; ને ધર્મમાંજ મગ્ન રહો. ધર્મનો જુસ્સો રાખી ખંતથી કાર્ય કરો; તોજ તમારી પવિત્રતાનો ઓજ પડશે, ને ધર્મનો ફેલાવો થશે. બાકી અધર્મતાથી તમે પોતેજ તમારા પૂર્વજ ધર્મ સ્થાપકને દંડ દયો છો; તેનું પાપ વ્હોરો છો, ને પારકાને પણ તેના ભાગી બનાવો છો. રે પ્રભુ; પ્રભુ." આમ બોલી તું સ્થિર ઉભો રહ્યો; ને ત્યાર પછી તારી ભગિની પ્રતિ બોલ્યો;

"માતાની કુખને એબ લગાડનારી હે નારી! રે, દુષ્ટ ભગિની તું શા માટે જન્મી? શું, તારા વિના મારી માતા વાંઝણી રહેતી હતી? તું વડિલ છો, તો ભલે; પણ ગુન્હેગારને તો એક નિર્દોષ બાળક પણ બોલી શકે. તારા દેહને ભષ્ટ કરી, કુળને કલંક લગાડતાં જરાય વિચાર ન આવ્યો? રે, ભગિની! તું અગ્નિમાં પડી દેહ વિલય કર. અગર આ આશ્રય તજી જા. તારે આમ કરવું હતું, તો યોગ્ય પુરૂષની પસંદગી કરી સંસારમાં કેમ ન રહી? તારી ઇચ્છા એમજ હશે, તો ભલે, તને રૂચ્યું તે ખરૂં. તું અહિંયાથી સત્વર ચાલી જા. ફરી તારૂ કાળુ મોઢું ન દેખાદીશ. રે દુષ્ટ, ચાલ, તને હમણેજ ન્યાય આપું. રે, અગ્નિદેવ, આપ અહિં પ્રત્યક્ષ પ્રગટ થાવ. આટલું કહેતામાં તો ત્યાં અગ્નિદેવ પ્રગટ થયાં.

રે દુષ્ટ જોડી; આમાં પડી તમારૂં ભલું કરો; નહિતર હમણેજ હું તમને યમસદનમાં મોકલી દહીશ. ભોળા ભાવિકોને છેતરનાર, રે દુષ્ટ, ચાલ સત્વર કર. આ પવિત્ર અગ્નિમાં પડી પવિત્ર બન." ભાવલાચાર્યના વંશ પરથી ઉતરી આવેલ તે દુષ્ટ થરથર ધ્રુજવા લાગ્યો, ને બોલ્યો;

"હે મહાત્મા ક્ષમા કરો. સેવક આપના શરણે છે. ઉગારો, ફરી હું કદી એવું નહિ કરૂં. મને મારા કુકર્મનો પુરતો પસ્તાવો થાય છે."

"રે દુષ્ટ, પસ્તાવો તો પાછળ છે. તારા જેવા નર-પિશાચોયેજ મારા દેશને ધુડ મેળવ્યો. સેંકડો ભોળા ભાવિકો, આવતાંને વાર તારે ભોગ થયા છે, ને પૃથ્વિ પરથી વિદાય થઈ પ્રભુ પાસે ન્યાય માગતાં ઉભા છે. હજુ તારી અવદશા થવી બાકી હશે; જેથી મારા રૂદયમાં દયા ઉત્પન્ન થઈ આ ઝઝુમી રહેલાં હાથને રોકે છે; નહિતર હમણેજ તને યમ-સદનમાં મોકલી દેત. જા, દુષ્ટ, તારા કાળા કર્મોનો પસ્તાવો કર. રે, અગ્નિદેવ આપ શિતળ થઈ જાવ." એમ કહી ઘીની અંજળી આપી પ્રદક્ષિણા કરી અગ્નિ શાંત કર્યો.

આટલું કહી તું તારે સ્થાનકે ચાલ્યો ગયો; ને નાહી-ધોઇ પૂનઃ નિત્ય કર્મમાં લીન થયો. થોડીવારમાં ક્રોધ શમી ગયો; ને રૂદયમાં તેજનો પ્રકાશ થયો. ત્યાર પછી ઘણા દિવસ તેં તારી ભગિની વિષે કાંઇજ ન વિચાર્યું. તે તેના નરપિશાચ યારને ત્યાં જઇ રહી મજા મારતી હતી. કેટલાંક દિવસો વિતી ગયા બાદ તને તારી ભગિનીની સ્મૃતિ થઈ આવી. તને લાગ્યું, કે કદાપિ તેણે આત્મઘાત કર્યો હોય, આથી તું તેની

શોધ કરવા લાગ્યો. શોધ કરતાં તું પેલા ગોગિના ધામ પ્રત્યે ગયો; પણ પૂનઃ તેઓને શાથે રહેતાં; ને કાળા કર્મો કરતાં દીઠાં. આથી તું અતિશય ગુસ્સે થઇ બોલ્યો,

"રે અધમાધમી નર પિશાચ, જો તારા જેવાથી આ ક્ષમાળુ પૃથ્વિ ભારે મરતી હોય; જો તું યમસદનમાં ન્યાય માગવા જવા લાયક હોય; ને તારા જેવાથી મારો આ પવિત્ર દેશ અપવિત્ર બનતો હોય; તો હે અગ્નિદેવ! તે નરાધમીને પકડી ભસ્મ કરવા કૃપા કરો." આટલું બોલતામાં તો અગ્નિ જ્વાળાએ તેને ઘેરી લીધો; ને થોડી વારમાં તે અચળ ન્યાયાસને બિરાજનાર ન્યાયી દેવ આગળ જઇ ઉભો. આ પછી તું પૂનઃ વાણી વદયો;

"રે ભગિની, તને શી રીતે શ્રાપુ? તને શી રીતે ઉગારૂ? જા. મારા સર્વ તપનું ફળ તને આપી સ્વર્ગમાં મોકલું છું. મારા તપનું ફળ હોય તો હે ગંગાજી, અત્ર પ્રગટ થઇ, આ અપવિત્રને પવિત્ર બનાવી સ્વર્ગને રસ્તે જાતી કરો." થોડીવારમાં ત્યાં નિર્મળ જળ પૃથ્વીમાંથી આવ્યું, તારી ભગિની તેમાં નાહી શુદ્ધ બની, ને પછી સ્વર્ગના દિવ્ય ધામ પ્રતિ ચાલી ગઈ. આકાશમાંથી વાણી થઈ "ધન્ય છે તને. માતાની કુખને દિપાવનાર, હે મહાત્મા તારૂં કલ્યાણ હો." તારી ભાગિની આ પ્રમાણે સ્વર્ગમાંથી સંતોષ પામતી બોલી. આ રીતે તેને તરતજ મુક્તિ મળી.

હે સૂરસિંહ! આ પછી તુ નિરંતર ઉદાસ રહેવા લાગ્યો. તારી ભગિની માટે વારંવાર વિચાર કરવા લાગ્યો. પણ તેને મુક્તિ મળી છે, એ વિચારે તને શાંતિ આપી. હવે એવું

બન્યું, કે કોઈ એક નિરાધાર નવયૌવનાએ તારી પાસે આશ્રય માગ્યો. સ્વર્ગમાંથી તારી પરિક્ષા માટે મોકલાયલી તે દેવાંગના હતી. તેને દુઃખી જો તેં આશ્રય આપ્યો. પણ તે દેવાંગના તારૂં મન લલચાવવા પ્રયત્ન કરતી. તારૂં ચિત ચળ્યું, ને તું મોહાંધ બન્યો, પણ તેને કાંઈજ કહી શકયો નહિ; પણ ખરાબ વાસના નરક સમાન હોઇ, ગંધાયા વિના રહેતી નથી. તે નવયૌવનાને તે બિનાની જાણ થઇ. તે બોલી;

"હે તપસ્વિ, સ્વર્ગમાંથી તારી પરિક્ષા કરવા હું અત્રે મોકલાઈ છું. તું તેમાં અફળ થયો છે. તારે આને માટે પૃથ્વિ પર પૂનઃ જન્મ લેવો પડશે. તે વખતે હું તારી ઇચ્છા સફળ કરીશ." આટલું કહી તે નવયૌવના તત્કાળ ચાલી ગઈ; ને થોડા વખતમાં તું પણ આ લોકનો સંબંધ છોડી ગયો. હાલ તારે જે જન્મ લેવો પડયો છે, તે આવા કારણો હોઇનેજ. હે રાજન! હવે તો આપને શાંતિ થઈ હશે. પેલી નવયૌવના તેજ સૌંદર્યેશ્વરી. તેને જન્મ લેવાનું બીજું કારણ આપ જાણો છો. હવે ભકિત કરો, ને સ્વર્ગના અચળ સુખને વરો." આટલું કહી ત્રિકાળ પ્રસાદ તેજ શિવાલયમાં સમાઇ ગયો.

આ પછી સૂરસિંહે સત્યજીંતને રાજ્ય આપ્યું, ને પોતે સંસારમાં રહી ભકિત કરવા લાગ્યો. વાંચક, ધ્યાનમાં તો હશેજ કે સત્યજીંત હજુ સુધી બ્રહ્મચારી હતો. હવે આપણે લયલા કે જે અતિ ધનાઢય બની હતી; ને સાધ્વી જીવન ગાળવા ઇચ્છા કરતી હતી, તેની તરફ વળીયે. લયલા હવે પુષ્કળ પૈસા પાત્ર બની હતી; પણ તે પૈસો કાંઈ કાગડા કુતરાની માફક પોતાનાજ ભલામાં ને મોજમજામાં ન વાપ-

રતી; પણ પરમાર્થ કરતી. લક્ષ્મિ, વિદ્યા ને પુષ્પ જેમ વરે તેમ વધે. રોજ તમારા બાગમાંથી એક મણ પુષ્પ ઉતરતાં હોય, પણ બીજે દિવસે તમારે બેમણની જરૂર હોય, ને તેથી તમો કહો, કે આજે ફુલ ન ચુંટવા એટલે કાલે બમણા ઉતરશે; પણ એથી તો નવા ફુલ ન આવે, ને આજે આવેલા કરમાઈ જાય–ખરી જાય. એમ સમંજનારી લયલા ગરીબોના પરમાર્થે લક્ષ્મિનો પુષ્કળ વ્યય કરતી હતી. તેનું નામ સત્યજીંતને કર્ણગોચર પણ થયું હતું. તેવી ભગવતિની મુલાકાત લેવા કોણ ન ચ્હાય? સાધુ જીવન ગાળનાર સત્ય-જીંત સાધ્વી જીવન ગાળનાર લયલાને મળવા જાતે શાંતિપુર ગયો. લયલાએ તેને સારો આવકાર આપ્યો. સત્યજીંત ત્યાંની રચના નિહાળી અતિશય પ્રફુલ્લ થયો.

લયલાનો મહાલય ડુંગર પર અતિ રળિયામણા સ્થાનમાં બાંધેલો હતો. તે મ્હેલની શોભા અવર્ણનિય હતી. અહા! ડુંગર પરની કુદરતી લીલા જોનારની આંખને બહુજ ટાઢક આપતી હતી. લીલી હરીયાળી જમીન, ગુલાબ, ચંપો, મોગરો, જાઇ, જુવતી, કેતકી, બોરસલી, બકુલ આદિ સૌગંધીક પુષ્પો નિરંતર સુવાસ ફેલાવતાં હતાં; તથા બીજા વૃક્ષ શ્રમિત થયેલ નવિન આવનારને પંખાની માફક પવન ઢોળી, સુંદીર સ્વા-દિષ્ટ ફળોનો સ્વાદ દઈ, કંટાળો દુર કરતાં હતાં. ત્યાંના ડુંગરમાંથી વ્હેતાં ઝરાઓ, ઉપરથી નીચે પડતાં, ત્યારે ફીણના ગોટેગોટાં ઉપર આવતાં, જેમાંથી વખતે વિવિધ પ્રકારના રંગો છુટતાં; જે મેઘ ધનુષ્યનું સ્મરણ કરાવતાં હતાં. પાસે કાંકરાઓમાં રમતી નાની સલિલા, તથા મિષ્ટ ફળો, કે જે

વૃક્ષ રૂપી માતાની ગોદમાં ઝુલતાં હતાં; તેઓ બાળપણના વ્યતિત થયેલાં દિવસોનું સ્મરણ કરવતાં હતાં. મોર, કોયલ, બપૈયા, ચંડુલ, પોપટ, કાકાકૌવા તથા બીજા પક્ષિયો નવા આવનારને તેઓના મધુર નાદથી આનંદ પમાડતાં હતાં. તેઓ જગતકર્તાના ગુણ ગાઇ, મનુષ્યોને તેવો બોધ તેઓના નાદ મારફત આપતા હતાં. તેઓ ભિન્નભિન્ન પ્રકારની ક્રિડાં કરતાં; તથા મિષ્ટ જળ પાન કરી, અહિંથી તહિં ઉડી, સ્નેહિ મિત્રને મળી, સુખદુખની વાતો કરી, પોતાના શુદ્ધ અંતઃકરણો મનુષ્યને ખોલી બતાવતાં હતાં; તથા તેઓને પણ તેવો બોધ દેતાં હતાં. હરણ આદિ પશુઓ આનંદથી આમ તેમ દોડી ઝરા પાસેની ઠંડી હવા લેતાં, અને ત્યાંની લીલા નિરખી જગતકર્તાની સ્તુતિ કરતાં ઉભા હતાં. આવી લીલા કયા મનુષ્યને જગતકર્તાનું તથા જીંદગીનું ભાન ન કરાવે? વળી પાસેનું નાનું પણ અતિ દ્રવ્ય ખરચી બંધાવેલ દેવાલય જોતાં પાપિષ્ટ રૂદય વાળા પણ સન્માર્ગે દોરાય, તો પછી સત્યજીતનું શું? દેવાલયની રચના પણ વર્ણવી જાય એમ ન્હોતી. સત્યજીતને ઉપરોકત રચના ઘણી ગમી, તેથી કેટલોક વખત તેણે ત્યાંજ ગાળી કાઢયો. આ પછી તે પોતાની રાજધાનિ પ્રતિ આવવા નિકળ્યો. હવે તેનું મન વધારે દઢ થયું; ને ભકિતમાં વધારે નિમગ્ન થતો ગયો.

ઈનામ રૂ. ૫૦૦).

આ યાકુતી ઘણુંજ કીંમતી વશાણાની મેળવણીમાંથી બનાવેલ છે. અંબર, કશતુરી, શલાજીત, વગેરે કીમતી જવાહીરોથી તયાર કરેલ છે માટે વીર્યને જથાબંધ એકઠું કરી નવું લોહી ઉમેરી ચેરાને લાલ કુદન જેવું બનાવી શરીરને શેનડો જેવું જોરાવર-બનાવે છે ને પુરેપુરી મરદાઈ લાવી બુઢાને જવાન ને જવાનને નવ જવાની બક્ષે છે માટે અમો એક વખત વાપરવા ભલામણ કરીએ છીએ. કીંમત આંઉશ ૧ ની શીશીના રૂ. ૩) એના રૂ. ૫). વી. પી. જુદું.

નોટ—ઉપલી દવામાં રસાયણ છે એમ શાબીત કરી આપનારને ઉપલુ ઇનામ આપવામાં આવશે.

સીકંદરી આનંદી પીલશ.

આ ગોળીનો સેવન કરવાથી ધાતું ઘટ થાએ છે ને પાચન શકતી વધારી પુષ્ટાઈ આપે છે, મોજશોખના વખતે વાપરવાથી રોકાવટ આપી આનંદ પેદા કરે છે. કીંમત દજન ૧) ની શીશીનો રૂ. ૧.

સીકંદરી લેપ.

આ લેપ ગયેલી મરદાઈ પાછી લાવી ખરાબ થએલી નશોને પુરેપુરી તાકત લાવી બહારે જીંદગી બક્ષે છે તેમજ ફોડા કે જલન થતી નથી કીંમત શીશી ૧) ના રૂ. ૨).

નોટ—અમારા દવાખાનામાં હરએક જાતની જવારીશો યાકુતીઓ માજુનો, મુરબાઓ તથા અરકો; શરબતો; વગેરે મલશે.

ધી સીકનદરી દવાખાના,

ભાંડી બજાર, કુલ ગલીના સામે, પોષ્ટ નં૦ ૯ મુંબઇ.

નવમ પરિચ્છેદ.

પ્રવાસે પ્રવાસી બે ભલા.

દુનિયા રૂપી આ સાગરે, નવ નાવ ચાલે એકથી;
સ્ત્રિનો પ્રભુ સંસારમા, ભર્તા વિના એકે નથી;
સ્વર્ગે નથી મળતી જગ્યા, પુરૂપ અપરણેતને;
પતિ પત્નિનું જોડું મલે, હોડી કિનારે દેખને.

આપણે જોયું, કે લયલા પુષ્કળ પૈસો પરમાર્થે વાપરતી હતી. સર્વ કોઇને જોઇતી મદદ આપી સંતોષતી હતી. તેને તેના સુખમાં બીલકુલ ન્યુનતા જણાતી ન્હોતી; ને આ દુનિયા સાથનો પોતાનો વહેવાર જલ્દીથી ખલાસ થાય, એમ ઇચ્છતી હતી. તે પોતાનો ઘણો વખત ઇશ્વરાધનામાં ગાળતી હતી. એક વખત કોઈ એક મહાન મુનિ તેને ત્યાં આવી ચઢયો. લયલાએ તેને સારો આશ્રય આપ્યો; ને કહ્યું; કે

"હે મુનિરાજ ! આપ મને શિષ્યા તરિકે સ્વિકારો. મને સંસાર પર પ્રિતી નથી. મને મુકિતનો માર્ગ બતાવો. હું તમારે શરણે છું."

મુનિએ કહ્યું;

"હે પરમપુનિત લયલા, તું ગમે એટલા સુકૃત્યો કર; પણ તારે માટે સ્વર્ગના દ્વાર ખુલ્લા નથી. તારે માટે મુકિતનો મારગ નથી. ઈશ્વરની પવિત્ર આજ્ઞાઓને તેં યોગ્ય માન આપ્યું નથી; તો પછી તારે માટે સ્વર્ગ યા મુકિત કયાંથી હોય?"

લયલા આથી અતિશય વિચારમાં પડી, ને બોલી;

"હે મહામુની, હું કોઈ દિવસ અધમ આચરણ કરતી નતી. કોઈ સાધુ સંતના મન દુઃખાવતી નથી. મને કોઇ બાબતનો ગર્વ નથી. પાપ કર્મો તરફ વૃત્તિ નથી. હું કોઇનું અહિત ઇચ્છતી નથી; તેમ કરતી પણ નથી; ને સત્યને ચાહું છું. તેમ છતાં પણ હે મહાત્મન, આપ આમ બોલો છો, તેથી મને આશ્ચર્ય લાગે છે. મારો સંશય દૂર કરવા અનુગ્રહ કરો."

પોતાની સર્વ ફરજમાં સમજનાર તે મુનીએ કહ્યું;

"સાંભળ. હે લયલાં! એક ચીત્તે શ્રવણ કર. પછી તું કહે, કે ઇશ્વરની કઇ આજ્ઞા તેં પાળી છે?

ઈંદ્રપુરી નામે એક નગરીમાં સુકર્મશર્મા નામે એક ગરીબ બ્રાહ્મણ વસતો હતો. ખાધે પીધે તેની સ્થિતી બહુજ કંગાળ હતી. માતા પીતા આદિ નાની વયમાં ગુજરી ગયા હતાં. તે બિચારો મહા મહેનતે પોતાનું પુરૂં કરતો હતો. નાનપણથીજ તે સાધુઓના સંગમાં રહેતો, તેઓનું કામકાજ કરતો; ને એ રીતે તે પોતાનું પુરૂં કરતો હતો. તે પ્રભાતમાં ચાર વાગે ઉઠતો; ને ભકિત ભાવથી ગુરૂના ચરણ તળાંસતો. ધીમેધીમે તેને જ્ઞાન પ્રાપ્ત થતુ ગયું; ને તેથી ગુરૂની રજા લઇ બાવિશેક વર્ષની ઉંમરે તે તપ કરવાને ગયો. તપ કરતાં શતકો વિતી ગયાં; ને તેનામાં મહાન શકિત આવી. સ્ત્રિ યા પુરૂષના પ્રકાર પણ સુકર્મશર્મા જાણી શકતો ન્હોતો. તેને ધીમે ધીમે બ્રહ્મ જ્ઞાન થયું; જે વખતે આ પૃથ્વિ તેને અરણ્ય તુલ્ય જણાઇ. સ્વર્ગમાં જાવાને તે આતુર બન્યો. તપના પ્રભાવે આકાશ ગમન કરવાની શકિત તેનામાં આવી હતી. એક

વખત એ શકિત મુજબ તેણે આકાશ ગમન કર્યું; ને ચંદ્ર લોકમાં આવી રહ્યો. ત્યાં સુકર્મશર્માએ અનેક યુવતિયોને જોઈ, પણ તેઓને તે મિત્રના નામથીજ બોલવતો. તેઓને પોતાના કરતાં ઉત્તમ દેહધારી સમજતો. તેઓની સાથે તે જળક્રિડા કરવા જાતો; પણ તે દિવ્ય બાળાઓ તેને સાથે લહી જાવા ના પાડતી. તેને વારંવાર વિચાર આવતો, કે તેઓ મારી સાથે કેમ નહિ બોલતાં હોય? મને નાહવા સાથે કેમ નહિ લહી જાતા હોય? આ પ્રમાણે વિચાર કરી તે નિરંતર મનમાં મુંઝાતો; આથી તે લોક તજી તેનાથી વધારે ઉત્તમ સૂર્યલોકમાં આવ્યો; પણ ત્યાંય ચેન ન પડવાથી સ્વર્ગના રસ્તે ગમન કર્યું; પણ અડધા રસ્તેથીજ તેને પાછું ફરવું પડયું. કેમ કે ત્યાં તો તેણે દિવ્ય દેહધારી ઝોડીઓજ જોઈ. તેની માફક કોઈ એકલું હતુ નથી. પૃથ્વિ પર થાતાં પુન્યનો તેને ભાગ મળતો નહિ. તે અતિશય કંટાળ્યો; ને પૃથ્વિપર પાછું આવવા વિચાર કર્યો, એટલામાં પોતાના ગુરૂને તેણે જોયાં. જઈ પગે પડયો, ને બોલ્યો;

"હે ગુરૂજી, મને તો તમારૂં આ સ્વર્ગ અરણ્ય તુલ્ય લાગે છે. અહિં મને ચેન પડતું નથી, મારી સાથે કોઈ વાત પણ કરતું નથી. તેનું કારણ શું?"

આટલું સાંભળતાંમાં તેનો ગુરૂ પોતાની પત્નિ સહ પૃથ્વિપર પડયો. બ્રાહ્મણ સુકર્મશર્મા તો પોકાર કરી બોલી ઉઠયો;

"ગુરૂજી, ઉભા રહો, ઉભા રહો. તમારા વિના તો મને અહિં બીલકુલ નહિ ગોઠે. ચાલો હું પણ સાથે આવું."

આમ કહી સુકર્મશર્માં પૃથ્વિપર આવ્યો; આ વખતે ગુરૂએ કહ્યું;

"હે સુકર્મશર્મા, આપણે ઉત્પન્ન કયાંથી થયા? કોણે તેમ કર્યું?"

વિગેરે બાબત સુકમશર્માને સમજાવી; વધારેમાં કહ્યું; "જો, તારા માતપિતા ભુખે ટળવળે છે, તેઓને અંજળી આપ્યા વિના છુટકો નથી. પ્રજોત્પત્તિ તો કરવી જોઈએ. તને એ તત્વ ને સમજાવવાથી હું દોષિત ઠર્યો, ને મારે પૃથ્વિ પર પાછુ આવવું પડયું." આ પ્રમાણે ગુરૂજી સ્વર્ગે સિધાવ્યા; ને ત્યાંથી મુકિત પામ્યાં. સંસારમાં નહિ સમજતો સુકર્મશર્મા આટલું સમજ્યા પછી પણ સંસારમાં ન જોડાણો; પણ તેથી તેને જ્ઞાનની પૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત ન થઇ; ને તે અર્ધ-દગ્ધ રહ્યો. આ પછી અર્ધદગ્ધ સુકર્મશર્મા યોગમાં જોડાયો; જે વખતે ઇંદ્રે અનેક અપ્સરાઓને તેની પાસે મોકલી. તે તેની પાસે આશ્રમ નાખી પડી રહી. જ્યારે સુકર્મશર્મા જળ ક્રિડા કરવા જતો, ત્યારે તેઓ પણ તેની પાછળ જતી. જડ જેવો સુકર્મ-શર્મા તેઓના લાવણ્યથી મોહાતો નહિ; પણ ગમે તેમ તોય આખર તો અર્ધદગ્ધ હતો ને? ચંદ્ર લોકમાં, સૂર્ય લોકમાં ને સ્વર્ગમાં તેણે તે યુવતિઓને જોઇ હતી. તેણે વિચાર કર્યો, કે આવા લોકો સ્વર્ગમાં મારી જેવા સાથે ફરતાં હતાં. તેઓ તે વખતે મારી સાથે વાત પણ ન્હોતા કરતાં, પણ હવે તેઓ બધાની દોસ્તી કરી લવ; પછી સ્વર્ગમાં જાવ; એટલે મને ગમશે. આમ વિચાર કરી તે સુકર્મશર્મા તેઓની પાસે ગયો; ને બોલ્યો; "હે સ્વર્ગાધિકારીઓ, તમે મારી સાથે બોલશો?

હું તમે કહેશો તેમ કરીશ. તમે બધા મારા આશ્રમમાં ચાલો. હું ત્યાં તમોને સારૂં સારૂં ખાવા આપીશ. મારી પાસે કામધેનું છે; તે પણ હું તમને આપીશ."

તે અપ્સરાઓ બોલી;

"અમારો દેહ તો ઉજળો છે; ને તારો દેહ શ્યામવર્ણી છે. અમે તારા આશ્રમમાં નહિ આવીયે. તારે આવવું હોય તો ચાલ."

આ પછી સુકર્મશર્મા તેઓની સાથે જઇ રહ્યો. સુકર્મશર્માએ કહ્યું; "ચાલો હવે મારી સાથે સ્વર્ગમાં;"

અપ્સરાઓએ કહ્યું; "અમે તો નહિ આવીયે. અમને તમારી સાથે ગમતું નથી."

સુકર્મશર્માએ કહ્યું, "ત્યારે તમને કેમ ગમે? તમે કહો તેમ કરૂં; પછી?"

હે લયલા, આ પછી અપ્સરાઓ તેને વરી; ને તેણે સંસારનો લાવો લીધો. ઘેર પુત્રો પણ થયાં; ત્યાર પછી સુકર્મશર્મા સહેલાઈથી મુક્તિ પામ્યો, એ વખતે તે બોલ્યો;

"સાથી વિણ સંસાર કે, નથી સ્વર્ગમાં સુખ કાંઇએ;
સાથી મળે મિત્રો મળે, પણ પત્નિ વિણ નવ કાંઈએ.
સાથી ગણું સંસારમાં તે, સ્વર્ગમાં તેને સદા;
સાથી અરે સાચોજ એ, જે સ્વર્ગ સાથે રે સદા."

હે લયલા, આમ છે, તો પછી તને મુક્તિ કયાંથી મળે? તું મુખ્ય ફરજ, કે જે યુવાવસ્થામાં બજાવવાની છે; તે ન બજાવતાં વૃદ્ધાવસ્થાની ફરજ બજાવે તે શું કામનું?"

લયલાએ કહ્યું;

"હે મુનિરાજ, ત્યારે હવે મારે શું કરવું? મને યોગ્ય રસ્તો બતાવો. આ સાગરમાં હું ભુલી પડી છું. તેમાંથી સીધે રસ્તે લઈ જાવ. જેમાં મારૂં શ્રેય હોય, તે કહો."

મુનિયે કહ્યું;

"હે લયલા, હવે તું સમજી. આ સંસારમાં સર્વ કોઇ ભુલું પડે છે; તેમાંથી તરવાનો મારગ સાથીજ બતાવે છે, તો યોગ્ય પુરૂષ સાથે બંધાઈ જા; ને કરતી હોય તે કર્મો કર." લયલા કહે, "મુકિતનો માર્ગ બતાવનાર હે મુનિવર; હું એક પુરૂષને ચાહું છું. તે પણ મારી જેવાજ સાધુ જીવન ગાળનાર છે. તેમને પણ યોગ્ય માર્ગ બતાવો; ને મારી ઇચ્છા તેમની સાથે જોડાવાની છે, તો કૃપા કરી મારી તે ઇચ્છા બર આવે એવો રસ્તો બતાવો."

મહાત્માએ કહ્યું;

"ભલે, તું મને તેમનું નામ ઠામ આપ. હું તારી ઇચ્છા પ્રભુ કૃપાએ પૂર્ણ કરીશ. જગતને સારે માર્ગે ચઢાવવી એજ સાધુપુરૂષોનું કર્તવ્ય છે."

લયલા કહે;

"મહારાજ, મનહરપુરીના રાજા સત્યજીતને હું મારો સાથી બનાવવા માગું છું. તેણે અધાપિ બ્રહ્મચારી જીવન ગાળ્યુ છે. તે પણ મારી માફક સાધુ પુરૂષોને તોષે છે. કૃપા કરી તેને યોગ્ય માર્ગ બતાવી સીધે રસ્તે મુકો; ને મારી ઇચ્છા પણ સફળ કરો."

કાર્ય સફળ કરી આપવાનું કહી ઉપરોકત મુનિરાજ મનહરપુરીની બ્હાર આશ્રમ કરી રહ્યાં. સત્યજીત રોજ મન-

હુરપુરીની બ્હારની રળિયામણી રચના નિરખવા આવતો. એક દિવસ તે પ્રસ્તુત મુનિની કુટિમાં દાખલ થયો, ને કહ્યું;

"હે મહારાજ મને દુનિયા અરણ્ય તુલ્ય લાગે છે. જાણે દુનિયામાં મારૂં કોઇ ન હોય એમ લાગે છે. મને ખરો માર્ગ બતાવા કૃપા કરો."

મુનિયે કહ્યું;

"હે રાજન, સંસાર સુખમય છે. પણ તમારી જેવા અર્ધદગ્ધો ફરજ ન બજાવતાં હોવાથી તેઓને દુનિયા ઝેર સમાન લાગે એ વાજબી છે. ફરજ બજાવ, ને સુખી થા."

સત્યજીતે કહ્યું;

"મહારાજ, તમે મારા ગુરૂ ને હું તમારો શિષ્ય. પ્રજાનું હું યોગ્ય રીતે પાલન કરૂં છું. રાજાના ધર્મ બજાવું છું. નિતીને માર્ગે વર્તન કરૂ છું; ને ધન ધાન આદિ પુરતું છે; છતાં મને સંતોષ નથી. મને દુનિયા પર કંટાળો આવ્યો છે. તો કોઈ યોગ્ય રસ્તો બતાવવા કૃપા કરો; જેમ શ્રીકૃષ્ણે અર્જુનનો સંસાર સુખમય બનાવ્યો, તેમ તમે મારી પર કૃપા કરો."

મહાત્માએ કહ્યું.

"હે સત્યજીત, સંસારનો તને અનુભવ નથી. તું પૃથ્વિ પર તો સુખ નહિ ભોગવ, પણ સ્વર્ગમાંય સુખી નહિ થા. ગૃહસ્થાશ્રમના નિયમ તું પાળતો નથી. એ ઈશ્વરી આજ્ઞા તેં લોપી છે. સંસારમાં પડ; તોજ તને સુખ થશે."

સત્યજીત શંકાશીલ બન્યો, ને પુછ્યું;

"હે મહાત્મા, દુનિયામાં સત્યનો માર્ગ જણાતો નથી. ઘણા નિર્દોષ ધર્મિષ્ટ પુરૂષો દુઃખી થાય છે. સુખ રૂપી છોડ

દુનિયામાં ઉપયોગજ નથી. પરણેલાઓની જીંદગી તો છેકજ દુઃખ રૂપ જણાય છે. તો પછી તમે મને એવી સલાહ કેમ આપો છો?" મહાત્માએ હસતાં હસતાં કહ્યું.

આમ આવ, તને પ્રત્યક્ષ પ્રમાણ કરાવવું પડશે. હું મારા યોગના બળે તને જે બતાવું તે જો. સારી રીતે નિરખ.

દશમ પરિચ્છેદ.

સંસાર સાગર કે સ્વર્ગ.

ક્યાં છે વસ્યું સુખ સ્વર્ગનું, ક્યાં જઇ રહ્યું દુઃખ નર્કનું?
સંસારમાં સુખ સ્વર્ગનું, કો માને દુઃખ તે નર્કનું.
સુખ સ્વર્ગનું સંસારમાં, શુભ સાથી જો મળી જાય તો,
દુઃખ નર્કનું સંસારમાં, જો ધર્મ કર્મ મુકાય તો.

મહાન મુનિયે આ પછી યોગના બળવડે સત્યજીત સમક્ષ દુનિયા ખડી કરી. પ્રથમ તો મુક્તિનું દ્વાર બતાવ્યું; તેમાં દેવો તથા દેવીયો સાથેજ હતાં. કોઈ એકલું હતુંજ નહિ; આ પછી સૂર્ય ચંદ્ર તથા બીજા સર્વે લોક બતાવ્યાં. અનેક જણ સંસાર ભોગવતાં હતાં, તેઓમાના ધર્મ ન જાણનાર દુઃખી હતાં, ને સંપીને રહેનાર, અન્યોન્યને ચાહનાર સ્વર્ગનું સુખ ભોગવતાં હતાં.

આ પછી તે આ લોકની રચના નિરખવા લાગ્યો. એની જેવાજ સંસારથી કંટાળેલા લોકો જણાયાં. તેમાં એક તો

બાળપણથીજ ભકિતમાં લાગેલો હતો. ઘણું એક તપ કર્યાં પછી તેણે એક દેવાંગના જેવી પરિને સરોવર કિનારે જોઈ. તેની પર તેનો મોહ ઉપજ્યો, ને તેને મેળવવા તે નવનવી યુકિત કરવા લાગ્યો, ત્યારે પેલી દેવાંગના બોલી;

"હે મોહાંધ, સંસાર ભોગવવાની આટલી પણ ઇચ્છા બાકી હતી, તો અહિંયા શાને માટે આવ્યો. ફરીથી સંસારમાં જા, ને તારૂં કાર્ય કર. જે સમય સંસાર ભોગવવાનો હતો, તે જાવા દીધો, અને ભકિત કરવા જેવડી ઉંમરમાં સંસાર પર પ્રિતી થઈ. તારી જીંદગી એળે ગઈ. હજી પણ એકવાર સંસારમાં જઇ તારી બાકી રહેલી ઇચ્છા તૃપ્ત કર."

આમ કહી તે દેવાંગના સ્વર્ગ પ્રત્યે ચાલી ગઈ. ત્યાર પછી એ તપસ્વિનું ચીત ભ્રમ થયું; ભકિત આદિ તજી દહી, તે અનેક કુકર્મો કરતો થયો; પણ તેના સુભાગ્યે તેને એક સારો ઉપદેશક મળ્યો, તેને લીધે તે એક પત્નિ સાથે જોડાયો, ને સંસારનું સુખ ભોગવતો થયો. આ પછી તે તેની પત્નિ-સહ મુકિત પામ્યો.

આ પ્રમાણે દર્શન કરાવ્યા પછી મહાત્મા બોલ્યા; "હે સત્યજીંત, હવે તને પસંદ પડે તેમ કર. સંસાર ભોગવ યા ન ભોગવ, દુનિયાનો સર્વ ચિતાર તારી સમક્ષ ખડો છે. ફરજ ન બજાવનારની સ્થિતી તું જાણે છે. પણ જો ફરજથી વિમુખ થઇશ, તો તારી પણ એજ સ્થિતી સમજજે." સત્યજીંતને આથી સંતોષ થયો, ને સંસારમાં ઝંપલાવવા તેણે નિશ્ચય કર્યો. પણ તે બોલ્યો;

"હે જ્ઞાનાનંદ ગુરૂજી, યોગ્ય પત્નિની શોધ કેમ કરવી?

યોગ્ય પતિ વિણુ સંસાર સાગર સમાન છે."

જ્ઞાનાનંદે કહ્યું;

"હે રાજવી, તું જેને અંતઃકરણથી ચાહતો હોય, ને તને જે અઃતકરણથી ચાહતી હોય, તે પતિ યોગ્યજ છે. અંતઃકરણનો પ્રેમ હોય, તો બીજું કાંઈ જોવાની જરૂર નથી. માટે હે રાજવી, સ્વપશંદગીથી લગ્ન થાય તે સારૂં. તું જાતે તપાસ કર; ને સંસારમાં પડ; તેથી તારૂં બહુ શ્રેય થાશે."

સત્યજીંત કહે;

"હે મહાત્મા, જેને હું ચાહુ છું; તે યોગ્ય છે; પણ સંસારમાં જોડાવા ઇચ્છતી નથી. તે સાધ્વી જીવન ગાળે છે. યોગ્ય પાત્ર ન મળે તો પછી સંસારમાં આવી શું સાર લેવો? સંસારનો લાવો યોગ્ય પાત્ર વિણુ કયાંથી લેવાય?'

મહાત્માએ કહયું;

"હે રાજવી, તું જેને ચાહે છે; તે તને ચાહતીજ હશે. જો તું શુદ્ધ અને પવિત્ર જીવન ગાળનાર છો, તો પછી તે શા માટે ન ચાહે? લયલાને તું હમણે ચાહે છે; પણ તે તને તારી મ્હેલાં ચાહે છે. લયલાના મ્હેલે જા; ને તેની પરીક્ષા કર. તે તને અંતઃકરણથી ચાહે છે. હું તેનું અંતઃ-કરણ જાણી શકયો છું."

આ પછી સત્યજીંત મહાત્માની રજા લહી છુટો પડયો, ને લયલાના મ્હેલ પ્રતિ આવવા નિકળ્યો. યોગી જ્ઞાનાનંદનાં ગયા પછી લયલા સત્યજીંતનું નિરંતર સ્મરણ કરતી હતી. શકિત દેવીની સતત ઉપાસનામાં તેજ ઇચ્છતી હતી. સત્ય-જીંત લયલાની પરિક્ષા કરવાને માટે શાંતિપુરમાં આવ્યો, ને

જે દેવળમાં તે પુજા કરવા આવતી; તે દેવળમાં છુપાઇ રહ્યો. પ્રભાત થાતાં હાથમાં સામગ્રીનો થાળ લહી, લયલા પુજા કરવા આવી. પુષ્પાદિ ચઢાવ્યાં, સૌગંધિક ધુપ કર્યો; ને તે બોલી;

"હે જગત જણેતા, સત્યજીત તેજ મારૂં જીવન, તેજ મારો વૈભવ, લક્ષ્મિ, કિર્તી, કાન્તિ, સુખ આદિ સર્વ તે તેજ. સંસારમાં આવ્યા પછી તેજ મારો પ્રભુ; તેજ મારૂં જીવન અને યૌવન. મારી તે ઇચ્છા સફળ કરજે. મેં કદી કુકર્મો કર્યાં નથી; ને કરવાની પણ નથી. હે માતા, મારૂં જીવન સુખમય બનાવ."

આ પ્રમાણે પ્રાર્થના કરી લયલા ઘર તરફ આવી બ્રાહ્મણાદિને દક્ષિણાદિથી સંતોષ્યાં. સાધુ પુરૂષને ભોજન કરાવ્યાં; ને મધ્યાન્હ વિતી જતાં પોતે જમી. સત્યજીતને પણ ખાત્રી થઈ. તેના રૂદયમાં, નસમાં, લોહીમાં પ્રેમરસ વ્યાપી ગયો. પ્રેમ ઉપરજ તે નભવા લાગ્યો. દુનિયામાંના સર્વ સુખ તેને પ્રેમામૃતમાં ઉંડા રહેલાં જણાયાં. તેનું પાન કર્યા વિના તેને શાંતિ કયાંથી વળે?

બીજે દિવસે પણ સત્યજીત દેવળમાં છુપાઇ રહ્યો; ને જે વખતે લયલા પ્રાર્થના કરતી હતી; તે વખતે અચાનક તેનો હાથ પકડી બોલ્યો;

"અરે પ્રેમામૃતાધિકારીણી, આ રહ્યો તારો સત્યજીત."

લયલા ગભરાણી, ને કોઇ બીજો હશે એમ ધારી બોલી;

"રે દુષ્ટ, પર સ્ત્રિના હાથને સ્પર્શ કરનાર તું કોણ છે? તારો હાથ બળી કેમ નથી જાતો?" આટલું બોલી ત્યાં તો સત્યશિલનો પ્હોંચા સુધીનો હાથ બળી ગયો. લયલાએ તેને

ઓળખ્યો, ને અતિ વિલાપ કરવા લાગી. ફરી ફરીને સત્યજીતને પગે પડી તેની માફી માગવા લાગી. સત્યજીતે કહ્યું;

"હે સાધ્વી શોક ના કર. થાવાનું હતું તે થઇ ગયું; તું પવિત્ર છે. એ હવે મને ખાત્રી થઈ. હવે આપણે સુખી જીવન ગાળી, અન્યોન્યની ઇચ્છા સફળ કરીશું. તું શોક ના કર. મારે એમ કરવું ન્હોતું જોઇતું."

હજુ પણ લયલાને દિલાસો ન મળ્યો; ને તે વિલાપ કરતી બોલી;

"અરેરે, નિર્દોષ સ્વામિનાથને શ્રાપ દેનારી હું કેવી પાપિણી. હે દેવ, જ્યારે મારા ઇશ્વરના હાથો મારેથી ગયાં, ત્યારે મારા હાથો પણ ભલે જતાં. જે સુખ તેમને નથી, તેનું મારે શું કામ? અગ્નિદેવ આ હસ્તો પણ બાળી નાખો."

આવી ઉત્તમ સતિને આધિન કોણ ન હોય? આવા ઉત્તમ પતિવ્રત પ્રભાવથી કોણ ન મોહાય?

અગ્નિદેવ ત્યાં પ્રકટ થયાં; ને કહ્યું; "હે સાધ્વી, શોક ન કર. જે થવાનું હતું તે થઈ ગયું. તું તેની સાથે રહી, સુખેથી સંસાર ભોગવ."

આટલું છતાં પણ તે યુવતિ ન માની, ને પતિના વારવા છતાં, પણ બોલી! કે "જો મેં એકજ પતિનું ચિંતન કર્યું હોય, તો મારા દ્વિ હસ્તો ભસ્મ હો, ને મારા પતિના ભસ્મિભુત કરો તેને પૂનઃ મળો. મારી ભુલનું ફળ મારે ભોગવવું ઘટે છે; માટે મારા નિર્દોષ પતિના હસ્તો તેને પૂનઃ પ્રાપ્ત થાવ." આટલું બોલી ત્યાં તો આશ્વની કુમાર, બૃહસ્પતિ તથા બીજાં દેવતાઓ ત્યાં ઉતરી આવ્યાં. સત્યજીંતના

હસ્તે તેને પાછા મળ્યાં; ને બ્રહસ્પતિએ તેઓના લગ્ન કરી આપ્યાં તેઓને અખંડ સુખનું વરદાન આપ્યું; ને અદ્રશ્ય થાતાં બોલ્યાં;

તમે ભોગવોને, સુખ આ સં......સારે;
નિત્ય નેમ ભકિત પ્રેમ, ભાવિને સુ......ધારે.
તમે ભોગવોને.
એક વ્રત રાખવું, અખંડ એજ તા.......રે,
સંસાર એજ સ્વર્ગ સુખ, સમજી લેને બા..... ળે.
નરનારીની જોડી માંહિ જણાય નવ કંઈ ખોડ,
ખોડ જણાતાં આ પૃથ્વિમાં અવતરવાની હોડ.
સતિના દુઃખ હરવાને અવતરવાની હોડ,
તથાપિ સરવે ફરજ બજાવી રાખી રોને જોડ.
અમારા એ સાંભળજો બોલ. (૨)

આ પછી તેઓ મનહરપુરીમાં આવ્યાં. સૂરસિંહ વિગેરે ખુશિ થયા, ને તેને રાજપાટ ચલાવવાનું કહી, સૂરસિંહ તથા તેની બે પત્નિઓ પોતાની આખર અવસ્થાની ફરજ બજાવવા, એટલે ભકિત કરી મુકિત મેળવવા વનમાં ગયાં. અલકકિશોરી તથા દેવદુત તેના ધામ પ્રત્યે ગયાં; ને બાકીના પોતાના દિવસો સુખમાં વ્યતિત કરવા લાગ્યાં. આ રીતે લયલા પટરાણી થઈ. વાંચક, યાદ તો હશે, કે "લયલાના પિતાની અંતિમ ઈચ્છા જે સફળ કરે, તે રાજા યા રાણી થાશે." તે મુજબ અત્રે બન્યું.

એકાદશ પરિચ્છેદ.

સ્વયંવરમાં.

ચંદ્રમુખીને પૂનઃ જન્મ ધારણ કર્યાંને પંદર વર્ષ વ્યતિત થઇ ગયાં છે. ચંદ્રસિંહને આ બાબદનું સ્મરણ છે નહિ; ને ચપળાની સાથે આનંદમાં દિવસો ગુજારે છે. એક દિવસે મનહરપુરીમાંથી ચંદ્રસિંહ, સત્યશિલ, તથા બીજાઓને કોઇક આનંદના પ્રસંગમાં ભાગ લેવા જવા તૈયારી કરતાં આપણે અનુભવીયે છીયે. વારૂ, કયા આનંદના પ્રસંગમાં જાવાની તૈયારી? સ્વયંવરમાં. આ બધું કેવી રીતે બન્યું? કોના સ્વયંવરમાં? મહારાજા સત્યજીતે નીચે મુજબ વાંચેલ પત્રિકા તું પણ વાંચ. કે બધું જણાઈ આવે.

મનોહરી નગરીના મહારાજાધિરાજ સત્યજીંત, સત્યશિલ, ચંદ્રસિંહ તથા અન્ય સ્નેહિ મંડળ,—

અમારી પુત્રી ચંદ્રવદનીના વૈશાખ વદ ૨, ને રવિવારના સ્વયંવરમાં આપ સર્વે હાજર થશો.

આ પ્રમાણેનો પત્ર વાંચી તેઓ મનહરપુરીથી સ્વયંવરમાં આવવા નિકળ્યાં. વાંચક, પૂર્વના કર્માનુંસાર ચંદ્રવદની ચંદ્રસિંહને વરી. તે વખતે આકાશવાણી થઈ, કે "હે ચંદ્રસિંહ, આજ તારી ચંદ્રમુખી." ચંદ્રસિંહને તરતજ સર્વ વાતનું સ્મરણ થયું; પણ ચંદ્રવદની તે આકાશવાણીથી આશ્ચર્ય પામી, ને તે બાબત સમજી ન શકી. એ વખતે ચંદ્રસિંહને સચેત કરવા, તથા દિલાસો દેવા જે મહાત્મા આવ્યા હતાં, તે ત્યાં પૂનઃ દેખાયા. ચંદ્રવદની પ્રતિ તે બોલ્યા,

"હે ચંદ્રવદની મારી હથેળીમાં જો." ચંદ્રવદનીને તરતજ સર્વ બિનાની સ્મૃતિ થઈ. તે ચંદ્રસિંહને અતિ હર્ષથી ભેટી પડી. ચંદ્રસિંહે તેમના માતપિતાને સર્વ વાતની સ્મૃતિ આપી. તેઓ પણ ઘણાજ ખુશિ થયાં, ને આ પ્રેમી યુગલ આનંદ પામતું મનહરપુરીમાં આવ્યું.

વાંચક, ચંદ્રસિંહ આદિ જ્યારે સ્વયંવરમાં જાવા નિકળ્યાં, તે વખતે સૂરસિંહ તથા તેની બે પત્નિયો વિગેરે દિવ્યદેહ ધારણ કરી, દિવ્યધામ પ્રતિ ગયા હતાં; પણ સૂરસિંહ કે જે પોતાના પૂનઃ જન્મ વિષે જાણતો હતો; તેને સ્વર્ગમાં ચેન ન પડયું. ચંદ્રવદનીને મળવા તે આતુર હતો. નિરંતર તે તે બાબેજ ઝંખ્યા કરતો ને પૃથ્વિ પર ફરીથી આવવા આતુર હતો; આથી તેની અસદગતિ થઇ, ને તેણે રાક્ષસ યોનિમાં જન્મ ધારણ કર્યો. તેની પત્નિયો પણ તેની સાથેજ અસદગતિ પામી. તેઓ પૃથ્વિ પર, વનમાં વિગેરે સ્થળે ભમવા લાગ્યાં. કઇકને હેરાન ગતિ કરવા માંડી. તેની ફરીયાદ મનહરપુરીના સત્યજીતને પ્હોંચી. એકે ઉપાય ન મળ્યો. શું કરવું તે સૂજ્યું નહિ. રાજ્યની પાયમાલી થવા લાગી. આ વખતે ત્રિકાળપ્રસાદ મનહરપુરીમાં આવ્યો; ને ચંદવદનીને-ચંદ્રમુખીને તથા કામકિશોરીને એક આરશી બતાવી. તેઓના સદભાગ્યે તેઓને આગલા જન્મોનું પણ સ્મરણ થયું. તેઓ તેના ભાઇને હર્ષથી ભેટી પડી. ચંદ્રવદની ઘણો શોક કરવા લાગી; ને સૂરસિંહની થયેલી અસદગતિથી ઘણી ખિન્ન થઈ. ત્રિકાળપ્રસાદે તેને કહ્યું;

"હે ભગિની ચંદ્રવદની-મુખી; તું શિવારાધના કર.

તને શંભુ સત્વર પ્રસન્ન થશે. સૂરસિંહની સદગતિ કરવી તે તારાજ હાથમાં છે. તારે લીધેજ, તને મળવાનેજ, તેની અસદગતિ થઇ છે." આટલું કહી ત્રિકાળપ્રસાદ અદ્રશ્ય થઇ ગયો; ને ચંદ્રવદની–મુખી વનમાં જઈ એક ચિત્તે ભકિત કરવા લાગી. થોડા સમયમાં શિવ પ્રસન્ન થઈ બોલ્યો;

"હે વૃત્ત ધારિણી, તારે જોઇએ તે એક વર માગી લે."

ચંદ્રવદનીએ કહ્યું;

"હે ભોળાનાથ, સતિના આધાર, મારા શ્વસુરની સદ-ગતિ કરો. તેમને મનુષ્ય યોનિમાં લાવો."

પશુપતિ આથી અતિ પ્રસન્ન થઇ બોલ્યાં;

"હે સદાચારી પવિત્ર સતિ, આ અગ્નિકુંડમાંથી થોડું પાણી અસદગતિ પામેલાં તારા સાસુ સસરાના અંગ પર છાંટ. તેઓની સદગતિ થાશે, સૂરસિંહને તારૂ સ્મરણ થાશે; ને તમો સર્વને ભેટયા પછી, તે સર્વેની પૂનઃ સદગતિ થાશે. તું અખંડ આયુષ્યમતિ થઇશ. તને શતપુત્ર પ્રાપ્તિ થાશે. હે વૃત ધારિણી, તારા પર હું નિરંતર પ્રસન્ન છું. જ્યારે તું મારૂં સ્મરણ કરીશ ત્યારે હું તને દર્શન દહી તારૂં દુઃખ દુર કરીશ."

આટલું કહી ઉદાર ભકત વત્સલ જટાધારી પ્રભુ અદ્રશ્ય થયાં. ચંદ્રમુખીયે અગ્નિકુંડમાંથી પવિત્ર જળ લઇ, સૂરસિંહ તથા પોતાની પૂજ્ય સાસુઓ પર છાંટયું. આપણા સાધારણ દેહ કરતાં તેઓનો દેહ વધારે ઉજવલ બન્યો. સૂરસિંહે ચંદ્રવદનીને ઓળખી; પૂર્વ વાતનું સ્મરણ થયું. સર્વને એક વખત ફરીથી ભેટયાં, ને ચંદ્રમુખીને મળેલાં વરદાન મુજબ તેઓ દિવ્ય વિમાનમાં બેસી, અનેક આશિર્વાદ દેતાં મુકિત પામ્યાં.

ઉપસંહાર.

વાંચક, સત્યજીત તથા લયલા, સત્યશિલ તથા કામકિશોરી, ચંદ્રસિંહ તથા ચંદ્રવદની, મુખી અને ચપળા, સૂરસેન તથા રૂપેશ્વરી આદિ પ્રેમી યુગલોના ચરિત્ર આપણે જાણ્યાં. તેઓ સર્વને આપણે સુખનો આસ્વાદ લેતાં અનુભવીયે છીયે. સત્યજીતને તેના જેવીજ સાધ્વી લયલાથી એક પુત્ર પ્રાપ્ત થયો હતો. યોગ્ય ઉંમરનો થાતાં તેને રાજ્ય સોંપી તે જોડું જગતને ઉપદેશ આપવાને નિકળી પડયું. કંઈક દુઃખીના દુઃખો દુર કર્યાં. કંઈકને સંસારી બનાવ્યાં; કંઇક અર્ધદગ્ધ વ્યભિચારી સાધુઓને સુધાર્યા; ને યોગ્ય કેળવણી માટે કઇક જગ્યાએ આશ્રમો ખોલ્યાં; આ મુજબ તેઓએ પોતાના દ્રવ્યનો વ્યય સારે રસ્તે કરી જીંદગીનું સાર્થક કર્યું.

ચંદ્રમુખીથી તથા ચપળાથી ચંદ્રસિંહને પુત્રો પ્રાપ્તિ થઈ હતી. વળી ચંદ્રમુખીને ભાઈ ન હોવાથી તેના પિતાના રાજ્યનો અધિષ્ટાતા ચંદ્રસિંહ થયો. ત્યાં તે સુખમાં દિવસો વ્યતિત કરવા લાગ્યો. વાંચક; પ્રશ્ન ઉઠશે, કે ચંદ્રસિંહે બે પત્નિ શા માટે કરી? તે પોતે બે પત્નિ ન કરવા બાબત કહેતો હતો, ને તેણે એમ કેમ કર્યું? જુવાબ એટલોજ કે પૂર્વના કર્મથી બંધાયલો હોઇ એમ કરવું પડયું. પણ તેમ છતાંય તેનો સંસાર સુખીજ હતો. વાંચક, એ સમય પણ ઘણો જુદો હતો. આ કળિકાળ જેવો કુસંપનો તે સમય ન્હોતો. ચપળા તથા ચંદ્રમુખી સંપીને રહેતાં. તેઓ આજે ઘણી ખરી

સ્ત્રિયો કરે છે તેમ કરતાં ન્હોતાં, પણ આજના જમાનામાં માતા ને પુત્ર યા પુત્રિ વચ્ચે પણ નહિ જોવામાં આવે એવી રીતે પરસ્પરને ચાહતાં હતાં. સત્યશિલ તથા કામકિશોરી સત્યજીંતના બાળક પુત્રનું યોગ્ય રક્ષણ કરતાં હતાં.

સૂરસેનને પણ પુત્રો થયાં હતાં. તેના સુખમય સંસાર વિષે આપણે ક્યાં નથી જાણતાં? નાગદેવ આદિ જે બીજા પાત્રો આવે છે; તે માટે યથાસ્થિત વર્ણન આવી ગયું છે. ચંદ્ર-મુખીને શિવ તરફથી મળેલા વરદાન અનુસાર તેને સો પુત્રો થયાં કે કેમ? તેને કોઈ દિવસ શિવનું સ્મરણ કરવું પડયું હશે કે નહિ? વળી ઉપદેશ કરવા નીકળી સાધુ તથા સાધ્વી જીવન ગાળનાર સત્યજીંત તથા લયલાનું શું થયું? તેના બાળક પુત્રે રાજ્ય કેમ ચલાવ્યું? દેવદુત, અલકકિશોરી, આદિ દિવસો કેમ નિર્ગમન કરતાં હશે? વિગેરે કલ્પનાના ઘોડા દોડાવનારને જણાશે. સૂરસિંહની તૃતિય પત્નિ સૌંદર્યેશ્વરી, કે જે સ્વર્ગે ગઇ હતી તેના બાળક પુત્ર સૂર્યસિંહ માટે સરસ્વતિ કૃપા તો ભવિષ્યમાં ઉલ્લેખ થાશે.

અત્રે એક પ્રશ્નનું નિરાકરણ કરવાનું રહી જાય છે. શંકા રહેશે કે સત્યશિલની સાથે નિકળેલાં તેના સાથીયોને દેવદુતે મારી નાખ્યાં, તેનું કેમ? વાંચક, તે તો તેની માયા હતી. તે કાંઇ ઘાતકી ન્હોતો, કે એટલા બધાના પ્રાણ હરવામાં પોતાની વિદ્યાનો ઉપયોગ કરે. તે સર્વ પરથી પોતાની માયાનો પડદો તેણે ખેંચી લીધો હતો; ને કેદમાં રાખ્યાં હતાં; પણ જે વખતે કામકિશોરી નર્કમાં જઇ આવી; ને દેવદુત મનહરપુરીમાં આવ્યો; ત્યારે તે સર્વેને મનહરપુરીમાં

સાથે લઈ ગયો હતો. સત્યશિલને તેથી ઘણોજ આનંદ થયો હતો.

આ વાંચી, તેમાંથી સદ રસ્તે ચઢી, એક પત્નિ–પતિવૃત, પિતૃભકિત, માતૃપિતૃ વત્સલતા, પતિ પત્નિના ધર્મ, સંસારીની ફરજ, મિત્રની કિંમત, દયા, દાન, સત્યતા, આત્મસંયમ, દુર્ગુણ દમન, સારી સોગત, નિરાભિમાન, ને ભકિત તથા મુકિતને માર્ગે જા; એમ સેવકની અંતઃકરણની ઇચ્છા હોઈ; તદનુંસાર બુદ્ધિ પ્રેરવા; ને સ્હાયી રહેવા તે જગત પિતાને અંતઃકરણની પ્રાર્થના છે. આમીન.

સમાપ્ત.

સરસ્વતીને વિજ્ઞપ્તિ.

મમ માતારે, પુરણ આ ગ્રંથ ભરીયો, તુજની કૃપાયે ફળીયો;
ત્યમ ફરી ફરીને દેજો મુજને વાણીરે, હો શાણીરે.
મમ દોષ રૂદયથી હરજો હો શાણી રે; મમ.
તુજના સહુ શબ્દો લખીયાં, મુજ હસ્ત નિમિત નિવડીયાં.
તે કૃપા કૃપાળુ હોજો, હો માતારે, ઉદારીરે;
ત્યમ ફરી ફરી તોલ હોજો, હો ઉદારીરે. મમ.
સહુ દોષ રૂદયના હરજો, કાર્યો મુજ પુરણ કરજો;
એ વાત વિષે વિચરજો, મમ રૂદયના તાપને હરજો,
નિત સાચી થઇને ફરજો, હો ઉદારીરે. મમ.

વાંચક વર્ગને વિજ્ઞપ્તિ.

શાર્દુલ વિક્રિડીત વૃત.

પુરો ગ્રંથ કર્યો કૃપા સરસ્વતી, જેવી હવી તેહવી;
આપું વાંચક વર્ગને પ્રિત ધરી, તેવી પ્રિતી દેહવી.
દોષો તો અતિ ભાસશે તુજ અરે, ના ધ્યાન લેતો જરે;
કેવું નિરમળ દુધ પાણી જુદું, દુધજ લેવું ખરે.
સારૂં નરસું સરવ સાથ દેખી, સારૂં ગ્રહી લેયજે;
નાખી તું નરસું સરવ દેહીને, સારૂં ગ્રહી લેયજે.
એ તો છે સદગુણીની રીત સહુ, ના દોષ જોવા જરી;
સામાના સદગુણ ધ્યાન લહીયે, તો ગુણને લૈ વરી.

૩ પંજાબી લાગબાજી અને હીંદની અદભુત જાદુવિદ્યા.

ઉતર હીંદુસ્તાનમાં પંજાબ, દિલ્લી, આગ્રા વિગેરે શહેરોમાં જાત્રા-મેળાવડા તથા તાજીયાનાં દહાડામાં ભાનુમતી અને રફુઈ એ નામથી ઓળખાતા હિંદી જાદુગર લોકો જે ઘણાજ હેરતભરેલા ને અજાએબ લાગબાજીનાં જાદુઈ ખેલો કરે છે, તેવી જાતનાં આગળ લખ્યા પ્રમાણે) ૨૫ ખેલો આ પુસ્તકમાં આપેલા છે.

૧ કબુતરનાં શરીરની આરપાર છરી ભોંકી આધુર ટાંગી રાખવું! ૨ કબુતરના પગ સાથે મોટો પથ્થર લટકાવી રાખવો! ૩ બે છરીની અણી વચ્ચે કબુતરને લટકાવી રાખવું! ૪ કબુતરનું માથું કાપી નાખી પાછું સાંધવું! ૫ કેળાને અધર લટકાવી તે સાથે પાણીનો ઘડો લટકાવી તે બતાવવો! ૬ એક કેળાની અંદર બે સોયાં ખોશી તેને છેડે બે પથ્થર લટકાવવા! ૭ મોતીના છેદને એક ઉપરથી ને એક નીચેથી એમ બે છરીઓની અણી લગાડી તેની સાથે પથ્થર કે ઘડો લટકાવી રાખવો! ૮ અધર ટાંગેલા ચાંદ સાથેની ઘડીયાળની ઘોડીપર માણસનું માથું કાપી રાખેલું બતાવવું! ૯ માણસનાં ગળામાં છરી મારી આરપાર કાઢવી!૧૦ પેટમાં છરીનીપાળી મારી બતાવવી! ૧૧ શરીરની અંદર ગુરજ મારવી. ૧૨ જીભની અંદર લોઢાનો સોયો આરપાર કાઢી દેખાડવો! ૧૩ જીભની અંદર ચાકુથી છેદ પાડી. રૂમાલ આરપાર કાઢી બતાવવો! ૧૪ લોઢાનો સોયો ગાલની આરપાર કહાડવો! ૧૫ ગાલની આરપાર રસી (દોરી) કાઢી દેખાડવી! ૧૬ ગાલની આરપાર છરી કહાડવી! ૧૭ એક રસી યા દોરાને બાળી ગાલ માંથી પાછો અખો કાઢવો! ૧૮ નાકની અંદર છરી ઘાલી દેખાડવી! અગર છરીવતીનાક કાંપવું! ૧૯ દોરો આંખની આરપારકાઢવો! ૨૦ જીભ કાપી બતાવવી! ૨૧ આંખોથી વજન ઉઠાવવું! ૨૨ આંખોનો ડોળો હાથમાં કાઢી બતાવવો! ૨૩ કેળનાં પાનપર માણસને સુવાડી બતાવવું ૨૪ એક ભાલો માણસનાં શરીરની આરપાર કાઢી તે પર બે માણસોને સુવાડવા! ૨૫ માણસનાં ગળામાં ફાંસો ઘાલી લટકાવવો!

ઉપરના ખેલોપરથી તે કેટલા અજાયબ અને હેરતભરેલા છે એ કહેવાની જરૂર નથી, ઉપરના ખેલો આજ સુધી વખત પ્રમાણે છુટા-છવાયા કરવામાં આવતા હતા, તો પણ અમોએ તે ખેલો ખાસ કરી

નાટકશાળામાં પણ મંડળી સામે કરવાને બની આવે, એવા હેતુથી એ સર્વે ખેલોની ગોઠવણ જાણે નાટકશાળામાં મંડળી સામે ખેલો કરીયે છીએ એવા ઢબની રાખી છે, અને તેટલા માટે દરેક ખેલની આરંભે તે તે ખેલને લાયક થાય એવી રીતનું ભાષણ ગોઠવી, તે પછી ખેલ કરવાની ક્રિયા અને દરેક ખેલને લગતો સામાન (ઓજારો) કેમ બનાવવા તેની માહિતી ૨૪ ચીત્રાકૃતી સાથે બરાબર સમજણ પડે એવા ખુલાસાથી લખી છે. કદાચ કોઈને એવા ખેલો કરવાનો ધંધો કરવો નહીં હોય, તો પણ દરેક શોધક અને જીજ્ઞાસુ ગુણગ્રાહી શોખીન લોકોને આ પુસ્તકનાં વાચનથી ઉપરનાં ખેલો શી ક્રિયાથી થતા હશે, તેની માહિતી થશે. તેથી દરેક ગુર્જર વાચનારે આ અજાયબ અને હેરત ભરેલું પુસ્તક જરૂર સંગ્રહી રાખવું.

આ પુસ્તકની પેહેલી આવૃત્તિ અમોએ પ્રથમ સને ૧૮૯૮ માં છાપી હતી, તેની **બે હજાર** નકલો થોડાજ વખતમાં ખલાસ થઇ. ઘણીક માગણી આવતી હોવાથી હવે આ બીજી આવૃતિ છાપી છે આ પુસ્તકની કિંમત **રૂ ૨ બે** રાખી છે. તો પણ ત્રણ માંસની અંદર લેનારને ફ્કત રૂ. ૧≈ તથા ટ. વી. પી. ખર્ચનાં બે આના મળી રૂ. ૧॥ માં મળશે. જે લોકો આ પુસ્તક ત્રણ માસની અંદર ખરીદ કરશે, તેમનેજ માત્ર આ પુસ્તક સાથે આગળ લખેલું મહાન હેરતભરેલા અને અજાયબ એવા ૧૮ રમુજી પ્રયોગનું એક સ્વતંત્ર નાનું પુસ્તક ઇનામ દાખલ મફત મોકલવામાં આવશે.

ગેબી વિદ્યાનાં ચમત્કાર!!!

હરએક પ્રસંગે કેટલીક મંડળી એકઠી થઈ હોય તે વખતે તેમનું મનરંજન કરવા માટે આ પુસ્તક ઘણુંજ ઉપયોગી થઇ પડશે. આ પુસ્તકમાં કોને કેટલી છોકરીને છોકરા છે! કોને કેટલા ભાઇને બેહેન છે તે કહેવાની રીત! વગર જોએ પાસાપરનાં દાણા કહેવાની રીત! દશ પંદર માણસોમાંથી કોને કીયા હાથે કઈ આંગળીએ કયા વેઢાએ વીંટી પેહેરી છે તે વગર જોએ કહી આપવું! સર્વે જોનારા માણસોનાં મનમાં એક વખતે શું આવ્યું છે તે કહી આપવું! બે મુઠીમાં કેટલા રૂપીયા રાખ્યા છે તે કહેવું: કોઈ પણ માણસ પોતાના મનમાં સોનું, રૂપું,

ચંદ્ર પોતાની ઉમર કિંવા ગમે તે અંક ધારે તે કહેવાની અનેક રીતો! વિગેરે બીજાનાં મનમાં ધારેલા ઇષ્ટાંક કહેવાના એવા એકંદર ૧૮ પ્રયોગ આપેલા છે તે સર્વે ચમત્કાર બીજા કોઈ પણ સાધન વગર દરેક માણસ ઘણીજ સહેલાઇથી તરતજ કરી શકશે,

આ પુસ્તક ફક્ત ત્રણ માસની અંદર **પંજાબી લાગબાજી** પુસ્તક ખરીદ કરશે તેમનેજ માત્ર ઇનામ દાખલ મફત ભેટ આપવામાં આવશે. એટલે આ બંને પુસ્તકો ટ. વી. પી. ખર્ચ સાથે **રૂ. ૧।।** માં ઘેર બેઠાં મળી શકશે. ૩ માસ પછી જુદું ઇનામ મળશે નહીં. તેમજ ઇનામનું પુસ્તક છુટું વેચાતું મળશે નહીં. માટે મંગાવનારે ઢીલ નહીં કરતાં ભેટનાં પુસ્તક સાથે **પંજાબી લાગબાજી** ફક્ત **રૂ. ૧।।** માં નીચલે ઠેકાણેથી મંગાવી લેવી.

ફક્ત રૂ. ૧ માં ૩૨ રીતે ખેલ કરી મિત્રમંડળીને ખુશી કરો.

૪ ભાનામતી તંત્ર.

શોખી અને ગુણગ્રાહી સજ્જનોને મિત્રમંડળીમાં અદ્દભુત ખેલ કરવા માટે ખાસ રીતે આ બે જાડા પુંઠાનું તંત્ર એવી ખુબીથી બનાવવામાં આવેલું છે કે, જેના મદદથી આગળ લખ્યા પ્રમાણે ઘણા અદ્દભુત ખેલો કરી શકાય છે. જેવાં કે-૧ઃએમાં રાખેલો રૂપીયો ગુમ કરવો ને પાછો લાવવો! ૨ પૈસાનો રૂપીયો કરવો! ૩ એમાં રાખેલું પાનું ગુમ કરવું ને પાછું લાવવું! ૪ પાનું તરતજ બદલવું. ૫ ફાડેલું પાનું આખું કરવું. ૬ માતીનો અબીર ગુલાલ કરવો! ૭ કાગળના કટકાપર એક આંકડો લખી એમાં રાખવાથી તેની નોટ થઈ જાય છે! ૮ એક નોટ રાખ્યાં છતાં તેની બે નોટ થાય છે! ૯ કાગળના કટકાપર કોઈ દેવતાનું નામ લખી એમાં મુકવાથી તરતજ તેની છબી તઇયાર થાય છે! ૧૦ એમાં મુકેલા કાગલ કીંવા કપડાના કટકાનો રંગ તરતજ બદલાઈ જાય છે! ૧૧ લખાણવાળો કાગલ કોરો થઈ જાય છે ૧૨ કોરા કાગલપર લખાણ થઈ આવે છે! ૧૩ દોરાના, ગંજીફાના તથા કાગળના કટકા એમાં મુકવાથી તરતજ તે આખા થઇ જાય છે! ૧૪ કટકા કરેલો યા બાળેલો રૂમાલ એમાં મુકવાથી તરતજ તે આખો થઇ જાય છે! એ અને એવાજ બીજા મળી એકંદર ૩૨ તરેહનાં

અક્કલને ગુંગ કરી નાંખે એવા ખેલો આ તંત્રથી થઈ શકે છે. ખેલો કેવી રીતે કરવા તેની માહીતીનું એક જુદું પુસ્તક પણ સાથે મળેછે. જે વાંચવાથી દરેક માણસ ઉપરનાં સર્વે ખેલો તરતજ કરીં શકે છે. એની કીંમત ફક્ત રૂ. ૧ા તથા ટ. વી. પી. ખર્ચ બે આના વધુ પડશે.

નવી નવાઈ! નવો દેખાવ!! નવો ચમત્કાર!!!

દેશી હુન્નર કળાનો અજબ રમત ગમત !!

૫ અજબ કૃષ્ણલીલા.

ખરેખર આ એક દેશી કારીગરીનો હેરત ભરેલો નમુનો દરેક સ્ત્રી, પુરૂષ, ઘરડા, જવાન, બચ્ચાં વીગેરે સર્વેની રમુંજ માટે તદન નવી કલ્પનાથી ખાસ રીત બનાવવામાં આવેલો છે. આ એક જાડા કાગદી પુઠાનો ઘડી થઇ શકે એવા આશરે ૧ા ફુટ ઉંચાઇનો પુતળો છે. એમાં જાદુ યાંત્રીક, સંચા ચાવી કળ વીગેરે નહીં છતાં એ તઇયાર કરવામાં એવી ખુબી તથા ગોઠવણ કીધી છે, કે, તેથી આ પુતળાનાં આગળ લખ્યા પ્રમાણે હેરત ભરેલા અજાયબ ચમત્કારો કોઇપણ માણસ તેની સાથે મળનારી માહીતીના પુસ્તક ઉપરથી સેહેલાઇથી તરતજ કરી શકશે.

જોનાર મંડળી સામે એ પુતળો પ્રથમ આપણે પોતાની ડાબી હથેલીપર રાખી જમણા હાથે પકડી ઉભો કરવાથી તે **મુરલીધર શ્રી કૃષ્ણનો** પુતળો છે એમ દેખાશે! તેજ ફરીથી દેખાડવા કે તે શ્રી કૃષ્ણનો આકાર ગુમ થઈ તેને બદલે સુંદર **રાધાગવાલન** દેખાશે. ફરી થી દેખાડવા તો તે રાધા ગવાલન ગુમ થઈ તેના બદલે તરતજ માથે પેટ, કમ્મર. પગ વીગેરે શરીરના જુદા જુદા ભાગ ઉંધા સુંધા છે, એવા શ્રીકૃષ્ણ બને છે! તરતજ ફરીથી દેખાંડતાં તે ઉંધા ભાગવાલા શ્રીકૃષ્ણ ગુમ થઈ તેને બદલે ઉંધા સુંધા ભાગવાલી રાધા ગવાલન બને છે!! આ પ્રમાણે ચમત્કારો થવા ઉપરાંત બીજો એવા પણ એક વધારે ખુબીનો અદભુત ચમત્કાર થાય છે કે, એ પુતળો સર્વેની સામે ફક્ત તેના માથાની બાજુથી આપણા બે હાથની ચપટીમાં ઉભો પકડી મંડળીને કેહવું કે, જુઓ આ પુતળીનું જોતજોતામાં હવે કેવી રીતે રૂપાંતર થશે તે જુઓ ૧–૨–૩ એમ બોલવું. એટલે તે શ્રીકૃષ્ણના માથાંથી પગ સુધી શરીરનાં જુદા જુદા ભાગનાં પોતાની મેળે તરતજ કટકા

પડતાં જઈ તે સ્ત્રી રૂપમાં બદલાઈ જઈ આખરે તેની સુંદર રાધા ગવાલન બને છે! તેમજ તે રાધીકાના કટકા પડતા જઈ મુરલીધર શ્રીકૃષ્ણ બને છે, તેમજ ઉંધા સુંધા ભાગવાળા કૃષ્ણના કટકા પડતા જઈ ઉંધા સુંધા ભાગવાળી રાધા બને છે! ઉપર લખેલા સર્વ ચમત્કારો ખરેખર થાય છે. આ રૂપાંતરો થતી વખતે એનાપર પડદો વીગેરે ઢાંકવાની બીલકુલ જરૂરે પડતી નથી. એવા રૂપાંતર થવાનો ગુણ એમાં કાયમન રહીને દિવસે, રાત્રે ગમે તે વખતે જોઈએ તેટલા વખત થઈ શકે છે! એમાં ઉપર લખ્યા પ્રમાણે જુદા જુદા રૂપાંતરો થવા માટે જે ખુબી તથા ગોઠવણ કરવામાં આવી છે, તે માટે ઘણાક પ્રખ્યાત વીદ્વાન ગૃહસ્થોએ ઘણી તારીફ કરી સરટીફીકેટો પણ આપેલા છે. માટે દેશીહુન્નર કળા તરીકે પોતપોતાનાં સ્ત્રી, પુરૂષ, બચ્ચા, છોકરાની અજાયબ હેરત ભરેલી રમતગમત કરવા માટે દરેક માણસે આ પુતળો જરૂર ખરીદ કરવો.

એવા અજાયબ ને હેરત ભરેલા કરામતવાળા પુતળાની કીંમત તેના ઉપલા ચમત્કારોનાં પ્રમાણમાં તો રહીજ, પણ એ તઈયાર કરવામાં જે ખટપટ તથા મહેનત લાગે છે તે પ્રમાણથી પણ ઘણીજ નજીવી એટલે **ફકત આના બાર** રાખી છે. ટ. વી. ખર્ચનાં આના બે વધુ પડશે. એ પુતળો અમારી પાસે નીચલે ઠેકાણે વેચાતો મળે છે. મંગાવનારે પોતાનું નામ ગામ ઠેકાણું પોસ્ટ જીલ્લો ખુલ્લા અક્ષરથી લખવું.

ઉપરનો પુતળો અને આ બાનામતી તંત્ર બંને એક સાથ મંગાવશે તેમને બંનેની કીંમત ટ. વી. પી. ખર્ચ સાથે ફકત રૂ. ૨) બે પડશે. ચીજો તથા ઉપરનાં પુસ્તકો તથા ખેલની પેટી ફકત નીચેનાસરનામે મળે છે.

ફકત રૂ. ૧॥ માં ૭ જાતનાં ખેલો કરી મંડળીને ખુશી કરો.

૬ દિલખુષ કાર્ડ સેપ્તક.

એટલે ખાસ રીતે બનાવેલા ૭ જાતનાં કાર્ડ તથા ગંજીફાના પાનાથી થનારી અજાયબ રમત ગમત.

કુટુંબમાં, કલબોમાં તથા હર એક સમારંભની વેળાએ એકઠા થએલા માણસોનું મનરંજન કરવાને ઉપયોગી પડે એવા હેતુથી શોકીન તથા ગુણગ્રાહી સજ્જનો માટે આ **દિલખુશ કાર્ડ** સપ્તકનો બંડલ તઈયાર કીધોછે. એમાં ખાસ રીતે બનાવેલા ૭ જાતના કાર્ડ–ગંજીફાનાંબંડલો તઈયાર રાખેલા છે. તેથી આગળ લખ્યા પ્રમાણે ચમત્કારો થઈ શકે છે.